# પ્રતાપી પૂર્વજો

સંપાદકઃ–
શેઠ દેવચંદ દામજી કુંડલાકર
તંત્રી "જૈન"

આનંદ કાર્યાલય–ભાવનગર.

કિંમત રૂા. ૧-૮-૦
પાકું પુંઠું ૨-૦-૦
પ્રથમાવૃત્તિ: ૧૯૪૦.

[ સર્વ હક્ક સંપાદકને સ્વાધીન. ]

# પ્રસ્તાવના

ઇતિહાસ ઘડતો જૈન સંઘ અંગ-બંગ ને મગધમાંથી નીકળી માળવા તરફ વળ્યો, અને ત્યાંથી ગુજરાત-સૌરાષ્ટ્ર તરફ પ્રયાણ કર્યું. એ જ જૈન સંઘની બીજી શાખા દક્ષિણ તરફ વિસ્તરી અને ત્યાં ચોલ-પાંડય-હોયસાલ આદિ રાજવીઓની છત્રછાયા મેળવી શ્રમણસંસ્કૃતિનો પ્રભાવ પ્રવર્ત્તાવ્યો.

જે વખતે, એ પ્રમાણે, જૈન સંઘના તપસ્વીઓ, સામંતો, શ્રીમંતો, ચક્રવતીઓ ભારતવર્ષનો ઇતિહાસ રચતા હતા તે વખતે સાહિત્ય, શિલ્પ અને કળાનાં જુદાં જુદાં સ્વરૂપો, વિવિધ કાવ્યો અને પ્રબંધો દ્વારા એનું આલેખન કરતા. આજે પણ એમ કહેવાય છે કે જૈન શિલ્પ-સ્થાપત્ય અને સાહિત્યમાં આપણા પ્રજાકીય ઇતિહાસનાં ઘણાં સાધનો છુપાં રહી ગયાં છે, કે જેના સંશોધનથી અનેરો પ્રકાશ પ્રાપ્ત થઇ શકે તેમ છે. જો કે શિલાલેખો, તામ્રપત્રો, સીક્કાઓ અને કાવ્યપ્રશસ્તિઓમાં એ ઇતિહાસસૃષ્ટાઓનાં પરાક્રમો થોડેઘણે અંશે જળવાઈ રહ્યાં છે, જે મોટે ભાગે વિદ્દદ્ભોગ્ય સામગ્રી ગણાય છે.

સામાન્ય વાચકસમુદાય આગળ એ ચરિત્રો કથારૂપે શૃંખલાબદ્ધ રજૂ કરવાનો અને એ રીતે જૈન ઇતિહાસ કે પ્રબંધ-

સાહિત્યમાં પ્રકાશતા ઐતિહાસિક વીર પુરુષોનો યથાર્થપણે પરિચય કરાવવાનો, અમે 'જૈન' પત્રનાં ભેટ પુસ્તકોદ્વારા પ્રયત્ન આરંભ્યો છે. પ્રસ્તુત પુસ્તકમાં, કાળમર્યાદાની દૃષ્ટિએ આપણી નજીકના જ ઐતિહાસિક પાત્રોનું આલેખન કર્યું છે

જૈન ઇતિહાસના કથાપાત્રો માત્ર જૈન હતા, એમને પોતાની માતૃભૂમિ કે યુગસ્થિતિ સાથે કશો સંબંધ જ નહોતો એમ ન કહી શકાય. જૈન સંઘના સભ્ય હોવા છતાં એમનાં ઔદાર્ય અને સાહસ સૌ કોઇ રાષ્ટ્રપ્રેમીને અભિમાનથી ભરી દે છે. આ બ્રાહ્મણ ને આ જૈન, આ ક્ષત્રિય અને આ વૈશ્ય એવા બધા ભેદો અહીં ભૂલી જવાયા છે. મોટી નદીઓ જેમ પર્વતોમાંથી નીકળે છે, પણ આખરે તો આખા દેશની સંપત્તિ બની રહે છે તેમ આ જૈન નાયકો પણ જૈન સંઘમાં જન્મવા છતાં પોતાના સાહસ અને બળથી સમસ્ત દેશની સંપત્તિ સમા ગણાયા છે.

ઇતિહાસના અવશેષોમાં આવાં ઘણાં માર્ગદર્શક ચરિત્રો ઢંકાયેલાં પડયાં છે. ક્રમે ક્રમે એનો ઉદ્ધાર કરવાની અને જૈન સંઘની પાસે એના પુરાતન આદર્શો રજૂ કરવાની અમે ઉમેદ રાખી છે. 'અમે જ શ્રેષ્ઠ હતા અને છીએ—અમે જ એક દિવસે ઇતિહાસને ઘડતા હતા' એવા પ્રકારના મિથ્યાભિમાનથી પ્રેરાઇને નહિ, પણ જૈન સંઘે પણ પ્રભાવશાલી પુરુષો પેદા કર્યાં છે અને એમણે વિશ્વસેવામાં ફૂલ નહિ તો ફૂલપાંખડી ધરી છે, અને એમના વારસદારો માટે એ જ કર્ત્તવ્યપંથ છે એમ બતાવવાનો અમારો ઉદ્દેશ છે. એ ઉદ્દેશ કેટલે અંશે સિદ્ધ થયો છે તેનો નિતાર અમે અમારા વાચકોની મુનસફી ઉપર જ છોડી દઇએ છીએ.

દેવચંદ

# બજારોનો બેતાજ બાદશાહ.

## " આવતી કાલના ભાવ પ્રેમચંદ રાયચંદ જાણે "

( મુંબઇના વેપારીઓના પત્રની રૂખ ઉપરથી )

ચાલતી સદીની આ વાત છે. વિ. સં. ૧૯૧૮ થી ૧૯૨૧ માં વેપારીઓ આડતીયાને પત્ર લખતાં તેમાં તે દિવસના ચાલતા ભાવ જણાવીને પછી બજાર રૂખ માટે લખતા કે ' આવતી કાલના ભાવ પ્રેમચંદ રાયચંદ જાણે. '

આજે જ્યાં ભલભલા કોટ્યાધિપતિઓ એકહથ્થુ માલ કરીને–ખેલા કરીને પણ બજાર ઉપર કાબૂ મેળવી શકતા નથી, આજે અમેરિકા જેવી વિરાટ અને સમૃદ્ધ રાજસત્તા પણ વાવણી ઉપર અંકુશ અને તૈયાર માલને લોનની હુંફ આપવા છતાં બજાર ઉપર વિજય મેળવી શકેલ નથી તે નજરે જોતા હોઇએ ત્યારે આવતી કાલના ભાવ એક સુરતી વાણીયાની જીભે અંકાવાની વાત જ પહેલી તકે સાંભળનારને અસંભવિત લાગે, છતાં તે વાત તદ્દન સાચી અને અતિશયોક્તિ વિનાની છે.

હિંદ ઉપર કુદરતની કૃપા હોવાથી જમીનમાંથી નવનિધિ નીપજતું, જેથી ઉદરનિર્વાહ માટે અન્ન અને શરીર ઢાંકવાને વસ્ત્ર મેળવી લેવામાં હિંદ સ્વાવલંબી હતું. પશુધનની પણ બરકત હતી.

ગામોગામ ખેતર ને વાડી, આડ ને વાડ, ચરખા ને સાળના સાધનમાં સંતોષ હતો.

ઓગણીસમી સદી સુધી નહોતી તાર, ટેલીફોનની સાઠમારી, નહોતી રેલ, વિમાનની દોડાદોડી કે નહોતો યંત્રવાદનો ઉન્માદ. હુન્નર હાથનો હતો. કપાસને પીલવા ગામોગામ આડ મંડાય, સુતર માટે ઘરેઘરે રેંટીયા ચાલે ને હાથની સાળે ઢગલાબંધ કાપડ તૈયાર થાય. હાથકારીગરીની કલા એટલી આગળ વધેલી કે વાંસની નળીમાં મલમલનો આખો તાકો સમાઇ શકે તેવું મુલાયમ ને બારીક કાપડ પણ બનતું. કહે છે કે તે કાપડ ઇંગ્લાંડની સામ્રાજ્ઞી મહારાણી વિકટોરીયાએ વાપરેલું ને તેની મુકતકંઠે પ્રશંસા કરી હતી. આ રીતે રૂ, ઉન અને રેશમના કાપડની પેદાશ એટલી થતી કે જે દેશને પહોંચી વળવા ઉપરાંત પરદેશ પણ જતું, તેમજ રસાયણ, ખનીજ વગેરે લઇને હિંદના વહાણો પરદેશ વેચી આવતાં.

હિંદની આબાદી ને બરકતે પરદેશનું ધ્યાન ખેંચતાં ટોપીવાલા (વલંદા–પોર્ટુગીઝ, અંગ્રેજો વિગેરે પાશ્ચિમાત્ય વેપારીઓ) ખરીદી માટે હિંદમાં આવવા લાગ્યા અને વેપારી કુંપનીઓ ઊભી કરીને પેઢીઓ (કોઠીઓ) ઉઘાડી રહ્યા.

પરદેશમાંથી સોળમા સૈકામાં પહેલા પોર્ટુગીઝ વેપારીઓ આવ્યા. તેમણે દીવ–દમણ–ગોવા–મુંબઇ વગેરે દરીયાકાંઠાના ગામોમાં પોતાની કોઠી નાખીને માલની લે–વેચ કરવા લાગ્યા હતા. આ પ્રસંગે મુંબઇના ટાપુ ઉપર થોડા ખારવા અને મછીમારોના ઝુંપડાં હતાં. સં. ૧૭૧૭માં પોર્ટુગીઝોએ મુંબઇનો ટાપુ ઈંગ્લાંડના રાજા ચાર્લ્સ બીજાને દાયજામાં આપ્યો હતો.

આ અરસામાં કમનસીબે હિંદના રાજ–રજવાડામાં જર,

જમીન ને જોરુના બ્હાને અંદરોઅંદર અથડામણો થવા લાગી. એ આંતરકલેશનો લાભ લઇને ટોપીવાળા પોતાની સત્તા જમાવવા લાગ્યા ને ધીમે ધીમે વેપારી મટી સત્તાધીશનું સ્થાન પ્રાપ્ત થતાં ઇંગ્લાડની હિંદમાં વેપાર કરતી કુંપનીએ પોતાની હકુમત-સત્તા જમાવીને "કુંપની સરકાર"ના નામે હિંદમાં રાજઅમલ શરૂ કર્યો.

મુંબઈનું બારૂં તરતું બંદર હોવાથી કુંપની સરકારને તેનો ભોગવટો કરવાની ઇચ્છા થઇ અને વાર્ષિક સો રૂપીયાના ભાડાથી ઈગ્લાંડના રાજા પાસે તેણે તે ટાપુ ભાડે લીધો-પટો કરાવ્યો. પરંતુ તેના પાસેથી જંજીરાના હબસી સરદારે હુમલો કરી મુંબઇનો ટાપુ પડાવી લીધો. જો કે લાંબે વખતે તે ટાપુ કુંપની સરકારના કબજામાં આવી શક્યો પરંતુ તેની ગડમથલમાં કુંપની સરકારને તેનો ભોગવટો કરવાનો લાભ મળ્યો નહિ.

આ સ્થિતિમાં કુંપની સરકારનું ગુજરાતનું પાયતખ્ત (કોઠી) સુરતમાં હતું. તે વખતે સુરતમાં રાયચંદ દીપચંદ લાકડાનો વેપાર કરતા. સુરતના પડખામાં સોનગઢ-વીયારાના વિશાળ જંગલો હોવાથી ત્યાંનું લાકડું સુરતમાં ઠલવાતું અને તે વખતે સુરત, ગુજરાતનું ધીકતું બંદર હોવાથી કચ્છ-કાઠિયાવાડ ને ચીન સુધી જ નહિ પણ અફઘાનિસ્તાન [મકા], અરબસ્તાન, જાવા, તુર્કસ્તાન, જંગબાર ને બ્રહ્મદેશના દૂર દેશાંતરો સાથે સફરી વહાણોનો અવર-જવર ચાલુ રહેતો એટલે માલના નીકાશની પણ ત્યાંથી સાનુ-કૂળતા હતી.

સુરતની આસપાસનો ફલદ્રૂપ પ્રદેશ, રેશમ, જીક, સોના-રૂપાના પતરાં-તારની બનાવટ, તથા રેશમી અને સુતરાઉ વણાટકામ, રંગાટ-કામ વગેરે હુન્નર-ઉદ્યોગ તેમજ અરબસ્તાન વગેરે દેશોમાંથી આયાત

થતા મોતી, માણેક, તેજમતુરી અને વિવિધ માલના અવરજવરથી ખીલી ઊઠેલું સુરત તે પ્રસંગે સોનારી સુરત કહેવાતું હતું.

વીસમી સદીની શરૂઆતમાં હિંદના લોકો કુંપની સરકાર સામે ઉન્માદે ચડવાથી ઇંગ્લાંડના રાજાએ ( સામ્રાજ્ઞી મહારાણી વિકટોરીયા ) હિંદનો વહીવટ હાથમાં લીધો. અને તેમણે પ્રજાને અભયવચન આપવાથી દેશમાં શાંતિ પથરાણી.

તેમણે પશ્ચિમ હિંદની રાજધાની માટે ગુજરાત અને મહારાષ્ટ્રનું સંધિસ્થાન મુંબઇનો ટાપુ પસંદ કર્યો. અને સુરતથી રાજધાની ફેરવીને ત્યાં થાણું નાખ્યું.

સુરત કરતાં મુંબઇનો ટાપુ હિંદીમહાસાગરના અવરજવર માટે વિશેષ અનુકૂલ [તરતા બંદર જેવો] હતો. તેમાં રાજરિયાસતના કેમ્પ નખાવાથી એ થોડા ઝુંપડાવાળા ટાપુનો ઉત્કર્ષ શરૂ થયો અને ભૂમિની પ્રભાવિકતા ખીલી ઊઠતાં તેના તરફ આસપાસના, દૂરના અને પરદેશના વેપારીઓનું આકર્ષણ થયું હોય તેમ જોતજોતામાં વસવાટ અને વેપાર ખીલવા લાગ્યો. શ્રીમંતોને અહીંથી દેશ-પરદેશ સાથે પેટભરીને વેપાર ખેડવાને અનુકૂલતા મળવા લાગી તેમ ગરીબોને જીવનનિર્વાહ માટે નોકરી-કામગીરી મળી રહેવાથી મુંબઇ શહેર ગરીબો અને તવંગર સૌનું આશ્રયસ્થાન થઇ પડયું.

સુરતને રાજધાનીનો લાભ જતાં વેપાર-વણજ પણ મુંબઇ તરફ ઘસડાવા લાગ્યો, વહાણોનો અવરજવર ઘટી જતાં લાકડાનો ઉપાડ પણ ઘટયો એટલે રાયચંદ શેઠનું મન મુંબઇ તરફ આકર્ષાયું.

તેમને ઘરે સંવત ૧૮૮૭ માં પુત્ર રત્નની પ્રાપ્તિ થઇ હતી. ' પુત્રના લક્ષણ પારણામાંથી જણાય ' તેમ તેના પુત્ર પ્રેમચંદની

ઉગમણુ પ્રભાવિક હતી, અને તેમના માતુશ્રી રાજબાઇએ તેમનામાં આદર્શ સંસ્કાર રેડ્યા હતા.

મુંબઇમાં જેમ ધંધો કે નોકરીની જેને જે જોઇએ તે સગવડ મળી રહેતી હતી, તેમ જ અભ્યાસમાં આગળ વધવા ઉચ્ચ શિક્ષણાલયો ખુલ્યાં હતાં. તે બધી અનુકૂળતા જોઇને રાયચંદ શેઠે સુરતનો ધંધો સંકેલી સહકુટુંબ મુંબઇ તરફ પ્રયાણ કર્યું. ત્યાં પહોંચતાં શેઠ રતનચંદ લાલાની માતબર પેઢીમાં રાયચંદ શેઠને મુનીમગીરી મળી ને પ્રેમચંદને શિક્ષણમાં આગળ વધવાને તક સાંપડી.

બ્રીટીશ રાજનીતિમાં વેપારની ખીલવણીનું ધ્યેય હોઇને તેના વિકાસ માટે દેશભરમાં ટપાલખાતાની યોજના થઇ ગઇ હતી, તેમ જ દેશવ્યાપક ચલણનું એકીકરણ કરી સરકારી ટંકશાળદ્વારા 'કલદાર' નાણું ચાલુ થયું હતું તેમ જ પશ્ચિમના વેપારીઓની ઓફીસો (પેઢીઓ) વધતાં કોલાબાને કિનારે વિલાયતી વેપારીઓનું નગર વસી ગયું.

શેઠ રતનચંદની પેઢી શરાફી અને વછીયાતીનું કામ કરતી. આ કામ રાયચંદ શેઠે સંભાળી લીધું. શેઠ રતનચંદનો ભાર આ રીતે ઓછો થતાં તેનો કોટમાં પગરવ વધ્યો, અને ત્યાંની ધંધાની છોળોમાં માથું મારવાની જિજ્ઞાસા જાગૃત થઇ.

ભાઇ પ્રેમચંદ અંગ્રેજી અભ્યાસમાં આગળ વધ્યે જતા હતા. તેઓ વખતોવખત રતનચંદ શેઠની પેઢીએ તેમના પિતા રાયચંદ પાસે આવતા જતા અને વેપાર-ધંધાની વાતોમાં રસ લેતા. પ્રેમચંદની સમજણભરી વાતો અને કામકાજમાં ખંત જોઇ રતનચંદ શેઠનું તેના તરફ ખેંચાણ વધવા લાગ્યું અને પ્રેમચંદ

અંગ્રેજી ભણેલ હોવાથી તેને દુકાનમાં જોડવામાં આવે તો કોટની પેઢીઓ સાથે કામકાજની સગવડ રહે તેવી ઇચ્છા તેમણે મુનીમ રાયચંદ શેઠ પાસે વ્યક્ત કરી.

ભાઈ પ્રેમચંદનું દિલ ધંધા તરફ વળવા લાગ્યું હતું તેમાં આ તક મળતાં શેઠની વાતને રાયચંદ શેઠે વધાવી લીધી ને પિતા-પુત્ર બંનેએ રસપૂર્વક કોટની પેઢીઓ સાથે સંબંધ વધારતાં, પ્રેમચંદ બેંકોના નીકટ પરિચયમાં આવવાથી ઓફીસોમાં તેમની પ્રતિષ્ઠા જામવા લાગી.

શેઠ રતનચંદ અને રાયચંદ વચ્ચે ભાઈચારો એટલો બધો વધી ગયો હતો કે તેઓ ધંધા ઉપરાંત ઘરપરીયાણુ પણ એક દિલથી કરતા. ભાઈ પ્રેમચંદે ટૂંક વખતમાં પેઢીની વધારેલી પ્રતિષ્ઠા અને લાગવગથી ખુશી થઈ રતનચંદ શેઠે પેઢીની લગામ પ્રેમચંદને સોંપીને પોતે નિવૃત્ત થવાની ઈચ્છા રાયચંદ પાસે વ્યક્ત કરી. રાયચંદ શેઠને તો પોતાના પુત્રનો ઉત્કર્ષ વધતો જોઈ હર્ષથી હૃદય ઉભરાય તે સ્વાભાવિક હતું. તેમણે શેઠની આ બાત વધાવી લીધી ને પ્રેમચંદે પોતાના નામથી વહીવટ શરૂ કર્યો.

બડભાગી પ્રેમચંદને દલાલીના કામને અંગે ઓફીસોમાં અને બેંકોમાં સારો પરિચય થયો હતો, તેથી દલાલીનું કામ શરૂ રાખવા ઉપરાંત અંગત જોખમે હુંડીઓ ખરીદવા–વેચવાનું તેમણે શરૂ કર્યું અને આગળ વધીને બેંકોના શેરોનું પણ રૂખ જોઈને લેવાણુ–વેચાણુ કરવા લાગ્યા.

'રૂઉ' એ બજારનો રાજા ગણાય છે. હિંદમાં રૂઉનું ઉત્પન્ન વધવા લાગ્યું હતું અને તેનો પરદેશના બજારોમાં પગપેસારો થવા માંડ્યો હતો તે જોઈને પ્રેમચંદે રૂઉના ધંધામાં પણ ઝંપલાવ્યું.

પ્રેમચંદને જેમ વેપારમાં આગળ વધવાનો ઉત્સાહ હતો તેમ વેપારની ખીલવણી માટે ધૈર્ય અને જાતે કામ કરવાની ખંત હતી.

મુંબઇ વેપારી મથક થઇ પડવાથી રૂનો જથ્થો તેના ઉત્પન્ન ક્ષેત્રોમાંથી મુંબઇના બારે ખેંચાઇ આવતો અને તેનો તાત્કાલિક ઉપાડ પણ થઇ જતો. આ પ્રમાણે રૂ ખરીદનાર દેશી-પરદેશી પેઢીયોને ઘરેબેઠાં જોઇતું રૂ મળી રહેતું તેથી સંતોષ માનતા હતા જ્યારે પ્રેમચંદે આગળ વધી રૂના પાકવાળા મૂળ મથકોમાં ખરીદી માટે પેઢીઓ ખોલવા અગર આડતીયા રોકીને મનમાન્યો માલ મેળવવા અને પરદેશી પેઢીઓને માલ પૂરો પાડવાને સગવડ વધારી.

હિંદ માટે આ નવી સૃષ્ટિ મંડાવાનો ઉષાકાળ હતો. યુરોપ-પશ્ચિમમાં યંત્રયુગનો જન્મ થઇ ચૂકયો હતો. કાપડ માટે રૂ કાંતવા અને વણાટ માટે યાંત્રિક સંચા સાળોવાળી મિલોના મંડાણ થવા લાગ્યાં હતાં, જ્યારે આ મિલોના ખોરાક માટે જોઇતું રૂ ઉત્પન્ન કરવાને ત્યાં જમીનમાં રસ-કસ કે કુદરતની કૃપા ન હોવાથી કારખાના માટે જોઇતું રૂ મેળવવાને અમેરિકા તથા હિંદુસ્તાન ઉપર આધાર હતો.

જોગાનુજોગ જે વખતે પ્રેમચંદે રૂના ધંધામાં ઝંપલાવ્યું અને રૂના ઉત્પન્ન ક્ષેત્રોમાં ભરૂચ-ગુજરાત-કાઠિયાવાડ અને વરાડ-ખાનદેશમાં એજન્સીઓની યોજના કરી તે અરસામાં અમેરિકામાં આંતરવિગ્રહના શ્રીગણેશ મંડાવાથી ત્યાંના ખેડૂતોને હથિયાર સજવાનો વખત આવ્યો.આ રીતે માનચેસ્ટરની મિલોને જોઇતું રૂ પૂરું પાડવાને અમેરિકાના દ્વાર બંધ થવાથી લેંકેશાયર-લીવરપુરના રૂના વેપારીનું લક્ષ હિંદ તરફ ખેંચાયું. આ વખતે મુંબઇમાં લીવરપુરને રૂ પૂરું પાડવા માંડતા ને મેસર્સ રીચી સ્ટુઅર્ડ એન્ડ કું૦ ની પેઢી કરતી.

તેણે રૂના દલાલ પ્રેમચંદની તૈયાર રૂ પૂરું પાડવાની વ્યવસ્થા અને કાર્યદક્ષતા જોઇને તેમને પેઢીની દલાલીનું કામ સુપ્રત કર્યું. આવા સંયોગથી હિંદના રૂની માંગ વધવાથી બજારમાં ભરતીનો જુવાળ ચઢવા લાગ્યો, અને જેમ જેમ લેંકેશાયર–લીવરપુલના બજારમાં અમેરીકન રૂની આયાત અશકય થવા લાગી તેમ તેમ હિંદી રૂની માંગ એકધારી વધવા લાગી.

રૂ એ હિંદના બજારનો રાજા ગણાય છે તે પ્રત્યક્ષ દેખાવા લાગ્યું. રૂના વિક્રયથી પશ્ચિમમાંથી હિંદના કિનારે નાણાના ગંજ ખડકાવા લાગ્યા. “લાવ ખાઉં ” ની લેવાળીથી રૂનો બજાર ઉછાળે ચડવા લાગ્યો અને દુષ્કાળમાં બોરી જાર પણ ખપી જાય તેમ છેક ગાદલામાં ભરાએલા જૂના જાડા કચરા રૂ પણ આંખ વીંચીને ઉપડવા લાગ્યું. હિંગ મરચાનો વેપારી હો કે શાક વેચતો બકાલી હો સૌ થોડો ઘણો પણ રૂના વેપારમાં રસ લેવા લાગ્યા. નાનું ગામડું કે એકલડોકલ ઝુંપડી સુધી પણ રૂ બજારનો રાજઅમલ પહોંચી ગયો. એટલું છતાં તૈયારને ન પહોંચી શકાવાથી વાયદાનો વેપાર ચાલ્યો ને લીધા–દીધાના સનેપાતનો પાયો નંખાયો.

રૂ રાજાની બોલ–બાલા બોલાતાં નાણાંની છોળો ચાલી. ખેડૂત અને મજૂરો પણ સોના ચાંદીના ઘાટ ઘડાવા લાગ્યા. બેંકો ખોલાવા લાગી અને અવનવી કુંપનીઓ ઊભી થતાં તેના શેરોની લે–વેચના માર્કેટો ખુલ્યાં.

દરેક બજારોમાં વેપારના રસીયા પ્રેમચંદની બુદ્ધિ–શક્તિ તરી આવવા લાગી. રૂના તૈયાર અને વાયદા બજાર તેમણે હાથ કરવા ઉપરાંત કોમર્સીઅલ બેંક અને મરકનટાઇલ બેંકમાં શેરો લીધા અને અનુક્રમે તેમણે શેરબજારમાં પણ પગપેસારો કર્યો અને સટ્ટામાં પણ ઝંપલાવ-

મુંબઈમાં તે વખતે સર જમશેદજી જીજીભાઇ, શેઠ બહેરામજી હોરમસજી કામા, મી. રૂસ્તમજી જમશેદજી, શ્રીમાન ખટાઉ મકનજી, શેઠ ગોકળદાસ તેજપાળ, શ્રી કરશનદાસ માધવજી, શેઠ નસરવાનજી આર. તાતા. મી. મહેરબાન ભાવનગરી, શ્રી ભીમજી ગિરધર વગેરે વેપારીઓ આગળ પડતા હતા. આવી સમર્થ વેપારી આલમમાં શેઠ પ્રેમચંદનું શ્રેષ્ઠત્વ તરી આવવાથી સં. ૧૯૧૯ માં રૂા. બસોના પચાસ હજાર શેર( પચાસ લાખ )ની થાપણુ ધરાવતી તે વખતની અગ્રગણ્ય " એશીયાટીક બેન્કીંગ કોરપોરેશન "માં તેઓ દલાલ નીમાયા.

શ્રીમાન પ્રેમચંદના હાથમાં બેંકીંગ કોરપોરેશનનો વહીવટ આવતાં તેના શેરોની માંગ વધવા લાગી અને જેમ ભાગ્યશાલીને પગલે નિધાન હોય તેમ પ્રેમચંદની કાર્યદક્ષતાથી તેના શેરના પ્રીમીયમ બોલાતાં એક જ વર્ષમાં બેંકીંગ કોર્પોરેશનની મૂડી એક કરોડ ને ચાર લાખની અંકાણી.

લક્ષ્મી એવી ચપળ છે કે નાણા વિના જેમ નર નીમાંણા લાગે તેમ નાણા મળવા પછી તેને સાચવવાની ચિંતા કરાવે. તેને ઠરી ઠામ રહેવું ગમે નહિ. રૂઉના પ્રતાપે જેમ જેમ નાણાની છોળો ઉછળવા લાગી તેમ તેમ તેમને ઠેકાણે પાડવાને ' શેર બજાર 'ની જમાવટ થઇ. દિવસ ઊગ્યે શેરો કાઢીને નવી નવી કુંપનીઓ-બેંકો ઉઘડવા લાગી.

આ બન્ને બજારમાં પ્રેમચંદનું રાજ હતું. રૂઉની આવક-ભરતી અને નીકાશના ક્ષેત્રમાં તેનું સામ્રાજ્ય હોવાથી આવતી કાલના ભાવ પ્રેમચંદ રાયચંદની જીભે નક્કી થવા લાગ્યા હતા અને બીજી તરફથી જે કુંપનીમાં પ્રેમચંદ હોય તેના શેરના ભાવ કુદકે ને ભુસકે વધવા માંડતા ને જોતજોતામાં તે શેરો ઉપડી જતા. પ્રેમચંદ શેઠ

જાણે નાણાના મે વરસાવનારા જાદુગર હોય તેમ તેના નામ પાછળ શ્રીમંતો, સ્નેહીઓ અને સંબંધીઓ નાણાના ઢગલા કરવાને પાછું વાળી જોતા નહિ.

'એશીયાટીક બેંકીંગ કોરપોરેશન'ની જાહોજલાલીનો યશ પ્રેમચંદ શેઠ જીતી ગયા. ખરૂં કહીએ તો તેમની આ યશભાગી કાર્યદક્ષતાથી તેઓ બેંકના દલાલ છતાં ધણી–રણી થઇ પડતાં તેની ગણના લાખોથી વધીને કોટ્યાધિપતિમાં થવા લાગી.

" બેંક ઓફ બોમ્બે "એ સં. ૧૯૨૦ માં પોતાનું સુકાન આ ગામઠી બેંકર પ્રેમચંદને સોંપ્યું. ને જાણે તેમના હાથમાં ચમત્કાર હોય તેમ એક વર્ષમાં 'બેંક ઓફ બોમ્બે'ના રૂ. ૫૦૦ ના શેરનો ભાવ રૂ. ૨૮૫૦ બોલાયો. આ રીતે જનતાની થાપણ દિવસ ઊગ્યે દોઢી ને બે મહિને બમણી અંકાતાં બેંકોની મૂડી લાખોમાંથી કરોડોની ગણત્રીએ ચડતાં પ્રભાવિક પ્રેમચંદ શેઠની બોલબાલા બોલાવા લાગી.

'બેંક ઓફ બોમ્બે'ના તે વર્ષના રિપોર્ટમાં લખાયું કે "દલાલ પ્રેમચંદના અનુપમ સહકારથી આ બેંક તેની જ બની ગઇ છે" એટલું જ નહિ પણ બેંકના ટ્રેઝરી ઓફીસર મી. બ્લેર તેમના ઉપર આફ્રીન થઇ ગયા. પ્રેમચંદ શેઠની જીભાન ઉપર તેમની અંગત લોન કે એડવાન્સ જોઇએ તેમ મળવા ઉપરાંત તેમના સ્નેહી–સંબંધીને પણ પ્રેમચંદ શેઠની જીભ ઉપર અંગઉધાર ધીરધાર થવા લાગી અને પ્રેમચંદ શેઠ વગર પૂછયે કોઇને કંઇ અપાવી શકે તે માટે મી. બ્લેરે તે બેંકની કોરી ચેક બુક તેને સુપ્રત કરી દીધી.

શ્રી પ્રેમચંદ શેઠ જેમ જેમ આગળ વધતા ગયા તેમ તેમ તેમની લાગવગ અને સંબંધ દૂર દેશાવરમાં પણ વધવા લાગ્યો.

મુંબઇમાં ચાલતી યુરોપની કોલ્યાધિપતિ કું. એના સંચાલકો સર જ્યોર્જ બર્ડવુડ, મી. માર્કલ સ્કોટન વગેરે તેમનું પ્રતિભાશાળી મિત્ર-મંડળ હતું.

મુંબઇમાં જેમજેમ વેપાર વધવા લાગ્યો તેમતેમ પેઢીઓ અને કારખાના, મિલો અને મજૂરોની ભરતી થવા લાગી એટલે તેના વસવાટ અને આરામસ્થળો–વાડીવજીફા માટે મુંબઇની ભૂમિ સાંકડી પડવા લાગી. એક વખત પૈસે વાર મળતી જમીનના ભાવો રૂપિયાના હિસાબે ઉપજવા લાગ્યા, અને કોલ્યાધિપતિના બંગલાઓ માટે જમીનની ખેંચ જણાવવા લાગી. જમીનની આ ભૂખ ભાંગવાને પ્રેમચંદના મિત્રમંડલે મળી મુંબઇનો બેકબેનો દરીયો પૂરીને ત્યાં જલમાંથી સ્થળ–મેદાન ઉપજાવવા અને તેના વેચાણમાંથી કરોડોનું ઉત્પન્ન કરવાની યોજના તૈયાર કરી.

કોલ્યાધિપતિઓના હવામહેલ બાંધવાના સ્થળ–સર્જનની આ યોજનાને અમલી બનાવવા 'બેકબે' કું. ઊભી થઇ, ને તેની લગામ પ્રેમચંદ શેઠના હાથમાં મુકાતાં તેના રૂા. પાંચ હજારના શેર તડામાર ઉપડી ગયા. ભરતીમાં ભરતી જોવાય તેમ દરીયો પુરાઇને ત્યાં મહેલો ચણાઇ જવા લાગ્યા હોય તેવાં જનતાને સ્વપ્નાં આવવા લાગ્યાં. ને આ સોનાની કુકડીને સંઘરી લેવાને બેકબેના શેરની માંગણી અસાધારણ વધી જતાં પાંચ હજારના શેરના પચાસ હજાર ઉપજવા લાગ્યા. પ્રેમચંદ શેઠે મુહૂર્તમાં આ કુંપનીના ચારસો શેરનો સંઘરો કરી રાખ્યો હતો તે આ તકનો લાભ લઇ બજારમાં કાઢતાં જોતજોતામાં તેમાંથી નેવું લાખનો નફો બાંધી લીધો.

પ્રેમચંદ જેમ બેંક દલાલ હતા તેમ બેંક શરાફ પણ હતા. બેકબેના નફાની લગભગ એક કરોડની રકમ તેમણે એક જ કલમે

" એસીઆટીક બેંક "માં જમા કરાવેલી. મુંબઇમાં તે વખતે ખુલેલી લગભગ પોણોસો બેંકમાં તેમની લાગવગ અને પ્રતિષ્ઠા હતી. તેઓ ધારે ત્યારે ગમે તે બેંકમાંથી ગમે તેટલી રકમની વગર રોકટોક ક્રેડીટ ઉપર લે-મૂક કરી શકતા. બેંકો અને નાણા બજારમાં તેમની આંટ એટલી જામી હતી કે તેમની જીભે પાણીમાં પત્થર તરે તેમ સામાન્ય માણસના વળ ઉતરી જતા અને તેમની ઇતરાજી થતાં ભલભલાને બેઘડી થંભી જવું પડતું.

પ્રેમચંદ શેઠનો ભાગ્ય-રવિ અત્યારે મધ્યાહ્ને હતો. દેશમાં અને પરદેશમાં તેની કાર્યદક્ષતાએ ભલભલાને આંજી દીધા હતા. મુંબઇના ટાપુમાં ત્રીશેક વર્ષનો એક સુરતી વાણીયો બજારના ભાવી ઉપર કાબૂ ધરાવે છે તેવી વાત સામ્રાજ્ઞી મહારાણી વિકટોરીયાને કાને આવતાં તેમને પણ આશ્ચર્ય થયું. કહેવાય છે કે તેમને પ્રેમચંદને નજરે જોવાની ભાવના થઇ હતી, પરંતુ તે વખતના રૂ અને શેર બજારના બેતાજ બાદશાહને ધંધાની ધમાલમાં તે જાણવા-જવાને અવકાશ નહોતો.

પ્રેમચંદ શેઠની સાદાઈ અમીરી અને ફકીરીમાં એક સરખી જ રહેલી. સુરતી ચાળનું કેડીયું ને પારસી ઘાટની સુરતી પાઘડી એ તેમનો હંમેશનો પહેરવેશ. ભાયખાળા લવબેનમાં તેમનો રહેણાક હતો. આરોગ્યની દૃષ્ટિએ કુદરતી બાગાયાત ને ખેતી-વાડીની વચમાં સાદો બંગલો એ તેનું નિવાસસ્થાન, જેને લોકો 'પ્રેમોદ્યાન 'ના નામે ઓળખતા. ગાદી તકીયાની સાદી બેઠક અને પોતાની પેઢીએ જવાની જરૂર પડયે ઉપયોગી થઇ શકે તે માટે વાહનમાં ડમણીયું રાખતા. સવારમાં વેલા ઉઠીને નિત્ય નિયમ અને બાજુના મોતીશા શેઠના દેરાસર સેવા-પૂજા કરી-જમી પરવારીને દસ વાગ્યે વાડીના દરવાજા પાસે આવે ત્યારે ત્યાં અપંગ આશ્રિતો ઉભા જ

હોય. બહાર નીકળતી વખતે રૂપીયા અને પરચુરણથી પ્રેમચંદ શેઠે કેડીયાનો ખીસો ભરી રાખેલ જ હોય. ઘરેથી નીકળતાં દરવાજે ઉભેલા ભિક્ષુકોને છૂટે હાથે પૈસા વેરતા વેરતા તે ડમણી-યામાં પગ મૂકતા ને ચંપાગલીની પોતાની પેઢીએ જઇ બજાર રૂખ–વરધી–વછીયાતી અને અનેક સંબંધીઓની આડ–ઓપટીની અરજ હેવાલ સાંભળી કોટમાં પહોંચી જતા ને પગપાળા દરેક બેંકોમાં ફરી વળતા.

નિરાશાવાદ કે આળસ તેમની ડીક્ષનેરીમાં નહોતાં. 'અનુ-કંપા' એ તેમનો સ્વભાવજન્ય ગુણ હતો. તેમની પાસે આશા-ભર્યો આવનાર ખાલી હાથે પાછો ન જતો. છુપું દાન અને જાહેર સખાવતમાં તેમનું દિલ દિલાવર હતું. ખાનદેશ–ગુજરાત કે કાઠિ-યાવાડના ધોલેરા, ઘોઘા જેવા સ્થળોમાં જ્યાં તેમનો આડત-સંબંધ હતો ત્યાં પાંજરાપોળ કે ધર્મશાળા અને કુવા, અવેડા કે પારેવાની છત્રી જેવાં કંઇ ને કંઇ સ્મરણચિહ્નો બંધાવેલાં.

તેમની સખાવતનો પ્રવાહ કેળવણીના ક્ષેત્રોમાં અને જાહેર બાંધકામો પાછળ વધારે પ્રમાણમાં વહેલ જોવાય છે. તેઓ છૂટે હાથે વાપરી શકતા પરંતુ વાપરવાનું સ્થળ પસંદ કરવાનો દોર તેમના મિત્રમંડળના હાથમાં હોય તેમ તેમના અંગ્રેજ મિત્રોની પ્રેરણા–દોરવણી તેમાં મુખ્યત્વે તરી આવે છે. તેઓ તો જેમ વાત-વાતમાં લાખો રળી શકતા હતા, તેમ ક્ષણ માત્રમાં લાખો આપી શકતા. મુંબઇના ગવર્નરના નેતૃત્વ નીચે મુંબઇમાં યુની-વરસીટીના વિકાસ માટે મેળાવડો થયો ત્યારે યુનીવરસીટી ફંડમાં કંઇક આપવાને પ્રેમચંદ શેઠ પાસે માગણી કરતાં તેમણે ચાર લાખ રૂપીયાનો ચેક તેમના હાથમાં મુકયો. તેના વપરાસ કે વ્યવસ્થાની પૂછપરછ કર્યો વિના અને પોતાનું નામસ્મરણ કે તેવી

બીજી કોઇ જાતની હક્ક-હકુમતની દખલ કે હક્કની અપેક્ષા વિના સહેજ ઇસારો થતાં ચાર લાખની બાદશાહી રકમ અલિપ્ત ભાવે આપીને ચાલી નીકળેલા પ્રેમચંદ શેઠ માટે ઇલાકાના હાકેમને ઊંડી અસર થઇ. ને તે રકમની યાદગાર વ્યવસ્થા માટે તેમણે જાતિદેખરેખ નીચે મંત્રણા કરીને મુંબઇ-કોટના લતામાં રૂા. બે લાખના ખર્ચે આકાશ સાથે વાતો કરતો કીર્તિસ્તંભ (ટાવર) ઊભો કરી તેના સાથે પ્રેમચંદ શેઠનાં માતુશ્રી રાજબાઇનું નામ જોડયું જે "**રાજબાઇ ટાવર**"ના નામથી અત્યારે પણ ઊભો છે. તેમજ બાકીની રકમ (રૂા. બે લાખ) મુંબઇની યુનીવરસીટીની લાયબ્રેરીમાં આપી તેના સાથે પ્રેમચંદ રાયચંદનું નામ જોડવામાં આવ્યું. આ સખાવતે હિંદના ઘણા શિક્ષણક્ષેત્રોનું ધ્યાન ખેંચ્યું. જુદી જુદી સેનેટો અને સંસ્થાઓ તરફથી પ્રેમચંદ શેઠને માગણી થવા લાગી કે જે કોઇને તેમણે નિરાશ થઇને પાછા કાઢયા નહોતા.

કલકત્તા યુનીવરસીટીને પણ તેમણે બે લાખ રૂ. આપ્યા કે જેના વ્યાજમાંથી કલકત્તા યુનીવરસીટીના પાંચ ગ્રેજ્યુએટને શેઠ પ્રેમચંદ રાયચંદ સ્કોલર અને ફેલો તરીકે કાયમી ઉત્તેજન અપાય છે. કહેવાય છે કે સર સુરેન્દ્રનાથ બેનરજી જેવા રત્નો પકાવવાનો યશ આ ફેલોશીપ ખાટી ગઇ હતી.

તેઓ પોતાના વતન સુરતને પણ નથી ભૂલ્યા. ત્યાંની રાયચંદ દીપચંદ કન્યાશાળા, ધર્મશાળા, જિનાલય વગેરે તેમનાં યાદગાર સેવાસ્થાનો ઉપરાંત સુરતની વિકટોરીયા ગાર્ડન (પબ્લીક બાગ) જેવા સાર્વજનિક કાર્યોમાં પણ તેમની નિર્ભેદ સહાય તરી આવે છે.

તેઓ એક વખત અમદાવાદ આવ્યા. આ વખતે ફારબસ સાહેબે ગુજરાતી ભાષાના ઘડતર અને પ્રચાર માટે ગુજરાત વર્નાં-

ક્યુલર સોસાયટી શરૂ કરી હતી, તથા શિક્ષકોને શિક્ષણ સંસ્કાર આપવાને ટ્રેનીંગ કોલેજ ખોલવામાં આવી હતી. સાહિત્યપ્રચારની આ બન્ને સંસ્થાને પોષણ આપવાની માગણી થઈ અને તુર્ત પ્રેમચંદ શેઠે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો પાયો પાકો કરવાને તેને જમીન અપાવી મકાન બાંધવામાં રૂા. ત્રીશ હજાર અને ટ્રેનીંગ કોલેજ માટે રૂા. વીશ હજાર આપ્યા. ત્યાંના કલેકટરે આ સખાવતી પુરુષની પ્રશંસા કરી અને એ શિક્ષણ સંસ્થાને શેઠ પ્રેમચંદ રાયચંદ ટ્રેનીંગ કોલેજના નામથી વિભૂષિત કરવામાં આવી. આ ઉપરાંત ભરૂચમાં લાયબ્રેરી અને મુંબઇ, અમદાવાદ વગેરે જે જે ક્ષેત્રોમાં તે વખતે શિક્ષણ સંસ્થાઓ ઊભી થતી તે શેઠ પ્રેમચંદ રાયચંદ પાસે માગણી કરતાં પાંચ દશ હજારના ચેક વિના પાછા ફરતા નહિ.

ગરીબો પ્રત્યે અનુકંપા દાનમાં પણ તેઓનો ફાળો સારો નોંધાયો છે તેમ બેંગાલ સાઇકલોન–રીલીફ ફંડમાં રૂા. પચીસ હજાર તેમજ ગુજરાતને આ પ્રસંગે રીલીફ ફંડમાં મોકલાવેલ મદદથી જોવાય છે.

શેઠ પ્રેમચંદનો દાનપ્રવાહ આ રીતે અંગ્રેજ મિત્રોની પ્રેરણા અનુસાર દેશભરમાં વહેવા ઉપરાંત તેમના મિત્ર મી. માર્કલ સ્કોટે સં. ૧૯૨૦માં મુંબઇથી પોતાનું કામ સંકેલીને પોતાને વતન ઇંગ્લાંડ જવાની તૈયારી કરી ત્યારે તેમને વિદાયમાન આપવાને પોતાને બંગલે મીજબાની (ગાર્ડનપાર્ટી) આપી હતી તેમાં દેશી–પરદેશી લગભગ બે હજાર ધંધાદારીઓની હાજરીમાં માન આપી યુરોપમાં તેને ગમે તે સંસ્થામાં વાપરવા માટે રૂા. ૭૫૦૦૦૦ સાડાસાત લાખનો ચેક સુપ્રત કર્યો હતો.

પ્રેમચંદ શેઠની સખાવત આ રીતે લાખોના આંકડે નજરે

ચડે છે. તેના મુકાબલે પોતાની કોમ, ધર્મ અને રાષ્ટ્રસેવાની કર્તવ્ય-પરાયણુતા તરફ તેમનું ધ્યાન ખેંચાયું ન હોય કે તેવી પ્રેરણા કરનારા પ્રભાવિક સંઘ-દેશનાયકોથી તેઓ વંચિત રહ્યા હોય તેમ અનુમાન કરવું રહ્યું. જો કે તેમનામાં ધાર્મિક સંસ્કાર અને કોમી લાગણી હતી તેમ સુરતમાં અને શત્રુંજય ઉપરનું શેઠ પ્રેમચંદ રાયચંદ જિનાલય અને છૂટાછવાયાં ધર્મશાલા-પાંજરાપોળોના સ્થાપત્યો ખાત્રી આપે છે, એટલું જ નહિ પણ કહેવાય છે કે એક વખત તેઓ શત્રુંજયની યાત્રાર્થે આવેલા ત્યારે રાજ્ય અને કોમ વચ્ચે તીર્થનાં હક્ક-હકુમતની અથડામણી ન રહે તે માટે 'શત્રુંજય' પહાડ વેચાણ લઇ લેવાને રાજ્ય સાથે વાત છેડેલી. રાજ્યને તે પ્રસંગે વસુની ઉપયોગિતા હતી, પરંતુ રકમના આંકનો સામાન્ય ફેરફાર અને તેમને સ્થિરતા માટે સમયનો અભાવ હોવાથી 'થઇ રહેશે'ની ગણત્રીમાં તે વાત વાતમાં જ રહી ગઇ. આ હકીકત ઉપરથી માનવાને કારણ મળે છે કે તેએ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કે મુંબઇ-અમદાવાદના સામાજિક કાર્યવાહકોના પરિચયમાં ઓછા આવ્યા હોય.

પ્રેમચંદ શેઠનો ભાગ્યોદય ખાસ કરીને રૂ સાથે સંકળાએલ હતો. તેમના ભાગ્યનો સીતારો ૧૯૧૧ થી ૧૯૨૧ના દાયકામાં એવો તેજસ્વી હતો કે તેઓ જ્યાં હાથ નાખતા ત્યાં ઢગલે ધન દેખાતું. આવી એકધારી નાણાની છોળોમાં બજારની અંતરરૂખ ભાવી વિચારવાને તેમને ફુરસદ નહોતી. તેમની દૃષ્ટિમાં રૂના પુંભડે પુંભડે લક્ષ્મીના થર પથરાયેલા હોય તેવા ચાલુ અનુભવને પરિણામે હિંદી રૂની બોલબોલાનું કારણ વિચારવાનો ખ્યાલ ન રહ્યો. કાળનું ચક્ર પોતાનું કામ કર્યા કરે છે. અમેરિકાના આંતરવિગ્રહની અવધિ આવી રહી હોય તેમ અંદર-અંદર લડીને પોતાની પાયમાલી પોતે જ નોતરે છે તેનું અમેરિકાને ભાન આવવાથી 'લી' ના લશ્કરે નમતું

જોખી સુલેહના સંદેશા શરૂ કર્યા. યુદ્ધનાયકો સમજી ગયા કે આવી ઘર ઉઠી કરવામાં સાધન, સમૃદ્ધિ અને માનવગણુની હાનિ પોતાના ઘરમાં જ થઈ છે. આવા ગૃહકલેશના પરિણામે તો હારેલા હારે છે તેમ નહિ પરંતુ જીતેલા પણ હાર્યા જ (પાયમાલ થયેલા) હોય છે. રાંડયા પછી પણ અમેરિકાને આ ડહાપણ આવવાથી રાષ્ટ્ર-ઐકય માટે ફેડરલ્સના ધોરણે અમેરિકાની લડાઇ એકદમ સંકેલાઇ ગઈ.

પુરજોસમાં ચાલી જતી ગાડીને એકદમ ધક્કો વાગવાથી જેમ સમતોલપણું ગુમાવી બેસે, તેમ એકાએક અમેરિકાની સુલેહ-શાંતિના ખબર મળતાં રૂઉના લાડ ઉતરી ગયાં. અમેરિકન રૂઉના અભાવે હિંદી રૂઉના મોં માગ્યા ભાવ દેનાર ખસી જવાથી લીવરપુલમાં ચડેલો માલ ઠેકાણે પાડવો મુશ્કેલ થઈ પડયો. બસોના બારસો થવામાં સમય-સંજોગ જોઇએ, પણ બારસોના બસો થતાં ક્ષણ માત્ર નથી લાગતી, તેમ અમેરિકાની શાંતિના ખબર પડતાં વીજળીના વેગે મુંબઇમાં અશાંતિનું મોજું ફરી વળ્યું. ભલભલા સદ્ધર ઓફીસોનાં તળીયાં દેખાઇ જતાં સેંકડો બલ્કે હજારો પેઢીયોને તાળાં દેવાઈ ગયાં-કઇકે નાદારીમાં ચોપડા મોકલી દઇ દેવાળાં કાઢ્યાં. એક ક્ષણ પહેલાના અમીર ઘડીમાં ફકીર જેવા થઇ ગયા. રૂઉના ધંધા માટે મુંબઇમાં ઉઘડેલી પરદેશી પેઢીઓ પોતાનું કામ સંકેલવા લાગી. ખરીદ-વેચાણના સોદા કે આડાં-દોઢાંની પતાવટ અકારી થઈ પડી.

જોગાનજોગ રૂના ફાટી ગયેલ બજારનો લાભ લેવા દેશભરમાં કપાસનું વાવેતર વધારે થયેલું અને અમેરિકા પણ રૂઉ નીપજાવનાર દેશ હોવાથી ત્યાંના ખેડુતોએ લડાઇ બંધ થવાથી કપાસની વાવણી કરી એટલે રૂઉના મંદા બજારે નાના ગામડામાં પણ બી બેવડાં ને

કઢારા ધીરનારને માલના મુળગા કરવા પણ આકરા થઈ પડયા. લાગેલા દાવાનળ કે ધરતીકંપના આંચકામાં નાનાને નાનો ને મોટાને મોટો ધક્કો વાગ્યા વિના નથી રહેતો તેમ દરેકને મંદીના મોજાંની શરદી લાગ્યા વિના ન રહી.

આ શરદીમાં ભલભલી પેઢીઓની આંટ તોળાઇ ગઇ. કઇક બેંકો અને ફીનેન્શીયલ સોસાયટીઓના પાયા ડગમગવા લાગ્યા. એક એક કલમે કરોડોના હિસાબે રળેલું મુંબઇ આજે પાયમાલીના ખાડામાં ગબડી પડયું. 'મંદીના મોં કાળા'ની કહેવત ખરી પડી.

પ્રેમચંદ શેઠને મુંબઇના બહોળા વેપાર સાથે પરદેશની ચડગત અને પ્રાંતોમાં ખરીદ ખાતાનો પથારો હતો. આ રીતે માથા કરતાં મોટી થઇ ગયેલ પાઘડીને જાળવવી મુશ્કેલ થઇ પડી. શેરના પાશેરા થઇ જવાથી વિધવાઓ અને મુશીબતે એકઠી કરીને શેરમાં સાલવેલી રાંકની મુડી રજળી પડી. પ્રેમચંદ શેઠની પાછળ લખેશરી થવાને રૂઇ અને શેર સટાના મેદાનેજંગમાં ઉતરી પડેલા હજારો પતંગીયાં આજની આર્થિક મંદીના ઉલ્કાપાતનો ભોગ થવા માટે પ્રેમચંદ શેઠને જવાબદાર ગણી બેલગામ વાંકું બોલવા લાગ્યા. એક વખતનો ઉપકારી પ્રેમચંદ તેમની આંખે આજે અકારો થઇ પડયો.

બીજનો ચંદ્ર ભલે જરા જેટલો દેખાય છતાં તેને સૌ નમે છે. સૂર્ય ઊગતો પુજાય છે, તેમ મનુષ્યની ચડતીમાં જેની આસપાસ સેંકડો મનુષ્યો ખમા–ખમા પોકારતા ભમતા હોય છે તેની પડતીમાં કોઇ પડખે ઊભું રહેતું નથી. સેંકડો માખીઓ જે મધપુડાની આસપાસ ગુંજતી હોય છે તે મધપુડામાંથી મધ જરી જાય તો પછી એક પણ માખી દેખાતી નથી તેમ પ્રેમચંદના કહેવાતા આપ્તજનો સૌ ખસી ગયા, એટલું જ નહિ પણ પેટનો બળ્યો ગામ બાળે તેમ પોતાના ભાગ્યનો દોષ તેમના ઉપર ઢોળવા લાગ્યા.

વેપારની આંટી-ઘુંટી સમજ્યા વિના આંધળુકીયા કરીને મેદાનેજંગમાં ઉતરનારાઓને પોતાની અજ્ઞાનતા સુઝતી નથી. કોઇ પણ બજારની તેજી-મંદી શા માટે અને કયારે થાય છે, પોતે વેપાર કરે છે તે માલનું ઉત્પન્ન કયાં-કેટલું થઇ શકે છે ને તેનો સાચો ભાંગો-વપરાસ કેટલો હોઇ શકે એ વ્યાપારના મુળ તત્ત્વનો અભ્યાસ ન કરતાં કેવળ ગતાનુગતિક ન્યાયે ગામડાનો ખેડુત રૂઉમાં તેજી ભાળી રૂઉ વાવવા ને શીંગમાં તેજી ભાળી શીંગની વાવણી કરવા લાગે. દુકાનદાર તેના આકાશી ભાવ ઉપર હવાઇ કીલ્લા બાંધી બીજો કોઇ પેસી ન જાય માટે ખેડુતને કબજે રાખવા ધીરધાર કરે, તેવા વેપારીને પડખેના નાના શહેરના આડતીયા ધીરે ને તેને મુખ્ય શહેરની કોથળી ઉપર ઝુઝવાનું હોય, તેમાં નથી કોઇને રૂખ-રંગની ખબર પડતી કે નથી તે માટે ચીવટ. ઘેટાનું ટોળું જેમ એકની પાછળ બીજું નીચું માથું કરીને ચાલી નીકળે ને વગર વિચાર્યે કુવામાં પડે તેમ વાયદા અને શેરમાં સલવાઇ જતાં સૌને મંદીના ધક્કાએ મુંઝવી નાખ્યા.

'બેંક ઓફ બોમ્બે' ના શેરના રૂા. ૨૮૫૦ હતા તેના ફક્ત રૂા. સત્યાશી થઈ ગયા, 'બેક બે' ના શેરે એક વખત રૂા. ૫૦૦૦૦ પચાસ હજાર જોયા હતા તેના રૂા. ૧૭૫૦ માં પણ લેનારા ન રહ્યા. વ્યાજ વટાવ ઉપર જીવનારાના નાણાં આ રીતે ચુંથાઇ ગયાં. જીવન અને વ્યવહારનો વળ ઉતારવા પાણીના મૂલે મકાનો વેચાવા લાગ્યાં.

આ શરદીના મોજાંની અસર ગરીબ અને શ્રીમંતના ભેદ વિના સૌને થઇ હતી. બેંકોમાં મુકાએલી થાપણો ઉપડવા લાગી હતી. મુદ્દે સૌને સૌની પડી હતી.

પ્રેમચંદ શેઠે આ આફતમાંથી બચવા-પોતાની આબરૂ જાળ-

વવાને બેંકો તરફ નજર નાખી. તેમને મનમાની મદદ મેળવવાને 'બોમ્બે બેંક' અને 'એસીઆટીક બેન્ક' એ અધીં રાતના હોંકારા હતા. એટલે આ ફાટેલા આભને થીગડું દેવા તેણે આ બેંકો પાસે રૂ. પચીશ લાખની માંગણી કરી.

વખત એવો કસોટીનો હતો કે આ તોફાની પવનમાં બેંકોની સ્થિતિ પણ ડામાડોલ હતી. 'એસીઆટીક બેંક'નું તળીયું ભપાવાની અણી ઉપર આવેલું. આ સ્થિતિમાં બેંકોની ક્રેડીટ ટકાવવા–પરસ્પર સ્હાનુભૂતિ માટે વિચાર કરવાને મીટીંગ મળતાં તેમાં બેંકોના દલાલ પ્રેમચંદને લોન ધીરવાની વાત મુકાણી. પ્રેમચંદ શેઠની બેંકો ઉપરની લાગવગ તાજી હતી અને તેના પાસે 'બેકબે' કુંના અને 'એલફીનસ્ટન બેન્ડ એન્ડ કું'ના શેરોનો સંગ્રહ છે તેવી માન્યતાની હુંફમાં તેમને પચીશ લાખની લોન ધીરવામાં આવી. પરંતુ જ્યાં આભ ફાટ્યો હોય ત્યાં થીગડું કયાં દેયાય ? સં. ૧૯૨૨ની દીવાળી પહેલાં (સને ૧૮૬૬ના સપ્ટેમ્બરમાં) તેમના ચોપડા નાદારી કોર્ટને સોંપવાનો વખત આવ્યો. આ વિશાળ વહીવટની તપાસને પહોંચી વળવા ખાસ 'ઇન્સોલ્વન્ટ કોર્ટ' બેઠી.

તેમની લાખો બલકે કરોડોની લેણ–દેણ, ભર–જર અને હાર–જીતના શીંગા મેળવતાં ફલાકો કાયર થઇ ગયા. કેટલીએ કંપનીઓ સાથે તેમનો વહીવટ સંકળાએલો હતો. કોઇમાં ઓછી વધતી ભાગીદારી, કોઇમાં કમીશન, કોઇ શાખા અને કોઇમાં શરાફી વહીવટની આંટીઘુંટીને સમજવાં–ઊકેલવાનું કામ સહજસાધ્ય નહોતું. ચોપડા લખવા એ સહેલું કામ છે પણ ચોપડા ધોવા (ચોખાઇ કરવી) તેમાં જ નામાવાળાની કસોટી થાય છે તે કહેતી મુજબ આ સમુદ્ર–મંથનનો તાગ લાવતાં નાદારી કોર્ટને નવનેજા થઇ પડયું. બોમ્બે બેંકના રિપોર્ટમાં જણાવવા પ્રમાણે તે બેંકમાંથી શેઠ પ્રેમચંદે તેના

અને તેના બે મિત્રોના નામે રૂા. એક કરોડ ને ત્રીસ લાખ ઉપાડેલા કે જેમાંથી ભરજરના ટાંગામેલ કરવા પછી પણ સાડા છપન લાખ રૂા. બાકી લેણા રહી ગયા અને એ રીતે બેંકની થાપણના ચાલીશ ટકા સલવાઇ રહેવાથી તે બેંકના સર્વનાશના કારણભૂત પ્રેમચંદ હોવાનો કમીટીને નોંધ કરવો પડયો.

× × ×

પ્રેમચંદ શેઠની તાસીરમાં નિરાશાને સ્થાન નહોતું. તેની ખંતભરી જહેમત, સાદાઇ અને જાતિશ્રમના લીધે તે વિદ્યાર્થીમાંથી નોકરીયાત, વેપારી અને શેરબજારના સેનાપતિ થયેલ. એની જીભે રૂના ભાવ બોલાયા અને બેંકોની ચાવી તેના હાથમાં આવી. આત્મબળથી આગળ વધેલ પ્રેમચંદ સાતમે આસમાનેથી પાતાળમાં પડી જવા છતાં તેનું મનોબળ તેનું તેજ હતું. કાયરતા તેને સ્પર્શી શકતી નહિ. સુખમાં કે દુ:ખમાં તેમના મ્હોં ઉપર સદા પ્રસન્નતા દેખાતી. 'નિરાશા' શબ્દ તેની ડાયરીમાં નહોતો. ઉન્નતિને શિખરે પહોંચવા છતાં તેનામાં અભિમાન–ગર્વ નહોતો તેમ પડતીમાં મ્હોં ઉપર ઉદાસીનતા કે કંગાળીયત જોવાતી નહોતી. ગરીબી અને તવંગરીમાં એનો સાદો પહેરવેશ, ધૈર્ય અને ખંતભરી જાતે કામ કરવાની ટેવને પરિણામે ઘરમાં પડી ન રહેતાં તેણે પાછું દલાલીનું કામ હાથમાં લીધું અને રૂ ઉપરાંત અફીણના વાયદાનું કામકાજ શરૂ કર્યું.

કાળ કાળનું કામ કરે છે. દિવસ પછી રાત અને રાત પછી દિવસ આ કુદરતી ક્રમે મુંબઇ અને દેશના વેપારી બજારોને ધીમે ધીમે છ વર્ષે દર્દ કોઠે પડી ગયું. આ દરમિયાન મુંબઇમાં વેપારવિકાસ માટે રેલ્વે ઉપરાંત તાર–ટેલીફોન વગેરે સં. ૧૯૨૮ પછી

સાધન–સગવડો અસ્તિત્વમાં આવ્યાં. વ્યાપાર ઉદ્યોગના ક્ષેત્રમાં નવી દૃષ્ટિ નવી સૃષ્ટિના મંડાણમાં પ્રેમચંદ શેઠે પુનઃ ઝુકાવ્યું.

જો કે એક વખતની અનુભવેલી જાહોજલાલીનું સ્થાન પુનઃપ્રાપ્ત ન થઇ શક્યું, છતાં તે પછીના ચાલીશ વર્ષના જીવનમાં પ્રેમચંદે ચડતી–પડતીના દસકા અનુભવતાં એક શ્રીમંતની ગણત્રીમાં જિંદગી પસાર કરી.

તેમનામાં વિશિષ્ટતા એ હતી કે તડકા–છાયાના વહેનમાંથી પસાર થતાં 'અભિમાન' કે 'નિરાશા' સ્પર્શી શકતાં નહોતાં તેમજ તેના આંગણે આવનારને તેઓ નિરાશ કરતા નહિ. તેમના ખમીરની આ ઉદારતાને અંગે સંવત ૧૯૬૨માં મુંબઇમાં મળેલ જૈન શ્વે. કોન્ફરન્સ પ્રસંગે સખાવતની શરૂઆત રૂા. પાંચ હજારથી તેમણે કરી ને પરિણામે તે ફંડ લાખોનું થઇ ગયું.

ઉપરોક્ત જૈન શ્વે. કોન્ફરન્સના પ્રણેતા અને યશભાગી તેમના પુત્ર ફકીરચંદભાઇ કમનસીબે અકાળે અવસાન પામતાં તેમના અવસાનનો કારી ઘા પ્રેમચંદ શેઠને પ્રાણઘાતક થઇ પડ્યો ને સં. ૧૯૬૩માં ૭૬ વર્ષની ઉંમરે તેમનો દેહવિલય થયો.*

* કથાનાયકના જીવનપરિચયનો અંગ્રેજી ગ્રંથ અને શ્રી. તલકચંદ એમ. શાહના નિબંધને આધારે.

# કચ્છનો કર્ણ

## ( ૧ )

રત્નગર્ભા કચ્છ ધરા અનેક ભૂતકાલીન ભવ્ય રત્નોના ભંડાર-વડે વિભૂષિત છે–સમૃદ્ધ છે. અનંત કાળની અથાગ ઊંડી ગર્તા-માંથી એ જ્યોતિર્ધર નર–રત્નોની જ્વલંત જ્યોતિ અદ્યાપિ ઝળહળી રહેલ છે, અને એમાં જૈન જ્યોતિર્ધરોનો ફાળો પણ કંઇ કમ નથી.

કચ્છની એક વખતની ભવ્ય ભદ્રાવતી નગરીની રાખમાંથી આજના ભદ્રેશ્વરની ઉત્પત્તિ છે. ભદ્રેશ્વર એ કચ્છનું અતિ પ્રાચીન માં પ્રાચીન ધામ છે. એ ભૂમિ ઉપર અનેક કાળચક્રો ફરી વળ્યાં છે. રાજપૂતોની રાજવટનો કીર્તિ–કળશ ભદ્રેશ્વરની વીર ભૂમિએ નિહાળ્યો છે, ઇસ્લામનો લીલો નેજો ભદ્રેશ્વરની પુરાણી ભૂમિ પર ફરકી ગયો છે અને એ જ ભદ્રેશ્વર જૈનોનું પુનિત તીર્થધામ પણ બની ગયું છે.

ભદ્રેશ્વરની ધીંગી ધરણી ઉપર સુખ–દુઃખનાં, વિજય–પરાજ-યનાં, અને હર્ષ–શોકનાં અનેક પ્રકારનાં વાદળ–દળો ઘેરાઇ ગયાં છે અને વેરાઇ ગયાં છે. એ જ ભદ્રાવતી નગરી પર એક વખત રાજા વીરધવળની આણ વર્તી ગઇ છે. એ જ રણબંકી રણભૂમિ

ઉપર પડિયાર રાજપુતોની રણ-ગર્જનાઓ ગર્જી ગઇ છે. એ જ ભદ્રતમ ભૂમિ પર સોલંકી સરદારોની સંપૂર્ણ સત્તા સ્થાપિત થઇ ચૂકી છે. કચ્છ ભૂમિના પુરાતનમાં પુરાતન ધામોમાં પણ ભાગ્યે જ કોઇએ ભદ્રેશ્વર જેટલા ભાગ્ય-પલટા ભાગ્યા હશે. ભદ્રેશ્વરનો ભવ્ય ભૂતકાળ કચ્છના કીર્તિ-કળશરૂપ અત્યંત ઉજ્જવળ અને પ્રકાશમાન છે. અહીં જ રાજપૂતોની રાજપૂતી પરાકાષ્ઠાએ પહોંચી હતી, અહીં જ ઇસ્લામનો વિજય ડંકો વ્યોમને વીંધતો વાગી ગયો હતો, અહીં જ જૈનોનું જૈનત્વ પૂર્ણ બહારમાં પ્રકાશી નીકળ્યું હતું.

કચ્છની આ પરમ પુરાતન પુણ્ય-ભૂમિ, જગતમાં જેની જોડ જડે નહિ એવા એક પુણ્યશ્લોક જૈન જ્યોતિર્ધરનાં પુનિત પગલાં-વડે પાવન થઇ ગઇ છે. આ મહાનુભાવ જૈન જ્યોતિર્ધર અન્ય કોઇ નહિ પરંતુ જગત-દાતાર જૈન-તિલક **જગડુશાહ.**

વિક્રમ સંવત્ તેરશેં પંદરનો ત્રાસજનક દુષ્કાળ પૃથ્વીના પટ પર ત્રાટક્યો હતો. ગરીબડી ગાયોને માટે ઘાસનું એક તરણું આકાશ-કુસુમવત્ બન્યું હતું. માનવીને માટે અન્નનો દાણો મુશ્કેલ બન્યો હતો. ત્રાહ ત્રાહ અને હાહાકારના પોકારથી દુનિયા ત્રાસી ઊઠી હતી. 'પનરોતેરો' દુષ્કાળ ભયંકરમાં ભયંકર સ્વરૂપમાં પોતાનું વિરાટ મુખ પ્રસારી રહ્યો હતો. એના મૃત્યુ-મુખની અંદર ગાયો, ભેંસો, ઘેટાં-બકરાં, ઊંટ-ઘોડા આદિ નિર્દોષ પશુઓનાં ટોળાનાં ટોળાં હડસેલાઇ ગયાં હતાં. અનેકાનેક માનવ-હૃદયો આ ભયંકર આફતનો ભોગ બનવાની ભીતિમાં ભડકે બળી રહ્યાં હતાં. સમસ્ત દેશમાં એવું એક પણ સ્થાન ન હતું કે જ્યાં જવાથી દુષ્કાળની આ અતિ દારૂણ આફતમાંથી ઉગરી શકાય. જ્યાં જુઓ ત્યાં એ જ 'પનરોતેરા કાળ'નો ભડભડતો અગ્નિ ફૂદકે ને ભૂસ્કે પોતાનાં ભયાનક પગલાં ભરતો આગળ વધી રહ્યો હતો. અખિલ

આર્યાવર્ત આ અઘોર આફતથી અકળાઇ રહ્યું હતું. એક પણ ઇલાજ, એક પણ દિશા, એક પણ માર્ગ એને માટે ખુલ્લો ન હતો. માનવગણના અંતરમાં આશાનું એક પણ કિરણ અસ્તિત્વમાં ન હતું. નિરાશાના અઘોર અંધકારે જગતને જાણે ઘેરી લીધું હતું.

કળિયુગના આવા કષ્ટકાળમાં દુનિયાના એક દૂરદૂરના ખૂણામાં આવેલ કચ્છ પ્રદેશની પુણ્યભૂમિ ભદ્રાવતી નગરીમાં એક પરમ પુણ્યાત્મા પ્રકટ થયો. એણે પોતાની અસીમ દાનવીરતાથી સમસ્ત જગતની જાણે શીકલ બદલી નાખી. કુબેરના ભંડારો જેવા તેના અનંત અને અખૂટ ધનભંડારો લોકોને માટે ખુલ્લા થઇ ગયા. શેઠો અને શ્રીમંતો, રાજાઓ અને મહારાજાઓ, શાહો અને શહેનશાહો જગતશેઠ જગડુશાહના જાચક* બન્યા. દેશો અને પરદેશોમાં જગડુ-શાહના નામનો વિજય-ડંકો વાગી ગયો. કચ્છના આ કર્મવીરના અનર્ગળ અન્નભંડારોએ ડૂબતી દુનિયાને એક અઘોર આફતમાંથી ઉગારી લીધી.

( ૨ )

પનરોતેરા કાળનો ગ્રીષ્મ ઋતુનો મધ્યાહ્ન કાળ ધરણી પર ધીખી રહ્યો હતો. તાવડામાં દાણા શેકાય તેમ કાળા ઉનાળાના દુષ્કાળરૂપી દાવાનળમાં લોકો શેકાઇ રહ્યા હતા. તપતા તરણીના

---

*બાર હજાર હમીરને, વીસલ આઠ હજાર
એકવીસ દિલ્હીપતિ, દીધા જગ-દાતાર
માલવપતિ મહારાજને, દીધ અઢાર હજાર
મૂડા મેવાડીપતિને, બત્રીસ હજાર

**ભાવાર્થ**—જગડુશાહે સિંધના હમીર સૂમરાને બાર હજાર મૂડા અનાજ, વીસલદેવને આઠ હજાર, દિલ્હીના પાદશાહને એકવીસ હજાર, માલવાના રાજાને અઢાર હજાર તથા મેવાડના રાજાને બત્રીસ હજાર મૂડા અનાજ પનરોતેરા દુષ્કાળના સમયમાં આપેલ હતું.

પ્રચંડ તાપે પૃથ્વી જાણે "બળું બળું"ના પોકાર કરી રહી હતી. 'ચોર ન ચોરી નીકળે માગણ માગવા ન જાય' એવો સખ્ત તાપ જગતના પટ પર પથરાઇ રહ્યો હતો. પંખી–પરંદા પણ પોતપોતાના માળામાં લંપાઇ રહ્યાં હતાં. ગાત્રોને બાળી નાખે એવી કાળી લૂ ચણચણાટ કરતી, બળતી અને બાળતી ચાલી જતી હતી.

આવા ધીખતા ધામના ધગધગતા બપોરે જગડુશાહના ભોજનાલયમાં કળશી કળશીના કડાયા અતિ વિસ્તારવાળી વિશાળ ભઠ્ઠીઓ પર ચડેલા હતા. ઉનાળાના અતિ પ્રચંડ તાપમાં ભઠ્ઠીનો સખત તાપ ભળવાથી ભૂમિનો ભાર ઝીલનાર શેષનાગ જાણે કંપાયમાન બની ગયો હોય એવો ઘડીભર ભાસ થયા વિના ન રહે એમ લાગતું.

જગડુશાહના ભોજનાલયો ક્ષુધિતોને માટે આઠ પ્રહર યાને સાઠ ઘડી ખુલ્લાં રહેતાં. આખા દેશમાં આવા સોથી સવાસો ભોજનાલયો ચાલતાં હતાં અને તેમાં દરરોજ પાંચ લાખ માણસો પોતાની ક્ષુધાને શાન્ત કરતા હતા. દુષ્કાળની દારૂણ દંષ્ટ્રામાં દળાતાં લાખો નરનારીઓ જગડુશાહના જગવિખ્યાત ભોજનાલયોમાં ભૂખનું ભયંકર દુઃખ વીસરીને શાન્તિની પ્રાપ્તિ કરતાં હતાં. કોઇને માટે પણ અહીં આડી લાકડી ન હતી. ગરીબ કે તવંગર, રાજા કે રંક જે આવે તેને આ ભોજનાલયોમાં પેટ ભરીને ખવડાવવામાં આવતું.

બરાબર મધ્યાહ્ન કાળના સમયે સખત તપતા તાપ વચ્ચે એક ચીંથરેહાલ ભિખારી જગડુશાહના આ ભોજનગૃહમાં આવી ચઢ્યો. એક ફાટીતૂટી લંગોટ સિવાય એના શરીર પર એક પણ વસ્ત્રનો અભાવ હતો. એના દિલની ચામડી હાડકાંની અંદર ઉતરી ગઇ હતી, અને આંખો ઊંડી ચાલી ગઇ હતી. ભૂખના દુઃખથી હાડપીંજર જેવા દેખાતા તેના દેહને જોતાં જ જાણે કોઇ જુગ-જૂના

મુડદાને કબરમાંથી ખોદી કાઢેલ હોય એવો ઘડીભર ભાસ થતો હતો. કોઇ જીર્ણ ખંડેરના ખવાઇ ગએલા ગોખલામાં 'ટમટમ' બળતા એ દીવડા સમી એની આંખો એના દેહરૂપી હાડકાના માળખામાં ટમટમી રહી હતી. ચહેરા પરનાં અણીદાર હાડકાં જાણે એની ચામડી ફાડીને બહાર નીકળવા તત્પર બનેલાં જણાતાં હતાં. એનું પેટ તો જાણે ભૂખના ત્રાસથી પાતાળમાં પેસી ગયું હોય એવું જણાતું હતું. હાથ–પગ સૂકા લાકડાનાં ઠુંઠાં જેવા પાતળા બની ગયા હતા. લોહીનું એક પણ ટીપું કે માંસનું એક પણ રજકણ તેના શરીરમાં બાકી રહેલ દેખાતાં ન હતાં. એને માણસનું નામ આપવા કરતાં જીવતું હાડપીંજર કહેવું એ જ વધારે ઉચિત ગણાય.

સ્મશાનના કોઇ સુકાઇ ગએલા ભૂત જેવો આ આકાર એકાએક જગડુશાહના ભોજનમંદિરમાં આવી ઊભો. સૌની દૃષ્ટિ અનાયક આવી ચડેલા આ વિચિત્ર આદમી ઉપર ચોંટી ગઇ. અહીં દુર્બળ દેહવાળા અનેક દુકાળીઆઓ આવતા હતા પરંતુ આવો આકાર કદી કોઇની નજરે ચડ્યો ન હતો. આ વિલક્ષણ વ્યક્તિ ધોળે દહાડે હજારો માણસોની વચ્ચે આવી પહોંચેલ હોવાથી કોઈને કશી બીક તો ન લાગી, પરંતુ સૌનાં હૃદય અનેક પ્રકારના તર્ક–વિતર્કોની પરંપરાથી ઘેરાઈ ગયાં.

ભૂખ્યા ડાંસ જેવા આ બુભુક્ષિત આદમીના મુખમાંથી "ખાઉં ખાઉં"નો અવિરત ધ્વનિ વહી રહ્યો હતો. ભોજનશાળાના અધિકારીઓએ તરતજ એને બેસાડવા માટે સ્થાન કરી આપ્યું અને જમવા બેસવાની ઇશારત કરી. કોઇ જુદી જ દુનિયાનો માણુસ હોય એવી જુદી જ ઢબથી આ માણુસ જમીન પર બેસી ગયો. તરતજ એને માટે એક સ્વચ્છ થાળીમાં મીઠું ભોજન આવી પહો-

ચ્યું; પરંતુ એ થાળી તો એક નિમિષ માત્રમાં એના ઉદર–પ્રદેશમાં પધરાવાઇ ગઇ. અને ' ખાઉં–ખાઉં 'ના એના પોકારો પુનરપિ ચાલુ થયા. ઘણા દિવસનો ભૂખ્યો જાણી એક માણસ શીરાના કડાયા સાથે એની પાસે આવી હાજર થયો અને એને પેટભરી ખવડાવવાની ભાવનાથી એક પછી એક પીરસેલી થાળીઓ એની આગળ મૂકવા લાગ્યો. પરંતુ ઘણી જ અજાયબીની વચ્ચે આ તમામ ભોજન-સામગ્રી, ઊંટનાં જડબાંમાં જેમ જીરાની ફાડ અદશ્ય થઇ જાય તેમ કોણ જાણે ક્યાંએ અદૃશ્ય થઇ ગઈ! તમામ ખોરાક અફાટ ઉદર-સાગરમાં જાણે કોઇ અગમ્ય જાદુના જોરથી અલોપ થવા લાગ્યો. આ એક જ વ્યક્તિએ આજે કોઇ અજબ શક્તિથી અલ્પ સમ-યમાં જ કડાયાના કડાયા ખાલીખંમ કરી નાખ્યાં. કોઇ પણ પ્રકારે અને કોઇ પણ કાળે એને ઉદર–પૂર્તિ થાય એવાં કશાં ચિહ્ન જોવામાં આવ્યાં નહિ. રાંધનારા રાંધીરાંધીને થાકયા, પીરસનારા પીરસી પીરસીને થાકયા, પરંતુ ભીષણ દુષ્કાળના ભયાનક સ્વરૂપ જેવો આ માનવ–રાક્ષસ કદી પણ ખાતાં થાકે એમ ન હતું. આ માનવ છે કે પાતાળી પેટવાળો કોઇ પ્રેતાત્મા છે તેનો નિર્ણય થઇ શક્યો નહિ. પ્રેક્ષકોના અચંબાનો પાર રહ્યો નહિ. સૌ કોઈ ફાટી આંખે આ અતુલ ક્ષુધાતુર–પાતાળપેટા વ્યક્તિ પ્રત્યે નિહાળી રહ્યા.

આ વાત થોડી જ વારમાં ખુદ જગડુશાહ પાસે આવી પહોંચી. આશ્ચર્યચકિત થએલો આ મહાન દાનવીર ભોજનગૃહમાં આવી લાગ્યો અને ફરીથી મોટા મોટા કડાયાં ભઠ્ઠીઓ પર ચડાવી દેવામાં આવ્યાં. પરંતુ આ નવીન સામગ્રીનો પણ એ જ અગમ્ય રીતે અંત આવી ગયો. સમસ્ત જગતને પરિતૃપ્ત કરી શકે એવી જગત–દાતાર જગડુશાહની ભવ્ય ભોજનશાળા આજે આ ચીંથરે હાલ માનવીની ભૂખ ભાંગવા અશક્ત નીવડી. સૌ કોઇ

આખરે તો કંટાળ્યા. આ અજબ પ્રાણીએ ચારે તરફ ત્રાહ ત્રાહ પોકરાવી દીધી. દુનિયાના દાનવીરની દાનવીરતા આજે જાણે ભયંકર કસોટીએ ચડી હતી.

આખરે એક નવો ઇલાજ અજમાવી જોવાનો નિર્ણય કરવામાં આવ્યો. એક મોટામાં મોટી તાંબાની કોઠી ભોજનસામગ્રીથી ભરપૂર ભરવામાં આવી. એ કોઠીની અંદર આ નર–રાક્ષસને દાખલ કરી દેવામાં આવ્યો. ઉપરથી ઘીની પરનાળો વરસાદની અવિરત પરનાળોની પેઠે એકધારી વરસાવવામાં આવી. આ નવો ઇલાજ આખરે ખરેખર કારગત નીવડ્યો. સાગર જેવી ઉછળતી ઘીની છોળોથી આ દુષ્કાળનો દાનવ આખરે અકળાયો. એકાએક એણે પોતાને કોઠીમાંથી બહાર કાઢવા બૂમ મારી. અવાજ સાંભળતાં જ જગડુશાહના હૃદય–સાગરમાં એક હર્ષનું મોજું ફરી વળ્યું. જગ–દાતારની દાનવીરતાની જગત્કર્તાએ જાણે લાજ રાખી !

અંદરથી ઉપરાઉપરી પોકારો આવવા લાગ્યા પરંતુ હવે તો તેને ઝટ બહાર કાઢવામાં આવે એવું ન હતું. કોઠીમાં રેડાતી ઘૃત–ધારા વધુ ને વધુ વધવા લાગી. અને કોઠીમાંનું ભોજન આરોગી જવા પછી જ તેને બહાર કાઢવામાં આવશે એવું સાફ જણાવી દેવામાં આવ્યું. પરંતુ થાકેલ માણસને એક પગલું ચાલવું પણ મુશ્કેલ થઇ પડે છે તેમ આ વ્યક્તિને માટે હવે એક ઘીનું ટીપું પણ મોટું થઇ પડયું હતું. એણે અંદરથી અનેકાનેક આજીજીઓ અને વિનવણીઓ કરવા માંડી. હવે બચવાનો એક પણ ઇલાજ શિલકમાં ન હોવાથી આખરે આ પનરોતેરા દુષ્કાળે પોતાનું સાચું પોત પ્રકાશી દેતાં પોકાર કર્યો કેઃ—

"મેલ જગડુશાહ જીવતો,<br>
પનરોતેર પડું નહિ."

અર્થાત્—ઓ જગડુશાહ! તું આજે મને જીવતો મૂકે તો ફરીથી હું પનરોતેરો દુષ્કાળ પૃથ્વી પર પડું નહિ.

ઉપરોક્ત શબ્દો શ્રવણ-પટ પર અથડાતાં જ સૌ કોઇ આશ્ચર્ય-વિસ્ફારિત આંખે સ્તંભિત થઇ ગયા. આ વ્યક્તિ અન્ય કોઇ નહિ પરંતુ માનવ સ્વરૂપે પનરોતેરો દુષ્કાળ પોતે જ છે એ જાણી બધા દિગ્મૂઢ જ બની ગયા. આ કથા અલ્પ સમયમાં જ જગ-જાહેર થઇ ગઇ અને જગડુશાહની કીર્તિનો સૂર્ય દેશ-વિદેશમાં પ્રચંડ તેજથી પ્રકાશવા લાગ્યો.

( ૩ )

જગડુશાહના વડીલોનું મૂળ સ્થાન કચ્છ-કંથકોટ હતું. કંથકોટની સ્થિતિ આજે તો એક ઉજજડ નગરી જેવી બની ગઇ છે; પરંતુ પુરાતન સમયનું કંથકોટ મહાસમૃદ્ધ હતું. કંથકોટની સ્થાપના વિષે એક અતિ રસિક લોકકથા પ્રચલિત છે.

કચ્છના રાજ્યકર્તાઓ અસલ સિંધથી આવેલા છે. સિંધના સુવિખ્યાત રાજ્યાધિકારી જામ લાખા ધુરારાનો રાજ્યઅમલ સિંધમાં ચાલતો હતો. વીર વિક્રમની નવમી સદીનો એ સમય હતો. જામ લાખાને બે રાણીઓ હતી. ચાવડી અને ગોહિલ. મોટી ચાવડી રાણીને પેટે મોડ, વરેઆ, સાંધ અને ઓઠો નામના ચાર પુત્રો થયા હતા.

જામ લાખાની અત્યંત વૃદ્ધાવસ્થામાં એનાં લગ્ન સૂર્યપર અર્થાત્ પાલીતાણાના ગોહિલ રાજા સૂર્યસિંહની કુંવરી વેરે થયાં હતાં. આ ગોહિલ રાણી પોતાની એક ટેકની ખાતર મરણપથારી પર પડેલા જામ લાખા ધુરારાને જાતે આવીને વરી હતી. ગોહિલ રાણીની આણાની વેલ આવવા વખતે સિંધનો જામ છેક પથારી-

વશ હતો. પરન્તુ ગોહિલ રાણી પોતાના નિર્ણયમાં મક્કમ હતી. તે જ દિવસથી તે તન-મન-ધનથી જામ લાખાની સેવા-શુશ્રૂષામાં તલ્લીન બની ગઇ. ગોહિલ રાણી મહાચકોર અને કાબેલ હોવાથી, તેણે તમામ કળા-કૌશલ્ય વાપરીને જામ લાખા પર તેની વૃદ્ધાવસ્થામાં નવી જુવાનીનાં પાણી ચડાવી દીધાં. નેવનાં પાણી જાણે મોભે ચડયાં !

મરણ-કિનારે આવી પહોંચેલ જામ લાખા ધુરારાએ જ્યારે વિજયાદશમીની સવારી વખતે પ્રથમ જ રાજમહેલ બહાર પગ મૂક્યો ત્યારે તેના ચહેરા પરની ધૂર (પ્રચંડ તેજસ્વિતા) જોઇને લોકોએ તેને ધુરારાનું ઉપનામ આપ્યું. સવારી જ્યારે શહેર બહાર આવી ત્યારે ઘોડેસ્વાર બનેલા જામ લાખાની નજર પોતાના જૂના વડલાની ઝુલતી વડવાઇઓ પર પડી. આ જોતાં જ તેને પોતાની જુવાનીના દિવસો અને જુવાનીની રમતો યાદ આવી. એના શરીરમાં હવે જુવાનીનો થનગનાટ આવી પહોંચેલો હોવાથી તરત જ તેણે ઘોડા સહિત પેલા વટવૃક્ષ તરફ દોટ મૂકી. પોતાના માનીતા અશ્વને બંને સાથળો અને પગો વચ્ચે બરાબર ભીડી રાખીને, ઉભય હાથે વડની વડવાઇઓ મજબૂત રીતે પકડીને તેણે ઘોડા સહિત હીંચકા ખાવા માંડયા. એની આ અતુલ પરાક્રમ-ગાથા કચ્છ અને સિંધના ઇતિહાસ-પટ્ટ પર આજ પણ સુવર્ણાક્ષરે અંકિત છે. જામ લાખા ધુરારાને ગોહિલ રાણીથી પણ ચાર કુમાર થયા. ઉન્નડ, જેહો, ફુલ અને મનાઇ. જામ લાખાનો પ્રેમ ગોહિલ રાણીની અપૂર્વ ભક્તિથી તેના પ્રતિ વિશેષ ઢળેલો હતો. ખરી રીતે પાટવીપણાનો હક મોડકુમારનો હતો, પરંતુ જામ લાખાનો ભાવ ગોહિલ રાણીના વડા કુવર ઉન્નડ પ્રત્યે દિનપ્રતિદિન વધતો જતો. આ કારણથી જામ લાખાના અવસાન પછી

સિંધની ગાદી ઉન્નડ કુમારના હાથમાં આવી. આમ થતાં રાજકુમારોના હૃદયની અંદર અસંતોષનો અગ્નિ ઉત્પન્ન થયો. પાટવી કુંવર મોડે ઉન્નડ જામના ભાઇ મનાઇને ચાલાકીથી પોતાના હાથમાં લઇ લીધો અને ઉન્નડ વિરુદ્ધ કાવતરાં રચવા માંડયાં. એક દિવસ આ બંને જણે મળીને, લાગ સાધીને જામ ઉન્નડને રાજધાની બહાર લઇ જઇને તેનું ખૂન કરી નાખ્યું. આથી આ બંને જણને પકડી પાડવા ચારે દિશાએ ઘોડેસ્વારોને દોડાવવામાં આવ્યાં. હવે મોડ અને મનાઇથી સિંધમાં રહી શકાય એમ ન હતું. એટલે એ બંને જણાએ નવલખી સિંધને છેલ્લા સલામ કરીને કચ્છ તરફ પ્રયાણ કર્યું.

કચ્છ–પાટગઢમાં એ વખતે વાઘમ ચાવડાનો અમલ હતો. વાઘમ ચાવડો મોડનો મામો થતો હતો. આ બંને જણ મામાને આશરે આવીને પાટગઢમાં રહેવા લાગ્યા. વાઘમ ચાવડો દેવીભક્ત હતો. એક વખત એ જયારે માતાની ભક્તિમાં મશગૂલ હતો ત્યારે એના આશ્રિત ભાણેજ મોડે એનું દગાથી ખૂન કરી નાખ્યું અને પાટગઢની ગાદી પર ચડી બેઠો. આ મોડ જામે કંથકોટનો કિલ્લો ચણવાનું કામ શરૂ કર્યું, પરંતુ આ કિલ્લો કોઇ ગેબી શકિતવડે, જેવો ચણાતો તેવો જ તૂટી પડતો હોવાથી, એ કિલ્લાનું કાર્ય અધૂરું રહ્યું અને મોડ મરણ પામ્યો. મોડ પછી એનો પુત્ર સાડ થયો. પિતાનું કાર્ય પરિપૂર્ણ કરવાની એના મનમાં મોટી અભિલાષા હતી. એણે સૌથી પહેલાં કંથકોટનો કિલ્લો ચણવા માંડ્યો, પરંતુ આ વખતે પણ એ જ રીતે કિલ્લો જેવો ચણાતો તેવો તૂટી પડતો.

કંથડનાથ નામે એક યોગી એ ડુંગર પર તપશ્ચર્યા કરી રહ્યો હતો. આ કિલ્લો એના ઇલ્મથી તૂટી પડે છે એવી વાત ચારે તરફ ફેલાઇ ગઇ હતી. આ યોગીને ભરમનાથ નામે એક ચેલો હતો.

જામ સાડે એક દિવસ એ ભસ્મનાથને બોલાવીને કિલ્લો ચણાવવાની પોતાની મુરાદ તેની પાસે વ્યક્ત કરી. આથી ભસ્મનાથે જામ સાડને કિલ્લો તૈયાર કરાવવાની એક ઉત્તમ યુક્તિ બતાવી દીધી.

ભસ્મનાથની સૂચના અનુસાર જામ સાડે સાત ઊંચી કિસમના પોપટ પાળીને તેમને પઢાવવા માંડ્યા. તમામ પોપટ તૈયાર થઈ જતાં જામ સાડ યોગી કંથડનાથની ગુફા પાસે આવ્યો. તરત જ એક પોપટ બોલી ઊઠ્યોઃ

" દાદા કંથડ ! આદેશ ! "

તપમાં ખલેલ પાડતો અવાજ કાને આવતાં યોગીએ ક્રોધથી પ્રશ્ન કર્યો " કઓન ? "

" જામ સાડ. " પઢાવેલા પોપટે પ્રત્યુત્તર આપ્યો.

" સાડ ! ભસ્મ હો જા ! " ગુફામાંથી યોગીનો ક્રોધાયમાન અવાજ આવ્યો.

તે જ ક્ષણે પેલો પોપટ બળીને ભસ્મીભૂત થઇ ગયો.

તરત જ બીજા પોપટે પોકાર કર્યો:

" દાદા કંથડ ! આદેશ ! "

" કઓન ? " ફરીથી યોગીએ પૂછ્યું.

" જામ સાડ. " પોપટે જવાબ દીધો.

" સાડીઆ ! ભસ્મ હો જા ! " યોગીના આગ–ઝરતા અવાજે ગુફાને જાણે કંપાવી મૂકી.

બીજો પોપટ પણ રાખનો ઢગલો બની ઢળી પડયો.

આમ એક પછી એક આ સાતે નિર્દોષ પંખીડાં બળીને ભસ્મ થઈ ગયાં.

આઠમી વખત જામ સાડ પોતે આગળ આવ્યો. તેને ધાસ્તી હતી કે યોગીના મ્હોંમાંથી શબ્દ છૂટતાં રખે તેની પણ એ જ દશા થાય, છતાં સઘળી હિંમત એકઠી કરીને તેણે ગુફાના દ્વાર પાસે પોકાર કર્યો:—“ દાદા કંથડ ! આદેશ ! ”

“ કહોન ? ” યોગીએ ક્રોધથી ખરખરા બનેલા અવાજે પોકાર કર્યો.

સાડના હૃદયના ધબકારા વધવા લાગ્યા. ખૂદ કાળ તેની પાસે આવી ઊભો હોય એવો એને ભાસ થયો. તેની જીભ જાણે તાળવે ચોંટી ગઈ.

કંથડ દાદાનો ચેલો ભસ્મનાથ જે આ ઘટના શાન્તિપૂર્વક નિહાળી રહ્યો હતો તે હવે આગળ આવ્યો અને બે હાથ જોડીને યોગીને દયા માટે વિનવવા લાગ્યો.

યોગીને હવે ભાન આવ્યું. સાત સાત વચનો નિષ્ફળ ગએલાં જોઈને તેને અત્યંત નવાઈ લાગી. આમ કેમ બનવા પામ્યું ? તેનું કંઈ પણ કારણ તે કળી શકયો નહિ, પરંતુ ભસ્મનાથની ક્ષમા-પ્રાર્થનાથી તેનો ગુસ્સો જરા શાન્ત થયો અને તેણે જામ સાડને બોલાવવાની આજ્ઞા કરી.

જામ સાડ અંદર આવતાં જ યોગીનાં ચરણોમાં આળોટી પડ્યો. એની ખરા અંતરની નમ્રતા જોઈને યોગીએ તેને તેની હૃદયેચ્છા વ્યક્ત કરવાની આજ્ઞા કરી.

જામ સાડને તો કિલ્લો ચણાવવાની એક જ ઉમેદ હતી અને તે તેણે અતિ દીનતાથી યોગી પાસે વ્યક્ત કરી.

કિલ્લો બંધાવવાની જામ સાડની અતિ ઉત્કટ ઇચ્છા જાણીને યોગીએ તેને તેમ કરવાની પરવાનગી આપી.

યોગીની આજ્ઞા મળતાં જામ સાડનું હૈયું હર્ષાવેશથી નાચી ઊઠ્યું. તરત જ તેણે કિલ્લો ચણાવવાનું કાર્ય ચાલુ કરી દીધું. કિલ્લાનું નામ કંથડ દાદાના નામ સ્મરણ માટે 'કંથકોટ' રાખવામાં આવ્યું. અને કિલ્લાની ખડકી(બારી)નું નામ 'સાડ ખડકી' રાખવામાં આવ્યું, જે અદ્યાપિ મોજુદ છે.

( ૪ )

કંથકોટ એ એક વખતે અતિ નામાંકિત શહેર હતું. કંથકોટના કિલ્લાની પ્રખ્યાતિ ચારે બાજુ ફેલાયલી હતી. કંથકોટનો ડુંગર ત્રણ માઇલના ઘેરાવામાં આવેલો છે. આઠમા સૈકામાં અહીં કાઠીઓની રાજધાની હતી, અને ત્યારબાદ આ પ્રદેશ ચાવડા રજપૂતોના હાથમાં આવ્યો. એ જ કંથકોટના કિલ્લામાં કલ્યાણ કેતાહના ભયથી નાસી આવેલા અણહીલવાડના મૂળરાજ સોલંકીએ આશરો લીધો હતો. એ જ કંથકોટ પર ગુજરાતના રાજનગર અમદાવાદના બાદશાહ મુજપરશાહે ઘેરો ઘાલ્યો હતો, અને એ જ કંથકોટના કિલ્લા પર છેલ્લે છેલ્લે બ્રિટિશ સૈન્યે પણ તોપો માંડી દીધી હતી. કંથકોટમાં બેવડા મંડપનું શ્રી મહાવીરસ્વામીનું એક જીર્ણ દેવાલય છે. પ્રવેશગૃહના એક સ્તંભ પરના સંવત્ ૧૩૪૦ ના લેખથી જણાય છે કે આ મંદિર જગડુશાહના વંશના આત્મદેવનાથના પુત્રો લખા અને સોહીએ બંધાવેલ છે.

જગડુશાહના પિતા સોળશાહ કંથકોટથી ભદ્રેસર આવીને વસ્યા. ભદ્રેસરમાં ખાસ કરીને જગડુશાહે સમરાવેલાં વસહીનાં દહેરાં

અતિ પ્રખ્યાત છે. એ દહેરાંનો નીચેનો ભાગ જૂનામાં જૂનો ગણાય છે. ત્યારબાદ મંદિરનો ભાગ અને તે પછી આગળનો ભાગ તૈયાર થએલ જણાય છે. આ દેવળો આબુ પર્વત પરનાં દેલવાડાનાં દહેરાંની ઢબ પર બાંધવામાં આવેલ છે. ૪૮ ફીટ પહોળા અને ૮૫ ફીટ લાંબા એક વિસ્તીર્ણ ચોકના પાછળના ભાગમાં આ દહેરાંઓ આવેલ છે. એને ફરતી ૪૪ દહેરાઓની હાર આવેલી છે. આગળના ભાગમાં એક વિશાળ સ્તંભ-મંડિત ચાલ છે. તેની સાથે જોડાએલો એક મંડપ અને ત્રણ છૂટા ઘુમટ છે. પરશાળ પર એક બીજો મોટો મંડપ છે. મંદિરમાં ત્રણ સફેદ આરસની પ્રતિમાઓ છે. વચલી પ્રતિમા બીજા તીર્થંકર શ્રી અજિતનાથસ્વામીની છે. જમણી બાજુ શેષફણા શ્રી પાર્શ્વનાથની પ્રતિમા છે અને ડાબી બાજુ સોળમા તીર્થંકર શ્રી શાન્તિનાથની મૂર્તિ છે.

વસહીનાં દહેરાં જગડુશાહથી પણ ઘણો સમય પહેલાંનાં છે, પરંતુ જગડુશાહે તેમાં ખૂબખૂબ સુધારોવધારો ( જીર્ણોદ્ધાર ) કરાવીને એ દહેરાંઓનું આખું સ્વરૂપ જ પલટાવી દીધું એમ કહીએ તો ચાલે. આ દહેરાંનો મોટો ભાગ જગડુશાહે બંધાવેલ છે.

સંવત્ ૧૩૧૫ ની સાલના વિકાળ દુષ્કાળ વખતે જગડુશાહે તમામ માનવ જનતાની અપૂર્વ સેવા બજાવેલી હોવાથી ભદ્રેસર તેને બક્ષીસમાં આપવામાં આવ્યું હતું, પરંતુ તે નિઃસંતાન મરણ પામતાં ભદ્રેસર નવગણ વાઘેલાના હાથમાં ગયું. સત્તરમી સદીના અંતમાં એ શહેર મુસલમાનોએ લૂંટયું ત્યારે વસહીનાં દહેરાંની ઘણી પ્રતિમાઓનો નાશ કરવામાં આવ્યો. ત્યારબાદ ધાડ અને લૂંટનો એટલો તો ભય પેસી ગયો કે એ દહેરાંના નૈઋત્ય ખૂણામાં એક ખાસ ભોંયરું તૈયાર કરવામાં આવ્યું. લૂંટ કે ધાડના પ્રસંગે બધી મૂર્તિઓ

એ ભોંયરામાં મૂકી દેવામાં આવતી અને ઉપર રેતી ઢાંકી દેવામાં આવતી. આ ભોંયરા માટે કચ્છમાં એવી દંતકથા પ્રચલિત છે કે એમાં થઇને જામનગર જઇ શકાતું, પરંતુ એ વાત શકય જણાતી નથી. ભોંયરાનું ખરું કારણ ઉપર જણાવવામાં આવ્યું તે છે.

વચ્ચેના સમયમાં ભદ્રેસર ઉપર મુસલમાની સત્તા ખૂબ જોરમાં આવેલી જણાય છે, અને તેની સાક્ષીરૂપ આજ પણ વસહીનાં દહેરાંથી થોડે દૂર બે મસ્જિદોનાં પુરાતન અવશેષ દૃષ્ટિગોચર થાય છે. આ બંને મસ્જિદો જંગી શિલાઓવડે બાંધેલી છે. એક મસ્જિદ સોળ સ્તંભી છે. એનો ઘણોખરો ભાગ જમીનની અંદર દટાઇ ગએલો છે. બીજી મસ્જિદના સ્તંભો જૈન દહેરાંનાં સ્તંભને મળતા આવતા હોવાથી પણ કહેવાય છે કે એ જગડુશાહે બંધાવેલી 'ખીમલી' મસ્જિદ છે. એકંદરે મસ્જિદોની કારીગીરી પણ પ્રેક્ષકોને બે ઘડી વિચાર કરતાં કરી મૂકે એવી ભવ્ય અને અદ્‌ભુત છે.

જગડુશાહ જાતે શ્રીમાળી વણિક હતો. શ્રીમાળીઓ મૂળ મારવાડનું ભિન્માલ ગામ જે હાલ શ્રીમાલના નામે ઓળખાય છે ત્યાંના રહેવાસી હતા. ત્યાંના રાજાએ એવો કાયદો કર્યો હતો કે લક્ષાધિપતિ સિવાય કોઇને પણ પોતાના રાજમાં રહેવા દેવો નહિ. ત્યાંના રૂઆડ નામના એક શ્રીમાળી વણિકને સાડ નામે એક ભાઇ હતો. તે લક્ષાધિપતિ ન હોવાથી તેને ગામ બહાર ચાલ્યા જવાની આજ્ઞા કરવામાં આવી. એથી આ માણસે પોતાના ભાઇ પાસે અમુક રકમની માગણી કરી, પરંતુ તેના ભાઇએ તેને કંઇ પણ રકમ આપવાની ના પાડવાથી તેનાથી ગામમાં રહી શકાય એમ ન હતું. આ કારણથી આ ચતુર વણિકે ખૂદ રાજાના કુમાર જયચંદને પોતાના પક્ષમાં લઇ લીધો અને બીજા કેટલાક માણસો

સાથે એમણે બધાએ ગામનો ત્યાગ કર્યો. જયચંદ એમનો રાજા બન્યો. આ જયચંદને જૈન ધર્મગુરુએ અહિંસાનો ઉપદેશ આપીને જૈનધર્મમાં આણ્યો, અને ત્યારથી આ લોકો 'શ્રીમાળી જૈન'ના નામે જાહેર થયા.

જગડુશાહ પાસે આટલો અઢળક પૈસો કયાંથી આવ્યો? તે વિષે અનેક પ્રકારની લોકકથાઓ પ્રચલિત છે. કોઇ કહે છે કે એને જમીનમાંથી અખૂટ ખજાનો હાથ ચડી ગયો. કોઇ કહે છે કે એના ખેતરમાં વાવવા માટેનું બીજ એણે સાધુઓને આપી દીધું અને બીને બદલે રેતી વાવીને ઘેર આવ્યો પરંતુ એ જ ખેતરમાં પાકેલાં જુવારનાં કણસલાંમાં મોતી પાકી પડયાં અને તેમાંથી એ આટલો ધનવાન બની ગયો. વળી કોઇ કહે છે કે એનો મુનીમ જયંતસિંહ હોર્મઝ ટાપુમાંથી એક મોટો પત્થર ખરીદી લાવેલો તેમાંથી અમૂલ્ય રત્નો નીકળી પડ્યાં. આવી આવી અનેક કથાઓ જગડુશાહના સંબંધમાં પ્રચલિત હોવાથી એમાંથી સત્ય તત્ત્વ શોધી કાઢવાનું કાર્ય અતિ મુશ્કેલ છે. ગમે તેમ હો, પરંતુ એ વાત તો નિર્વિવાદ છે કે એ અખૂટ સંપત્તિનો સ્વામી હતો. આટલી બધી દોલતનો કઇ રીતે ઉપયોગ કરવો તેનો વિચાર કરવામાં એ મુંઝાઇ ગયો હતો. કોઈ ખરેખરા પરોપકારી માર્ગે પોતાની દોલત ખરચાય એવો ઇલાજ બતાવવા તે હમેશાં પોતાના ધર્મગુરુઓ પાસે વિનવણી કરતો.

પરમદેવસૂરિ નામના એક જૈન ધર્મગુરુ એ વખતે મહાવિદ્વાન હતા. એમના જોવામાં આવ્યું કે સંવત ૧૩૧૩, ૧૩૧૪ અને ૧૩૧૫ એ ત્રણે વર્ષ ભયંકર દુષ્કાળ પડવાના છે. આ વાત એણે જગડુશાહના કાન પર મૂકી. જગડુશાહે તે દિવસથી જ અનાજનો સંગ્રહ કરવા માંડયો અને આખા દેશમાં ઠેકાણે ઠેકાણે

અનાજના અતલ ભંડારો ભરી દીધા. બરાબર તેરસેં તેરની સાલથી દુષ્કાળોની પરંપરા શરૂ થઇ અને 'પનરોતેરા' દુષ્કાળે તો સૌ પર કળશ ચઢાવ્યો. ઘાસ અને અનાજ જગતના પટ પરથી જાણે અદ્દશ્ય થયાં. આવી ભયાનક વિપત્તિના સમયે જૈન મુકુટ–મણિ જગડુશાહે કાબુલ, કંદહાર, કાશી, સિંધ આદિ અનેક સ્થાનોના રાજા–મહારાજાઓ અને પાદશાહોને હજારો મૂડા ધાનનું દાન આપી અમર કીર્તિને પ્રાપ્ત કરી. આ અનુપમ કાર્યે જગડુશાહને જગત-દાતારનું ઉપનામ આપીને જગવિખ્યાત બનાવી દીધો.

( ૫ )

આ સમયે પારકર પ્રદેશમાં રાજા પીઠદેવનો અમલ ચાલતો હતો. પીઠદેવ એક પરાક્રમી રાજા હોવા છતાં એના અંતરમાં ઇર્ષાનો અંશ વિશેષ પ્રમાણમાં હતો. ભદ્રાવતી નગરીની ભદ્રભૂમિના પ્રતાપી પુરુષ જગડુશાહની દિનપ્રતિદિન વિશ્વભરમાં વિસ્તરતી જતી ઝળકતી કીર્તિથી એના અંતરમાં એકાએક અદેખાઇની જ્વાલા જાગી ઊઠી. જગડુશાહની ઉજ્જવળ કીર્તિને કલંકિત કરવાના ઇરાદાથી તે પોતાના મોટા લશ્કર સાથે ભદ્રાવતી નગરી પર ચડી આવ્યો, અને રાજા ભીમદેવે બંધાવેલા ભદ્રાવતીના મજબૂત કિલ્લા પર તોપોનો મારો ચલાવીને તેને તોડી નાખ્યો.

શાન્તિના અવતાર સમા જગડુશાહે ફરીથી આ સ્થળે કિલ્લો ચણાવવા માંડયો. આ વર્તમાન સાંભળીને પીઠદેવ ફરીથી ચડી આવ્યો અને જગડુશાહને સંદેશો મોકલાવ્યો કે "જો ગધેડાના મસ્તક પર શીંગડા ઊગી શકે તો જ તમે ભદ્રાવતીને ફરતો કિલ્લો ચણાવી શકશો."

પીઠદેવના આવા અભિમાની શબ્દોથી જગડુશાહ જેવા શાન્ત પુરુષનું રક્ત પણ ઉકળી ઊઠયું. પીઠદેવનું અભિમાન ભાંગવાની તેની અભિલાષા દિનપ્રતિદિન ઉગ્ર બનતી ગઇ. વિના કારણે પોતાની નગરી પર ચડી આવેલા, સત્તાના ગુમાનમાં ઘેલા બનેલા પીઠદેવની સાન ઠેકાણે લાવવાની તેને અનિવાર્ય આવશ્યકતા લાગી. આ દાનવીરને હવે કોઈ પ્રકારે રણવીર બન્યા વગર છૂટકો ન હતો. વિચાર કરતાં છેવટે તેને એક ઇલાજ સૂઝયો.

આ વખતે અણહીલવાડ પાટણ ઉપર રાજા લવણપ્રસાદની આણ વર્તતી હતી. લવણપ્રસાદ મહાપ્રતાપી હતો. એનું સૈન્ય અનંત હતું. ગુજરાત–સૌરાષ્ટ્રમાં એના નામનો ડંકો વાગતો. આ લવણપ્રસાદ જગડુશાહનો ખાસ મિત્ર થતો હતો. આથી જગડુશાહ એકદમ એની પાસે પહોંચી ગયો અને લવણપ્રસાદના વિશાળ સૈન્ય સાથે ફરી ભદ્રાવતી આવી પીઠદેવ સાથે યુદ્ધ કરી તેને હરાવીને પાછો હાંકી કાઢ્યો.

આ ફતેહ પછી જગડુશાહે ભદ્રાવતી નગરીને ફરતો મજબૂત કિલ્લો બંધાવી લીધો અને પીઠદેવના સંદેશાને સત્યાર્થ કરવા કિલ્લાના એક ખૂણામાં ખાસ શીંગડાવાળો ગધેડો ખડો કરવામાં આવ્યો એટલું જ નહિ પરંતુ આના ખબર પારકરપતિ પીઠદેવને પણ પહોંચાડવામાં આવ્યા. પણ પીઠદેવ હવે જગડુશાહ જેવા જશનામી યોદ્ધા સાથે બાથ ભીડવા તૈયાર થાય તેમ ન હતું.

જગડુશાહનો કીર્તિકોટ આજે સારા ભારતવર્ષની ભૂમિ પર અડગ અને અટંક ઊભો છે. એની યશ–ગાથાનું એક કચ્છી કાવ્ય આ સ્થળે આપવું ઉચિત હોવાથી અત્રે રજૂ કરવામાં આવે છે.

## કચ્છી સંગર

કચ્છ મુલક કોડામણું, કોડેં કેં કિરતાર,
નીલી નાગરવેલ કર, ભદ્રા નગરી ન્યાર,
અનેં-ધનેં-સુખ-સંપતેં, અમરાવતી આચાર,
જૈન કુટુંબી જોડલો, દેવાંસી અવતાર,
સોલ* ધરેં સણગાર,
જગડુ જનમ્યો જગતમેં......... ૧

જગડુ જનમ્યો જગતમેં, પૃથ્વી પાલણુહાર,
પુલડેંજા મીંયડા વઠા, સ્વર્ગ મથાનું સાર,
કચ્છ જો કીર્તિ-થંભ થ્યો, જગડુ જસ-ભંડાર,
સીલવતી ને સદ્‌ગુણી, જસોમતી ઘર-નાર,
દાતારી અવતાર,
કરમી જાગ્યો કચ્છમેં......... ૨

કરમી જાગ્યો કચ્છમેં, ગુણિયલ ગરીબ-નવાજ,
સુરજ શ્રાવક કોમ જો, શ્રીમાળી-શિરતાજ,
ધર્માત્મા ધિલમેં રખેં, દયા-ધરમ ને દાઝ,
વડા વણજ વેપાર ને, સરસા કરે સુકાજ,
જંગી જેંજા જહાજ,
ધોડેંતા ધરીઆ મથે......... ૩

ધોડેંતા ધરીઆ મથે, ખણી અચેં ખાણું,
વ્યા તે વાણુ પરાનમેં, થાપ્યાં ઉત થાણું,

*જગડુશાહના પિતાનું નામ.

મુનીમ ઇનજો મોં-કઢો, એટે અવટાણું,
ખંત કરે આયો ખણી, ઇરાનજો પાણું,
ખુટે ન ઊ ખાણું,
પાણે મેં પધર્યું થઇયું........ ૪

પાણે મેં પધરા થેઆ, ભલા રતન-ભંડાર,
હીરા-માણુક-મોતીડા, અમૂલ અપરંપાર,
આગરીઆ ઉધડી વેઆ, નસીબજા નિરધાર,
દોલત જે દરીઆ મથે, ઉથલ્યા સાગર સાર,
જગડુ જગ-દાતાર
પધરો થ્યો પૃથ્વી મથે......... ૫

પધરો થ્યો પૃથ્વી મથે, જગડુશા દાતાર,
પૂરણ પ્રવીણ પરમદેવ-સૂરિ બોલેઆ સાર,
" અચેંતા ત્રે ઓચંધા, કારા કાર-દુકાર,
'તેરો સો પનરોતરો,' ઑખો આય અપાર
જગડુ ઝટ સંભાર,
દેશ કેક વેંધા ડુલી......... ૬

દેશ કેક વેંધા ડુલી, મૂર ન વસંધા મીં;
જગડુ ઝટપટ જાગ તું, સુતો એયેં કીં સીં ?
મંગણ નિકરંધા મહીપતી, ઇ અચીંધા ડીં,
સાથ ન હલંધી સિર મથે, કમાઇ હેડી કી.
કમર કસે કરમી,
કાયમ કર તું કચ્છકે......... ૭

કચ્છડો પણ કાયમ થીએ, એડો કર ઓજાર,
મુલક-મુલકમેં ભર ભલા, અન-ધનજા ભંડાર,

ઈ અનગળ ધનજા ધણી, ભવજા ભાર ઉતાર,
ખુડંધલ બેડી દેશજી, કર તારે ને પાર, ”
તપસી કેં તૈયાર,
આગમ ભાંખે ઈલમસેં........ ૮

આગમ ભાંખે ઇલમસેં, ચોખા બોલ ચુટા,
તેરો સો તેરો વટા, કોરા ત્રાય ત્રુટા,
પનરે જે પડકાર સેં, જગજા જોર છુટા,
લગે લાય જીં લંભમેં, કણુ–કોઠાર ખુટા,
છટકી કો ન છુટા
ચકર ફિર્યોં ચોખૂંટમેં........ ૯

ચકર ફિર્યોં ચોખૂંટમેં, 'વેરે' દેસ ડુકાર,
જગ–ઓધારણુ જાગેઓ, જગડુશા દાતાર,
ખંત કરે ખોલે ડિનેં, અન–ધનજા અંબાર,
ધરીઆ છિલકયા ધાંઈજા, ચોગડધાર ચિકાર,
જામી રઇ જયકાર
જગડુજી કુલ જહાનમેં........ ૧૦

જગડુશાજી જહાનમેં, જામઇ જયજયકાર,
ધિલ્લી ઉજ્જન સિંધ બ્યા, કાશી ને કંધાર,
મુલક મુલકજા મહીપતી, જેંજા જાચણુહાર,
ધણે ડિનેં તે ધાંઈજા, મૂડા કૈક હજાર,
જગડુ જગદાતાર,
ધન જનની જણુનાર કે........ ૧૧

ધન જનની ને ધન પિતા, ધન ધન પચ્છમ પટ્ટ,
જોગી અલખ જગાંઇધો, આયો જગડુ વટ,

પનરોતેરો પિંઢઇ, જમણુ વિઠો ઝટપટ,
'ખ્યાં–ખ્યાં' કેંધો ખિસે નતો, ધ્રાપે નતો નિપટ,
ચખે કરે તો ચટ્ટ,
કેક કડાઇયા કોપસેં......... ૧૨

કક કડાઇયા કોપસેં, જડેં સહા કેં સેલ,
કોઠી મિંજ ફુકાર કે, ડિનેં જમણુજી જેલ,
મથે મંઢે તે ઘૃતજ્યું, નારૂં રેલમછેલ,
પુકાર કેં પનરે ડિસી, ખરાખરી જો ખેલ,
"જગડુ! જીરતો મેલ,
પનરોતેર પડું નહિ"......... ૧૩

પનરેજો જામીન થ્યો જગડુશા દાતાર,
કચ્છડેજી કીર્તિ મથે, કરસ ચડાવણુહાર,
સતિયા! તોજે સત્ત કે, કાયમ કેં કિરતાર,
કારાણી ચેં કચ્છ જો, સચો તુંજ સણુગાર,
જુગ જુગ જગ–દાતાર!
જીરો રોનેં જગડુ!.........* ૧૪

* લેખક રા. રા. દુલેરાય કરાણી.

# સોરઠનો સૂબો

## દોર

ગાયકવાડની દોમદોમ સાહ્યબીભરી સૂબાગીરીના દમામને વિત્યે હજી તો આંગળીને વેઢે ગણાય એટલાં વર્ષો ગયાં નહોતાં. પોલીટિકલ એજન્ટની પદવીની અને કાઠિયાવાડ એજન્સીની સ્થાપના થયે માંડ વીસ વરસ પણ ભાગ્યે જ થયાં હશે, ત્યારે અમરેલીમાં ગાયકવાડી વહિવટદાર મીર સાહેબ હતો. જૂની સૂબાગીરીની જીવન–મરણની સત્તાઓ હવે તો એમની પાસે રહી ન હતી. રાજા-રજવાડાં ઉપર વિનાશના વંટોળ સમી ફોજોની પગદંડીઓ ભૂસાઇ ગઇ હતી. હવે તો ગાયકવાડી ગામોને ઇજારે આપવાં અને ઇજારાની રકમ વસુલ કરવી તથા ગાયકવાડી હદમાં વહિવટદારી અખત્યારો ભોગાવવા એટલું જ એને ભાગ્યે સાંપડયું હતું. મીર સાહેબને એટલાથી ય સંતોષ હતો. લોકો એને “ અન્નદાતા ” કહે, ઇજારદારો એને “સૂબા સાહેબ” માને અને પ્રજા એને સલામ ભરે એટલાથી ય મીર સાહેબને સંતોષ હતો. અમરેલીના સૂબાની બધી ચિન્તા ‘ પરોપકાર અને જનદયા ’ના બ્હાના નીચે પોતાને માથે ઉપાડી બેઠેલ એજન્સીના ગોરા અમલદારને મીર સાહેબ તો દુવા જ દેતા હતા. એવા એ અલ્પસંતોષી અને કાવા–કસુંબામાં મશગૂલ વહિ-

વટદાર મીર સાહેબ ઉપર એક દિવસ આફતનું આસમાન ફાટી નીકળ્યું. આફતનો એ પયગામ એક દોડતા આવતા લાંબા અને અથાક પ્રવાસે ધૂળથી રંગાયેલા એક કાસદે સંવત્ ૧૯૦૨ ની સાલમાં એક દિવસે ભરકચેરીમાં આપ્યો.

"સૂબા સાહેબ! ભારી ભૂંડી થઇ!"

"કાં વળી શું થયું?" મીર સાહેબ કંટાળીને બોલ્યા. એના મનમાં એમ થયું કે એકાદ ખેડૂતે જમા આપવાની ના પાડતાં મુખી પટેલ વચ્ચે તરતોફાન થયું હશે.

"બાપુ!" કાસદે હાથ જોડી કહ્યું: "ઓખાનો વાઘા માણેક ગાયકવાડ સરકાર સામે બહારવટે ચડ્યો છે."

"શું કહ્યું?" મીર સાહેબ આંખો ફાડીને બોલ્યા.

"હા! સાથે રૂડો રબારી પણ ભળ્યો છે."

"કયો રૂડો? નવઘણવાળો?"

"હા બાપુ! કોણ જાણે ક્યારે ય બે જણ પોતાના ટોળાં સાથે નીકળ્યા હશે. એ બન્ને પડ્યા કોડીનાર ઉપર."

"શું બહારવટીયા કોડીનાર ઉપર પડ્યા? પછી?" બિચારા મીર સાહેબની સ્વસ્થતા ઊડી ગઇ. જરા જેટલી ય પ્રવૃત્તિના વિરોધીને આસપાસના મુલકમાં બારવટીયાને પકડવા રાતદિવસ ભટકવાનું આમ અચાનક આવી પડ્યું તે એને શે રૂચે?

"હવે એમાં તે શું મોટી વાત છે?" મીર સાહેબ મનમાં મુંઝાતા અને મોંએ દમ મારતા બોલ્યા. "ફોજ શણગારીને પછી ચડી જશું ને ઘડીવારમાં એ વાઘા અને રૂડાને ઝાલી આવશું."

"અરે બાપુ! હજી વાત તો સાંભળો! આ તો ખંડેરાવ સરકારને જાણ કરવી પડે એવી વાત છે."

"કેમ? સરકારને કાગળ લખશું. એમાં એવડી તે શી ઉતાવળ છે?"

"બાપુ!" કાસદે થરથરતાં થરથરતાં કહ્યું: "વાઘા માણેકે અને રૂડા રબારીએ તો કોડીનાર ભાંગ્યું છે ને ત્યાં વાઘેરની ગાદી સ્થાપી છે. વાઘો થયો છે ઠાકોર ને રૂડો રબારી થયો છે કામદાર. કોડીનારમાંથી એને એમ ને એમ નહિ હાંકી મેલાય. એ બેય પાસે માણસોનો કાંઈ પાર નથી. આખી કોડીનાર ઉભરાઇ હાલી છે."

મીર સાહેબ કાસદ સામે આંખો ફાડી મંત્રમુગ્ધ જેવો બની જોઇ રહ્યો. કાસદે વાત આગળ ચલાવતાં કહ્યું: "અને બાપુ! એક ટોપીવાળો સાહેબ પોરબંદર જાતો હતો તેના ઇ બેય જણાએ કટકા કરી નાંખ્યા. એનું અટપટું નામ તો યાદ ન રહે, પણ લોકો—લોકો—કે કાંઇક એવું જ નામ હતું."

મીર સાહેબ તો આ આખો પયગામ સાંભળી ખૂબ જ અસ્વસ્થ બની ગયા. છ વરસ પહેલાં બાવા વાળાએ ગીરના જંગલમાં કેપ્ટન ગ્રાંટ નામના એક ગોરા અમલદારને પકડેલો, એમાં જૂનાગઢ રાજ્ય માથે એજન્સીએ કેટલા વાનાં કર્યાં હતાં તે તે જાણતો હતો. ગાયકવાડ સરકારને આ પયગામ પહોંચાડવા ઉપરાંત તેણે પોતે પણ તાત્કાલિક પગલાં ભરવાં જોઈએ એમ એને લાગ્યું. એણે રાજ-કાજમાં પોતાને વારંવાર સલાહ આપતા ગાયકવાડી ગામના ઇજા-રદાર જેઠા કુરાવાળા માવજી મહેતા તરફ નજર નાંખી.

× × × ×

અમરેલીમાં જેઠા કુરાવાળાની ધીકતી પેઢી ચાલતી. એમની મુખ્ય પેઢી ચીતળમાં રહેતી. તેઓ દરવર્ષે ગાયકવાડી ગામોના ઇજારા પણ રાખતા. આમ એમને ત્યાં બધો રજવાડી દમામ હતો.

વર-વછીયાતનો અવરજવર એટલો હતો કે તેમને ત્યાં દરરોજ દસ પંદર મણુ દૂધનો વપરાશ રહેતો.

જેઠા કુરા વાળાને ત્યાં એમનો ભાણેજ માવજી રહેતો. માવજી મૂળ જુનાગઢ તાબે મજેવડી પાસેના ગામડાનો રહેવાસી હતો, પણુ નાનપણુમાં તેના માબાપ ગુજરી જવાથી મોસાળમાં તેડી લાવેલા. માવજી નાનપણુમાં મામાના હાથ નીચે તાલીમ લઈ તૈયાર થએલો. ઇજારે રાખેલાં ગામો તપાસવા અંધારામાં ઘોડે ચડીને ઉપડી જાય. નાનપણુમાં જુનાગઢનો લડાયક ઇતિહાસ ખૂબ સાંભળેલો. પોતાની જન્મભૂમિ પાસે જન્મેલી રાણુકદેવી અને રા'ખેંગાર વિગેરેની વાતો સાંભળીને તેમાંથી શુરાતન-ટેકના પાઠ શીખેલો અને એક વખત તેના મામાની હુંફમાં ગાયકવાડી ગામોની ઇજારદારી તથા થાણુદારી પણું કરી ચૂકેલો. કાઠિયાવાડની ઉઘરાતની જ્યારે સરકારે ઇજારદારી લીધી અને એજન્સીના થાણા નાખ્યાં ત્યારે એ ઉછરતો યુવાન પોલીટિકલના પડખાં સેવીને પાવરધો થએલો. એ માવજી મહેતો આજે દરબારમાં બેઠેલો. કાસદ અને મીરખાં વચ્ચેની વાત સાંભળી તેને લાગ્યું કે ખાંડાના ખેલ ખેલવાની જે અણુમોલ તકની આજ દસ દસ વર્ષથી રાહ જોતો હતો તે કેમ જવા દેવાય? તુર્ત તે મીરખાંનની પાસે આવ્યો અને જણાવ્યું કે "વહિવટદાર સાહેબ મને રજા આપો તો હું એ બહારવટીયાને પકડી લાવું."

મીર સાહેબ માવજી મહેતાને ઓળખતા હતા. જુવાન લોહી, જેઠા કુરાનો ભાણેજ અને ગોરા સાહેબોની સાથે રહેલો માવજી તેની મેળે જ માંગણી કરે તે મીર સાહેબને ગોળપે ગળી લાગી. એને એકદમ કોડીનાર તરફ રવાના કરી દેવાય તો પોતે ગાયકવાડ સરકાર અને એજન્સી બન્નેને જવાબ આપી શકે. ખબર મળતાંની માથે વહાર મોકલી ગણાય અને પોતે વડોદરાથી સૂચ-

નાઓ આવ્યા મુજબ કરી શકે. મીર સાહેબે કહ્યું:-" ભલે માવજી મહેતા ! તમારા મામા હા પાડે તો તમને જોઇતી સાજ–સામગ્રીનો બંદોબસ્ત થઇ જશે. ત્યાં જ બેઠેલા જેઠા શેઠ તરફ માવજીએ નમ્ર દૃષ્ટિ કરી. ભાણેજના કોડથી વાકેફ મામાએ રજા આપી. મીર-સાહેબે અમરેલીમાં પડેલી ગાયકવાડી ફોજના મુખી જીવા સંધીને બોલાવ્યો, અને તેને ને માવજી મહેતાને રાતોરાત કોડીનાર તરફ વિદાય કરી દીધા. ને મહારાજ સરકારને ખબર આપવા વડોદરે કાસદને પણ રવાના કરી દીધો.

ગાયકવાડી અમલમાં જે નામીચા જમાદારોએ પેટને માટે જંગ ખેલી ગાયકવાડી અમલ બેસાર્યો હતો તેમાં જીવો સંધી પણ એક હતો. હાડમાર થએલો, પરેશાન થએલો એ સંધી થોડા વખત પહેલાં રખડતો રખડતો અમરેલી ભેગો થઇ ગાયકવાડની ફોજમાં ચાકરી બાંધી રહ્યો હતો, અને ધીમે ધીમે જમાદારી મેળવી ને અત્યારે અમરેલીમાં એક આગેવાન લડવૈયો લેખાતો હતો. એ જીવા જમાદારને સાથે જવાને મીર સાહેબે સૂચના કરતાં તેની ટુકડી સાથે તે અને કોડીનારની વારે જતા માવજી મહેતા, ગાયકવાડી મુલકગીરી ફોજના શિરસ્તા મુજબ રવાના થયા.

કોડીનારમાં તો વાઘા વાઘેર અને રૂડા રબારીનો ધમધમતો અમલ જામી પડ્યો હતો. ગાયકવાડી નોકરો કયારનાયે જીવ લઇને દૂર દૂર ભાગતા ફરતા હતા. બારવટીયાના હાથે હણાયેલા કપ્તાન લોકોના હાડ હજી તો કોડીનારના સીમાડે રખડતાં હતાં. કોડીનારમાં રૂડા રબારીયે આગ, લૂંટ ને લોહીના ખાંડાખેલ માંડયા હતા.

ત્યાં તો ગાયકવાડની વહાર લઇને જીવો સંધી ને માવજી મહેતા આવી પહોંચ્યા, પણ રૂડો રબારી કે વાઘો માણેક એમ મચક આપે એમ ન હતા.

ગાયકવાડની વધુ વ્હારની જીવા સંધી અને માવજી મહેતાએ લાંબી લાંબી નજર ફેંકી રાહ જોઇ, પણ અમરેલીને માર્ગેથી તો કોઇ સીપાઇ સપરુંયે ફરકયું નહિં.

જીવો સંધી ને માવજી મહેતા કોડીનારને સીમાડે ખોટી થતાં વાતો કરતા હતા. "હવે તો મહેતા!" જીવા સંધીએ કપાળે હાથ મૂકીને કહ્યું "તરવારું ગઇ ને કલમું આવીયું. ગાયકવાડી મુલકગીરીનાં તેજ આથમી ગયાં, ને ટોપીવાળાના તુમાર આવ્યા. હવે તો માણસ પણ માણસ મટીને પશુ બની ગયું. નહિતર આ માળું નવઘણીયાતું રબારું આપણી સામે ઝીક ઝીલી શકે ખરું?"

"સંધી!" માવજી મહેતો બોલ્યો. "યુગયુગના હથિઆર જુદાં હોય છે. હવે તરવારના યુગ આથમ્યા ને કલમના યુગ બેઠા. પહેલાં તો તરવારે ય માણસનાં મોત ન થાતાં; હવે તો કલમું યે માણસ તો શું પણ રાજનાં યે ધનોતપનોત કાઢવાં હોય તો ય નીકળશે."

"ઠીક! ભા! ઠીક! સમા સમાના વાયરા છે. સરકારની વહાર તો આવી નહિ. હવે આપણે કરવું શું?"

"તમે જો રજા દ્યો તો કલમનો કારસો બતાવું!"

"ઇ કલમે રબારું માનશે ખરું?"

"અરે બીજું ન થાય. હું મારગ બતાવું એમ કરો તો હમણાં રબારું સીધું દોર."

"તો પછી! ધરમના કામમાં ઢીલ શું? અમે તો તરત બુદ્ધિના સંધી ભાયડા. લાંબી લેખણુ ને લાંબી કસની વાતું તમને સોંપી."

"તો એક કામ કરો. કોઠીનારને પાદર ઓલ્યા ગોરાનાં હાડ પડયાં છે. સાંભળ્યું છે કે સડે છે. એને જુનાગઢની હદમાં મેલાવી

દ્યો. ડોલાસા ગામ જુનાગઢનું છે. ધાંટવડ પણ જુનાગઢનું. એની હદમાં ક્યાંક મુકાવી દ્યો. પછી હું છું ને મારી કલમ છે."

"તમે કહો છો એમાં મને સૂઝ નથી પડતી, પણ બે બાકરખંધા સંધીઓને રાતે ભળાવી દઉં તે સવારે કામ કરીને પાછા આવે. પછી કાંઇ ?"

બે ત્રણ સંધીઓએ આ કામ પાર પાડવાને કેડ બાંધી ને રાતો રાત સરકી ગયા. સંધીની જાત મૂળે રણવગડામાં ઘુમનારી. પગલાં પડે એ એના જાતના યે કાને ન સાંભળે એવી રીતે આખણુમાંથી મોત્રાળાની માફક બે જવાનડા સરકી ગયા ને વળતે દિવસ સવારે પાછા યે આવી ગયા. રાતોરાત કપ્તાન લોકોના શબને ગાયકવાડી હદમાંથી ખસેડી જુનાગઢની હદમાં ડોલાસા ને ધાંટવડ વચ્ચે મૂકી આવ્યા.

માવજી મહેતાએ હવે લેખણ છોલીને સારો જોઇ કાગળ લીધો. ને એની માથે મોતીના દાણા જેવા દસ્કત પાડ્યા. માંહી લખ્યું કે "વાઘો માણેક ને રૂડો રબારી નામે બે ધાડપાડુઓએ જુનાગઢની હદમાં કપ્તાન લોકો નામના એક સાહેબનું ખૂન કર્યું છે. અને પછી જુનાગઢ રાજ્યની ખફગીમાંથી બચવા કોડીનારમાં ભરાયા છે, માટે તમારા ચોરને પકડવાને અમને જરૂરી મદદ મોકલી આપો."

લીફાફો જુનાગઢ પહોંચ્યો ને મહેતાના કાગળે નવાબની ઊંઘ ઉરાડી મૂકી. છ વરસ પહેલાં બાવાવાળા નામના એક બહારવટીયાએ ગીરના જંગલમાં કેપ્ટન ગ્રાંટ નામના ગોરા સાહેબને જીવતો ઝાલ્યો હતો, તેમાં તો નવાબી રાજ શેષનાગ સળવળે ને ધરતી ધ્રૂજે એમ ડોલી ઉઠયું હતું. આ તો એક ગોરાનો જાન ગયો.

નવાબની ભયભીત આંખો સમક્ષ ગુસ્સે થયેલા ને જુનાગઢની નવાબીને આખી ને આખી પાતાળમાં ચાંપી દેતા બડા લાટની મૂર્તિ તરવરવા લાગી. નવાબની ભયથી ફાટતી હાકલે નવાબી સૈન્યે લડાયક કૂચના સાજ સજી લીધા અને નવાબી ફોજની બેરખ ઉપર બેરખ હાલી નીકળી. કોડીનાર ઉપર 'હબ બોલો સબ બોલો' પોકારતી આરબી શીબંદી જમૈયા ઉછાળતી ચડી ગઇ.

પવન સાથે હોડ ખેલતી ઘોડીના અસ્વારે માવજી મહેતાને નવાબી પેગામ દીધો કે "નવાબ સાહેબે તાબડતોબ તમારા હવાલામાં આરબી બેરખો રવાના કરી છે. પહોંચે ત્યારે સાંભળી લેજો. સરકારી ચોરને ઝાલવામાં જોઇએ તેટલી વહાર જરૂર પડયે મંગાવી લેજો."

એક તરફથી માવજી મહેતો અમરેલીથી ચઢેલ છે અને જુનાગઢથી પણ રણછોડજી, રૂઘનાથજી, સાલમીન, કલ્યાણ શેઠ જેવા લડાયક ખમીરના સરદારોની તાલીમ પામેલું આરબી સૈન્ય ચડી આવે છે એમ કોડીનાર વાવડ મળતાં જ લોંટા–જોટા કરીને વાઘો માણેક જીવ લઇને સાતપુડા તરફ ભાગ્યો; અને રૂડો રબારી બાકીના તેના માણસો સાથે ગીર તરફ નાસી છૂટયો. જીવા સંધીએ વાઘા માણેકની અને માવજી મહેતાએ રૂડા રબારીની પૂંઠ પકડી. વાઘો માણેક સાતપુડાના ડુંગરમાં થોડાંક માણસોને લૂંટનો માલ સાચવવા રાખી ત્યાંથી ઓખા તરફ નાઠો. જીવા સંધીએ વાઘાના સાગરીત લાલીયા વાઘેરને માર્યો અને લૂંટનો માલ હાથ કર્યો. આણીકોર ગીરના પહાડોની એક ખીણમાં રૂડો રબારી ભરાઇ બેઠો. ત્યાં માવજી મહેતાએ થાપો મારતાં માણસો નાસી છૂટયાં અને માવજી મહેતાના ભાલે રૂડો ઘવાઇને તમ્મર ખાઇને નીચે પડયો.

એટલે તેને બાંધીને અમરેલી લાવ્યા. જીવો સંધી પણ લૂંટના માલ સાથે આવી મળ્યો. વડોદરાના મહારાજ ફોજને તૈયાર કરીને અમરેલી તરફ રવાના કરવાની પેરવીઓ કરે છે ત્યાં તો અમરેલીથી વાવડ પણ આવી ગયા કે માવજી મહેતાએ અને જીવા જમાદારે કોડીનાર પાછું લીધું છે ને એક બહારવટીયાને જીવતો ઝાલી લૂંટનો માલ કબજે કર્યો છે.

મહારાજ ખંડેરાવ ગાયકવાડ આ સમાચાર સાંભળી બહુ ખુશી થયા. "બોલાવો એમને આંહી." મહારાજે હુકમ કર્યો. મહારાજના તેડયા બન્ને જણાં વડોદરા ગયા. ત્યાં શ્રીમંત સરકારે એમને યથાયોગ્ય આવકાર્યા.

વાઘો માણેક તો મલકમાં રખડવા માંડયો અને રૂડો રબારી ઝલાઇ ગયો હતો. તેને વડોદરે ફાંસી મળી. લાલીયો વાઘેર સાતપુડાની ધારમાં મરાયો. આમ વાઘેર ને રબારીનાં એ બહારવટાના ખેલ તો બધાય વિંખાઈ ગયા. પણ જુનાગઢના નવાબ માથે એક નવું બહારવટું ચડયું. 'વઢ, નહિતર વઢનારો દે' એ એજન્સીની શરૂઆતના કાળની પદ્ધતિ પ્રમાણે કપ્તાન લોકોના ખૂનની વાત કાગળે ચઢી. એનું શબ જુનાગઢની સરહદમાંથી મળ્યું હતું, એટલે જુનાગઢના નવાબ પાસે એજન્સીએ જવાબ માગ્યો. મરનાર ગોરાની વિધવા તરફથી મોટી રકમની નુકશાની મંગાઇ. જુનાગઢના જવાબને ઢીલ થતાં જવાબની તાકીદ થવા માંડી. તુમારોની આમતેમ આવ–જા થવા લાગી. આખરે નવાબ મુંઝાણા. અને મુંઝવણ સાથે છ વરસ પહેલાનાં ગ્રાંટ સાહેબના બનાવે ગભરામણ પણ ભેળવી. નવાબી કારભારનો આખરી જવાબ એ થયો કે "તજવીજ કરતાં એ સરહદ અમારી નથી એમ દેખાય છે તે સાહેબ બહાદુરને રોશન થાય."

વડોદરાના રેસીડેન્ટ કર્નલ વૉકરે નવાબનો આ જવાબ ગાયકવાડ

ઉપર મોકલી તેમનો એ બાબતમાં ખુલાસો માંગ્યો. જે દી'એ તુમાર આવ્યો તે દી' માવજી મેતા ત્યાં હતા. શ્રીમંતે દરબારમાં આ વાત કરીને કહ્યું કે "નકશો જોતાં ને સીમાડાનો મેળ કરતાં સરહદ તો નવાબી છે ને અત્યારે નવાબ કહે છે કે સરહદ અમારી નથી. આપણે રેસીડન્ટ મારફત એજન્સીવાળાને લખી દ્યો કે "તુમારે ચડતા પહેલાં વૉકર સાહેબે આંકેલા સીમાડાનો મેળ મેળવી જોવાથી સદરહુ સીમાડો તો જુનાગઢનો છે, તેમ જણાશે."

"શ્રીમંત સરકાર !' માવજી મહેતા હાથ જોડી ઊભા થઇ બોલ્યા.

"કેમ શું છે ?" શ્રીમંત સરકારે એમના સામું જોઈ પૂછ્યું.

"ગરીબપરવર ! જો એજન્સીવાળા છતી આંખે ન જોતા હોય તો આપણે કહી દ્યોને કે સીમાડો અમારો છે."

"આવી નકામી બલા શા માટે ગળે વળગાડવી જોઇએ ?"

માવજી મહેતાએ હાથ જોડી આગળ ચલાવ્યું: "બાપુ ! જુનાગઢનો નવાબ એજન્સીથી ડરી ગયો છે. કપ્તાન લોકોના ખૂનની જવાબદારી એનું રાજ્ય લેવા માગતું નથી. એટલે કપ્તાન લોકોનું શબ પડ્યું હતું એ સીમાડો એનો છે એમ નહિ કહે. આપણે જવાબ દઇએ કે ધાંટવડથી ડોલાસા સુધીનો સીમાડો અમારો છે તો ય જુનાગઢ અત્યારે કહેશે કે 'હા, એ સીમાડો તમારો સાચો, સોનામહોર જેવો !' હજુર આ પ્રમાણે સહેજમાં કુંદન જેવાં બે ગામ ઘર બેઠે મળે છે ત્યારે લોકો સાહેબની વિધવાને કદાચ થોડીઘણી નુકસાની આપી દેવી પડે તોયે ચાર ગાઉનો સીમાડો ને બે ગામ એ ભાવે મોંઘા નથી. બાકી એજન્સી બીજું કરી શું નાંખશે ? બહારવટીયા તો ભાગી છૂટ્યા. ને રૂડો રબારી તો ફાંસીએ ચડ્યો. બહુ બહુ તો લોકોની વિધવા માટે નુકશાની માગશે તે ભરી દેવી.

ને ધર બેઠચે આવતો સીમાડો કોડીનારના સીમાડા ભેગો ભેળવી દેવો."

શ્રીમંત સરકાર ક્ષણભર તો વિચારમાં પડયા. પછી ખંડેરાવ મહારાજ બોલ્યા. "માવજી મેતાની વાત તદ્દન ખોટી નથી. દિવાન સાહેબ! એજન્સીને એમ જ લખી નાખો કે ધાંટવડથી ડોલાસાનો સીમાડો અમારો છે, ને કપ્તાન લોકોનું જે ખૂન થયું છે તેની જવાબદારી અમે સ્વીકારીએ છીએ."

દરબાર બરખાસ્ત કરતાં ખંડેરાવે દિવાનને કહ્યું. અમરેલી, કોડીનાર, દામનગર વગેરે કાઠિયાવાડના પાંચ મહાલી વહીવટદારને અહીં તેડાવી બીજે ગોઠવો અને આ માવજી મહેતાને પંચમહાલનો વહીવટ સોંપો. આજે રૂક્કો લખીને સાંજે લાવજો એટલે સહી કરી દઇશ.

આમ માવજી મહેતો વડોદરેથી પંચમહાલના મહાલકારીનો વહીવટી દરજ્જો મેળવતા આવ્યા.

( ૨ )

અમરેલી પ્રગણામાં દેસાઇ કુટુંબ મોગલ બાદશાહીના કાળથી અમરેલી પંથકના ગામો ઇજારે રાખતું. ઓછી રકમે ઇજારો લ્યે, વહીવટદારોને સાચવે ને અઢળક ઉપજ ઘેર લઇ જાય. રાજદરબાર જેટલી તો ઘેર રિયાસત હતી.

માવજી મહેતાએ ખરચાળ ગણાતા કાઠિયાવાડની પંચમહાલીને વડોદરા સરકારનો કમાઉ દીકરો કરવાને કેડ ભીડી ત્યારે સવજી દેશાઇના હાથમાં ગાયકવાડના ઘણા ગામો ઇજારે હતાં. માવજી મહેતાએ અધિકાર મળતાં આડાઅવળા ખર્ચો ઘટાડી નાંખ્યા. મહાલના ગામોના નવા ઇજારાઓની રકમો ભારે કરવા માંડી. બની શકે ત્યાંથી તેણે ઇજારા પદ્ધતિ કાઢી સીધો રાજવહીવટ કર્યો.

માવજી મહેતાની આ પ્રવૃત્તિ સવજી દેસાઈને આપત્તિ સમાન હતી. સરકારી ઉપજ વધવા લાગી. માવજી મહેતાના નવા શરૂ થતા રાજવહીવટમાં તે ખેડુતોને સંઘરતા ને સાચવતા. પરિણામે દેશાઈની ઇજારે લીધેલી જમીન પડતર રહેવા માંડી. સવજી દેશાઈ એક દિવસ માવજીભાઈ પાસે ગયા. આડીઅવળી વાતો કરી સવજીભાઈએ પૂછયું:

"વહીવટદાર! પેટમાં દુઃખતું હોય તો બોલી નાખોને? અમને શીદ સંતાપો છો?"

માવજી મહેતો મનમાં બધું સમજતો હતો, પણ મોઢેથી આશ્ચર્ય બતાવતો મીઠાશથી બોલ્યો: "શું છે દેશાઈ! તમને કોણ સંતાપે છે?"

"મહેતા! હવે એ વાત માંડી વાળોને! વર્ષોથી ઇજારા લેતા આવ્યા છીએ તે બધું ય સમજીયે છીએ." સવજી દેશાઈ આકળા થઈને બોલ્યા.

માવજીભાઈએ જવાબ ન આપ્યો એટલે દેશાઈએ આગળ ચલાવ્યું. "સરકારની તીજોરીમાં ભરાશે એમાં તમારાં છોકરાં નહી ધંટી ચાટે હો! રાજ કોઈનું નથી થયું ને તમારું યે નહિ થાય. હજી અમારા જેવાનું રાખશો તો તમે કાંઈક પામશો. ઇજારાના જૂના આંકડા રહેવા દો ને તમે કહો એ બે ગામની આખી ઉપજ તમને મહેનતાણામાં માંડી આપું."

"શેનું મહેનતાણું દેશાઈ!" માવજી મહેતો દેખાઈ આવે એવા નિર્દોષભાવે બોલ્યા.

"આ-ઇજારાની રકમ..." દેશાઈ, માવજીભાઈની મનોદશા સમજી નહિ શકવાથી અસ્વસ્થ ઉતાવળથી બોલવા લાગ્યા.

"દેસાઈ!" માવજીભાઈએ દેશાઈ સામું જોઈને કહ્યું. "અમારે

એવું વગર પરસેવાનું મહેનતાણું પચે નહિ. શ્રીમંત સરકારનું લૂણ ખાઉં છું તે હક્ક કરવાનું મારું કામ છે. અને દેશાઇ ! આ તો રાજ મારા બાપનું છે એમ હું સમજું છું. રાજા એ રૈયતનો બાપ થાય. એનું એ તો મારા બાપનું, ત્યારે ધૂળ જેવા નાણા માટે મારા બાપની તીજોરી કેમ લૂંટાય ?"

દેશાઇ કુટુંબવાળા મૂળ બાદશાહી કાળથી જૂના ઈજારદાર, રાજકાજના કાવાદાવાના જૂના જોગી, એ સંસ્કારમાં ઘડાએલા દેશાઈએ બે સિદ્ધાન્તો બાંધ્યાં હતાં કે દરેક માણસને વેચાતો લેવો હોય તો લઈ શકાય. દરેક માણસને પેટ તો હોય જ—કોઇનું નાનું ને કોઇનું મોટું. અને પ્રમાણિકપણું એટલે કે ઓછી લાલચમાં ન લપટાવું તે. બાદશાહી કાળના ને બીજા વહીવટદારો એના પહેલા ખોળાના દીકરા થઇને રહેલા. એનાથી માવજી મહેતાની વાત ન સમજાઇ. તે બોલ્યો " મહેતા ! ગાયકવાડે તો આજ રાખ્યા ને કાલ કાઢી મૂકશે, માટે ઘર ભરાતું હોય તો ભરી લ્યોને. બે ગામને બદલે ત્રણ ગામની ઊભી ઉપજ તમારી; પછી છે કાંઇ ? મારા જેવી ચોખ્ખી વાત કહેનાર કોઇ નહિ મળે."

" દેશાઈ જી તલમાં તેલ નથી હો ! મારા જેવો ના પાડનાર પણ તમને બીજો કોઇ નહિ મળ્યો હોય. હવે એ વાત મૂકી દઇ આપણા કામકાજની જ વાત કરોને !"

સવજી દેશાઈની ઉપજ ખૂબ ઘટી ગઇ. મહેતાએ ઇજારાની રકમ વધારવા માંડી હતી, અને ખાલસા ગામો વસાવવા માંડયાં જેમ જેમ દેસાઇની ઉપજ ઘટતી ચાલી ને ખાલસા ગામો આબાદ થવા માંડયાં તેમ તેમ દેશાઇનો ગુસ્સો વધ્યે જતાં આખરે એનાથી ન જીરવાયું અને ઘોડે ચડીને તે વડોદરે ગયા.

શ્રીમંત પાસે દેશાઇના ખૂબ માન હતા. એક ખંડીયા અને જમણા હાથ સમા રાજના સામંત જેવાં એનાં વડોદરે સ્વાગત થયાં. દરબાર ભરાય ત્યારે સવજીભાઇ જમણે પડખે બેસે ને શ્રીમંત સાથે કાનમાં ધીમે ધીમે વાત કરી શકે. વળી વખતે કવખતે દરબારગઢમાં પણ શ્રીમંતને મળી શકે. દિવાન તથા બીજા અમલદારો પણ સવજીભાઇ–સવજીભાઇ કરે ને સીપાઇસપરાં ને ગામના શેઠીયા એને સલામું ભરે. વડોદરે સવજીભાઇનાં એવાં સન્માન હતાં. ધીમે ધીમે એણે સરકારના કાન ભંભેરવા માંડયાં. માવજીભાઇ સરકારનાં નાણાં ખાઇ જાય છે ને રૈયત ઉપર જુલમ કરે છે એવી વાતો થઇ. માવજી મહેતાએ ખાલસા વહીવટ શરૂ કરેલો એના સંબંધી દેસાઇએ ખુલાસો કર્યો કે “ સરકાર ! આપને એ રમતનો ખ્યાલ ન હોય. ઇજારદારી ગામ હોય તો વહીવટદાર રાતી પાઇ ન દેખે ને ખાલસા ગામ હોય તો ઉપજ ઓછીવત્તી દેખાડવી એ એના હાથમાં. ઇજારામાં ચોખ્ખી રકમ વરસોવરસ હાલી આવે, એમાં કોઇ આઘાપાછી થોડી જ થાય ? ને સરકારી ગામમાં તો આ વરસ નબળું છે ને ઓલું વરસ આઠ આની છે એમ કંઈક બહાના મળી આવે. ”

ગાયકવાડ સરકારની રાજવહીવટ પ્રણાલિકા તો મૂળથી જ જાણીતી છે. કહેવાય છે કે એક કુંભાર ગાયકવાડ સરકારની રાણીના સાળા તરીકે ત્રણ વરસ વડોદરે રહ્યો એમાં કોઇને સૂઝ ન પડી, ને ‘ સાળા સાહેબ ’ તરીકે જયાં જાય ત્યાં માનપાન પામે. એ વાતના અનુભવી સવજીભાઇની વાતનું ઉંદરીયું ઝેર ખંડેરાવ મહારાજને હૈયે વસી ગયું. માવજી મહેતા ઉપર એક રૂક્કો લખી આપ્યો કે ‘તમારે વડોદરે હાજર થવું ને વહિવટદારપણું સવજી દેસાઇને આપતા આવવું. ’ આ ઉપરાંત મહેતા ઉપર ખોરાકીના મોસલ મોકલ્યા.

જૂના કાળમાં વોરંટ જેવી વસ્તુ રાજદરબારે નહોતી. તહો-મતદારો ઉપર મોકલાતા મોસલ બે જાતના હતા. એક ખોરાકીના ને બીજા હાલાકીના. ખોરાકીના મોસલ એટલે કે બે ત્રણ આરબો આરોપીને ઘેર જઇને બેસે અને જ્યાં સુધી તે માણસ બતાવ્યું કામ ન કરે કે હાજર ન થાય ત્યાં સુધી એ આરબો એની ચોકી કરે, ને એ આરબોની ખોરાકી જેના ઉપર મોસલ બેઠા હોય તેને માથે ચડે. એ રીતે પાંચસો પાંચસો આરબોના ખોરાકીના મોસલ બેસાર્યાના કોઇ કોઇ દાખલા નીકળે છે. હાલાકીના મોસલ 'ભયં-કર' માણસો ઉપર બેસારાય. એટલે આરબો એને ઘેર જઇને બને એટલી હાલાકી પહોંચાડે. જે ચીજ દેખે તે ઉપાડી જાય, ઢોરઢાંખર છોડી મેલે ને હાંકી મૂકે. હાલાકીના મોસલમાં તેનાં બૈરાં છોકરાંને ન રંજાડાય; બાકી બધું થાય.

માવજી મહેતાને ત્યાં બેસારવાના પચાસ જેટલા મોસલી આરબો લઇને પંચમહાલનો નવો વહીવટદાર સવજી દેસાઈ મલ-કાતો મલકાતો વડોદરેથી હાલ્યો આવે છે. માત્ર જૂના જમાનાના ગાયકવાડી તંત્ર સિવાય બીજે કોઇ સ્થળે અને સમયે અસંભવિત એવો એનો દરજ્જો થયો. ઇજારદાર એટલે ગામનો ઇજારો રાખે એ અને વહિવટદાર પણ એ. એટલે ગામની ઇજારાની રકમ નક્કી કરનાર પણ એ સવજી દેસાઇ. સવજી દેસાઇના હરખનો તો કાંઇ પાર નહોતો. પીપરીયા ગામને પાદર સવજી દેસાઇ ઉતર્યા. ગામને પાદર મહાદેવની દેરી પાસેના ઉતારે રાતવાસો ગાળવા રહ્યા. ફાટ ફાટ થતી છાતીએ સવજી દેસાઈએ ત્યાં મળવા આવેલા ગામલોક પાસે પોરસ કર્યો કે માવજી મહેતાને વડોદરે હાજર થવાના મોસલ લઇને પોતે અમરેલી જાય છે ને હવેથી પોતે જ પંચમહાલના વહી-વટદાર છે.

પીપરીયામાં રહેતા કાળા ભીમાણીએ આ વાત જાણી. માવજી મહેતાને ભીમાણી સાથે સગાઇ–સંબંધ હતો. કાળાભાઇને થયું કે સવજી દેસાઇ માવજી મહેતાને જ કનડવા જાય છે. એટલે એ રાતોરાત પોતાની ઘોડીએ ચડીને અમરેલી ઉપડયો.

" માવજી મહેતા ! એ મહેતા ! " કાળા ભીમાણીએ મહેતાની ડેલી ખખડાવી બૂમ પાડવા માંડી. પાછલી રાતની ગુલાબી નિંદરમાં સૌ જંપી ગયું હતું. માવજી મહેતો સાદ સાંભળી કમાડ ઉઘાડવા ચાલ્યો. કાળો ભીમાણી બડબડતો હતો કે " મહેતો નથી ઉંઘતો પણ આજ તેનું નસીબ ઊંઘે છે. " ડેલી ઉઘાડવા આવતાં માવજી મહેતાએ આ વાકય સાંભળ્યું. તેણે ફટ દઇને ડેલી ઉઘાડીને કહ્યું: " અહો ! કોણ કાળોભાઇ ! આવડી મોડી રાતે ? "

" મહેતા ! " કાળાભાઇએ કહ્યું : " વાતનો વખત નથી. સવજી દેસાઇએ શ્રીમંત સરકારને ઊંધુંચત્તું ભરાવીને તમારા ઉપર સરકારી મોસલ મૂકાવ્યા છે ને પચાસ મોસલની બેરખ સાથે દેસાઇ પોતે આવે છે. "

" પણ મારો કાંઇ વાંક ? "

" વાંકની તો ભાઇ મને પણ ખબર નથી. પરંતુ મોસલની વાત તો દેસાઇને મોઢેથી સાંભળી છે, ને પીપરીયે સૌ રાત રહેલા છે."

" કાળાભાઇ ! ઠીક તો આવવા દ્યો. મરદને માથે જ આફત હોય. "

" મહેતા ! આપણે વાણીયા કળે કામ કરીએ. " કાળોભાઇ બોલ્યો: " આજે હું તમને કામ ન આવું તો કયારે આવીશ ? તમારાં બૈરાં છોકરાં મારે ઘેર રહેશે. તમારે તેની ચિંતા કરવાની

નથી. મળવું હોય તેને મળી લ્યો ને ઘોડી ઉપર ચડી જઇને અત્યારે તો પીપરીયા ભેગા થઇ જાઓ. પછી શું કરવું એ જોશું."

માવજીભાઇ સમજુ માણસ હતો. વખતને ઓળખતો ને માન આપતો. હજીયે સવજી દેશાઇ પીપરીયાને પાદર ઉંઘતા હતા ત્યાં માવજી મહેતો રાતોરાત પીપરીયા જવા રવાના થયો ને તેની પાછળ એનાં બાયડી છોકરાંને લઇ કાળો ભીમાણી નીકળ્યો.

× × ×

હવે આ બાજુ પીપરીયામાં મોટે ભળકડે હાથીયોવાળો શીમની ખબર કાઢવા નીકળેલો. પીપરીયાના કાઠી દરબાર કરજમાં બહુ ડુબેલા નહિ અને હાથીયોવાળો રોટલે અને માણસે ખૂબ પહોળો. માથે બોકાનીબંધ પાઘડી પહેરી એક બગલમાં ફાળીયે વીંટાળેલી તરવાર નાંખી, દરબાર ગામથી છેટા છેટા હાલ્યા જાય છે. કાઇ કાઈ વાર યાદ આવે એટલે કાઇ ભજનની કડીઓ લલકારે છે; ત્યાં કોઈ ઉતાવળી દોડતી ઘોડીનાં પગલાં સાંભળી દરબારે કાન માંડયા અને જે દિશામાંથી અવાજ આવતો હતો તે તરફ આંખ માંડી.

જોતજોતામાં પવનવેગે ઉડયો આવતો ઘોડેસ્વાર ત્યાં થઇને નીકળ્યો, એટલે કાઠીએ 'રામરામ' કરીને પૂછ્યું: "કોણ છો ભાઇ ? આમ કયાં જાવાં ભા ?"

"જાવું હમણાં તો પીપરીયે, પછી તો દશ સૂઝે ત્યાં." ઘોડેસ્વારે જવાબ આપ્યો.

"કાં ભાઇ ? ઉતાવળ શું છે ? પીપરીયે જા છો તો આ રહ્યું. ડેલીએ જ ઉતરજે હો બાપ !"

"બાપુ, આજે મારાથી ખોટી થવાય તેમ નથી. જરા પાસા-ઢાળ કરીને ચડી જવાનું છે."

"પણ એવી શી ધાડ છે ? પીપરીયાને પાદરથી રોટલા ખાધા વગર જા તો મારી જનેતા લાજે. હું હાથીયોવાળો. મારે પાદરથી એક પંખી ભૂખ્યું વળે તો મારે અપવાસ કરવા પડે."

"પણ દરબાર ! મારી પાછળ વહાર ચડશે. અને ચડી હશે તો સવારમાં અહીં આવી લાગશે."

"તો બાપ ! મારી પાસે ય પાંચ પચાસ કાઠી છે હો ! ઇ વાતે તું ફકર કર્યમાં. તું તારે ગામમાં જા. ગઢમાં ઉતરજે હો !"

"ના બાપુ ! હું ભીમાણીને ત્યાં ઉતરીશ. ત્યાંયે તમારો જ રોટલો છે ને ! પણ મારી રૂકાવટ ભારે પડશે હો."

"બાપ કાઠીને વળી ભારે શું ને હલકું શું ? માણસને બહુ બહુ તો છ હાથ જમીન જોઇએ, અને તેય દેન દેવાય ત્યાં જ સુધી ને ? આ બધી જમીન શા કામની છે ? માટે ફકર કર્યમાં. કાળા ભીમાણીનો સગો તે મારો ય સગો ગણાય. ઘોડી બાંધીને ગઢમાં આંટો આવી જજે હો. તારા ઉપર શેની ધાડ છે તે વાતું ડેલીયે કરશું. જા, બાપ !"

× × ×

સવજી દેસાઇ સવારમાં પીપરીયાથી નીકળી અમરેલી પહોંચ્યો અને મોસલી આરબોને ગામની ઊભી બજારમાં ફેરવી—અને એ રીતે પોતાને મળેલી નવી સત્તાનો દોર દેખાડી—માવજી મહેતાને ઘેર પહોંચ્યા તો ડેલીએ ખંભાતી તાળાં ભાળ્યાં. સવજી દેસાઇએ ગુસ્સામાં હાથ-પોંચા કરડવા માંડયા. તપાસ કરી તો ખબર પડી કે રાત્રે કોઇ એક સ્વાર મહેતાને ઘેર આવ્યો હતો. બૂમ પાડી પાડીને ઘર ઉઘ-ડાવી મહેતા સાથે વાત કરી. પાછો ઘોડીએ ચડીને સ્વાર રાતોરાત

ચાલ્યો ગયો ને પછી પરોઢ ફાટતાં જ માવજી ભાઇનું કુટુંબ આખું ઉચાળા ભરીને કોઈ અજાણ્યા માણસની સંગાથે ચાલ્યું ગયું છે.

સવજીએ હાકલ મારીને એક પગીને બોલાવ્યો ને સગડ કઢાવ્યા.

પગીએ પીપરીયાની દિશામાં પગેરું લીધું અને એની પાછળ ચડયે ઘોડે સવજીભાઇ હથિયાર બાંધી ચાલવા માંડયો. પચાસ પચાસ આરબોની બેરખ જમૈયા ઉછાળતી ઉછાળતી પાછળ ચાલી નીકળી.

પીપરીયામાં હાથીયાવાળાની ડેલીએ ડાયરો જામ્યો છે. કસુંબાના લાલ હીંગળોક જેવાં પાણી ફરી રહ્યાં છે. હુક્કો ગડગડી રહ્યો છે. ત્યાં સવજી દેસાઇ સગડ જોતો જોતો પીપરીયે આવી પહોંચ્યો. આરબોને લઇને સીધો દરબારની ડેલીએ ગયો ને તાડુકી ઉઠ્યોઃ "દરબાર! અમારો ચોર તમારા ગામમાં આવ્યો છે. કાઢી આપો."

દરબારે સવજી સામી ત્રાંસી આંખ કરી હજામને પૂછ્યું "આ મનખ કોણ આવ્યું છે ?"

સવજીથી આ તિરસ્કાર સહેવાયો નહિ, એટલે તે ગાજી ઉઠ્યોઃ "એ તો હું અમરેલીનો વહીવટદાર સવજી દેસાઇ."

"એમ!" દરબારે મરકતાં કહ્યુંઃ "મેં તો જાણ્યું કે ગાયકવાડ પોતે આવ્યા લાગે છે. અમને અભણને શી ગત્ય કે તું એનું વહીવટદારું કરછ ?"

"દરબાર ! અમારો એક ચોર આ ગામમાં ભરાયો છે, એની તપાસે આવ્યો છું."

"ઇમ ! તારે વળી ચોર હોય ?"

"ચોર મારો નથી." સવજીનો ગુસ્સો વધતો હતો: "ચોર ખૂદ શ્રીમંત સરકારનો છે. સમજ્યા ?"

"ઇમ ! તો કહે તારા સરકારને કે જાતે આવીને લઇ જાય. એમાં તું આંહી શેનો આવ્યો ? ને તું વળી કે' દાડાનો અમારો ધણી થઇ ગયો કે અમારા ગામમાં તું તપાસ કરવા આવ્યો ? ખબડદાર ! જો અમારા ગામમાં પગ મૂક્યો છે તો પગ કાપી નાંખીશ. ઓળખછ ? છાનોમાનો હાલવા માંડ હાલવા."

"દરબાર ! ઠીક નથી થતું હો. પછી કહેશો કે સવજી કનડે છે ત્યારે દાદ–ફરિયાદ કોઇ નહિ સાંભળે."

"અલ્યા હું હાથીયોવાળો. તારા ગાયકવાડને ય ન ગણકારું તે તારા જેવા એના ત્રણ કાવડીયાના માણસ પાસે દાદ માંગું ? રસ્તે પડી જા બાપ ! નહિતર દાદ–ફરિયાદ તો કરવી પડશે તારી બાયડીને !"

"દરબાર ! મારો ચોર તો તમારે મને સોંપવો જ પડશે. હું પચાસ આરબ લાવ્યો છું, તે હમણાં આ દરબારગઢ ઉખેડીને ફેંકી દેશે હો ?"

"તો સવજી ! તે દિ' હું અમરેલીને ઉખાડીને ફૂંકી દઇશ. ભૂલી ગયો ? ધોળે દહાડે ચોવીસ કલાક આગોતરી કંકોતરી મોકલીને અમરેલી હું આવ્યો હતો ને અમરેલી ભાંગ્યું હતું તે ? હું ઇ હાથીયોવાળો, બીજો નહિ; માટે ઇ બધી વાતું રહેવા દે ને તારે મારગે પડી જા."

"દરબાર–"

"અલ્યા કોણ છે આંહી ?" હાથીયાવાળાએ ત્રાડ પાડી. "આ ત્રણ દોકડાનું મગતરું ગણગણ્યા કરે તે તમે કેમ બેઠા

બેઠા સાંભળી રહ્યા છો ? ટાંટીયો ઝાલીને ફેંકી દ્યો બહાર ને કાઢો તરવાર ! હમણાં એને ને એના આરબોને માપી લઇએ."

હોંકારો દેતાં ડાયરો તો આખો ઊભો થઇ ગયો. તરવારોની મૂંઠને બાંધેલી ચામડાંની વાધરીઓ છોડાવા માંડી. સવજીએ જાણ્યું કે દરબારનું જોર ઝાઝું છે ને આ વખતે ધીંગાણે ફાવીએ એમ નથી. એટલે "દરબાર ! આ વખતે તો હું પાછો જાઉં છું, પણ આનું પરિણામ સારું નહિ આવે હો !" એમ કહી સવજી ત્યાંથી ચાલ્યો ગયો. ડાયરા સામું જોઇ દરબાર મરકાતા બોલ્યાઃ "ઇ તો ભીમાણીને ઘેર સવારે મેમાન આવ્યા હતા, તે આ સવજીની બીકે પાદરેથી રોટલા વગર થાક્યાપાક્યા આગળ જાતા'તા. બાકી તો શું સમજતો હશે સવજી ? એને ખબર નથી કે કાઠી જે દિ' જમીનની પરવા કરશે તે દિ' એનામાં કાઠીપણું નહિ રહે. સુરજ મહારાજની કીરપા હોય તો જમીન ને સંપત આવી મળે; પણ કાંઇ પૂન્ય થોડું મળે છે ?"

જમી પરવારીને માવજી મહેતો કાળા ભીમાણીને સાથે લઇને દરબારને મળવા ગયો. ડાયરો ભરીને દરબાર બેઠા હતા. હાથ જોડીને મહેતાએ જવાની રજા માગી

"અલ્યા ! આ તો માવજી મહેતો ! ગાયકવાડનો વહીવટદાર ! તે મહેતા ! તમને જ ઝાલવાને ઓલ્યો દેસાઇ આવ્યો હતો ?"

"હા ! બાપુ ! આપને ખબર નહોતી ?"

"અરે મને ખબર હોત કે માવજી મહેતો પોતે છે તો તો ઇ દેસાઇને જીવતો જ શેનો જાવા દઉં ? મારું વેર વાળવાનો આવો સરસ મોકો બીજો કયો મળત ?"

"દેશાઇ ઉપર વેર? બાપુ! તેણે તમારું શું બગાડયું છે?"

"અરે બાપ!" દરબારે જવાબ દીધો. "ભીમાણીનો સગો એ અમારોએ નાતાદાર ગણાય. એ કાલ સવારનો દેશાઇ તને કનડવા આવે તે અમારું વેર જ ગણાય ને?"

"બાપુ! મારે ખાતર તમારી રાજવાડી મેદાન થાય ઇ મારે નહોતું જોઇતું."

"હવે ખેદાનમેદાન તો બધું સમજ્યામાં છે. માએ જણ્યા'તા તે દિ' કયાં કંઇ હારે લઇ આવ્યા'તા?"

"ના બાપુ! માફ કરો. તમારે ગામને પાદર લોહી રેડાય ને મારે ખાતર તમને બધાને દખ પડે એના કરતાં તો હું જ ભોગવી લઇશ. કયાં મેં કોઇની ચોરી કરી છે? ધણી જેવો ધણી માથે બેઠો મારા કામ સામું જોશે."

આમ પોતાને આશ્રય આપનાર દરબાર હાથીયોવાળો આફતમાં ન આવે એ ખાતર માવજી મહેતો તે જ રાત્રે ગામ છોડી હાલી નીકળ્યા. દરબારે એક સારી ઘોડી ને સો રૂપિયા રોકડા આપ્યા તે માવજી મહેતાએ માથે ચડાવ્યા.

( ૩ )

શ્રી નેમિનાથના પુણ્યપાદથી પુનિત બનેલા ગિરનારની છાયામાં જુનાગઢનું કાળજૂનું નગર વસ્યું છે. મુસાફરી કરતા માવજી મહેતા ભાગ્યની શોધમાં એ ગામને પાદર ઉતર્યાં.

જુનાગઢની બજારમાં અમરેલીનો માજી વહીવટદાર આશ્ચર્યચકિત આંખો ચોમેર માંડી રહ્યો છે. આખું જુનાગઢ શહેર જાણે કે શોકનાં સાજ સજી રહ્યું છે. હાલતો હાલતો માવજીભાઇ દરબાર-

ગઢ સામે આવ્યો. ગઢમાં પત્થરના હૈયાને ય પીગળાવે એવા મરસીયા ગવાય છે. તેણે એક માણસને પૂછ્યું: "ભાઇ! આ શું છે?" પેલા માણસે તેના સામું જોઇને કહ્યું: "ખબર નથી? ક્યાં વસો છો? નવાબ સાહેબ હામીદખાનજી આજે સવારે બહેસ્તવાસી થયા છે."

"એમ! ભારી ભૂંડી થઇ." માવજી મહેતો બોલ્યો, અને ઊંડા વિચારમાં પડ્યો.

અમરેલીનો ગાયકવાડી વહીવટદાર કાઠિયાવાડના રાજકારણથી પૂરો વાકેફ હતો. મર્હુમ નવાબ હામીદખાન અને તેના ભાઇ મહોબતખાન વચ્ચે મોટો ખટરાગ હતો. આજારી શરીર અને નબળા મગજના નવાબે પોતાના નાનાભાઇને નજરકેદમાં રાખ્યો હતો. મહોબતખાનને નજરકેદમાં પરાધીન અને બંદીવાન બનાવવામાં મહોબતખાનની સાવકી માનો પૂરો હાથ હોવાનું કાઠિયાવાડમાં ઘેરઘેર જાહેર હતું. નવાબ હામીદખાન અપુત્ર હતો એટલે એની પાછળ જુનાગઢની ગાદીનો વારસ મહોબતખાન હતો. મહોબતખાન થોડા વખત પહેલાં નવાબ હામીદખાનને જુનાગઢ પાછા ફરવા માટેના હામી આપી રાધનપુર શાદી કરવા ગયો હતો.

મહોબતખાનને હેરાન કરવામાં અને એનો વારસાહક રદ કરી બીજા વારસને ગાદી અપાવી એને હથેળીમાં રમાડવાની બાઇ નાજુબીને સલાહ આપનાર અને બધી ખટપટ ઊભી કરનાર નાજુબીનો કામદાર જબ્બર ભાટીયો હતો.

માવજી મહેતો આ આખા ય દુ:ખદ પ્રકરણથી વાકેફ હતો, એટલે મહેતાના મુત્સદ્દી મગજે પોતાને સાંપડેલી સોનેરી તક પારખી લીધી.

માવજી મહેતો ઝટપટ મહોબતખાનના સાળા બહાવદીનભાઇ

પાસે પહોંચ્યો. બહાવદીનભાઇ માથે હાથ દઇ મભરામણમાં બેઠા હતા. વખતનું મૂલ તે સમજતા, પણ મહોબતખાન જાતે હાજર ન હોવાથી અત્યારે અફસોસ ગુજારવા સિવાય બીજું કશું એમને કરવાનું સૂઝયું નહોતું. માવજી મહેતો એને મળ્યા ને પોતાની ઓળખાણ આપી. અણીને અવસરે બહાવદીનભાઇને સગો ભાઇ મળેલ હોય તેટલું જોમ આવ્યું અને મહેતાની સલાહ પ્રમાણે બન્ને જણા છાનામાના જુનાગઢમાંથી સરકીને ગોંડલ તરફ હાલી નીકળ્યા. માર્ગમાં જેતલસરને પાદર મહોબતખાન એમને ભેગા થયા. હામીદખાનના સ્વર્ગવાસની વાત કરી.

" મહેતા ! હવે મહોબતખાનજીએ કરવું શું ? એનો કોઇ મારગ ખરો ? નાજુબી, ચાદતીબુ, ને જબ્બર ભાટીયો જુનાગઢમાં તો એમને જીવતા નહિ રહેવા દે. એમણે રાજનાં માણસ બધાં વશ કર્યાં છે. કાં તો ગાદીએ નહિ ચડવા દે ને કાં તો જાનનું વહેલામોડું જોખમ થશે. "

" મહેતા ! કાંઇક તો મારગ દેખાડો ! જુનાગઢમાં હું પગ મૂકીશ કે નાજુબી મને પકડી લેશે ને કાં તો જાનથી મારશે. રાજનાં બધાં ય માણસો એનાં. મારા માણસોમાં કહીએ તો હું ને બહાવદીન. " મહોબતખાને કહ્યું.

" હા ! એ વાત સાચી છે. તમે વાણીયા છો. કાંઇક તોડ કાઢો. કહેવાય છે ને કે વાણીયા વગર તો રાવણની લંકા ગઇ. લંકાનું તો થયું જે થવાનું હતું તે; પણ આ જુનાગઢ કુળમાંથી જવા બેઠું છે. " બહાવદીનભાઇએ એક દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો.

મહેતો ક્ષણભર વિચારમાં પડ્યો. પછી બોલ્યોઃ " મારું માનશો ? તમે જુનાગઢ ન જાવ પણ સીધા માણેકવાડા જાઓ.

પોલીટીકલનો એજન્ટ સારું માણસ છે. એને જઇને મળો ને એને બધી વાત કરી એની મદદ માગો. સહુ સારાં વાનાં થશે."

મહેતાએ સાથે આવવાની શરતે મહોબતખાને સલાહ માથે ચડાવી. ત્રણે જણા માણેકવાડા પહોંચ્યા. એજન્સીના રખવાળાં નીચે જુનાગઢના ગાદીવારસ મહોબતખાનને જીવ બચાવવા આવવું પડ્યું છે એમ માવજી મહેતાએ સાહેબને બરોબર ઠસાવ્યું. સાત સાત આસમાન વીંધીને આકાશ સળગાવે એવો રોષ સાહેબના અંતરમાં ફાટી નીકળ્યો. એજન્સીના કારભાર ચાલતા હોય, કેપ્ટન બાર્નેલ પોલીટીકલ એજન્ટ હોય, ગોરા અમલદારો આમતેમ આંટા દેતા હોય ને જુનાગઢ જેવી રિયાસતના મીંઢોળબંધા ભાવી નવાબને આમ રખડવું પડે ! કેપ્ટન બાર્નેલને કંપનીસરકારના રાજ રસાતળ જાતાં લાગ્યાં. એણે મહોબતખાનને નવાબ કહી સંબોધ્યો અને આસીસ્ટંટ પોલીટીકલ એજન્ટ ઇલીયટને જુનાગઢ મોકલ્યો.

નાજુબી અને ચાઇતીબુ બંને જુનાગઢની ગાદીને મુઠીમાં રાખવા આકાશપાતાળ એક કરી રહ્યાં હતાં. અમલદારોને પોતાના કરવા માટે એમણે રાજની તીજોરી લૂંટાવા દીધી હતી. ઇલીયટ જુનાગઢ પહોંચ્યા પછી અતીવ શંકાસ્પદ સંજોગમાં એનું મરણ થયું. કોઇ કહે ઇલીયટે હાથ મેલા કરી આપઘાત કર્યો. કોઇ કહે ઇલીયટનું રાજખટપટથી ખૂન થયું. ગમે તે સાચું હોય, એ ભેદ આજ સુધી અણઉકેલ રહ્યો છે.

પછી તો એજન્સીના મોસલ લઇને કોલસન સાહેબ જુનાગઢ ઉપર ચડી ગયો. વાટાઘાટ, વાતચીત કે કાગળવહેવાર જેવી કોઇ ખટપટમાં ન પડવાનું કેપ્ટન બાર્નેલનું ફરમાન લઇને એ જુનાગઢ પહોંચ્યો. કોલસને બાઇ નાજુબી અને ચાઇતીબુને પકડ્યાં. જબ્બર બાટીયો જીવ લઇને ભાગ્યો.

પછી તો નગારે દાંડીયું દેવાણી. તોપો હડુકવા લાગી ને રૈયતના રાજીપા સાથે વાજતેગાજતે મહોબતખાન ગાદીએ બેઠા.

નવાબે માવજી મહેતાને ઇનામ અકરામ આપ્યાં. જુનાગઢની દિવાનગીરી સંભાળી લેવા કહ્યું. હાથ જોડી મહેતાએ કહ્યું: "ગરીબ-પરવર ! આપની મારા ઉપર કૃપા છે. ફરી કોઇ વાર આવીશ. હાલ તો કામ છે, જાઉં છું."

"પણ એવડું તે શું કામ છે મહેતા ?"

"હજુર ! સેવકને માથે એક આળ છે. એ ખોટું તરકટ છે એમ ગાયકવાડ સરકારને ખાત્રી ન કરાવું ત્યાં સુધી મારાથી ન રહેવાય."

"હવે એના કરતાં અહીં રહી જાઓ ને ? એ ખાત્રીની ખટપટમાં શા માટે પડો છો ? ક્યાં વડોદરા ને ક્યાં અમરેલી ? અહીં જ રોકાઈ જાવ ને."

"હજુર ! એજંટ પાસે વાત કરીને એ આળ ઘડીના છઠ્ઠા ભાગમાં ધોઇ શકું, પણ ગાયકવાડ સરકારનું મારા મ્હોંમાં અન્ન છે; તેથી મારું હું જ ફોડી લઇશ."

"પણ એ તો મુશ્કેલ કામ છે, એમ તમને નથી લાગતું ?"

"શ્રીમંત સરકારનો ભોળો સ્વભાવ જોતાં મુશ્કેલી ઝાઝી છે તે હું જાણું છું. પણ એ ભોળીયો બાદશાહ ભલો ય છે. એટલે વખત આવ્યે બધું થઇ રહેશે. બાકી મારો નિયમ છે કે મારી જાત જ્યાં સુધી ચાલે ત્યાં સુધી બીજે ક્યાંય નોકરી કરવી નહિ."

નવાબ મહોબતખાને સારી પહેરામણી કરી. ત્યાંથી માનપૂર્વક રજા લઇ માવજી મહેતા ગોંડળ ગયા. ગોંડળમાં ઠાકોર સગરામજી

તાજા ગાદીએ બેઠેલા. થોડો વખત ઠાકોર પાસે રહ્યા. ઠાકોરે મહેતાની સલાહથી ખુશ થઇ, સોનાનાં કડાં ને તોડા ભેટ કર્યા. ત્યાંથી પોરબંદરમાં ગયા. ત્યાંય ચાકરીનું કહેણુ આવ્યું. પણુ "લાજ કાઢી તેની કાઢી; એક ધણી જીવતો હોય ત્યાં બીજા કેમ કરાય ?" મહેતાનો એ જ જવાબ હતો.

ભ્રમણુથી મહેતો કંટાળ્યો. આવી રીતે અથડાવાથી કલંકમુક્ત નહિ થવાય એમ માની મહેતા ત્યાંથી સીધા વડોદરે પહોંચ્યા. વડોદરામાં ઘર લીધું ને ત્યાં જાહેર રીતે રહેવા માંડયું.

માવજી મહેતા ઉપર મોસલ નીકળ્યાને વરસ વીતી ગયું તેથી તે વડોદરામાં જઇ વસવા છતાં ફોજદાર ગોપાળરાવ, મહેતાને પકડવાનું ભૂલી ગયો. માવજી મહેતા થોડા દિવસ જવા દઇને ગાયકવાડ સરકારને રૂબરૂ મળવા રાવપુરાના રાજમહેલે પહોંચ્યા.

મહેતા રાજમહેલના બગીચામાં ઊભા રહી પૂછપરછ કરતા હતા ત્યાં ખંડેરાવ ગાયકવાડ પોતે બંગલાની બહાર નીકળ્યા. પગથિયે પગ મૂકતાં જ માવજી મહેતાને ઉભેલા જોઇ સરકારે મોઢું ફેરવ્યું. માવજી મહેતાને મનમાં તો ખૂબ લાગી આવ્યું પણુ ઉપરથી હસતું મ્હોં રાખી ત્યાં આવેલી ચણાની વાડી તરફ આંગળી બતાવીને પાસે ઉભેલા પોલિસને કહેવા લાગ્યાઃ "હે ભાઇ! આ તે ચણા ફાલ્યા છે કે શ્રીમંતનું નસીબ તેજ કરે છે ?"

ગાયકવાડે આ વાકય સાંભળ્યું. ખુશામત તો ખુદાને ય પ્યારી છે. ગાયકવાડે હાથની ઇસારતે માવજી મહેતાને પોતાની પાસે બોલાવ્યો.

"કેમ મહેતા ? અહીં કયાંથી ?"

"હજુર !" માવજી મહેતાની આંખમાંથી આંસુના બે બિન્દુ

નીચે ટપકી પડયાં. જે ધણીને ખાતર તેણે અમરેલી મહાલને કાઠિયાવાડના લીલાછમ બગીચા જેવો બનાવ્યો હતો, અને જેના કાચા કાનને કારણે તેને એક ચોરની માફક વરસદહાડાથી ભમવું પડયું હતું તે ધણી–ખંડેરાવ ગાયકવાડના હસ્તનો તેણે આંખ ઉપર સ્પર્શ કર્યો. અને શ્રીમંતને પણ એમ થયું કે માવજી મહેતાના વિરુદ્ધની એકપક્ષી વાત સાંભળી પોતે તેને અન્યાય આપ્યો છે. ગાયકવાડના અવાજમાં નરમાશ આવી. તેણે પૂછ્યુંઃ " મહેતા ! તમારે મને કાંઇ કહેવું છે ? "

" હજુર ! મારા વિરોધીઓની વાત સાંભળી આપે મારા ઉપર મોસલ મોકલ્યા. ભલે મોકલ્યા. મારા બૈરાં છોકરાં ક્યાંક, હું ક્યાંક એમ ધણી વગરના ઢોર જેમ અમે રખડયાં. છતાં સરકાર ! મને એ વાતનો સંતાપ નથી. પણ હું આપનાં દર્શન કરી છેલ્લી રજા લેવા આવ્યો છું. છતાં જતાં જતાં એટલું હિતદષ્ટિએ કહેતો જાઉં છું કે સવજી દેસાઇ અને એના મળતીયાથી સરકારે ચેતવા જેવું છે. "

" કેમ ? "

" બાપુ ! હું તમને વહાલો હતો, કેમકે હું રાજનો વફાદાર હતો. આપની તીજોરી ભરાય, આપનાં ગામ આબાદ થાય ને આપની રૈયત રાજી રહે એ માટે હું મથતો. કાઠિયાવાડના પંચ-કોશીની ઉપજ કેટલી હતી, કેટલી વધી ને અત્યારે કેટલી આવે છે તે આપ હજુર જોશો તો સમજાઇ જશે કે—ઘર ભરવા કોણ આવ્યા છે. ખાજ–અખાજનો જેને ભેદ ન હોય તે જ બાપના ઘરમાં ખાતર પાડે. "

" મહેતા ! આ તો તમે તમારા ઉપરનો દોષ ટાળવા દેશાઇ

ઉપર દોષ નાંખો છો તે હું કેમ માનું ? તમે મને એ વાત સાબિત કરી દ્યો તો હું તમારી વાત સાચી માનું. "

" ભલે સરકાર! મને છ માસની મહેતલ આપો. આજથી બરાબર છઠ્ઠે મહિને મારો ને દેશાઇનો ન્યાય આપ જ તોળજો. "

" ભલે, તમે ત્યાં સુધી અહીં રહેજો. "

× × ×

માવજી મહેતાએ વડોદરાના ધોરી રસ્તે મુકામ રાખી ડાયરો જમાવવા માંડચો. રાતદિવસ રાજના નાના મોટા નોકરો એમને ત્યાં પડચા પાથર્યા રહે. ચોપાટના પાસા રાત દિવસ ચાલી રહ્યા છે. મહેમાન જોગ કસુંબા ને હુંઆપાણીની મહેફીલ જામી પડી છે. મહેતાને હૈયે જાણે કે કાંઇ ભાર જ ન હોય એમ માવજી મહેતો રમત અને ગમતમાં દિવસ–રાત ગુમાવવા મંડી પડચા છે. જ્યારે જ્યારે મહેતાના ઘર પાસેથી કોઇ માણસ નીકળે ત્યારે ત્યારે " આ પાંચ ઘર પચીસ " કે " આ એકે અગીયારાં " કે એવા જ પાસાની રમતના અવાજો ચાલતા હોય. જાણે કે માથે ગાયકવાડના મુદતી તેડાંનો એને ભય જ ન હોય. માવજી મહેતો કાંઇ કરતો નથી ને આખો દિવસ રમતમાં દિ' વિતાવે છે એ જોઇને મહેતાના નાતાદાર મુત્સદ્દીઓ અને મિત્રો કહેતા કે—" મહેતા ! તમે રમતમાં પડચા છો પણ સરકારી ઇન્સાફ એક દિ' યે પાછો નહિ ઠેલાય હો. " મહેતાએ હસીને જવાબ દીધો: " તે દિ'ની વાત તે દિ'. પડશે એવા દેવાશે. " આ બેદરકારીભર્યા જવાબથી સૌ આશ્ચર્ય પામતા.

જો કે બીજી તરફથી માવજી મહેતાએ પોતાના દીકરા અને ભરોંસાદાર માણસોને એવી રીતે ગોઠવી દીધા હતા કે કોઇ વેશપલટાથી તો કોઇ નોકરીઆત બનીને તળ અમરેલી અને આસપાસથી અનેક સત્તા-

વાર હકીકતો એકઠી કરી રહ્યા હતા. સવજી દેશાઇના ચોપડા લખવાના કામમાં પણ તેમનો જ બાતમીદાર ગોઠવી દીધો હતો. એક માણસ તળ વડોદરામાં હરીભક્તિને ત્યાં મુનીમ બની ત્યાંના મુકાબલા અને હવાલાના નોંધો મેળવી માવજી મહેતાના હાથમાં મૂકયે જતો હતો.

શ્રીમંત સરકારે મહેતાને છ મહિનાની મુદત આપી તે જ વખતે અમરેલી દેશાઇને તે મુદ્દતે હાજર રહેવા સરકારે ખબર મોકલાવેલા. મહેતા અને પોતાના વચ્ચેનો ન્યાય ખુદ ગાયકવાડ સરકાર તોળવાના છે એ સમાચાર સાંભળી સવજી દેશાઇના પેટમાં ફાળ પડી હતી. અને આ બધું શું રંધાય છે તેની તપાસ માટે ખાસ માણસોને વડોદરે મોકલ્યાં હતાં. તેઓ વારંવાર વાવડ આપતા ગયા કે " માવજી મહેતો તો ચોપાટ, રમતગમત ને રંગરાગમાં ગળાં સુધી ખૂતી ગયો છે." આવા ખબરથી દેશાઈના પગમાં જોર આવતાં પોતાના વહીવટના ચોપડા રીતસર તૈયાર કરાવવાનું શરૂ કરી દીધું અને બરોબર છ મહિના થયા તે જ દિવસે દેશાઇ ચોપડા સાથે વડોદરે આવી ગયા.

શ્રીમંતે આજે હિસાબી, દીવાન અને પોલિસપાટીને હાજર રહેવા ફરમાવેલું. વખત થતાં એક તરફ સવજી દેશાઇ ચોપડાનો ગંજ ખડકી બેઠા અને બીજી તરફ માવજી મહેતો ખીસામાં મુદ્દાના કાગળો મૂકી હાજર થયા,

" કાં મહેતા ? બોલો હવે તમારે શું કહેવું છે ? તમારા પુરાવા ક્યાં છે ? "

" સરકાર ! મારે ક્યાં કોઇના કાન કરડવા છે. હું તો તેમના દેખતાં જ કહું છું કે દેશાઇ રાજનું ધન ખાઇ જાય છે. "

" સરકાર ! મારી આબરૂ......" કહેતો સવજી ઊભો થયો.

ગાયકવાડે તેને બેસારી દીધો ને મહેતાને પૂછ્યું: "એનો પુરાવો બતાવવો જોઇએ." પરંતુ મહેતા પહેર્યે કપડે દરબારમાં આવેલા હતા એ જોઇને હવે શું જવાબ દેશે? તે વિચારથી સૌ મૂછમાં હસવા લાગ્યા.

"નામદાર! એના ચોપડા મને જોવા દ્યો. એટલે તેમાંથી જ બધું દેખાઇ જશે."

સવજી દેસાઇએ આણેલા ચોપડા તરફ આંગળી ચીંધી. માવજી મહેતે એક ચોપડો હાથમાં લઇ પાના ફેરવવાં શરૂ કર્યાં. અને જાણે ચોર પકડાયો હોય તેમ એક પાના ઉપર આંગળી ફેરવી બોલ્યા: "જુઓ નામદાર! માગસર શુદ ૫ ને પોષ વદ ૧૦ ની વચમાં રૂા. પચાસ હજાર રોકડા ખવાઇ ગયા છે."

"એ મોઢાની વાત ન ચાલે! હકીકત સમજાવો."

હિસાબી પાસે ચોપડો લઇ જઇને મહેતાએ કહ્યું: "જુઓ માગસર શુદ ૫ ને રોજ દેશાઇએ એક હાથી વેચાતો લીધો છે, તેના રૂા. ૪૦ હજાર ઉધાર્યા છે."

"હા! એ તો મકનો હાથી! અહીંની મંજુરીથી જ એ હાથી દેશાઇએ ખરીદ્યો હતો અને લીધો ત્યારે એમણે જાહેર પણ કર્યું હતું." હિસાબીએ ખુલાસો કર્યો.

"તેમ તો કરેલું જ હશે, પણ પુરી વીગત જોઇ લ્યો. જુઓ પોષ વદ ૫ ને દિવસ હાથી મરી ગયો એમ ચોપડામાં લખી હાથીને દાટવાનું ખર્ચ ચોપડે ઉધાર્યું છે. ને તે અરસામાં દરરોજ ૨૦૦ રૂપીઆ હાથીની ખોરાકીના અને હાથીની રખવાળ કરવા માટે એક માણસ ને એક મહાવતનાં ખર્ચો પણ ઉધાર્યાં છે. આ ખર્ચો પોષ વદ ૫ સુધી ઉધર્યાં છે.

"હા! તે દિવસે એ હાથી મરી ગયો એમ દેશાઇએ અમને તાબડતોબ જાહેર પણ કર્યું હતું. એ બાબત તમારે શું કહેવું છે?"

"શ્રીમંત સરકાર! એ આખું નામું બનાવટી છે. વાસ્તવમાં સવજીએ કોઇ હાથી લીધો જ નથી. તેમજ ખરીદીની, ખોરાકીની, માણસોના પગારની અને દાટવા બાબતની ઉધારેલી તમામ રકમ સાચી છે કે કેમ? તે દેશાઇને રૂબરૂમાં પૂછવાથી ખાત્રી થશે."

"નામદાર હજુર! અમરેલીમાં પુછાવવાથી હાથી હતો કે નહીં તેની ખાત્રી થશે." દેશાઇએ ખુલાસો કર્યો.

"શ્રીમંતને અમરેલી સુધી નજર કરવાની જરૂર નથી. આ ચોપડો કહે તે સાચું. નામદાર! હાથી તો જીવતાં લાખનો ને મરે સવા લાખનો કહેવાય છે. આપના કોઇ ભરોસાદાર હિસાબીને પૂછો કે હાથી મુવા બાદ દંતુશુળ ને એનું ચામડું નીકળે એ બેના પૈસા ખાતામાં કેમ નથી? જો હાથી લીધો જ હોય અને ખરે-ખર મરી ગયો હોય તો તો એ બે ચીજના વેચાણના પૈસા જમે થવા જોઇએ જ; પણ એ રકમ જ આ ચોપડામાં જમે નથી બાપુ! આ આખો ચોપડો જ બનાવટી છે."

સવજી દેશાઇ તો ચોપડાની આવી તપાસથી મૂઢ જેવો બની ગયો. તેના ચોપડા જો આવી રીતે તપાસાવાના હોય તો હજી બીજા કેટલાય ભેદો બહાર આવે એની એને ખૂબ ભીતિ લાગી. અંતરની મુંઝવણને જેમ તેમ દબાવીને દેશાઇએ હાથ જોડીને કહ્યું: "સરકાર! આ મહેતો નકામું આળ ચડાવે છે."

મહેતાએ હસીને કહ્યું. "નામદાર, મારી વાત સાચી છે કે ખોટી તે પહેલાં તો અત્રે હાજર રહેલા હિસાબીઓને પૂછો. હજી તો આ

પાશેરામાં પહેલી પૂણી છે. એવા તો કંઇક ગોટાળા હું આપની સન્મુખ રજૂ કરવા માંગું છું."

ગાયકવાડે પોતાના મુખ્ય હિસાબી અમલદાર સામે જોયું. તેણે કહ્યું: "મહેતાની વાત સાચી લાગે છે. હાથીની ખરીદી થઇ છે કે નહિ એ શંકા પડતી વાત દેખાય છે."

માવજી મહેતાએ ટાપસી પૂરતાં કહ્યું. "સરકાર! આ હાથીના સંબંધમાં ખાત્રી કરવાની વાત તો સહેલી છે. હું ને દેશાઇ બંને અહીં રહીએ. આપ માણસ મોકલાવી કોઇને પૂછગાછ કર્યાં વિના માત્ર હાથી દાટ્યો હોય એ જગ્યા ખોદાવી જુઓ. હાથીની ચામડી સડી ગઇ હશે તો ય છેવટ તેનું હાડપીંજર તો નીકળશે જ અને જો એમ થાય તો દેશાઇ સાચા અને જો કંઇ ન નીકળે તો પછી મારી વાત ખરી માનજો." ખંડેરાવ ગાયકવાડે દેશાઇ સામે જોયું. એનું મુખ તદ્દન નિસ્તેજ બની ગયું અને સરકારને સવજીની આખી રમત સમજાઇ ગઈ. ચોર કોણ, શાહુકાર કોણ, રાજનો ખેરખાંહ કોણ ને બદખોર કોણ, એની એને પારખ પડી ગઇ.

"હાં, બહાર કોણ છે?" ખંડેરાવે ગર્જના કરી.

નમ્રતાપૂર્વક 'જી હજુર!' કહેતાં કેટલાક હજુરીઓ હાથ જોડી ખડા થઇ ગયા.

"સીપાઇઓ! આ દેશાઇને બાંધીને હાલ તુરત તુરંગમાં પૂરી દો અને કારભારી! તમે હમણાં જ અમરેલી લખી નાખો કે દેશાઇની તમામ મીલ્કત સરકાર હવાલે લઇ લ્યે."

"પણ નામદાર"—મહેતાએ અરજ કરવા શબ્દો ઉચ્ચાર્યા.

"મહેતા! તમારી સેવા માટે યોગ્ય કદર કરવાનું મારા ધ્યાનમાં જ છે."

"નામદાર સરકાર! આપનાં દર્શન અને દિલસોજીથી હું દોષમુક્ત થયો છું તેજ મારી કદર છે, એટલે મારે તે માટે હવે કંઇ કહેવાનું નથી."

"ત્યારે તમે શું કહેવા માગો છો?"

"દેશાઇ તરફ હજુરે દયાની નજરે જોવું જોઇએ."

"એટલે? તમે શું એમ કહેવા માગો છો કે દેશાઇ ગુન્હેગાર નથી?"

"ગુન્હાની તપાસ તો થઇ ચૂકી. હું તો માત્ર દયાની નજરે જોવા નમ્ર અરજ ગુજારું છું."

"કોની દયા? તમારા માટે જેણે સાચાં–ખોટાં બતાવી આટલાં વર્ષો તમને હેરાન કર્યાં તે દેશાઇને માટે?"

"હજુર સરકાર! હું હેરાન થયો તેથી તો મારી કસોટી થઈ છે. મારી અરજ એવી છે કે, શ્રીમંતની છડી ભોગવનાર એક સેવકને સરકાર અને અધિકારી મંડળ બરાબર ઓળખી લ્યે તેજ તેના માટે સજા છે. હજુરના ચરણે ઊભેલા માટે બીજી સજાની જરૂર નથી. શ્રીમંતના શ્રીમુખે તો દયાનાં જ દાન હોય."

"મહેતા! કાયદો સૌને માટે સરખો જ હોય છે. એટલે પુરવાર થયેલા અપરાધને જતો કરવો તે ગેરઇન્સાફ છે, છતાં તમારી અરજને ધ્યાનમાં લઇ સખ્તાઇ ઓછી થાય તેટલું ધ્યાન રહેશે."

× × ×

બરાબર અઢાર વર્ષ વીત્યા બાદ માવજી મહેતો માથેથી આળ ઉતારીને પાછા અમરેલીના વહીવટદાર તરીકે જતા હતા. ખંડેરાવ મહારાજની માનભરી ભેટ તરીકે છત્રી, મસાલ, ચમ્મર, છડી અને પાલખીના રજવાડી માન સાથે તેઓ આજે પીપરીયાને પાદર આવી પહોંચ્યા.

ગામમાં ખબર પડી કે તુરત કાળો ભીમાણી પાદરે આવ્યો. એક બીજાને ભેટ્યા અને હર્ષના આંસુ સાર્યાં. ત્યાંથી માવજી મહેતો હાથીયાવાળાના ગઢમાં ગયા. અઢાર વરસની દેશાઇની કનડગત અને કાવા કસુંબાના ખર્ચીએ એ કાઠીના એક વારનાં કેસરીયાં તેજ બુઝાવ્યાં હતાં. અરીણુનો બંધાણી વૃદ્ધ બનેલો હાથીઓવાળો ક્ષણે ક્ષણે ઝોલા ખાતો બેઠો હતો. માવજી મહેતો એના પગમાં પડયો અને બોલ્યોઃ "બાપુ! તમારા રૂડા પ્રતાપ!"

"ઇ કુણ છે બાપ!" હાથીયાવાળાએ બંધાણુના નીશાભર્યા અવાજે પૂછ્યું.

"બાપુ! એ તો દેશાઇની ધાડ વખતે તમે જેની આડે ઢાલ ધરી હતી તે હું માવજી."

"કોણ બાપ માવજી મેતો! આવ બાપ આવ!? છો તો સારોને? કાઠીને આંગણે આવે તેના આડા ઊભા રહેવું તે તો કાઠીનો ધરમ છે એમાં તે અમે શું મોથ મારી'તી બાપ? પણ મહેતા ઠીક આવ્યો! હવે કાયાનો ભરોસો નથી. ઓલ્યા દેસાઈએ દખ દેવામાં મણા રાખી નથી; પણ હવે તો દેહની મમતા મેલી છે. તો ઇ સવજી હાથમાં આવે તો તારું ને મારું ભેગું વેર લઉં એમ થાય છે."

"બાપુ! દેશાઇની કનડગતની સરકારે જ ખબરું લીધી છે, માટે એ વાત હવે ભૂલી જાવ. શ્રીમંત સરકારે સોરઠ સંભાળવા મને મોકલ્યો છે, તો બાપુ! તમારું બધું કરજ ગાયકવાડ ખમશે. ને સીમાડાની તકરાર તમારી જીભે પતાવીએ. ઊઠો, જ્યાં તમારો પગ ફરે એ જમીન ગાયકવાડને ન ખપે, પછી શું છે?"

આમ જૂના ઉપકારોનો બદલો વાળતો અમરેલીનો મહાલકારી માવજી મહેતો દોષમુક્ત થઇ પોતાને અસલ આસને પાછો બેઠો અને આ રીતે આખરે સત્યાસત્યનો ફેંસલો થયો.

માવજી મહેતાનો વહીવટદારી અમલ એટલે જૂની અને નવી પદ્ધતિનો સંધિકાળ. જૂના જમાનામાં રાજાઓ ગામો ઇજારે આપતા, ને ઇજારદારો ગામમાંથી ઉઘરાત લેતા. રાજા અને ખેડૂત વચ્ચેનો સંબંધ તો નામનો જ. અને રાજાઓને ઇજારદારની સાથે ઊઠબેસ હોવાથી પરિણામે એ પદ્ધતિમાં ખેડૂતો રેંસાતા ને ચૂંસાતા. એમનો કોઇ ધણીધોરી નહોતો.

માવજી મહેતાએ પોતાના અમલકાળમાં એ પદ્ધતિ બંધ કરી ખાલસા વહીવટ શરૂ કર્યો. ખેડૂતો પાસેથી રાજ સીધું જમેબંધી લે. વચમાં ઇજારદારની દલાલી નહિ. એમણે જાતે આખા અમરેલી પ્રાંતની આંકડાવારી તૈયાર કરી. ઇજારદારી યુગમાં અમરેલી પ્રાંતના પંચમહાલની કુલ ઉપજ અઢી લાખ બાબાશાહીની હતી તે આંકડાવારીના પરિણામે ખાલસા વહીવટથી માવજી મહેતાએ સત્તર લાખની કરી બતાવી. અને છતાં ય ખેડૂતો વધારે સુખી ને વધારે આબાદ થયા. ગામડાં તરતાં થયાં ને વેપાર ધંધા વધ્યા.

ખંડેરાવ મહારાજ આ કામથી ખૂબ ખુશી થયા અને માવજી મહેતાને ગોવિન્દપરૂં ગામ આપવાની વાત ચલાવી; પણ લેખ તૈયાર થાય તે પહેલાં વિધિએ નવા લેખ લખી નાંખ્યા. વળતે વરસે એટલે કે સં. ૧૯૨૬ના માગસર માસમાં ખંડેરાવ ગાયકવાડ સ્વર્ગસ્થ થયા. ને મહા માસમાં જાણે કે હારીકારી કરતો હોય એમ એનો આ એકલ ટેકી મહેતો એની પાછળ ચાલ્યો ગયો. પછી ખટપટ વધી. દેસાઇનું ફરી જોર જામ્યું. ને રાજકાજના નિત્ય નવીન રંગોમાં માવજી મહેતાની સેવાઓ ભૂલાઇ ગઇ. માવજી મહેતાના સ્મારક તરીકે રહી માત્ર એની યાદગીરી—એના કામનું પ્રત્યક્ષ પરિણામ. ઇજારદારી વહીવટનો અંત લાવનાર માવજી મહેતો ગયો ત્યારે ગાયકવાડને એક એકનિષ્ઠ સેવકની ખોટ પડી ને જૈન કોમે એક ભડવીર ખોયો.*

* રા. ગુણવંતરાય આચાર્ય.

# વાણિયાનો વટ્ટ

"પટેલ! આંવારી ઘોડી તાં અસાં ગરાસીએં વટ સોભે!" (પટેલ! તમારી ઘોડી તો અમો ગરાસીઆ પાસે શોભે.) કચ્છ-રતાડીઆના ઠાકોર આસારીઆજીએ ભુજપુરના કોરશી પટેલની વીજળી જેવી ઘોડી જોઈને યુક્તિપૂર્વક તેની માગણી કરી જોઈ.

"ધરબાર! ગરાસીઆ ચડી જાણેંતા, ને વાણીઆ કુરો નતા જાણેં?" (દરબાર! ગરાસીઆ ચડી જાણે છે, ને વાણીઆ શું નથી જાણતા?) નીડરતાના નમૂના જેવા કોરશી પટેલે ઠાકોરના પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં સામો પ્રશ્ન કર્યો.

"ઘોડીજી કિંમત આંકે ખપે ઈતરી ગિનજા! પોય કુરો?" (ઘોડીની કિંમત તમને જોઈએ તેટલી લેજો! પછી શું?) દરબાર પટેલના પ્રશ્નને ઉડાવી દઈને મુદ્દાની વાત પર આવ્યા.

"કોરીએંજો ભુખ્યો હી કોરશી ન વે ઠકકર! માંગા ધીયરેંજા સોભે, વઉરેંજા માંગા ન સોભે." (કોરીઓનો ભૂખ્યો આ કોરશી ન હોય ઠાકોર! માગાં દીકરીઓનાં શોભે, વહુઅરોનાં માગાં શોભે નહિં.) કોરશી પટેલે ઠાકોરની માગણીને મૂળમાંથી જ કાપી નાંખતાં કહ્યું.

"પટેલ! અસાંજી ગાલ ઉથલાયણી કડેંક ભારી પોંધી." (પટેલ! અમારી વાત ઉથલાવવી કોઈક વખત ભારે પડશે.) ઠાકોરે હવે ધમકીનો ઈલાજ અજમાવી જોયો.

"ભારી પોંધી ક હલકી, સે પોય ત્યારે ગિનબો." (ભારે

પડશે કે હલકી, તે પાછળથી જોઇ લેશું. ) કોરશી પટેલે નીડરતાપૂર્વક પોતાનો છેવટનો નિશ્ચય જણાવી દીધો અને તે જ ક્ષણે બંને જણ છૂટા પડયા.

× × ×

ઉપરોક્ત વાર્તાલાપ પછી કેટલોક સમય વ્યતીત થઇ ગયો.

'મારે તેની તલ્વાર અને બળીયાના બે ભાગ' એવો રા' રાયધણનો જમાનો કચ્છ પર જામેલો હતો.

ભુજપુરનો કોરશી પટેલ એટલે આગ્રહ અને એંટની જીવંત પ્રતિમા. જેટલો એ ધનાઢય હતો, એટલો જ અક્કડ અને એંટીલો હતો. ઉત્તમ કોટિનાં ઘોડાં ઉછેરવાનો અને અશ્વપરીક્ષાનો એને અત્યંત શોખ હતો. એના જેવા જ અટંકી એને ચાર પુત્રો હતા. દરેક પાસે કચ્છ–કાઠિયાવાડમાં ગોતી ન જડે એવી એકેક નમૂનેદાર ઘોડી હતી.

ભુજપુર ગામમાં કોરશી પટેલની હાક વાગે. આખી છ કોશીમાં એના નામનો ડંકો પડે.

કચ્છાધિપતિ મહારાઓ શ્રી રાયધણજી પોતે પણ કોરશી પટેલને કાકા કહી બોલાવતા. એનું મન દુભવતાં દેશ–ધણી પણ આંચકો ખાય, એવું એનું વ્યક્તિત્વ.

કંઇક આવશ્યક કાર્ય પ્રસંગે એક વખત કોરશી પટેલ રતાડીઆ જઇ ચડ્યો. આ વાતની રતાડીઆ–ઠાકોર આસારીઆજીને જાણ થઇ. કોરશી પટેલ સાથેનો કડવો વાર્તાલાપ એના અંતરમાં તાજો જ ખટકી રહ્યો હતો. અભિમાની કોરશી પટેલનું અભિમાન ઉતારી નાખવાની કયારે તક આવે, તેની એ ઉત્કંઠિત હૃદયે રાહ જોઈ રહ્યો હતો. જેને માટે તે રાતદિવસ ઝંખતો હતો તે વ્યક્તિનો આજે અચાનક ભેટો થવાનો પ્રસંગ આવી પહોંચેલો હોવાથી,

દરબારના આનંદનો પાર રહ્યો નહિ. બગાસું ખાતાં મુખની અંદર અનાયાસે આવી પડેલો સાકરનો ગાંગડો ચાવી જવાની એને ઇચ્છા થઇ આવી. " અણીજો ચુકયો સો વરે જિયે " અર્થાત્ અણીનો ચૂકેલો સો વરસ જીવે—એ સૂત્રે દરબારના અંતરમાં ઘર કર્યું. આજે અકસ્માત્ આવી મળેલી આ સુંદર તક એળે જવા ન દેવી એવો એણે પોતાના મનની અંદર દઢ નિશ્ચય કરી લીધો.

આ સમયે સમસ્ત દેશમાં કોઇની સત્તા પર ખાસ અંકુશ ન હતો. જેનાથી જેવો ડંડો બજાવાય તેવો તે બજાવી શકતો. નિરંકુશ સત્તાનું સામ્રાજ્ય ચારે બાજુ વ્યાપી રહ્યું હતું.

રતાડીઆના દરબારે પોતાની એકહથ્થુ સત્તાને આધારે કોરશીં પટેલને પરહેજ કરી લીધો. પ્રતાપી પટેલ આજે ઠાકોરનો બાન* બન્યો. ઠાકોરે પટેલની જૂની વાતની યાદ આપતાં જણાવ્યું કે " પટેલ, ઘોડી તાં હાણેં ઘણેં મોંઘી પોંધી. હાણેં તાં કોહીઉં પંજ હજાર કઢંધા, તડેં જ છુટંધા." (અર્થાત્ પટેલ, ઘોડી હવે બહુ મોંઘી પડશે, હવે તો કોરી પાંચ હજાર કાઢશો ત્યારે જ છૂટી શકશો.)

'વાણિયા મૂછ નીચી તો સાત વાર નીચી ' એવું કહેનારો આ કોરશીં પટેલ ન હતો. વણિક શૌર્યનાં તેજ પણ એ સમયે હણાયલાં ન હતાં. એ વખતના વાણિયા પણ કંઇ અજબ શૌર્ય ધરાવતા. કાતરાથી ભરપૂર ભરાવદાર ચહેરો, તેજસ્વી આંખો, કડાં–બોરવાળા ચોરણા પર લાંબી લટકતી ભેઠ, ઉપર કમાનદાર કેડિયું, પેચદાર કચ્છીવટ વાળી પાઘડી, કમર પર ઝુલતી તલ્વાર અને ચડવાને પવન–વેગી ઘોડી. એવા વીર વણિકોનો પણ કચ્છ ધરા પર પાર ન હતો એટલું જ નહિ પણ જેનાં ચારે તરફ ધાડાં ચડે, અને દુશ્મનની સાથે સામી છાતીએ લડે, એવા વણિકો પણ અનેક

* પૈસા પડાવવાની ખાતર કોઈને પકડીને રોકી રાખવો તે.

હતાં.+ કોરશીં પટેલમાં પણ શૌર્ય અને આગ્રહના સંસ્કાર ગર્ભમાંથી જ ઉતરેલા હતા.

'બરૂકેજી બાયડી, અને ધીંગેજી ધરા.' અર્થાત્ બળવાળાની બૈરી, અને ધીંગાની ધરણી એવા અવ્યવસ્થિત બાર ભાયા કચ્છ રાજ્યમાં પણ ભુજપુર અણીશુદ્ધ અને અખંડ રહેલું હોય, તો તે કોરશીં પટેલનો જ પ્રતાપ હતો.

આવા કોરશીં પટેલને રતાડીઆ જાગીરદારે પોતાના આપખુદ અમલથી હવાલતમાં લઇ લીધો. બહાદુર કોરશીં પટેલ ઠાકોરનો બંદીવાન-બાન બન્યો.

રતાડીઆ-દરબારને એક પણ કોરી ન આપવાનો તેણે પોતાના મન સાથે અડગ નિશ્ચય કરી લીધો. એટલું જ નહિ પણ આ વેર કોઇ ને કોઇ વાર વ્યાજ સહિત વસુલ કરવાની તેના અંતરમાં અત્યંત ઉગ્ર અભિલાષા જાગી ઊઠી. કેદી બનેલો કોરશીં પટેલ રાત-દિન આવા વિચારો અને યોજના યોજવામાં મશગૂલ રહેવા લાગ્યો.

× × ×

"કૉ પટેલ ! હાણે ઘોડી ડીણીં આય, ક કોર્યું ડીણ્યું અઈ ? ક જીણું-મરણું રતાડીએ મેં જ આય ?" (કેમ પટેલ ! હવે ઘોડી દેવી છે કે કોરીઓ દેવી છે ? કે જીવવું-મરવું રતાડીઆમાં જ છે.) રતાડીઆના દરબારે ઉપરોક્ત ત્રણ રસ્તામાંથી કયો રસ્તો પસંદ છે તે એક દિવસ કેદી કોરશીં પટેલને પૂછી જોયું.

"ઠક્કર ! ઘોડયું પણ જુડન્યું, ને કોરીઉં પણ જુડન્યું. પણ પણ રતાડીએ મિંજા બાર થીઆં તડેં. હેવર કીં ન." (ઠાકોર,

---

+ કચ્છમાં કેટલાક વણિકો આજ પણ તરવારીઆની ઓળખથી ઓળખાય છે.

ઘોડીઓ પણ મળશે, અને કોરીઓ પણ મળશે, પણ રતાડીઆમાંથી હું બહાર થાઉં ત્યારે. હમણાં કંઈ નહિ.) પટેલે નીડરતાથી ઉત્તર આપતાં જણાવ્યું.

" રતાડીએ મિંજા બાર કઢંધલ તાં હાણે મિડે મરીવ્યા પટેલ !" (રતાડીઆમાંથી બહાર કાઢનારા તો હવે બધા મરી ગયા પટેલ !) ઠાકોરે મૂછને વળ દેતાં અકડાઈથી જણાવ્યું.

" મરીવ્યા હુંધા, સે પણ કડેંક જીરા થીંધા, ઠક્કર ! અને આંઈ પણ જાધ રાખજા, જે તેની આંવારી હી ગઢડી છણાય ને તેં મેં હર હલાઈયાં, ત જ આંઉં વાણિયું સચો.' (મરી ગયા હશે, તે પણ કોઈક દિવસ જીવતા થશે ઠાકોર ! અને તમે પણ યાદ રાખજો, કે ત્યારે તમારી આ ગઢડી પડાવીને તેમાં હળ ચલાવું, તો જ હું વાણિયો સાચો.) કોરશી પટેલે આંખ લાલ કરીને જવાબ આપ્યો.

" મોં જા લડુ ખ્યો મોં જા. બાકી છુટંધા તાં હાણેં મસાણમેં કોરશીં શા !" (મોંના લાડુ ખાઓ મોંના. બાકી છૂટશો તો હવે સ્મશાનમાં કોરશી શાહ !) ઠાકોરે પટેલની વાત મશ્કરીમાં ઉડાવી દેતાં કહ્યું.

" મસાણમેં તાં પાણુ મિડે છુટંધાસીં ધરબાર ! હી તાં જીરેં જયું ગાલ્યું અઈ; જીરા હૂંધા સી; ત ડિસંધાસીં." (સ્મશાનમાં તો આપણે બધા છૂટશું, દરબાર ! આ તો જીવતાની વાતો છે. જીવતા હોઈશું તો જોઈશું.) પટેલે પોતાની મૂળ વાતને પાણી આપતાં કહ્યું.

" તડેં ઓછા મ ઉતરજા પટેલ !" (અર્થાત્ ત્યારે ઓછા ન ઉતરજો પટેલ !) ઠાકોરે જતાં જતાં ગુસ્સામાં જણાવ્યું.

" ઓછા તાં આંઈ ઉતર્યાં હુંધા, તેડા અસીં ઉતરંધાસીં "

(ઓછા તો તમે ઉતર્યાં હશો, તેવા અમે ઉતરશું.) પાછા ફરેલા ઠાકોર પર કોરશીં પટેલે ફરીથી શબ્દ-બાણુનો ઘા કર્યો.

કોરશીં પટેલ પોતાની એક અટલ એંટની ખાતર ફના થઇ જવા સુદ્ધાં તૈયાર હતો, પરંતુ હાલમાં તો તે બંધીવાન હાલતમાં હોવાથી, સર્વ પ્રકારે લાઇલાજ હતો. આભને થંભ ભરાવે, એવા કોરશીં શાહને આજે રતાડીઆ-દરબારની પકડમાંથી છોડાવે એવો કોઇ ન હતો.

તે દિવસથી કોરશીં પટેલ પર સખ્ત જાપ્તો અને ખડો પહેરો ચાલુ થઇ ગયો. ખાવું, પીવું, ઊઠવું, બેસવું-બધું એક જ કોટડીમાં માત્ર જ્યારે જંગલ જવું હોય ત્યારે જ ગામ બહાર જાય, અને તે પણ હાથે બાંધેલું દોરડું પકડીને બંને બાજુએ ચાલતા બે પહેરેગીરોના પહેરા હેઠળ.

આમ ને આમ કેટલોક વધુ સમય વ્યતીત થઇ ગયો. ન તો કોરશીં પટેલ તેને કોરી પાંચ હજાર આપે કે ન તો રતાડીઆનો ધણી તેને મુક્ત કરે. ન આ નમે, ન એ નમે.

એક દિવસ સંધ્યા સમયે કોરશીં પટેલને દિશાએ જવાની ખણુસ થતાં ચોકીદારો તેને ગામ બહાર લઇ ગયા.

એક વોકળાની તડ નીચે કોરશીં પટેલ કળશીએ બેઠો. દોરડાનો એક છેડો તેને હાથે બાંધેલો છે, અને બીજો છેડો પોતાના હાથમાં પકડીને ચોકીદારો એક ભેખડ પર વાતો કરતા બેઠા છે.

કોરશીં પટેલ બરાબર સમય સાધીને જ બહાર નીકળ્યો હતો. સંધ્યા સમયની સુંદર તકનો સુંદર ઉપયોગ કરી લેવાનું આજ એણે પ્રથમથી જ નક્કી કરી લીધું હતું.

એક હાથે બાંધેલું દોરડું બીજા હાથે છોડીને, તે તેણે પાસે

ઉભેલા એક આકડાની ડાળીમાં બાંધી દીધું, અને તરત પોતે વોક-ળાની નીચે નીચે થઇને ચાલાકીથી છટકી ગયો. ભુજનું નિશાન બાંધીને, તે તરફ તે ઉતાવળો ઉતાવળો આડે માર્ગે ઉપડી ચૂક્યો.

ચોકીદારો તો સંધ્યાની રમણીય શાન્તિમાં વાતોના તડાકા મારવામાં તલ્લીન બન્યા હતા—પોતપોતાના બાપ—દાદાની બહાદુરી-નાં બણુગાં ફૂંકવામાં એ લોકો એવા તો મશગૂલ બની બેઠા હતા કે કેટલો વખત પસાર થઈ ગયો, તેનું તેમને લેશ માત્ર ભાન રહ્યું નહિ. બંદીવાનના હાથ મજબૂત દોરડાવડે જકડાએલા હોઇને તેમને હૈડે નિરાંત હતી. વળી ગમે તેમ તો પણ કેદી એક વાણીઓ હોવાથી, અને સમય સંધ્યાનો હોવાથી કેદીના સંબંધમાં કંઇ ખાસ કાળજી કર-વાપણું પણ તેમના મનમાં ન હતું.

દાદા—પરદાદાના દિવસોની વાતોનો મહામુશ્કેલીએ અંત આવતાં તેમને માલૂમ પડ્યું, કે સમય તો ઘણો વ્યતીત થઈ ગયો છે, હજુ કેદી કેમ ઊઠ્યો નહિ હોય, એવી શંકા આવતાં તેમણે પોતાના હાથમાંની દોરડી ખેંચી જોઇ તો તે બરાબર બાંધેલી જ હોય એમ જણાયું, પરંતુ એ દોરડી બંદીવાનને બદલે એક આક-ડાના થડમાં બાંધેલી છે, એવી એ લોકોને ક્યાંથી ખબર? વળી પોતે અફીણના અઠંગ બંધાણી હોવાથી કોરશી પટેલને કળશીએ બેસતાં વધુ વખત લાગે, તો તેથી તેમને કંઇ નવાઇ લાગે એમ ન હતું. તો પણ હાથમાંની દોરડી ફરીથી ખેંચીને, કેદીને હવે તરત ઊઠવા તેમણે તાકીદ કરી.

વળી જરા વધારે વખત વાટ જોઈ, પરંતુ કેદી તો હજુએ ઊઠ્યો નહિ. પટેલને હાજર સમજી તેમણે તેને એક વાર ફરીથી જરા વધુ આકરી વાણીથી ધમકાવવા માંડ્યો.

પટેલ તો હમણાં આકડો હતો. અને આવી ધમકીઓથી એ આકડો પટેલ ડરી જાય એવું પણ ઓછું જ હતું !

"ભલા મરી ગ્યો આય કુરો ?" (ભલા, મરી ગયો છે. કે શું ?) ચોકીદારોની શંકાની શરૂઆત થવા માંડી.

સૂર્યદેવ ડુબતા હતા ત્યારે આ લોકો અહીં આવેલા, પરંતુ હવે તો સમસ્ત વિશ્વ અંધકારે વીટળાઇ વળેલું છતાં કોરશીં પટેલ તો કળશીએથી ન ઊઠ્યો તે ન જ ઊઠ્યો. હવે તેમની ધીરજ ખૂટવા માંડી. પટેલને ગાળો ભાંડતા તે વોકળાના તડ પર ચાલી આવ્યા, પરંતુ ત્યાં તો તેમની અનહદ અજાયબી અને ભોંઠપ વચ્ચે કોરશીં પટેલને બદલે નીકળ્યો આકડો પટેલ.

આકડાની ડાળીમાં બાંધેલી દોરી જોઇને કોરશીં પટેલની કરામત તેઓ કળી ગયા. તેમના પેટમાં એકાએક ફાળ પડી. કોરશીં પટેલને શોધવા માટે તેમણે આજુબાજુના પ્રદેશમાં નિરર્થક દોડાદોડ કરી મૂકી પરંતુ તેમાં તેમને તદ્દન નિષ્ફળતા પ્રાપ્ત થતાં, નિરાશ થઇ થરથરતે પગલે ગામમાં આવ્યા, અને સઘળી હકીકત જાહેર કરી દીધી.

આ અતિ ભયંકર અને ભડકાવનારા વર્તમાન શ્રવણ કરતાં, ઠાકોરને તો આભ ફાટી પડવા જેવું થયું. કૃષ્ણ પક્ષની રાત હતી. ચારે તરફ પ્રગાઢ અંધકાર છવાઇ રહ્યો હતો. કોરશીં પટેલ છૂટે, અને બાંડો કરેલો સાપ છૂટે, એ બંને તેને મન સરખું હતું. મહા મુશીબતે હાથમાં આવેલો શિકાર સલામત છટકી ગએલો હોવાથી રતાડીઆના દરબાર ગુસ્સાથી રાતાચોળ બની ગયા હતા. તરત જ કોરશીં પટેલને પાતાળમાંથી પણ પકડી પાડવાના જહાંગીર હુકમો નીકળી ચૂક્યા.

અંધારી રાતે મોટી મોટી મશાલો સળગાવીને પગીઓ, સિપાઇઓ અને ઘોડેસ્વારોએ ચારે તરફ શોધાશોધ કરી મૂકી. પરંતુ 'શોધનારની સો વાટ અને ન્હાસનારની એક.' એ સૂત્રાનુસાર કોરશી પટેલ કોઇ રીતે હાથ આવ્યો નહિ. ચાલાક પટેલ સૌની આંખો આંજીને ધોળી ધરાર છટકી ગયો હતો. એણે રસ્તો પણ આડો અને ઓજાગડ લીધેલો હોવાથી, પગીઓએ અનેક ઓવાડો* નાખતાં છતાં પટેલનો પગ ન નીકળ્યો તે ન જ નીકળ્યો. ચોર હાથમાં આવવાને બદલે સળગતી મશાલો જ સૌના હાથમાં રહી ગઇ. મધરાત પછી બધા વીલે મોઢે પાછા ફર્યા. ઝેરી નાગ જેવો કોરશી પટેલ હવે કોણ જાણે શું કરશે? તેની ધાસ્તી દરબારનું હૈયું ઘડી ઘડી ધડકાવવા લાગી.

× × ×

વિક્રમ સંવત ૧૮૪૨ની સાલ હતી. મહારાવ શ્રી રાયધણજી બીજા ભુજનગરની રાજગાદી પર બિરાજમાન હતા. દૂર દૂરથી આવતા બાર ભાઇયા રાજનાં અને અવ્યવસ્થાનાં પગલાં સાફ સાફ સંભળાઇ રહ્યાં હતાં. સારાએ દેશમાં આંધી અને અરાજકતા પ્રસરવાની શરૂઆત થવા માંડી હતી.

મહારાવ શ્રી રાયધણજી સવારમાં કચેરી ભરીને બેઠા છે. તોફાને ચડેલા અરાજકતાના મહાસાગરમાં ડોલમડોલ અને ડબક ડોઇયાં થતા કચ્છના તુંબડાને થાળે પાડવા માટે કંઇ કંઇ ચર્ચાઓ ચાલી રહેલી હતી. એટલામાં આખી કચેરીની નજર, દૂરથી આવતી એક વિલક્ષણ વ્યક્તિ પર ચોંટી. દેખાવ, સૌને અજાયબીમાં ગર-

*અટકી પડેલા પગને ફરી ચાલુ કરવા પગી લોકો ગાઉ બબ્બે ગાઉમાં ચારે બાજુ પગને જોવા માટે ફરી વળે તે.

કાવ કરી દેવા માટે પૂરતો હતો. આવનાર વ્યક્તિના મસ્તક પર એક સગડી મૂકેલી હતી. સગડીમાં તેલ અને કપાસીઆ સળગાવીને એક મોટો ભડકો કરવામાં આવ્યો હતો. આગંતુક વ્યક્તિ વધુ ને વધુ નજદીક આવતી જતી હતી. સૌની દૃષ્ટિએ એકીટસે એના પર મીટ માંડી હતી. પ્રભાતના પહોરમાં ધોળા દિવસે માથા પર બળતી સગડી લઇ આવનારો આ માથાનો ફરેલ માણસ અન્ય કોઇ નહિ પરંતુ રતાડીઆ દરબારને હમણાં જ રમાડી આવેલો કોરશીં પટેલ પોતે હતો.

કોરશીં પટેલ સમાન ડહાપણના દરીઆવને આવા આચારે આવતો જોઇને, રાઓશ્રી રાયધણજી પોતે પણ અતિ વિસ્મય પામ્યા. પંચમાં પુછાય એવો એક બાહોશ માણસ આવો એક વિચિત્ર વેશ કાઢી આવે એનો અર્થ શો ?

આખી કચેરી કોરશીં પટલને જોઇને જાણે જડ બની ગઇ–થંભી ગઇ.

કોઇ કહે, કે પટેલ લુંટાઇ ગયો લાગે છે, અને કોઇ કહે, કે પટેલ ગાંડો બની ગયો જણાય છે. વળી કોઇએ કહ્યું કે એ તો ડાહ્યાઓને પણ ગાંડા બનાવી મૂકે એવો ડહાપણનો ભંડાર છે.આમ સૌ કોઇ વગર પૂછ્યે પોતપોતાના અભિપ્રાય વ્યક્ત કરવા લાગ્યા. હવે કેવો રંગ નીકળે છે તે જોવાને આખી કચેરી આતુર બની બેઠી.

" પટેલ ! હા વરી કુરો પાખંઢ કયાં ? " ( પટેલ આ વળી શા પાખંડ કર્યાં ? ) રાવશ્રી રાયધણજીએ કોરશીં પટેલનો અતિ વિચિત્ર વેશ નિહાળીને સહસા પ્રશ્ન કર્યો.

" બાવા ! આં જે રાજમેં અંધારો આય સે સાઓ તો કરીઆં. " ( બાવા ! તમારા રાજમાં અંધારું છે તે અજવાળું કરું છું. ) કોરશીં પટેલે કળાપૂર્વક માર્મિક ઉત્તર આપ્યો.

" પણુ એડો આય કુરો, સે ચો તાં ખરા." (પણ એવું છે શું, તે કહો તો ખરા.)

" બ્યો કીં ન અન્નદાતા ! હિકડી ગાલ પુછણી આય." (બીજું કંઇ નહિ અન્નદાતા, એક વાત પૂછવી છે.)

" પુછો, કુરો ગાલ પુછો તો ?" (પૂછો શી વાત પૂછો છો ?)

" ગાલ ઇતરી, જે કચ્છ આંજે ઘરેં આય ક રતાડીએ વારેં જે ?" (વાત એટલી કે કચ્છ તમાર ઘેર છે કે રતાડીઆવાળાને ?)

" પણ તેજો કુરો આય કાકા, કુછો તાં ખરા ?" (પણ તેનું શું છે કાકા, કહો તો ખરા !)

કોરશીં પટેલે હવે પહેલેથી છેલ્લે સુધી તમામ હકીકત રાઓશ્રી પાસે રજૂ કરી. વિશેષમાં ઉમેર્યું કે "જ્યાં સુધી રતાડીઆનો ગઢ પાડીને તેમાં હળ ચલાવું નહિ, ત્યાં સુધી અન્ન અગ્રાહ્ય છે."

કોરશીં પટેલની કષ્ટ–કથા સાંભળતાં રા' રાયધણનો ક્રોધાગ્નિ એકદમ ભભૂકી ઊઠ્યો. જોર અને જુલ્મની વ્યાપક સત્તા કચ્છમાં સર્વત્ર ફેલાતી અને જામતી જતી જોઇને, રા' રાયધણનું હૃદય અકળાઇ ઊઠયું. પટેલની પ્રતિજ્ઞાને પરિપૂર્ણ કરવા તથા કચ્છ પર અંધાધુંધીની આવતી આંધીને અટકાવી દેવા કટિબદ્ધ બનેલા રાઓશ્રી રાયધણજીએ જાતે એક મોટા સૈન્ય સાથે રતાડીઆ પર ચડી જવા તૈયારી કરવા માંડી.

ભુજથી છૂટીને પહેલી જ ચોટે લશ્કર બેરાજા ગામે આવી પહોંચ્યું. બેરાજાથી સારા ભોમીઆને સાથે લેવામાં આવ્યા અને બીજે દિવસે ફોજ ફરી ઉપડી ચૂકી. રતાડીઆના કિલ્લા પર તાંસીરો*

* દારૂ–ગોળાથી કરેલો સખ્ત હુમલો.

ચલાવવા માટે સાથે લીધેલી જમ્બરજંગ તોપો–જંજાલો આદિ વિશાળ લશ્કરી સરંજામ સાથે ભુજના ભડવીર સરદારોનો જંગી કાફલો રતાડીઆને રસ્તે ચાલવા લાગ્યો.

રતાડીઆના પાદરે રા' રાયધણના રણવીરોએ પડાવ કર્યો. રણભૂમિનો રણડંકો ઘનઘોર મેઘ–ગર્જના સમો ગડગડી રહ્યો. એક બાજુ કિલ્લા નીચે સુરંગો ઠોકાવા લાગી. બીજી તરફ તોપોના ગુલમદારોએ તોપોના મોરચા કિલ્લા પર ગોઠવવા માંડ્યા. કાન પર જામગરી પડતાં જ તોપો ધડાધડ ફૂટવા માંડી. ધરણીને ધ્રુજાવી મૂકે એવા ગુડુડુડુ કરતા ભયંકર ધ્વનિવડે વાતાવરણ ઘેરાઇ ગયું. દારૂ–ગોળાના ધૂમાડાનો અઘોર અંધકાર ચારે તરફ છવાઇ ગયો.

" પહાડાં પછાડે, અરિયાં ઉડાડે,
ગઢાં બ્હોત ગાડે,
મહાજોરવાળી–મહાજોરવાળી. "

આવી ધીંગી તોપોના ધણધણાટથી જમીન કંપવા લાગી. રતાડીઆનો કિલ્લો ધ્રુજવા વાગ્યો. ઘેર ઘેર ભય અને ગભરાટનું વાતાવરણ ફરી વળ્યું. લોકો જાનમાલના રક્ષણ માટે કંઇક રસ્તો કાઢવા રતાડીઆ–દરબારને વિનવવા લાગ્યા. દરબાર મુંઝાઇ પડ્યા.

× × ×

ભુજથી રાઓશ્રીના સૈન્ય સાથે વારૂ ચારણ નામે એક પ્રખ્યાત કવિ આવેલો હતો. રણભૂમિમાં રણવીરો પર શૌર્યનાં પાણી કાઢવા માટે હમેશાં લશ્કર સાથે આવા તેજસ્વી બાનીના કવિઓને રાખવામાં આવતા. કવિઓ સમરભૂમિમાં ખાસ અગત્યનો ભાગ ભજવતા. યુદ્ધમાં ઝઝુમતા નરવીરો પર નવું પાણી ચડાવવાની આ લોકોની શક્તિ અજબ હતી. એમનો એક શબ્દ શૌર્યનાં ઓસરી ગએલાં પૂરને પાછાં આણી શકતો. એમની એક કવિતા

લાખોના લશ્કરમાં નવું જીવન રેડી શકતી. આ કારણથી એ સમયે રણસંગ્રામમાં કવિઓની અગત્ય અનિવાર્ય હતી.

વારૂ બારોટ એક વિખ્યાત કાવ્યકાર હતો. એટલું જ નહિ પણ રાજકારણના ભેદ પણ સારી રીતે સમજી શકે એવી એનામાં ડહાપણભરેલી બુદ્ધિ હતી. તે શૂરવીર પણ હતો, અને સુલેહ–શાન્તિનો ચાહક પણ હતો. એક નજીવા કારણને માટે આખું ગામ આવી રીતે તારાજ અને પાયમાલ બની જાય, એ વાત એના મનમાં કાંટાની પેઠે ખૂંચતી હતી–ખટકતી હતી. એણે પોતાની મનોભાવના યુક્તિપૂર્વક રાઓશ્રી સમક્ષ રજૂ કરી.

વારૂ બારોટની વાક્–છટાપૂર્ણ વાણીએ રાઓશ્રીના હૃદયના ક્રોધાગ્નિ પર શીતલ જલ સમાન અસર કરી. એકના કારણે અનેક નિર્દોષોનો ઘાણ નીકળી જાય, એ પાડાને વાંકે પખાલીને ડામ દેવા જેવું જ થતું હતું. આ વસ્તુ એણે રાઓશ્રી રાયધણજીના અંતર પર ઠીક કરીને ઠસાવી દીધી. આટલી સફળતા પ્રાપ્ત કર્યા પછી, વારૂ બારોટે એક નવી યોજના ઘડી. રાઓશ્રીની રજા લઇને વિષ્ટિની વાતચીત ચલાવવા માટે તે રતાડીઆ ઠાકોર પાસે પહોંચી ગયો, અને 'વા તેવી પુંઠ દેવી' તેને સમજાવ્યું.

ઠાકોરના મનમાં પણ અનેક વિચારો અને ગભરામણની ઘટ–માળ ચાલતી હતી. બળિયા સાથે બાથ ભીડવામાં સલામતી નથી, એ વાત હવે ઠાકોર સાહેબને વહેલી જ સમજાઇ ગઇ હતી. કયાં સમસ્ત કચ્છ–ધરણીનો ધણી, અને કયાં એક નાનકડો જાગીરદાર!

વારૂ બારોટ પોતાની અપૂર્વ બુદ્ધિ–ચાતુરી અને કાર્યદક્ષતાથી સુલેહ સાચવવામાં સફળ થયો. રતાડીઆ દરબારે તેની સર્વ શરતો સ્વીકારી લીધી અને પોતાના આપ્તવર્ગ સાથે, તે દરબારી છાવણી તરફ ચાલવા લાગ્યો.

રતાડીઆ-ઠાકોર ચાલી-ચલાવીને આવે છે, એ સાંભળીને રાઓશ્રીની પ્રસન્નતાનો પાર રહ્યો નહિ. ગામ પર ઘેરાઇ રહેલું ભયંકર વાદળ ઉતરી જાય છે, એ જાણી સૌને આનંદ થયો.

× × ×

આ સમયે એક વિચિત્ર ઘટના બની.

રતાડીઆના ગઢની બજીરી* પર એક જુવાન ખવાસ બેઠેલો હતો. વિષ્ટિની ચાલતી વાતચીતથી તે સદંતર અજ્ઞાન હતો. કિલ્લાની બજીરી ઉપરથી દરબારી લશ્કર પર એકાદ બંદૂક ફોડવાની તેને ઉમેદ થઇ આવી. પોતાના અંતરમાં એકાએક જાગી ઊઠેલી આ અભિલાષને તેણે તે જ વખતે અમલમાં મૂકી. એક મોટી બંદૂકને તેણે ઠીક કરીને ઠાંસી લીધી. અંદર ગોળી ભરી, તેણે તે દરબારી છાવણી તરફ તાકી અને તરત જ દાગી લીધી.

ખવાસે ગઢ પરથી છોડેલી બંદૂકની ગોળી સનનન્ કરતી છૂટી, અને દરબારી લશ્કરના બાબુરામ નામના એક જમાદારને વીંધીને ચાલી ગઇ. જમાદારના પ્રાણ તે જ ઘડીએ પરવારી ગયા.

આખા લશ્કરમાં ભયંકર ખળભળાટ મચી રહ્યો. સૌ કોઇ પોતપોતાના હથિયાર સંભાળવા લાગ્યા.

બાબુરામ જમાદારનો ભત્રીજો જે એ જ લશ્કરમાં હતો, તેના મનમાં એવો વહેમ ઠસાઇ ગયો કે આ કાવતરાનો રચનાર અન્ય કોઇ નહિ પણ બારોટ જ છે.

આ માણસે એ વાત તરત જ રાઓશ્રી પાસે રજૂ કરી.

---

*કિલ્લાની દિવાલમાં અંતરે અંતરે આવેલા ગોળ આકારના ઘેરાવાવાળા કોઠા કહેવાય અને ચોરસ આકારની બજીરી કહેવાય.

વિશ્વાસઘાતી વારૂ ચારણુને પહેલી જ તકે ઠાર કરવાની તેણે રાઓશ્રી પાસે આજ્ઞા માગી.

રાઓશ્રી રાયધણજી કોઇ પણ નિર્ણય કરવામાં અને તેને ફેરવી નાખવામાં અત્યંત ઉતાવળા હતા. વારૂ ચારણુની વફાદારી વિષે એમના મનમાં પણ વહેમ પડ્યો. આવા બેવફા માણુસોને દુનિયાના પટ પરથી દૂર કરી નાખવાનો તરત જ તેમણે નિશ્ચય બાંધી લીધો. વારૂ ચારણુને ઠાર કરવાની પરવાનગી મળી ગઇ.

સુસવાટ કરતી ગોળી છૂટી, અને બેખબર વારૂ બારોટનું કપાળ વીંધીને તેની આરપાર નીકળી ગઇ.

નિર્દોષ સરસ્વતી-પુત્ર ધબ દેતો જમીન પર ઢળી પડ્યો.

વારૂ બારોટ એક ખરેખરો રાજભક્ત અને શીઘ્ર કવિ હતો. પડતાં પડતાં તેના અંતરમાંથી એક અમૂલ્ય ઉદ્ગાર બહાર પાડ્યો:—

દુહો

કટક કેઓ કાછે ધણી, રતાડીએ તેં રા;
સરગ સિધાયો વાનરો, વારૂ રામ હથા.

**ભાવાર્થ**—કચ્છાધિપતિએ રતાડીઆ ગામ પર લશ્કરી ચડાઇ કરી, અને રાઓશ્રી રૂપ રામના હાથે વારૂ રૂપ વાલી વાનર સ્વર્ગે સીધાવ્યો.

વારૂ બારોટની રાજભક્તિ અને વફાદારી કેટલી નિર્મળ હતી, તે જાણી લેવાને આ એક જ દુહો બસ છે. વાલી વાનર જે રીતે રામચંદ્રજીના પવિત્ર હસ્તે સ્વર્ગવાસી થયા, તે જ ઉપમા પોતાના મૃત્યુ માટે જોડીને, સ્વામિ-ભક્તિની એણે પરાકાષ્ઠા બતાવી.

વારૂ બારોટ તદ્દન નિર્દોષ હતો, એ વાતની જ્યારે રાઓશ્રીને

જાણ થઇ ત્યારે તેમને પણ અનહદ અફસોસ થયો. એક બેગુનાહ ચારણ-પુત્રને કંઇ પણ પૂછયા-ગાછયા વિના એક જ હુકમે ઠાર કરાવી નાખવાની પોતાની ઉતાવળી બુદ્ધિ માટે એમને પાછળથી અતિશય ખેદ થયો. ઉતાવળે કરેલાં કાર્યોનો હમેશાં નિરાંતે અફસોસ કરવાનો રહે છે.

વારૂ બારોટનો આવા દુઃખકારક અને અકાળ અવસાન પછી પણ સુલેહ તો થવાની જ હતી અને તે થઇ. રતાડીઆ-દરબારે રાઓશ્રીની તમામ શરતો સ્વીકારી લીધી. કોરશી પટેલની ભીષણ પ્રતિજ્ઞા પણ પૂર્ણ થઇ. વારૂ બારોટની દીર્ઘ દૃષ્ટિ અને કુનેહથી રતાડીઆ ગામ તોપને ગોળે ઉડી જતું અટકી ગયું.

ફતેહમંદ બનેલું દરબારી લશ્કર વિજય-ધ્વજ સાથે પાછું ફર્યું. કચ્છમાં ફૂદકે ને ભૂસ્કે ફૂદતી આવતી અરાજકતાને એક શિકસ્ત આપીને, રાઓશ્રીનું હૃદય ઘડીભર આત્મ-સંતોષ અનુભવી રહ્યું, પરંતુ કચ્છમાં એક ભયંકર આંધી અને અંધાધુંધીનાં તરત જ પડવાનાં પગલાં કુદરતે મંજુર કરેલાં હતાં. અને કુદરતના અબાધિત કાયદાને અટકાવવાનાં પામર માનવનાં શાં ગજાં ?

# સરકારી સરાફ

"મિ. મહેતા! તમે લોકોને મુંબઇ સાથે પૈસા મોકલવા-મંગાવવા માટે કાઠિયાવાડમાં બેન્કની સગવડ છે કે?" ફક્ત એક જ સૈકા પહેલાંની સવારે માણેકવાડાના પાદરમાં તંબુઓથી કામ-ચલાઉ બંધાએલ નવા જ સરકારી કેમ્પના રાજશાહી તંબુમાં આરામ-ખુરશી પર પડેલ કેપ્ટન બાર્નવેલે ચીરૂટ પીતાં પીતાં પાસે બેઠેલ ગાયકવાડી મુલ્કીદાર માવજી મહેતાને પ્રશ્ન કર્યો.

"બેન્કનું શું કામ છે?" માવજી મહેતાએ વાતનો હેતુ જાણવા સામો પ્રશ્ન કર્યો.

"બેન્ક તે બીજા શું કામમાં આવે? એટલી યે ખબર નથી મિ. મહેતા? પણ હા...સમજ્યો. તમારા કાઠિયાવાડને દોઢસો વર્ષે નામદાર કંપની સરકારનો હજી હમણાં જ લાભ મળ્યો છે, એટલે દુનિયા સાથેના વેપાર-વહેવારની તમારા ખૂણે પડેલા મુલકને ક્યાંથી ખબર હોય? જુઓ, કાઠિયાવાડની મુલ્કગીરી અને જોરતલબીની ઉઘરાત થઇ રહેવા આવી છે. સરકારના હક્કની જમે રકમ મુંબઇ સરકારને મોકલવી જોઇએ, તેથી જ પૂછું છું કે આવડી મોટી રકમનો ચેક લખી શકે તેવી કાઠિયાવાડમાં ક્યાંયે સદ્ધર બેન્કની

શાખા ઓફિસ છે કે ?" સરકારી ગૌરવની છાપ પાડનારું વિવરણ કરતાં સાહેબે પુનઃ એ જ પ્રશ્ન કર્યો.

"સમજ્યો મિ. બાર્નેલ ! કહો ને કે કાઠિયાવાડની મુલ્કગીરી અને જોરતલબીને અંગે એકઠા થયેલા કંપની સરકારના વરાડના પૈસા મુંબઈ ઓફિસે જમે કરાવવા મોકલવા છે. પણ તેમાં બેન્કનું શું કામ છે ? સાહેબ, અમારા કાઠિયાવાડમાં નાણાંની ભરજર માટે ગામોગામ સરાફોની પેઢીઓ છે. તેઓ મુંબઇ કે કલકત્તા તમે જ્યાંની માગો ત્યાંની ગમે તેટલી રકમની હુંડી લખી શકે છે, કે જે હુંડીનાં નાણાં તુર્તજ ચુકાવી દેવાય છે. એવી દરેક સ્થળે બેન્ક અને ચેકની સરાફી સગવડવાળા કાઠિયાવાડને પારકી બેન્કની શું પડી હોય ?" માવજી મ્હેતાએ ખુલાસો કર્યો.

"આ...હા...હા...મિ. મહેતા ! હું તમારી સરાફી સમજ્યો, પણ કુંપની સરકારને ત્રણ લાખ રૂપીયાની રકમ મોકલવાની છે તે તમારા ધ્યાનમાં છે કે ?" કેપ્ટને હુંડીના આંકની ગંભીરતા તરફ ધ્યાન ખેંચ્યું.

'કેમ ખબર ન હોય સાહેબ ! કાલે આપણે કાઠિયાવાડની મુલ્કગીરીનો હિસાબ કર્યો છે, એટલે કુંપની સરકારના વરાડની રકમની તો ખબર હોય જ ના ?"

"ઠીક. ત્યારે એવો સરાફ કોણ છે ?"

"સાહેબ આપને કહ્યું નહિ કે આવા સરાફો ગામોગામ છે, કે જે પ્રતિદિન હજારો બલ્કે લાખોની હુંડીઓની લે-દે કરે છે. આપને તો ત્રણ લાખની હુંડી જોઇએ તેમાં દૂર પૂછવાની શું જરૂર છે ? આ જુઓને માણેકવાડાની હદને છેડે બગસરા રહ્યું ત્યાં પણ આટલી હુંડી લખનારા છે."

"શું બગસરામાં? વાળાનું બગસરા બાજુમાં છે તે? કોણ છે એ સરાફ? ચીઠ્ઠી લખીને અત્યારે જ તેડાવો જોઈએ."

"હા સાહેબ, એ જ કાઠીનું બગસરા! ત્યાં અમરશી શેઠ, ભામો શેઠ વગેરે ઘણા સરાફો છે. હ્યો ચીઠ્ઠી લખીને બોલાવું. હમણાં જ આવશે."

માવજી મ્હેતાએ વાતને ઉપાડી લેતાં ચીઠ્ઠી દ્વારા શેઠ અમરશી ધનજીને ટૂંકમાં ખબર આપ્યા કે "બાર્નેલ સાહેબ તમને યાદ કરે છે તો મોકલાવેલ સગરામ સાથે જરૂર આવી જશો." આ સરકારી સગરામ સાથે એક સ્વારને પણ બગસરે રવાના કર્યો.

× × ×

સં. ૧૮૭૬ માં કંપની સરકારે કાઠિયાવાડમાં પગપેસારો કર્યો. વ્યાપાર, હુન્નર અને ખેતીવાડીની આબાદીથી કાઠિયાવાડ ઉભરાઈ જતું હતું. જુવાર, બાજરો અને અડદનો પૌષ્ટિક પાક પાંચથી બાર રૂપિયા સુધી કળશીના ભાવે પૂરો પડતો. વચ્ચે વરસાદની ખેંચમાં મુંઝાવું ન પડે માટે ગામોગામ જારની ખાણો અને કોઠારીમાં ભરાતાં. નાના-મોટાં ગામોનાં દરેક ઘરે દુઝણાંના ખાડુ હોવાથી ઘી-દૂધની બરકત હતી. શેરડીના વાઢ કે કપાસ લોઢાવાનું આઠ માસ સુધી ચાલતું. હરીયાળી જમીન, મદભરી નદીઓના સુરમ્ય છલછલ નાદો, અને ન્હાના-મ્હોટા ડુંગરોની હારમાળાથી સોહાતી આ ભૂમિને સૌરાષ્ટ્રનું બિરૂદ મળેલું. અને આ નૈસર્ગિક ભેટ ઉપરાંત કાઠિયાવાડ હુન્નર-ઉદ્યોગનું પણ મથક હતું. ફરતો સમુદ્ર હોવાથી દેશપરદેશ સાથે વ્યાપાર ચાલતો, જામનગરના સમુદ્ર કિનારે મોતી નીપજતાં, વિવિધ ધાતુઓના ભંડારયુક્ત પહાડોમાં ગેરૂ, અબરખ અને પ્લાસ્ટર ઑફ

પેરીસની સ્પર્ધા કરતી ચીકણી માટીના ભંડાર ઉછળતા, આવળ, સોરંગી, ઈંગોરીયાની પથરાએલ કાંટોને અંગે રંગાટ અને બાંધણીના કામો મોટા જથ્થામાં થતાં. વણાટ માટે સેંકડો શાળો ચાલતી અને તેને જરૂરી સુતર કાઠિયાવાડની જ બહેનો પૂરું પાડતી.

અને આ સમૃદ્ધશાળી ભૂમિ તીર્થસ્થાન હોઈ અનેકવિધ યાત્રિકો–પ્રવાસીઓ કાઠિયાવાડના પ્રદેશમાં આવતા. કાઠિયાવાડના સાહસિક વ્યાપારીઓનો જાવા વગેરે દૂરના ટાપુઓમાં, અને કચ્છ, ગુજરાત કે વાણિજ્યના વિકસિત ક્ષેત્રોમાં પગપેસારો હતો અને વ્યાપારી છાપ એટલી સદ્ધર હતી કે ગમે ત્યાં 'કુંકાવાવનો કટકો' કે 'ધોરાજીનો હવાલો' ચલણી નોટની જેમ વટાવી શકાતો.

રાજકીય વહીવટમાં વચગાળાનો બહોળો પ્રદેશ કાઠી દરબારોના હાથમાં હતો અને આસપાસ રાજપુત રાજ્યો પથરાયાં હતાં. આ પ્રદેશની બહોળી રાજસત્તાની અથડામણીનો લાભ લઈને ગુજરાતના પ્રબળ રાજ્યો દખલ કરતાં અને ખસી જતા. પાટણના રાજપુત નરેશો એક વખત સોરઠમાં સત્તા પાથરી ગયા, તે પછી મુગલ, મરાઠા અને પેશ્વાએ પગ–પેસારો કરી ગાયકવાડને ગરાસ સોંપ્યો. ઘણાં રાજ્યોથી ઘેરાએલ ધરતીને સાચવવા અને મુલ્કગીરી ઉઘરાવવા ગાયકવાડે અમરેલીમાં થાણું નાખેલું અને જોરતલબી ઉઘરાવવાનું દેશાઈને સોંપેલું; પરંતુ તેમ કરતાં લાવ–લશ્કર અને દેશાઈ દસ્તુરીમાં આવક તણાઈ જતી, તેથી ઇજારો આપવો શરૂ કર્યો, ને છેવટ અમરેલીના માવજી મહેતાને પાંચ મહાલની મુલ્કગીરી સોંપાએલ. દરમિયાન કંપની સરકારની ગુજરાતમાં જમાવટ થવા લાગી, અને ગાયકવાડ સરકાર સાથેની સંધીમાં કાઠિયાવાડનો મોટો ભાગ લશ્કરી ખર્ચના બદલામાં મળ્યો અને

ધીમે ધીમે કાઠિયાવાડની પેસકશી અમુક બદલાથી ઉઘરાવવાને કુંપની સરકારવતી વડોદરાના રેસીડેન્ટ કર્નલ વોકરે નક્કી કરીને અનુક્રમે ગાયકવાડના મુલ્કગીરી અને જૂનાગઢની જોરતલબીના હક્કો સંભાળવા કંપની સરકારે અમરેલી અને જુનાગઢ વચ્ચે માણેકવાડમાં કામચલાઉ કેમ્પ ઊભો કર્યો અને કાઠિયાવાડ પહેલા પોલિટિકલ એજન્ટ તરીકે કેપ્ટન બાર્નેલને મોકલ્યો હતો. ગાયકવાડ સરકારના મુલ્કી અધિકારી માવજી મહેતાનો કેમ્પ પણ ત્યાં રાખવામાં આવ્યો હતો.

બગસરા એ માણેકવાડા નજીકનું વાળાકાઠીઓની રાજધાનીનું ગામ છે. જ્યાં સેંકડો શાળો ઉપર ચાલતું વણાટકામ તથા રંગાટકામ સારાયે સોરઠનું શરીર ઢાંકતું. ગાયકવાડ કે જુનાગઢની નવાબી સત્તા સામે અડગ રહેલા વાળાકાઠીઓની ત્યાં આણ હતી. ભાલાની અણીએ ધરતી ધ્રુજાવે તેવા એ કદાવર કાઠીઓના ગરાસ જેતપુર, બગસરા અને ચીત્તળ વગેરે છૂટાછવાયા મહાલોમાં ચુંથાઇ જવાથી તેમનું સારાએ સૌરાષ્ટ્ર ઉપર સામ્રાજ્ય સ્થાપી શકાયું ન હતું, છતાં કાઠીના નામે ધણા કંપી ઊઠતા. આ ઉપરથી જ કંપની સરકારે પોતાનો કેમ્પ કાઠિયાવાડમાં ગાયકવાડ, નવાબ અને કાઠી દરબારોની જામેલી ત્રણ સત્તાને તરભેટે રાખવાને માણેકવાડા પસંદ કરેલું.

કંપની સરકારનું લશ્કર પણ ત્યાં જ રાખેલું અને મોરબી પાસેના ધોડું ગામે કાઠિયાવાડના નાના મોટા રાજ્યો સાથે કરેલ કરાર પ્રમાણે ગાયકવાડની પેસકશી અને જુનાગઢની જોરતલબી પહેલા વર્ષની ભેગી થઇ હતી. આ વખતે કાઠિયાવાડમાં તાર-ટપાલ ન હતાં ત્યાં રેલ્વેની તો કલ્પના જ ક્યાંથી હોય?

નાણુા ફેરવતા અને વ્યાપારીઓ પોતાનો વહીવટ ખેપીયાથી કરતા, ઘોડા અને કાવડથી પોઠો કે ગાડા-ગડેરાથી માલ લાવતા.

આ સ્થિતિમાં કંપની સરકારની એકઠી થએલી ભરણાની રકમ તેને મુંબઈના ગવર્નરને મોકલવાને બે જ માર્ગ હતા : કાં તો પુષ્કળ ચોકી પહેરા વચ્ચે રોકડના ગાડા ભરીને અમદાવાદ પહોં- ચાડીને ત્યાંથી રેલ્વે રસ્તે મુંબઈ મોકલાય અગર તો લાંબા ખર્ચ અને જોખમથી બચવા હુંડી લખાવવી. આ બેમાં મુંબઈની હુંડી લખાવવી અનુકૂળ હોઇ માવજી મહેતાની સલાહ માગવામાં આવી હતી, અને એ સલાહના પરિણામે બગસરેથી અમરશી શેઠને તેડાવ્યા.

× × ×

બગસરાના દરવાજામાં કંપની સરકારનો સ્વાર સગરામ સાથે પહોંચ્યો. આ જોતાં કોઇ દરબારને સાહેબે તેડાવ્યા હશે એમ કલ્પના ચાલી, તેટલામાં સ્વાર દેવચંદ જેઠાની પેઢી પાસે જઇ ઊભો અને અમરશી શેઠને ચીઠ્ઠી આપી.

બગસરામાં ચાલતી દેવચંદ જેઠાની પેઢીના અમરશી શેઠ મુખ્ય વહીવટ ચલાવનાર માલેક હતા. દેવચંદ જેઠાની પેઢી એટલે સાંજ સુધીમાં હજારોની ઉથલપાથલ કરનાર ન્હાની સરખી બેન્ક–ફરક માત્ર એટલો જ કે ત્યાં ખુરશી–ટેબલ કે ઇલેક્ટ્રીક પંખાના ભભકાને સ્થાને સાદા ગાદી–તકીયા હતા, બેન્કના મેનેજરની જેમ ચેમ્બરમાં બેસી વીઝીટીંગ કાર્ડથી વાત કરવાને બદલે અમરશી શેઠ, એક કુડતાભર સવારમાં દુકાનને ઓટલે પ્રાતઃકાળે દાતણ કરવા બેસતા, ભરાવદાર સાડાચાર હથ્થુ પહાડી શરીર, પ્રભાવિક મૂછો અને બુલંદ અવાજે આવતા-જતાના ખબર અંતર પૂછતા અમરશી શેઠ ઓટલે દાતણ કરતાં હોય ત્યારે કોઇ મહાન્ સત્તાધારી કે નાનોસૂનો રાજવી

જોઇ લ્યો. તેની પેઢીએ હંમેશ સો–પચાસ વછીયાતો પડ્યા જ હોય. કોઇ કાપડ ખરીદવા તો કોઇ અનાજ કપાસ વેચવા આવેલ હોય, કોઇ નાણુંનો વળ ઉતારવા તો કોઇ જમે મૂકવા બેઠા હોય. આવનાર શેઠની ગાદીના છેડે કાગળ, પત્રો કે હુંડીના કટકા ભરાવી જાય, શેઠ દાતણ કરતા હોય, તેનો પુત્ર ડાયો, ખોડો, હીરો કે કપુર જે હાજર હોય તે એકેક કાગળ ઉખેળીને વાત કરે, તે કાગળોમાંથી હુંડીઓ નીકળતી જાય તે મેતાને આપે, ખરીદ કે વરધીના કામ માટે માણુસોને ભલામણ કરે.

અમરશી શેઠ દુકાનના ઓટલે ચાકળા ઉપર બેઠા હતા ત્યાં કુંપની સરકારના સ્વારે આવીને ચીઠ્ઠી આપી.

મહાલકારી માવજી મહેતાનો દીકરો હંસરાજ બગસરે અમરશી શેઠને ત્યાં વરાવેલો. તેથી અમરશી શેઠ મહેતાની મુત્સદ્દીગીરીથી વાકેફ હતા. તેણે મહેતાની ચીઠ્ઠી જોતાં સાહેબ સાથે કંઇ વ્યાપારી વાતચીત હશે તેવું અનુમાન કરી લીધું, અને "હમણાં જ આવું છુ." એમ કહી માણુસને પોતાની ગાડી જોડવા મોકલ્યો.

"શેઠ સાહેબ! આપકે લીયે સાહેબને સગરામ ભેજા હૈ." સ્વારે વાહનની સગવડ માટે શેઠજીનું ધ્યાન ખેંચ્યું.

પરંતુ શેઠનું શરીર એટલું રૂષ્ટપુષ્ટ હતું કે આવેલ સગરામમાં ચઢવાની પગથી તેનું વજન ઝીલી શકે નહિ અને પેસવાની બારી તેના માટે સાંકડી પડે. તેથી જ પોતા માટે શેઠે અનુકૂળ ગાડી કરાવી હતી, તે જોડાવવા વરદી આપીને તેના મોટા પુત્ર ડાયાભાઇ સાથે દુકાનના કાર્યની ભલામણમાં ગુંથાયા.

જોતજોતામાં ગાડી આવી અને શેઠ તેમાં બેસી રવાના થયા.

બપોરના જમી પરવારીને કર્નલ બાર્નેલ તથા માવજી મહેતા

વાતે બેઠાં હતા. અમરશી શેઠને આવવાનો વખત થવાથી માવજી મહેતા વચ્ચે વચ્ચે બગસરાને કેડે નજર ફેંકતા હતા તેવામાં દૂરથી ધૂળ ઊડતી જોઇ. સગરામ આવી પહોંચ્યો. તે ખાલી જોઇ કર્નલે પૂછયું: "કેમ મિ. મહેતા! તમારા સરાફ ગભરાઇ ગયા કે શું?"

માવજી મહેતા જાણતા હતા કે અમરશી શેઠ માટે સગરામ નકામો હતો; છતાં મોભા ખાતર જવા દીધેલ, તેથી સગરામ ખાલી જોઇ નિરાશ ન થતાં ખુલાસો કર્યો કે: "તેઓ પોતાની ગાડીમાં આવવા જ જોઇએ, એવું કયું મોટું કામ હતું કે ગભરાઇ જાય?"

હજી તો વાત ચાલે છે તેવામાં સ્વારે આવીને અમરશી શેઠના આવવાની વરધી આપી. માવજી મહેતાએ સામે જઇ શેઠને આવકાર દીધો. કર્નલે ઊઠીને અમરશી શેઠને 'અચ્છે હો કે?' કહીને ખુશી ખબર પૂછયા ને શેઠનું ભરાવદાર પ્રબળ શરીર જોઇ આશ્ચર્યથી બોલી ઊઠયા: "ઓહો, શેઠ બડા આદમી હૈ!"

અમરશી શેઠને બેસવા માટે અનુકૂળ પડે તેવી ખુરસી સાહેબના તંબુમાં ન હતી તેથી શેઠની બેઠક માટે તેઓ વિચાર કરતા હતા ત્યાં તો માવજી મહેતાએ સમયસૂચકતા વાપરી સાહેબના ટેબલ ઉપરના કાગળો દૂર મુકાવી શેઠની બેઠકની તેના ઉપર વ્યવસ્થા કરી લીધી.

"આટલી બધી તકલીફની શું જરૂર છે?" અમરશી શેઠે ટેબલ ઉપર બેઠક લેતાં વિવેક કર્યો, અને તેડાનું કારણ જાણવા પૂછયું: "કહો મહેતા! મારા લાયક શું હુકમ છે?"

"શેઠ! અમારે મુંબઇ ત્રણ લાખ રૂપિયા મોકલવા છે. તમે હુંડી લખી શકશો?" સાહેબે જ વાત રજૂ કરી.

"ત્રણ લાખ રૂપિયામાં શું મોટી વાત છે? અમારો તો ધંધો

રહ્યો તેથી કેમ ના કહેવાય? ખુશીથી જેટલી જોઇએ તેટલી રકમની હુંડી લખી દેશું."

"અમારે એક જ કટકે જોઇએ છીએ સમજ્યા કે?"

"હા સાહેબ હા, ત્રણ લાખના તે વળી કેટલા કટકા હોય! અમે પણ એટલું તો સમજીએ છીએ."

"હુંડીનાં નાણાં તે સીકરાઇ ગયાના ખબર આવ્યા પછી મળશે, હો કે? આ સરકારી કામ હોઇ અમારાથી અંગ ઉધાર નહિ દેવાય."

"પૈસા કોણ માગે છે, મહિના પછી દેજોને! અમારે તો વટાવ અને વ્યાજનું કામ છે ને? ત્રણ ટકા વ્યાજ છૂટતું હોય તો તમારે ત્યાં નાણા રહે તે અમારી પેઢીમાં જ ગણાય."

કેપ્ટન બાર્નેલને કાઠિયાવાડની આ સરાફીએ મંત્રમુગ્ધ બનાવ્યો. તે વટાવ વછીયાતીનાં આંકડા મૂકતો હતો ત્યારે અમરશી શેઠ મુંબઇમાં હુંડી કોના ઉપર લખવી તેનો વિચાર કરવા લાગ્યા; કારણ કે તેને મુંબઈમાં કોઇ આડતીયો કે ઓળખાણ ન હતી, તેમાં ત્રણ લાખ રૂપિયાનો જવાબ લખવો અને તે પણ કંપની સરકારને લખી દેવામાં કેટલું જોખમ છે તે તેના ધ્યાનમાં હતું. છતાં દેવચંદ જેઠાની પેઢીએથી કોઇ મલકનો વછીયાત પાછો ન જ ફરવો જોઇએ તેવી તેની પેઢીની ટેક જાળવવાની હતી. સાહેબ હજી વ્યાજ વટાવનો સરવાળો કરે તેટલામાં અમરશી શેઠે સારાએ સૌરાષ્ટ્ર તરફ નજર ફેરવી લીધી અને ગોંડલવાળા કાનજી જીવાની પેઢી મુંબઈમા છે તેવો ખ્યાલ આવતાં જ ક્ષણમાત્રમાં નિશ્ચિંત થઈ સાહેબના જવાબની રાહ જોતા બેઠા.

ખૂબ વિચાર પછી કર્નલે વટાવ, વછીયાતી અને વ્યાજની

માગણી કબૂલ કરતાં અમરશી શેઠે ચાર ઇંચની ચબરખી ફાડીને મુંબઇ શા. કાનજી જીવા, ઠે૦ ખલાસી ચકલો, જોગ તુરત મુદતની રૂપિયા ત્રણ લાખની હુંડી લખી સાહેબના હાથમાં મૂકી, અને જે જે કરી વિદાય માગી.

સાહેબ વાણિયાની સાદાઇ અને સરાફીના ગુણાકાર ભાગાકારમાં મગ્ન હતા. અમરશી શેઠને રજા માગતા જોઇ તેણે રોકાવા આગ્રહ કર્યો, પરંતુ વછીયાતી કામને અંગે નહિ રોકાતાં ફરી આવવાનું વચન આપી વિદાય લીધી. પોતાના સગાની સરાફી જોઇ માવજી મહેતાની છાતી હર્ષથી ઉછળવા લાગી અને અમરશી શેઠને વિદાય આપતાં ધન્યવાદથી વધાવી લીધા.

× × ×

સાયંકાળે શેઠ બગસરે પહોંચ્યા. વાળુનો વખત થતાં સૌ ઘરે ગયા. જમી–પરવારી પોતાના ચારે પુત્રને એક ઓરડામાં બોલાવી, માણેકવાડાની મુસાફરી, કંપની સરકારની માગણી અને પોતે લખી આપેલ ત્રણ લાખની હુંડીની વાત કરી.

સરાફીનો ધંધો કરનાર છોકરાઓને આ સાહસથી અભિમાન આવ્યું. કંપની સરકાર પાસે પણ પોતાની આંટ સદ્ધર છે તેની કસોટીનો આ વિરલ પ્રસંગ મળવાથી ખુશી થતાં હુંડીના સીકારની વ્યવસ્થા કરવાની મંત્રણા શરૂ કરી.

શેઠના પુત્ર ડાહ્યાભાઇએ દુકાનમાં જે અવેજ હોય તે લઇને સાંજે જ મહુવા તરફ વિદાય થવાનું માથે લીધું. એકે કુકાવાવ થઇને જેતપુર જવાનું અને ત્યાંથી બને તેટલો અવેજ સાંજે મહુવે પહોંચાડવાનું સ્વીકાર્યું. એક જુનાગઢ તરફ રવાના થયો. સૌથી

ન્હાનો પેઢી સાચવવા ત્યાં જ રોકાયો. એક વિશ્વાસુ મુનીમને ધોરાજી મોકલ્યો.

શેઠને ત્યાં અવેજ ફેરવવાને કસાએલ ઘોડાં રહેતાં, ધોરાજી–જેતપુરથી ઊંટની સગવડ હતી. નિર્ણય થવા મુજબ સૌ રાતબુઢા નીકળી ચૂક્યા. છત્રીશ કલાક પછીના સવારથી બપોર સુધીમાં મહુવાના આડતીયાની દુકાને ત્રણ લાખનો ઢગલો થઇ પડયો.

ડાહ્યો શેઠ સવારના જ મહુવે પહોંચી ગયો હતો. તેણે આડતીયાને ત્યાં ઉતરી મુંબઇનું વહાણ નોરવવાને સૂચના કરી. મહુવાના વ્યાપારીઓ પણ ઘરના વહાણ રાખતા એટલે વહાણનો વાંધો ન હતો; પરંતુ પુરા ભરત વિના વહાણ દરીયામાં ડોલા ખાય તે મુંઝવણ હતી. મહુવામાંથી તે જ દિવસે વહાણનું ભરત થાય તેવી સગવડ ન હતી, અને કદાચ મળે તો પણ આ વહાણનો માલ બંદરે વખતસર પહોંચાડવાને વહાણમાં ભરવા જતાં પહોંચી શકાય તેટલો વખત ન હતો.

આડતીયાની મુંઝવણ જાણતાં ડાહ્યા શેઠે કહ્યું કે “ આ નાકનો સવાલ છે, ખર્ચનો વિચાર કરવાનો નથી. આજે સાંજની ભરતીએ વહાણ નીકળી જવું જોઇએ, માટે ગમે તેટલા માણસ રોકીને વહાણમાં દરીયા કાંઠેથી રેત નખાવીને ભરત કરાવી લ્યો. ”

આડતીયાના માણસો તુર્ત કતપરને કાંઠે પહોંચ્યા અને મજૂરોને એકઠાં કરી વહાણમાં રેત ભરવા માંડી. બીજી તરફથી દુકાનેથી એકઠી થતી રોકડનાં ગાડાં રવાના થયાં અને સાંજ પહેલાં ત્રણ લાખની થેલીયો રેતમાં દાબીને ડાહ્યા શેઠ વહાણે ચઢી બેઠા.

મહુવાથી દરીયો સીધો હતો, પવન અનુકૂળ હતો અને

ખારવા અનુભવી હતા તેથી બીજા દિવસે બપોરના વહાણુ મુંબઇના કિનારે પહોંચ્યું.

× × ×

માણેકવાડેથી હુંડી લખી આપીને અમરશી શેઠ વિદાય થયા એટલે તુર્ત સાહેબે હુંડીનો નોંધ કરાવી મુંબઇની હેડ ઓફિસે મોકલવાને લીફાફો તૈયારી કરાવી, સીલબંધ પાકીટ ઘોડેસ્વારને સોંપ્યું. સ્વાર ટપાલ લઇ મજલ દરમજલ કાપતો ધંધુકા રસ્તે અમદાવાદ પહોંચ્યો ને ત્યાંથી સરકારી ટપાલ સાથે બીડેલ હુંડી મુંબઇ રવાના થઇ.

ચોથે દિવસે અગ્યાર વાગતાં લીફાફો મુંબઇના ગવર્નરના હાથમાં આવતાં તેણે નોંધ કરાવી બેંકને મોકલ્યો. ને બેંકના મેનેજરે હુંડીને દેખાડ કરવા સીપાઇને બહારકોટમાં રવાના કર્યો.

× × ×

કાનજી જીવાની પેઢી ખલાસી ચકલામાં પેલે દાદરે આવેલ હતી. પેઢીનો વહીવટ લાખોનો હતો છતાં તેને ન મળે બોર્ડ કે ન મળે પહેરેગીર! ત્રણ લાખની હુંડીના પ્રમાણમાં શોભાનો મોભો શોધવામાં સીપાઇએ થોડો વખત કાઢયો અને પૂછપરછ કરતાં કાનજી જીવાની પેઢીએ પહોંચ્યો.

પેઢી ઉપર મુનીમ નામાના ચોપડા ફેરવતો હતો. સીપાઇએ તેના હાથમાં હુંડી મૂકી. મુનીમે અથથી ઇતિ વાંચી જોઇ. બગસરા ગામ અને દોશી દેવચંદ જેઠાનું નામ તેના માટે નવું જ હતું. ત્રણ લાખનો જવાબ લખનાર આડતીયો તેનાથી અજાણ્યો જ હતો, તેથી ફરી વાંચી ગયો. એનું એ બગસરા અને એના એ દોશી દેવચંદ જેઠા લખનાર છે તેમ ખાત્રી થઇ. શેઠ બજારે ગયા હતા. ગામ ને નામ અજાણ્યાં હતાં. ચોપડામાં ખાતું ન હતું તેથી મુનીમ મુંઝાયો.

શું જવાબ દેવો તે ન સુઝયું એટલે "શેઠ બહાર ગયા છે, તે આવે એટલે આવો." તેમ જવાબ દઇ હુંડી સીપાઇના હાથમાં પાછી આપી.

સીપાઈ એ ઘડી આસપાસ ફરી આવવા નીચે ઉતરતો હતો ત્યાં શેઠ સામે મળ્યા. પોતાની પેઢીમાંથી સીપાઈ ઉતરે છે તેમ જોઇ. તેને 'કોનું કામ છે?' એમ પૂછયું. સીપાઇએ કાનજી શેઠ ઉપરની હુંડી દેખાડવાની છે તેમ ખુલાસો કર્યો. એટલે તેને પાછો વાળી શેઠ ઉપર આવ્યા અને ગાદીએ બેસતાં જ હુંડી જોવા માગી.

હુંડી વાંચીને શેઠ પણ પહેલી તકે વિચારમાં પડ્યા. બગસરા ગામમાં દેવચંદ જેઠા નામનો કોઇ તેમને આડતીઓ હોય તેમ ખ્યાલ ન આવ્યો તેથી મુનીમ સામે જોયું. મુનીમે પડખે બેસીને "આ નામના માણસનું આપણે ત્યાં ખાતું નથી." તેમ કહી દીધું.

તે જ ક્ષણે શેઠને વિચાર થયો કે આ ગામ કે નામ ભલે મને અજાણ્યા હોય, ભલે દુકાનમાં તેનો એક પૈસો પણ જમા ન હોય; છતાં જે માણસ એક જ કલમે ત્રણ લાખની હુંડી લખે છે અને તે પણ કંપની સરકારના રાખ્યાની છે તો પછી આ માણસ સામાન્ય ન હોવો ઘટે. આ તો નાકનો સ્વાલ છે, માટે હુંડીના દેખાડને એક ઘડી પણ રોકવો ન જોઇએ.

શેઠે ક્ષણમાત્રમાં મનમાં ઉપરનો વિચાર કરીને તુર્ત સીપાઇને કહ્યું: "ચાલો, રોકડ ગણનારા કયાં છે?"

"શેઠજી! મને તો હુંડી દેખાડી આવવાનો હુકમ છે, તમે કહો તે મેનેજર સાહેબને જણાવું."

"જાઓ, તમારા મેનેજરને કહો કે હુંડી તરત મુદ્દતની છે,

અમારી દુકાને બેઠા દેવાની છે, માટે હમણાં જ નાણા તોળનાર–પારખનારને મોકલો. સાંજ પહેલાં જો નાણાં નહી ઉપાડી જાવ તો સચવામણ બેસશે. આ ખબર તાકીદે જઈને આપજો."

બપોર પછી કાનજી જીવાની પેઢીએ કાંટો મંડાયો. હુંડીનાં નાણાંનો જોખ શરૂ થયો. મુનીમ શેઠના સાહસ માટે વિચારમાં પડયો અને શેઠ હુંડીના લખનારની હિંમતની મનમાં ને મનમાં જ સ્તુતિ કરતા હતા. તેવામાં નીચે કોઈને કાનજી જીવાની દુકાન પૂછતો સાંભળ્યો. તે કોણ છે તેમ જુએ તેવામાં તો દાદર ઉપર કોઈના ચઢવાનો અવાજ આવ્યો એટલે શેઠે દાદર તરફ નજર કરી.

"ભાઈ, કાનજી જીવાભાઈની પેઢી કયાં છે ?" દાદર ચઢનારે પૂછયું.

"આવો, શેઠ આવો, આ રહી, ઉપર આવો. કયાં રહેવું ?"

"ઓહો, આપ જ કાનજી શેઠ કે ? ઠીક બાપા, હમણાં જ આવું છું."

"અરે શેઠ ! ઉપર તો આવો, કયે ગામ રહો છો ?"

"રહેવું તો શેઠ બગસરે, તમારી દુકાન શોધતો જ આવ્યો છું તે કયાં જવાનો હતો ? આ જરા ભાર છે તે લઈને આ આવ્યો."

કાઠિયાવાડી બાંધણીનો ફેંટો અને બગસરાનું નામ સાંભળી શેઠ સમજી ગયા કે હુંડીનો લખનાર આવી પહોંચ્યો છે. કાનજી શેઠને જરાએ અધીરાઈ ન હતી. તેમાં આવનારની લાગણી જોઈ તેને બેવડું માન થયું અને આગ્રહપૂર્વક કહેવા લાગ્યા કે "અરે શેઠ ! દુકાન શોધતા આવ્યા છો ત્યારે મળ્યા વિના ચાલ્યા ન જવાય. તમારું નામ શું ? ઉપર આવો ઉપર."

"શેઠજી! મારું નામ ડાયો. અમે તમારું નામ સાંભળીને આંખનીયે ઓળખાણુ વિના દેવચંદ જેઠાના નામથી તમારા ઉપર ત્રણુ લાખની હુંડી લખી છે તેનો અવેજ લાવ્યો છું. તે બંદરેથી ઉપડાવીને હમણાં જ આવું છું."

"અરે ભલા માણુસ ઉપર આવો ઉપર! તમારી હુંડીનો જ તોલ ચાલે છે. આટલા માટે તમારે અહીં સુધી ધક્કો શામાટે ખાવો પડયો? આ રૂપિયા અમારે અહિંયા લેવાના નથી, માટે અધીરાઇ ન કરો"

કાનજી શેઠની પેઢીમાં એક તરફ જોખ શરૂ હતો. થેલા ઠલવાતા ને શીવાતા હતા તે જોઇ ડાયો શેઠ ગળી ગયો. આંખની પણુ ઓળખાણુ વિના અને નામ–ઠામના અનુભવ વિના ત્રણુ લાખની રકમ લીલી–ટાંકે ભરી દેનાર કાનજી શેઠને ચરણે તેનું માથું નમી ગયું, હર્ષ અને ઉપકારથી હૃદય ભરાઇ આવ્યું એટલે એક અક્ષર પણુ બોલી શકયો નહિ.

કાનજી શેઠે ઊભા થઇને તેને બાથમાં લીધો, ને પોતાની પાસે બેસારી ઠંડું પાણી ને પાન–સોપારીથી સ્વાગત કર્યું. અને સરાફી-નો એ તો પરસ્પર સંબંધ છે એમ જણાવી ખબર–અંતર પૂછવા લાગ્યા.

ડાયો શેઠ રૂપિયા લઇને આવેલ તે આપ્યે જ છૂટકો હતો, તેથી વહાણુમાંથી રોકડા મંગાવી જમે કરાવી દીધા અને પાછા વતન જવાને રજા માગી, પરન્તુ કાનજી શેઠે તેને બહુ જ આગ્રહ કરી અઠવાડીયા સુધી મુંબઇ રોકી સન્માનપૂર્વક સાચવી વિદાય આપી.

× × ×

હુંડી તે જ દિવસે સીકરાઇ ગયાનો જવાબ મુંબઇ બેન્કવાળે કાઠિયાવાડ પોલીટીકલ એજન્ટને લખી નાખ્યો. સરકારી ખરીતા અને ટપાલની ખાસ ગોઠવણુ પ્રમાણે ટપાલ અમદાવાદ આવી અને કલેકટર ઓફિસે રોકાએલ માણેકવાડાના સ્વાર સાથે તે મોકલવામાં આવી.

નાણા મુંબઇ સરકારને વખતસર ગળી ગયાના ખબર આવતાં કેપ્ટન બાર્નેલે માવજી મેતાને વાત કરી અને કાઠિયાવાડની સરાફીથી તાજુબ થતાં અમરશી શેઠને તેડાવવા જણાવ્યું.

" અમરશી શેઠ તો મહિના પછી રૂપીયા લેવાનું કહેતા હતા તો પછી દસ દિવસમાં તેડાવવાની ઉતાવળ શું છે ?" માવજી મેતાએ લાગ જોઇને અમરશી શેઠની પાત્રતાનો વધુ પરિચય કરાવ્યો.

" મિ. મહેતા ! તમારા લોકોનો ભાંગડ ભોથો પહેરવેશ અને જાડી ભાષા જોતાં મને હુંડી માટે શંકા હતી, પરંતુ તે પણ પહેલી જ તકે મળી ગયાનું જાણીને અમરશી શેઠની સરાફી માટે મને ઘણું જ માન થાય છે. અને આજે હું તેમને તેડાવી અવેજ આપી દેવા ઉપરાંત કંપની સરકારનું ભરણું તેમને ત્યાં થાય તેવો બંદોબસ્ત કરવા ધારું છું. "

માવજી મહેતાએ અમરશી શેઠને તેડાવ્યા. હુંડીના પૈસા વટાવ સાથે આપવા ઉપરાંત સાહેબે તેમને સરકારના સરાફનો પરવાનો આપ્યો અને માવજી મહેતાએ "અમરા દિવાન"નો અભિષેક કરી પ્રેમ દર્શાવ્યો.

( ૨ )

અમરશી શેઠ જેમ સરાફીમાં અટંકી હતા તેમ નાનપણથી સ્વમાનમાં પણ સમર્થ હતા. કુંપની સરકારના હજી સોરઠમાં પગલાં

નહોતા મંડાયાં ત્યારે વાળા અને ખાચરની શક્તિના તેજે સારો ય સૌરાષ્ટ્ર કાઠીઓની વાડથી ઓળખાઇ ચૂકયો હતો. વાળા કાઠીની સત્તા જેતપુર–બગસરા ને છેક ચીત્તળ સુધી પથરાએલી હતી અને ખાચર કાઠીના રાજ ગઢડા–પાળીયાદ તરફ હતા. ગાયકવાડની પેશકસી ઉઘરાવવામાં કે જુનાગઢની જોરતલબી લેવામાં કાઠીઓ નવનેજા પાણી ઉતરાવતા અને ભાલાની અણીએ ધરતી ધ્રુજાવતા. ધીમે ધીમે તેમનામાં અફીણના કસુંબા અને દાયરાના દબદબા વધવાથી અને ભાઇએ ભાગ પાડવાની રૂઢીથી માંહોમાંહે અથડાઇને તેઓ ઘસાવા લાગ્યા હતા છતાં તેમનો હાકલ–પડકારો ઓછો થયો નહોતો.

બગસરામાં વાળા કાઠીઓની બે પાટી હતી. કુંપની સરકારનાં પગલાં થયાં તે પહેલાનાં પાંચેક વર્ષ અગાઉ એક દિવસે અમરશી શેઠ રહેતા તે પાટીના દરબાર જગાવાળા ગઢની ડેલીએ ડાયરો માંડી બેઠા હતા. ડાયરામાં પચીશ–ત્રીશ માણસો જામી પડ્યાં હતાં. વચમાં વચમાં હોકો હાથફેર થતો અને એક છેડેથી બીજે છેડે ફરતો રહેતો. એક ખૂણામાં બેઠો બેઠો એક હજામ ખરલમાંથી અફીણનો કસુંબો ગાળી રહ્યો હતો. લાલ હિંગળોક જેવો કસુંબો એક હાથમાં લઇ બીજા હાથમાં રૂનું ઊજળું દૂધ જેવું પુમડું લઈ દરબાર કસુંબો પીવા બેઠા હતા.

કાઠીના ડાયરા જામે ત્યારે વાતોનો તો મેળ ન રહે. તેમાં ય દરબારના કામદારનો દીકરો તાજેતરમાં મુંબઇથી આવ્યો હતો. દરબાર એને મુંબઇની વિગતો પૂછી રહ્યા હતા.

“ હેં ગગા ! ઇ મુંબી આપણા બગસરા જેવડી હશે ? કે ઇથી કંઇક મોટી ? ”

"અરે! બાપુ!" કામદારના દીકરાએ કહ્યું: "વાત મ કરો, દરિયામાં ઈ મુંબઇ બાંધી છે, તે આંહીથી ઠેઠ જાણે કે વાઘણીયા સુધીના પથક જેવડી મોટી."

"માળું! એવડું બધું મોટું! પણ તઈએ ઈ મુંબી દરિયામાં શું કામ બાંધી? ઇ ટોપીવાળાને ક્યાંય જમીન નો મળી તે ઠેઠ દરિયામાં પૂગ્યો! કીધું હોત તો આપણી પાટીમાંથી એકાદ કટકું કાઢી દેત ના!" અભિમાનથી છાતી ફૂલાવતાં કાઠીએ પોરસ કર્યો, અને પોતાની ભરાવદાર દાઢી–મૂછ ઉપર હાથ ફેરવી ફાટી આંખે ડાયરાને ડારવા મથતો આસપાસ જોવા લાગ્યો.

હજામની અદકપાંસળી જીભ સળવળી ઊઠી હોય એમ તે બોલ્યો: "બાપુ! ઇ ટોપીવાળાનો કારસો ઓછો ન સમજો. એણે મુંબી દરિયામાં શું કામ બાંધી કે જો આગ લાગેને તો દરિયામાંથી પાણી લઇને ઠારી દેવાય. બાપુ! મુંબી તો ટોપીવાળાનો ચોરાશી બંદરનો વાવટો!"

"ચોરાશી બંદરનો વાવટો! ઇ વળી કેવડોક મોટો હોય?"

"અરે બાપુ! ઇ ટોપીવાળાની તો વાત જ ન કરો. ગામનાં બધાં ય ગોદડાં ને ફાળીયાં ભેગાં કરીને સીવીયે તો ય એનાથી એ મોટો. ઠેઠ મલક બધામાં દેખાય! ઇ વાવટો કાંઇ નાનો હોય? ઇ પવનમાં ફરફરે ને એનો ફડ! ફડ! ફડ! અવાજ થાય તે બાપુ! ઠેઠ સુરત સુધી સંભળાય. અમસ્તી સુરત મુંબીથી દબાઇ ગઇ હશે?"

દરબાર હજામ સામે ભાવથી જોઇને ડાયરા તરફ ફરીને બોલ્યા: "માળો, હજામ તે કાંઇ હજામ! ઇ પણ મલક આખાની ખબરું રાખે છે ને? મારો બેટો કામદાર થાવાને લાયક."

હજામ ફૂલાઇને બોલ્યો: "બાપુ! ઇતો હું ભણ્યો નહિ;

નહિતર તો મુંબીના ગવંડર પાસે પણ સલામું લેવરાવું એવો સું હો ! ”

આ પ્રમાણે ગામ–ગપાટા ચાલે છે તેવામાં જગાવાળાની ડેલીએ ઊજળી ઘોડીનો અસ્વાર આવ્યો. એને જોઈને આખો ડાયરો ઊભો થઈ ગયો. જગાવાળો પણ ઊઠીને આવકાર દેતાં બોલ્યો :

“આવો બાપ! આવો! અમારી ડેલીએ રાણીંગવાળો કયાંથી ?”

ઘોડીએથી ગવરીદડનો રાણીંગવાળો ઉતર્યો અને એ તથા જગાવાળો એક બીજાને હેતથી ભેટ્યા.

“ અલ્યા હજામ ! અંદર જોને ! ઘરમાં જઈને મજાનું કઢેલું દૂધ લઈ આવ દૂધ ! દોડ, દોડ, જરા સાબદો થઈ જા ! ”

“ હવે બાપ ! દૂધની શી જરૂર છે ? રોટલા જ ખાશું. ” રાણીંગવાળાએ વિવેક કર્યો.

“ બાપ રોટલા તો મોડા થાય ને તમે આવો છો લાંબે પંથથી. જા, જા, અલ્યા ઝટ જા. ”

હજામે ડેલીમાં જઈ દૂધ માગ્યું. કાઠીયાણીએ જણાવ્યું કે– “ ભેંસો હજી હમણાં જ પહરથી ચાલી આવે છે. પાણીએ પાયાં નથી એટલે દોવાને વાર છે. ”

હજામે ડાયરામાં આવી જગાવાળાના કાનમાં એ સમાચાર દીધા. જગાવાળો કહેઃ “ જાને ! અમરશી શેઠની ભેંસો પહરથી વેલી આવે છે એટલે દોરવરાવતો આવ.

અમરશી શેઠની ડેલી પાસે જ હતી. એટલે હજામ તેમને ઘરે પહોંચ્યો. શેઠની ગમાણમાં ભેંસો ઓગાળી રહી હતી. ખડકીના મોઢે એક તરફ પીતળના ઉટકેલ હાંડા પડ્યા હતા અને દહોવા માટે ભરવાડની રાહ જોવાતી હતી ત્યાં હજામ ગમાણે પહોંચ્યો.

અને ભરવાડ આવેલ ન હોવાથી પોતે જ એક હાંડો લઇને 'ભગરી' દોવા બેસી ગયો.

અમરશી શેઠ સવારે ઊઠીને દુકાનને ઓટલે દાતણ કરવા બેસતા. તે જ્યારે દાતણ કરતા હોય ત્યારે ગાદીને ખૂણે વછીયાતો મૂકી ગયેલ હુંડીઓ અને કાગળો એક છોકરો વાંચે અને શેઠ તેની વ્યવસ્થા માટે સૂચના કરે. પછી ઘરે જતાં રસ્તામાં ઢોર-ઢાંખરને નીરણ-પુળો થયાં છે કે કેમ ? તે જોવા ઢોરને વંડે ડોકું નાખતા જાય. ગાયો, ભેંસો અને ઘોડીઓની બાંધેલી હાર વચ્ચે ફરે અને તેમને હાથ ફેરવી થાબડે.

નિયમ પ્રમાણે શેઠ વંડામાં પેઠા ત્યાં 'ભગરી' ને કોઇ અજાણ્યો દોવા બેઠેલો જોઇને પૂછ્યું: 'એ કોણ દોવા બેઠું છે ?'

"એ તો હું ભગલો છું બાપા. બાપુ જગાવાળાને ત્યાં મેમાન આવ્યા છે તે બે શેડ પાડવા બેઠો છું." હજામે દોતાં દોતાં ખુલાસો કર્યો.

"મેમાન આવ્યા તો બાપુને ત્યાં ભેંસો આવી ગઇ છે. વગર પૂછ્યે ભગરીને દોવા કેમ બેસી ગયો ? જા તારા દરબારને કહે કે ભગરી માથે તો સવા મણ લોબાન બળે છે. તેના દૂધ કંઇ રેઢાં નથી પડ્યાં. ઊઠ, હાંડો મૂકીને રસ્તે પડી જા."

શેઠનો તાડુકો સાંભળીને ભગલો ઘરબાઇ ગયો. દોતો દોતો ઊભો થઇ દોએલ તાંબડી ત્યાં જ પડતી મૂકી ચાલી નીકળ્યો ને રાયતું મેળવી દેવાના આવેશમાં દરબાર પાસે મીઠું-મરચું ભભરાવીને રાવ રેડી.

દરબારની ભોળાઇ ઉપર નભી ખાનાર ભગલાની વાત સાંભળી ડાયરો તાજુબ થઇ ગયો. દરબાર જગાવાળા જેવા કાઠીરાજનું એક ત્રણ ટકાનો વાણિયો આવું અપમાન કરે તો ધરતી રસાતળ જાય તેમ તેઓને લાગ્યું. મહેમાન જેવા મહેમાન અને ડાયરા વચ્ચે

પોતાનું થયેલું અપમાન જગાવાળો ન ખમી શકયો. તેની આંખો લાલ થઇ ગઇ અને જાણે રણે ચડતો હોય તેમ પડકાર કર્યો કે—

" અલ્યા ! ઈ વાણિયાને આંહી પકડી લાવો ! શેઠ હોય તો એના ઘરનો ! ઇ વાણિયો હાટ માંડીને પૈસો પૈસો રળનારો મને આવો જવાબ દીએ ! અલ્યા, બે જણા જાઓ ને ઠોંટ મારીને એને ઝાલી આવો ! "

તરત જ બગલમાં તરવાર નાખી દરબારના બે પસાયતા અમરશી શેઠને પકડી લાવવા દોડ્યા.

અમરશી શેઠ હજુ તો ઘરે પહોંચ્યા હતા ત્યાં તો દરબારના મોકલેલા બે માણસોએ ખડકીમાં પેસતાં કહ્યું—" હાલો શેઠ, બાપુ તેડાવે છે. "

અમરશી શેઠ જેમ શ્રીમંત અને સુખી હતા તેમ જાડા બળીયા અને કાંડાબળીયા પણ હતા. એટલે દરબારના હુકમથી દબાઇ જાય તેમ નહોતું; છતાં વણિકબુદ્ધિ વાપરીને દરબાર પાસે જવા ઊઠયા અને અંગરખું પહેરવા લાગ્યા.

અમરશી શેઠના અંગરખાની બાંય શરીરના પ્રમાણમાં જેમ પહોળી રહેતી તેમ હાથ કરતાં બેવડી લાંબી રખાવીને કાંડે કડચલી પડતા. અંગરખા ઉપર પછેડીની ભેટ અને માથે સીરબંધ મુકતા, એટલે કપડાં પહેરતાં સહેજે પાંચ દસ મિનિટ નીકળી જાય તે સ્વાભાવિક હતું.

અમરશી શેઠને તૈયાર થતાં જે વખત જતો હતો તે સીપાઇઓને અસહ્ય લાગ્યો. એક તો બાપુનો હુકમ મળેલો અને જાતિસ્વભાવ પણ તીખો રહ્યો એટલે જમાદારી બતાવવાને એક જણે

તાકીદ કરતાં કહ્યું—" શેઠ ઉતાવળ કરો, નહિતર બાવડે બાંધીને લાવવાનો બાપુએ હુકમ કર્યો છે."

અમરશી શેઠને આવા ભાડુતી માણસો સાથે વિવાદમાં ઉતરવું ઠીક ન લાગ્યું તેથી ' ચાલો આવું છું ' કહીને બહાર નીકળ્યા.

અમરશી શેઠની ઉદારતા અને રખાવટથી આખા ગામનો તેના તરફ પૂજ્યભાવ હતો. શેઠનું અદોદળું શરીર હોવાથી તે ભાગ્યે જ દુકાનથી આઘે જતા. આજે બાપુના બે સિપાઇ સાથે શેઠને જતા જોઇને સૌને નવાઇ લાગી. જોતજોતામાં માણસો તેની આસપાસ વીંટાઇ ગયા અને 'કેમ શેઠ અત્યારમાં કેમના?' કહીને પૂછવા લાગ્યા. શેઠે જાણે કંઇ ન બન્યું હોય તેમ 'જરા બાપુ બોલાવે છે તો આંટો જઇ આવું" તેવો ટૂંકો ખુલાસો કરીને એકઠી મળેલી જનતાને આશ્વાસન દીધું. છતાં જગાવાળાના તણખાના ભણકારા આસપાસ સંભળાયા હતા, તેથી બેચાર જણા સાથે ચાલ્યા અને બાકીના શેઠની દુકાન પાસે ઊભા રહ્યા.

અમરશી શેઠ હાથીની જેમ ઝુલતા ધીમે પગલે વાળાની ડેલીએ પહોંચ્યા અને બાપુને રામરામ કરી દરબારની બાજુના ચાકળે બેસી ગયા અને ત્યાં રાણીંગવાળાને બેઠેલા જોઇ તેમને રામ રામ કરી ખુશીખબર પૂછવા લાગ્યા.

દરબાર જગાવાળો તો લાલચોળ આંખોથી વાણિયાને તાકી રહ્યો હતો, પણ અમરશી શેઠની પ્રભા અને બહાર ટોળે મળેલા લોકોને જોઇ રંગ સમજી ગયો; છતાં ડાયરામાં શેઠને તેડાવ્યા પછી દરબારનો દમદમાટ દેખાડવા અમરશી શેઠને ઉદ્દેશીને કહ્યું—" કેમ અમરશી ! તારાં બે બદામના ડોબાનું મુતર મને પાવું છે એમ કે ?"

અમરશી શેઠ દરબાર સામું જોઇ સ્વસ્થતાથી બોલ્યા— "તે

બાપુ ઇ એ માથાનો એવો કોણ છે જે તમને મુતર પીવાનું કહે ?"

"હવે ડાહ્યો થા માં ડાહ્યો. તારી બધી શેઠાઇ કાઢી નાંખીશ. એ તો નથી બોલતાં એમાં; બાકી સાંજ પહેલાં તને ભાંગીને ભૂક્કો કરી નાંખુ એમ છું. તું વાણિયો મારી પાટીમાં રહીને મને મુતર પાવા નીકળ્યો છે કેમ ?" દરબાર જમાવાળા ગાદીએથી અધી બેઠા થઇ બોલ્યા.

"પણ બાપુ ! મેં એમ કહ્યું કયારે ?"

"પુછને આ હજામને ?"

હજામે વાતને વધારી હતી એટલે વાતમાંથી વતેસર થઇ ગયેલું જોઇને તે આઘો પાછો ખસી ગયો હતો અને અમરશી શેઠને આવા ચાકરીયાત માણુસ સાથે મોં-કબૂલા કરાવવાની દરકાર પણ નહોતી, તેથી ખડખડાટ હસીને દરબારને કહ્યું: "અરે બાપુ ! આ તે વાત જ બેચરાઇ ગઇ. મને શું ખબર કે આ હજામ આપના માટે દૂધ લેવા આવ્યો છે. મેં તો જાણ્યું કે બાપુના નામે ગોલા જેમ ચરી ખાય છે તેમ આજે ભગલો અમારા વંડે આવી ચડયો હશે.'

"એ બધો ડોળ જવા દે, વાણિયાની ફાટ વધી ગઇ છે તે હું જાણું છું. અમારી પાટીમાં રહીને ગદરી ખાવું છે ને સામે જવાબ શું દઇ રહ્યો છો. ઘડીના છઠ્ઠા ભાગમાં ઉખેડી નાખીશ તે યાદ રાખજે." દરબારે દમ છાંટયો.

અમરશી શેઠ જો કે સરલ સ્વભાવી હતા છતાં સ્વમાન સમજતા હતા. એટલે દરબારની દબામણીને સાંખી શકે તેવા નહોતા, છતાં ધીરજથી કહ્યું. "બાપુ અમે તમારાથી રૂડા છીએ ને એ

તમારા રૂડા પરતાપ છે. પણ પછી પેશકસી ને જોરતલબીનાં તેડાં આવે ત્યારે તમે ય અમારાથી જ ઊજળા છો ખરૂં ને બાપુ ?"

દરબાર જગાવાળા એકદમ ગમ ખાઈ ગયા. જુનાગઢની જોરતલબી કે ગાયકવાડની પેશકસી વખતે અમરશી શેઠ અરધી રાતે ઉપયોગી થતા અને સર અવસરે જોઇતી રકમનો વળ પણ ત્યાંથી જ ઉતરતો ને આજે પણ નામું કરે તો શેઠનું દેવું નીકળે તે બાપુને યાદ આવ્યું. પણ હવે બીનું સંકેલે તો દરબારનું હીણું દેખાય તેથી જણાવ્યું કે: "એ બધું થઇ રહેશે. અમારા નામનું અપમાન કરે તેવા માણસને હું મારી પાટીમાં રહેવા દઇ શકું નહિ, માટે તમારે ચોવીશ કલાકમાં અમારી હદમાંથી નીકળી જવું."

"બહુ સારુ બાપુ !" કહીને અમરશી શેઠ ઊઠયા. એટલે તેની સાથે આવેલા માણસો પણ ઊભા થઇ ચાલવા લાગ્યા. દરબાર સમજતા હતા કે અમરશીનો આટલો મોટો પથારો મારી પાટીમાં છે, અને ઘરબારના ઊભા ઇમલામાં ખૂબ ખર્ચ થઈ ગયો છે તે કયાં જવાનો હતો ? તેથી હદપારનો હુકમ કાઢી તેને દબાવી દેવો, પરંતુ અમરશી શેઠ તો જાણે કંઈએ દરકાર ન હોય તેમ ચાલી નીકળવાથી દરબાર અને દાયરો તાજ્જુબ થઇ ગયા.

× × ×

અમરશી શેઠને ગઢમાં તેડાવ્યા છે તે વાત ગામમાં ફેલાતાં શેઠની દુકાન પાસે માણસોની ઠઠ જામવા લાગી હતી. શેઠના ચારે દીકરા દુકાને એકઠાં મળેલાં લોકોને શાંત્વન આપતા હતા. વંડે ભગલો ભગરી દોવા બેઠો હતો, તેને શેઠે કાઢી મૂકવાની વાત તો વંડે છાણુ–વાશીદું કરતી બાઇઓ પાસેથી મળી આવી હતી, પણ તેમાં જગાવાળાનું તેડું શા માટે ? એ ન સમજાવાથી સૌ કોઇ નવા નવા

તર્ક–વિતર્ક કરતા હતા. એટલામાં અમરશી શેઠ દુકાન તરફ આવતા દેખાયા. "કાઠીની આંખ ફરી છે એટલે કાકડીનું ઝેર ક્યારે ઉતરે તે ન કહેવાય. તેને પહોંચી વળવામાં વાંધો નથી, છતાં જ્યાં સો વર્ષના નાતા અને રખાવટની કદર ન થઇ ત્યાં એક ક્ષણ પણ રહેવું ઉચિત નથી." એ પ્રમાણે વિચારો કરતાં અમરશી શેઠ ચાલ્યા આવતા હતા ત્યાં દુકાન પાસે માણસોનું ટોળું એકઠું થએલ જોઇ ત્યાં પહોંચ્યા અને દુકાનને ઓટલે જઇ બેઠા. એટલે એકઠા મળેલા લોકો આસપાસ વીંટળાઇ ગયા અને 'કેમ શેઠ શું હતું ?' ના ચોતરફથી પ્રશ્ન થવા લાગ્યા.

અમરશી શેઠ અને જગાવાળા વચ્ચે કંઇ મનદુ:ખ થયું છે તેવી વાત જોતજોતામાં ગામમાં ફેલાઇ જવાથી શેઠની પેઢી ઉપર તેના ખેડૂતો–નાતાદારો અને ખાતેદારોનું જૂથ જામ્યું હતું. તેઓને 'સહેજ જગાવાળાએ લેણદેણની વાત કરવા બોલાવેલ' તેમ કહીને વાતને ટાઢી પાડી ત્યાં બગસરાના અર્ધ જાગીરદાર મૂળુવાળાના કામદાર આવી પહોંચ્યા. રામ રામ કરી શેઠ પાસે બેસીને કામદારે આસ્તેથી જણાવ્યું. "બાપુ મૂળુવાળાએ ખબર પૂછાવ્યા છે અને કહેલ છે કે અમારા લાયક કામકાજ હોય તો જુદાઇ માનશો નહિ."

અમરશી શેઠે ઉપકાર માનતાં ક્ષણમાત્રમાં પ્રોગ્રામ ઘડી કાઢ્યો હોય તેમ કામદારને કહ્યું કે "દરબારને મારા રામરામ કહેજો ને જણાવજો કે અમરશી તમારી વસ્તી થવા ઇચ્છે છે માટે ખોરડા-ખાબડાંની વેતરણ થઇ શકે તો અત્યારે જ આવી જાઉં."

"દરબાર મૂળુવાળાની પાટી એ તમારી જ છે. શેઠ દેવચંદ જેઠાની વારીથી તમો અમારા જ છો. માટે ખુશીથી તમને જોઇએ તે

સગવડ કરી દેશું. તમે ડેલી સુધી આવી જાવ તો ઠીક, કેમકે તમને મળવા દરબાર પણ ઝંખે છે."

"હમણાં જ આવું છું" કહીને કામદારને વિદાય કર્યા અને અમરશી શેઠે ત્યાં બેઠા બેઠા જ હુકમો છોડવા શરૂ કર્યાં.

"ડાયા, આપણે અત્યારે જ મૂળુવાળાની પાટીમાં રહેવા જવું છે માટે ઘરવખરી સંકેલવા માંડો."

દુકાન પાસે માણસોની ઠઠ ઊભી હતી. કામદાર અને અમરશી શેઠ વચ્ચેની વાત પૂરી થતાં જ શેઠે ડાયાભાઇને ઘર ફેરવવાનું જણાવ્યું તે જોઇ બધા ચેતી ગયા અને વગરમાગ્યે કોઇ ઉચાળા ભરવાને ગાડીઓ જોડવા તો કોઇ અનાજના કોઠાર ફેરવવાને હાથોહાથ મદદ કરવા દોડયા. અને અમરશી શેઠ મૂળુવાળાની ડેલીએ જવા ઉપડયા.

દરબાર મૂળુવાળાને કામદારે વાત કરી કે તુર્ત રાજી થઇને તેને જોઇતા મકાનોની સગવડ માટે માણસો દોડાવ્યાં હતાં ત્યાં અમરશી શેઠને આવતા જોઇ આવકાર આપવા ઊઠયા અને 'આવ બાપ અમરશી' કહીને તેને પડખે બેસારી 'આજ મારી પાટીમાં જૂનું નાણું આવે છે' તેમ હરખ કરી સાકર વહેંચાવી અને અમરશી શેઠને પાઘડી બંધાવી.

સાંજ પડતાં જ શેઠની બધીએ ઘરવખરી ફરી ગઇ. દાણાના કોઠાર, ઘાસના ઓરડાં ખાલી કરી નાખ્યા. ઢોરઢાંખર દોરી ગયા. પણ અનર્ગલ માલ-મત્તાને ફેરવતાં દિ' આથમવા આવ્યો ત્યારે તેલની ભરેલી ચાર કોઠીઓ ન ફેરવાણી. શેઠને ચોવીશ કલાકને બદલે દશ કલાકમાં જગાવાળાની જમીન છોડવી હતી. એટલે ચારસો મણ તેલનો ત્રાગ કયાંથી આવે? માણસ પૂછવા આવ્યો કે-'શેઠ,

હવે તેલની ચાર કોઠીઓ જ રહી છે તો કુડલા ભરીને સોપો પડ્યા પહેલાં ફેરવી નાખશું. તમે સવારના ભૂખ્યા છો તો હવે દિ છતાં વાળુ કરી આવો."

"જગાવાળાની પાટીમાં મારો ઉચાળો પડ્યો હોય ત્યાં સુધી મારે અન્ન ન ખપે! તેલની કોઠી ફેરવવામાં મોટી વાત શું છે? જાવ એ ચારે કોઠીને આડી પાડી નાખો એટલે તેલ એની મેળે ચાલ્યું જશે અને કોઠીઓ પગે દોડવીને મૂળુવાળાની પાટીમાં મૂકી દો, એટલે આ પાટીમાં આવવું મટ્યું."

જોતજોતામાં બગસરાની બજારમાં તેલની નદી ચાલી. વગર વરસાદે ડેલી પાસેથી ધોધમાર જલપ્રલય જેવું પુર આવતું જોઇને દરબાર જગાવાળા થંભી ગયા. વાણુંદની વાત ઉપર વડવાનળ સળગાવવાની ઉતાવળ માટે મનમાં પસ્તાવો થવા લાગ્યો. અમરશીને મનાવી લેવાને લાલચ થઇ પણ તેના ટેકી સ્વભાવ પાસે એ ડહાપણ અસુરું હતું.

# સોરઠી વીરાંગના

"**જા,** ભાઇ જા. અમારી 'લીલમ' ધણીયાતી છે. મલકમાં આમાં બેટીના કરાય કે બીબીના? તે મુનશીજીને પૂછી જો." અમૃત શેઠાણીએ મુખ્ય કારભારીના કારકુનને જવાબ આપ્યો.

"શેઠાણી, જાનવરની સરખામણી માણસ સાથે કરીને તમે વાતને ઉડાડી દેવા ધાર્યું હોય તો તે ફાંફાં છે. આ કંઇ વાણિયા-ભાઇની વાતો નથી, માટે સમજીને 'લીલમ' સોંપી દ્યો તો સારું" કારકુને સત્તાનું પ્રદર્શન પાથરવાની શરૂઆત કરી.

"એમ! વધારે ડાહ્યો લાગે છે. જાનવર જેવી બુદ્ધિને બધું જાનવર જેવું જ દેખાય. જા, બાપ, જા,ડહાપણ ડોળતો ચાલ્યો જા. 'લીલમ' એ ઘોડારનું ટાયડું નથી પણ અમારા વડીલોનો 'દેવપ્રસાદ' છે. મુનશીજીને કહેજે કે આમ પાણી વલોવવા જેવી માગણી કરવાથી કંઇ તમને અડધી રાત્રે ધીરેલી પચાસ હજાર કોરીની રાંગ પચી શકશે નહિ, માટે ડાહ્યા થઇને છાનામાના કારભારું હાંકતા હો તેમ હાંક્યે રાખો, તેમાં જ શોભા છે."

"બાઇ, હું અત્યારે કોના તરફથી વાત કરું છું તે તમને ખબર છે કે? ખુદાવીંદ સલામબુ બાપુનું ફરમાન થયું છે કે ઘડીના છઠ્ઠા ભાગમાં 'લીલમ' તમારે આંગણેથી છોડી લાવવી.

આપણા રાજવીનો હુકમ કેવો હોય છે તે તો તમે જાણો છો. આમાં તો વજીર સાહેબે તમારો નાતો જાળવીને મને મોકલ્યો છે, તો લાંબી પહોળી વાતો છોડી દઈને 'લીલમ' સોંપી દ્યો. તેમાં તમારી શોભા છે. હું તો તમારા સારા માટે કહું છું શેઠાણી"

"એ...મ. તારા વજીર સાહેબે અમારો સંબંધ સાચવવા તને મોકલ્યો છે એમ કે? તારા વજીરને કહી દે કે—શેખ બાપુને અવળે માર્ગે ચડાવીને તેમના નામે માંગરોલમાં આગ પાથરવા જતાં ક્યાંક તમારે હોમાઈ જવું ન પડે તે સાચવજો."

"બાઈ હું વિનયથી વાત કરું છું તેમ તેમ તમે માઝા મૂકતાં જાવ છો તેમાં અંતે તમારે વધારે સહન કરવું પડશે. જુનાગઢના રણછોડજી દીવાનના આપણા વજીર સાહેબ સંબંધી થાય છે. તે ધારે તો તમારાં ઘરબાર સુધ્ધાં રાજને કબજે લઈ લેતાં વાર ન લાગે. હજીએ હું તો જતાં જતાં ચેતવતો જઉં છું કે સમજી જાવ તો સારું. આ કંઈ વાણિયાભાઈના ખેલ નથી"

"ખબરદાર મારે તારી શિખામણ નથી સાંભળવી. ક્યારનો જેમ આવે તેમ બોલ્યો જાય છે પણ આ વાણિયા વસમા છે સમજ્યો કે? તારા વજીર સાબને જુનાગઢના વજીરનું જોર હોય તો ધરમશી હેમચંદના ઘરને નવાબ બાપુનો નાતો છે. આવી ધૂળ જેવી વાત માટે પારકે બળે ઝૂઝવાની જરૂર નથી. તું ચીઠ્ઠીનો ચાકર છે તે સાજો–નરવો ડેલી બહાર નીકળી જા ને તારા વજીરને ચેતવી દેજે કે અમલની અંધીમાં કડી લેવા જતાં પાટણ પરવારવું ન પડે." "અને એ ડેલીએ કોણ છે? આમ આવો."

અમૃત શેઠાણી ખાટે બેઠાં બેઠાં તાણીને વાતો કરતાં હતાં

તેના તરફ સૌનું ધ્યાન ખેંચાયું હતું એટલે 'કોણ છે ?' ના પડકારથી જ ડેલીએ ઊભો પહેરો ભરતા હથિયારબંધ બે આરબો શેઠાણીનો હુકમ ઝીલવા દોડી આવ્યા. તેની પાછળ ડેલીએ દેવડીએ આરામ લેતી આરબોની એક ટુકડી પણ દોડી આવી. પાછલના વાડેથી ઢોર-ઢાંખર દોવા-લેવા આવેલ ભરવાડો અને મજૂરો દોડયા. પરસાળ અને રસોડામાં બેઠેલ બૈરાં મંડળ થંભી ગયું. કારકુન આ લશ્કરી દોડ-દમામ અને શેઠાણીનું ઓજસ જોઇ દંગ થઇ ગયો, ને ચોકીયાતોનું શેઠાણી તરફ ધ્યાન હતું તે તકનો લાભ લઇને ડેલી બહાર નીકળી ગયો. દરમિયાન શેઠાણીએ પહેરેગીરોને તેના જમાદારને બંદરની બેર-બેથી બોલાવવાનો હુકમ કર્યો હતો તેમ તે જાણી શકયો.

× × ×

શેઠ ધરમશી હેમચંદનું નામ સોરઠમાં આગળ પડતું પ્રસિદ્ધ હતું. તેમણે ગરીબોને અન્ન આપીને અને શ્રીમંતોને નાણાની ધીર-ધાર કરી તેના પર હાથ રાખેલા. મનની મોટાઇને જીભની મીઠાશથી તેમણે લોકોનો પ્રેમ ને વિશ્વાસ જીતી લીધેલા. માંગરોળના મહાજનમાં તેમનું નગરશેઠનું સ્થાન હતું. મહાજનમાં તે મોવડી હતા અને આસપાસના રાજરજવાડાનો પણ ભીડ પડયે વળ ઉતારતા.

માંગરોલમાં શેખનું રાજ હતું. તેઓ જુનાગઢના જહાંગીરદાર અને નવાબી સંબંધથી ગુંથાએલા હોઇને જુનાગઢ સાથેના ચાલતા આવેલ રિવાજ મુજબ દશરા-દીવાળીની સ્વારીમાં ભાગ લેવા સિવાય માંગરોળના રાજવીનો સ્વતંત્ર દરજ્જો ભોગવતા હતા.

ધરમશી શેઠના વખતમાં માંગરોલમાં શેખ બડામીયાંનો રાજ-અમલ હતો. ધરમશી શેઠના કુટુંબ અને રાજને સારો સંબંધ હતો. પોતાના રાજમાં પરગણા પ્રિય વસ્તી હોય તેમાં તે માન સમજતા ને

શાદી-ગમી જેવા સુખ-દુઃખના પ્રસંગે કુટુંબ જેમ પડખે ઊભા રહેતા.

એ વખતે હિંદુ-મુસ્લીમના ભેદ નહોતા. હિંદુરાજમાં મુસ્લીમ અધિકારી હોય ને મુસ્લીમ રાજમાં હિંદુ અમલદાર હોય. જુસબ કાકાના ઘરની જાનમાં પદમો પટેલ પણ હોય ને વીઠલ વાણીયો વરનો બાપ થઇને ઘુમતો હોય. આપણે વાત કરીએ છીએ તે દિવસે કમનસીબે ગામને પાદર નધણીયાતા ઢોરને કોઇ હરામ હલાલીએ મારી નાખ્યું. વસ્તીને ખબર પડતાં નગરશેઠ પાસે રાવ આવતાં ધરમશી શેઠે મહાજન ભેગું કર્યું. મહાજનમાં નિત્ય ધોરણે દરેક નાત-જાતના વયોવૃદ્ધ અનુભવી પ્રતિનિધિઓ આવી બેઠા. નાના ગામમાં આવી ખબર ફરી વળતાં શું વાર લાગે? નિર્દોષ જાનવરને હલાલ કરેલું જોઇ બધાના હૃદય દુભાયાં ને શેખ મળીને આવા કીસ્સા ફરી ન બને તે માટે બંદોબસ્ત થાય અરજ કરવા જવાનું ઠર્યું.

શેખ બડામીયાંની અત્યારે જુવાની હતી. તેને આવી નધણીયાતા ઢોરની વાત, ને તે પણ ગામને પાદર કોઇ મારી ગયું તેમાં સાંભળવા જેવું ન લાગ્યું.

રાજવી શેખનો સંતોષકારક જવાબ ન મળવાથી મહાજન પાછું ફરીને નગરશેઠને મકાને એકઠું થયું. આમાં ડોસી મરી જાય તેનું દુઃખ નહોતું પણ જમ ઘર ભાળી જાય તે ઠીક ન લાગ્યું. શેખ બાપુને નધણીયાતા કે ધણીયાતા સાથે કામ નહોતું, તેને આંગણે તો મહાજન ગયેલું હતું તેને આ ઉડાઉ જવાબ એ મહાજનનું જ અપમાન લાગ્યું. શેખ બાપુને રાજઅમલનું ગુમાન ચડી ગયું હોય તો ભલે ગામના મકાનો ને ઘરનાં સીપાઇ-સપરાં ઉપર રાજ કરે. જ્યાં મહાજનનો માન-મરતબો ન રહે ત્યાં વસવું

તે સ્મશાનવાસ જેવું લાગવાથી ઉચાળા ભરી ગામ ખાલી કરવાની વાત આવી.

આ અને આવી દલીલો સાંભળીને ધરમશી શેઠે લોકલાગણીનું માપ કરી લીધું. તેમને મહાજનના ગૌરવની કિંમત હતી, ને ગમે તે ભોગ આપવાની શક્તિ હતી. વાત વધી ગયેલ હોવાથી શેઠની ડેલીએ માણસ ઘણું એકઠું થઇ ગયું હતું. શેઠે સૌ ભાઇઓને સાંભળી લીધા પછી કહ્યું કે—"આપણે રાજ્ય સાથે વાંધો નથી પણ રાજની રીતભાત સાથે વાંધો છે. રાજા ને પ્રજા વચ્ચે માવતર–છોરુનો સંબંધ જોઇએ. બાકી બડામીયા બાપુના મનમાં રાજસત્તાના કોડ જાગ્યા હોય તો આપણે અત્યારે જ ઉચાળા ભરવા વ્યાજબી છે. જેમ પીછાની શોભા મોર સાથે છે તેમ મોરની શોભા પીછા છે તે શેખ બાપુને સમય શીખવશે."

અત્યારે જ ઉછાળા ભરવાનો નિર્ણય થતાં સૌ નીકળી જવાની તૈયારી કરવા દોડ્યા ને બે કલાકમાં તો બળદ અને ઘોડાં, એકા કે ઊંટ જે ફાવ્યું તે લઇને અને બાકી માથે પોટલાં મૂકીને સ્ત્રી–પુરુષોની કતાર ચાલી.

રાજગઢમાં આ વાતના ખબર રાજમાતાને પડયા. વયોવૃદ્ધ મમાએ બડામીયાંને બોલાવ્યા ને સાફ કહી દીધું કે–"આપણી વસ્તી રીસાઇને બીજે ચાલી જાય છે તેની તને ખબર છે કે?"

"મમા! મેં કંઇ કાઢી મૂકયા નથી. તેની મેળે જવા લાગ્યા છે તેમાં હું શું કરું? તેની મેળે થાકશે ત્યારે આવશે. આપણે દરવાજા કયાં બંધ કરવા છે?"

"બડાભાઇ આ તું શું બોલે છે? રૈયત રીસાઇ જાય તો પ્રજા વિનાનું રાજ કોની ઉપર કરીશ ભાઇ? મારે તો તારી જેમ વસ્તી

પણ બેટા–બેટી જ છે. આપણી વસ્તી ધોમ તડકે ચાલી નીકળે ને હું માંગરોળમાં બેસી રહું તે બને જ નહિ. તારે હિસાબે તો હુંયે વસ્તી છું એટલે જ્યાં તે ત્યાં હું શોભું. તેમની સાથે રહીને ખુદાની બંદગી કરીશ, માટે મને ગાડું મગાવી દે કે મારા ઉચાળા ભરાવીને સાંજ પહેલાં તેની ભેગી થઇ જાઉં. ”

રાજમાતાનું પ્રજાવાત્સલ્ય ખમીર અને માતૃભાવના જોઇને બડામીયાંનું હૃદય ગળગળું થઇ ગયું. અમાની પગચુંબી કરી પોતાની ભૂલ સુધારી લેવાને ખાત્રી આપી ને તરત જ ત્યાં જ ઘોડી મગાવીને રૈયતના રસાલા પાછળ ચાલી નીકળ્યા.

ગામથી ત્રણેક મૈલ દૂર આંબાવાડીયા પાસે પાણીની સગવડ હોવાથી સૌને ત્યાં ભેગા થવાનું મહાજને ઠરાવ્યું હતું. એક તરફ ગાડાં–ઘોડાની ઠઠ પથરાઇ ગઇ હતી ને વડ નીચે માનવમેદની જામ્યે જતી હતી. નગરશેઠ વગેરે મહાજનના મોવડીઓ છાંયડે બેસીને સૌને સાંજના જમાડવા, સુવા અને નવા વસવાટના સ્થળની પસંદગી માટે વિચારણા કરી રહ્યા હતા. ત્યાં દૂરથી મારતે ઘોડે આવતા સ્વાર તરફ સર્વેનું ધ્યાન ખેંચાયું. દૂરથી માંગરોળના ધણી બડા મીયાંને જ આવતા જોઇ સૌ ઊભા થઈ ગયા. આગેવાનો સામે દોડ્યા, અને ઘોડેથી ઉતરતાં “ બાપુ તમે...?” કહીને બડામીયાંને બાથમાં લેતાં ધરમશી શેઠનું હૈયું ભરાઇ આવ્યું.

રાજા અને પ્રજા વચ્ચે તે વખતે અધિકારીઓનાં આંતરાં ગોઠવાયાં નહોતાં. સૌનો એક ભાણામાં હાથ ને ધરવટ જેવી વહે-વારની ફૂલગુંથણી હતી. બડામીયાં ચાલીચલાવીને આટલે દૂર આવ્યા પછી હવે તો પ્રજાને પ્રજાધર્મ બજાવવાની ફરજ ઊભી

થઇ હતી. આ કંઇ હક્ક–હકુમતની શેત્રંજ નહોતી કે તેમાં વષ્ટિ-ની સરતો કે બાંધછોડની સાઠમારી હોય.

એક ખેડૂતે ગાડેથી બુંગણ આણ્યું, એક ઘોડા ઉપરથી આરી ભરતની દળી લાવ્યો ને ક્ષણમાત્રમાં ત્યાં રાજકચેરી જામી ગઇ. બડામીયાંને બહુમાનપૂર્વક ત્યાં બેસાર્યા અને પરિશ્રમ ઉતારવા પવન ઢોળાવા લાગ્યો. એક જણે ખુરૂં લાવી સરબત કર્યું. એક જણ વાડીમાં દોડી લીંબુ લાવ્યો. કોઇને કંઇ કહેવાનું નહોતું કે કોઇને અંતરના વેર કે હૃદયમાં ઝેર નહોતું. વીસામો લઇ સૌ ગામ તરફ વળી નીકળ્યું. મહાજનના મોવડીઓ બડામીયાંની સાથે રાજમાતાને પગે લાગવા ગયા. અમાએ સૌને આવકાર આપીને બડામીયાંને કહ્યું કે–" ભાઇ, વસ્તીનું રક્ષણ કરવું તે રાજધર્મ છે, ને ઢોરઢાંખર એ તો રાજની રસાવળ છે. આપણા રાજમાં કોઇ ઢોર ન મારી શકે તેવી તારે ગોઠવણ કરવી જોઇએ."

( ૨ )

માંગરોળ એ વખતે કાઠિયાવાડમાં ધીકતું બંદર હતું. તેનો મોટો વેપાર અરબસ્તાન અને મુંબઇ સાથે રહેતો. ધરમશી શેઠનો મુખ્ય વેપાર રૂ અને ધીરધારનો હતો. વેપારવણજમાં તેમને રસ હતો. માંગરોળમાં ખરીદાતું રૂ મુંબઇ આડતીયાને વેચવા મોકલતા. છેલ્લા બનાવથી તેમનું મન મુંબઇ તરફ ખેંચાયું ને તુરત જ મુંબઇ જઇને કોટના છેડે બજારગેટના છાપરીચાવાસમાં ધરમશી શેઠે પેઢી ખોલી દીધી.

માંગરોળમાં પણ તેમણે વેપાર ખીલવવા માંડયો હતો. અરબસ્તાનથી કાઠિયાવાડ માટે માંગરોળ બંદરે ખજુરના બગલા વેચાવા આવતા ને તે વેરાવળ, પોરબંદર કે માંગરોળમાં જ્યાં ખપે

ત્યાં વેચી જતા. હેમચંદ શેઠે અરબસ્તાનથી આવતા ખજુરના વેપારીઓ સાથે આડત બાંધી લીધી કે તેને અહીં-તહીં ફરવું ન પડે ને નાણા તુરત મળી જાય.

ધરમશી શેઠને હામ, દામ ને ઠામનો સુયોગ હતો. ખજુરના વહાણો આવે ત્યારે ઘરાકી મંદ હોય તો પોતે બંદરકાંઠે ઉતરાવી લેવા વખારો બંધાવી. ટંડેલ, ખલાસી વગેરે માણસોને ઉતારા માટે વખારો નજીક બેરખ બંધાવી દીધી ને તેમને જમવા માટે પોતા તરફથી ભઠીયારખાનું ( રસોડું ) ખુલ્લું મૂકી દીધું.

તેમની રાખપત, રખાપત અને ધીરપથી આરબ વેપારીઓનું તેમના તરફ વલણ વધવા લાગ્યું. શેઠમાં તેમને એવો વિશ્વાસ બેસી ગયો કે તેઓ મોટા ભાગે ખજુરના બગલા માંગરોળ ચડાવવા લાગ્યા. મોસમ ઉકલ્યે વેપારીઓ નામા કરવા આવે ત્યારે ત્યાંથી તાજા મેવા શેઠ માટે લેતા આવે ને જતી વખતે શેઠને ઘરે અરબસ્તાની સાચા મોતીની સેરો બૈરા-છોકરા માટે સંભારણામાં આગ્રહથી આપતા જાય.

આરબ કોમની પ્રમાણિકતા અને વફાદારી માટે એવી છાપ પડી હતી કે રાજરજવાડામાં અને શેઠ સોદાગરોના જાનમાલના રક્ષણ સ્થળમાં આરબોને રોકવા લાગ્યા. શેઠે આરબોના ઉતારા માટે બંદરકાંઠે બંધાવેલ બેરખ અને ભઠીયારખાનાની સગવડ રાખેલી હોઇ અરબસ્થાન અને સોરઠ વચ્ચે માંગરોળ તેમનું નિવાસસ્થાન થઇ પડયું. દેશમાં જતા-આવતા સો પચાસ આરબોની પડી પથારી ત્યાં હોય જ. કોઇને ચોકી-પહેરા માટે આરબ જોઇએ તો ધરમશી શેઠને લખવાથી તેઓ મેળ બેસારી દેતા. રાજરજવાડામાં ધરમશી શેઠનો નાતો-સંબંધ આવા અનેક પ્રસંગોથી વધ્યે જતો હતો.

× × ×

આ વાતને બારેક વર્ષ વીતી ગયાં. દરમિયાન શ્રી ધરમશી શેઠ મુંબઈ અને અરબસ્તાનના વેપારના પાયા નાખી પાંચેક વર્ષે ગુજરી ગયા. તેમના પુત્ર કપુરચંદ કે જેની ઉમર તે વખતે પચીશેક વર્ષની હતી તેમની શરીરસંપત્તિ બરાબર રહેતી નહી. જો કે બન્ને સ્થળે મહેતા–મુનીમો ખાનદાન અને શેઠના હાથ નીચે તાલીમ લઈને તૈયાર થયેલા હતા એ અનુકૂળ સંયોગ હતો. કપુરચંદ શેઠનો તેમના પિતાની પાછળ પાંચેક વર્ષે ( સં. ૧૮૯૧ ) દેહવિલય થયો. આ વખતે તેમના પુત્ર ચત્રભુજ તેર વર્ષના અને બીજા પ્રેમજી દશ વર્ષના હતા. આમ થોડીયે ઘર થઈ જવાથી ચાલતા વહીવટનું શું કરવું ? તે વિચારણીય પ્રશ્ન હતો. કપુરચંદ શેઠના ધર્મપત્ની અમૃત શેઠાણી સંસ્કારી હતાં. માંગરોળમાં જ તેમનું પિયર હોવાથી નાનપણથી જ તેમને ધરમશી શેઠના પરાક્રમ અને પ્રતિષ્ઠાનો અનુભવ હતો. દાયકા પહેલા ગામે ઉચાળા ભરેલા ત્યારે તો તેમના લગ્ન થઇ ગયેલાં એટલે પોતાના અટંકી સસરાનું આત્મબળ અને અગમ બુદ્ધિના તેમને સંસ્કાર પડેલા. હવે ઘરનો ભાર તેના ઉપર આવી પડયો. તેમણે આવી પડેલ આપત્તિમાં ધૈર્ય રાખીને બન્ને પુત્રોને ઉછેરવા અને તેને આદર્શ સંસ્કાર આપવા ઉપરાંત પેઢીઓનો વહીવટ પણ સંભાળી લીધો.

સવારમાં છોકરાઓને ઉઠાડી દેવદર્શન વગેરે નિત્યકર્મ કરવા પ્રેરે, પછી દાતણ કરવા બહારને ઓટલે બેસારે ત્યારે અનાજભરેલી ટોપલી અને દોકડાની થેલી તેની પાસે મુકાવે. બન્ને ભાઇઓ દાતણ કરતાં ગરીબ–ગુરબાંને વાટકો ભરી અનાજ અને કોઇ અપંગ કે રોગી દુઃખીયાને મુઠી ભરીને દોકડા આપે. પછી માજીને વંદન કરી ધુળી નિશાળે જાય–આ તેનો નિત્યનો કાર્યક્રમ રાખેલો.

ઘરમાં અમૃત શેઠાણી વહેલાં ઊઠી નિત્ય નિયમથી ફારેગ થાય

અને છોકરાને દાતણ કરવા બેસારે તેટલામાં વાડેથી ભરવાડો દૂધ દોહીને આવી ગયા હોય. ઘરમાં છાશ તૈયાર થઇ ગઇ હોય. 'મા' નિવૃત થઇને પરસાળમાં બેસે ને ગામમાંથી છાશ લેવા આવે તેને આવકાર આપી ખબર–અંતર પૂછે. સુખ–દુઃખની વાતો સાંભળતાં કોઇને મદદ દેવા જેવું લાગે તો તેની છાશની દોણીમાં છાની માની(દીવાનશાહી) કોરીયો નાખી દેતાં, કોઇના ઠામમાં છોકરાં માટે થોડું માખણ મૂકી દે. વાતો કરતાં ગામમાં નાતજાતના ભેદ વિના ગમે તેની વસમી વેળાના ખબર જાણે તો તેને બપોરના આંટો તેડાવે ને બે કાન ન જાણે તેમ તેની ભૂખ ભાંગે. ત્રીસ વર્ષનાં અમૃત મા સાઠ વર્ષના ડોશીમાના જેવા પ્રૌઢ દેખાતાં. ટાણે અવસરે જ્યાં જોઇએ ત્યાં 'મા' પહોંચ્યા જ હોય. તેઓ દુઃખીયાનો દિલાસો ને ગરીબોના બેલીનું કામ કરતા. મુંબઇની પેઢીએ અંગત માણસો હતાં, છતાં વખતો વખત વહાણ સાથે ત્યાંના ખબર મગાવે ને જરૂર પડે તો સલાહ આપે.

અરબસ્તાનનો વેપાર વધાર્યો હતો તેથી પાંચ દશ આરબો ડેલીમાં બેઠા જ હોય. બંદરકાંઠે બેરખે સો–પચાસ ને કોઇ કોઇ વખત બસો ત્રણસો આરબોનો જામો થતો. આસપાસ નોકરી કરનાર આરબોને દેશમાં આવતાં–જતાં માંગરોળની બેરખ આરામગૃહની ગરજ સારતી.

કપુરચંદ શેઠના સ્વર્ગવાસને વર્ષ વીત્યે સહકુટુંબ ને લાગતા–વળગતા સંબંધીઓને લઇ અમૃતમા ગિરનારજી ઉપર તેમના સસરાએ જીર્ણોદ્ધાર કરાવેલ શ્રી શાંતિનાથ જિનાલયના દર્શને અને શત્રુંજયની યાત્રાએ જઇ આવ્યાં. આ પ્રસંગે બન્ને પુત્રો માટે ખાસ રથો, તંબુઓ વગેરે સાધન સામગ્રી તૈયાર કરાવ્યાં. સોનાના કળશથી

સુસજ્જિત જિનાલય સાથે લીધું ને મોકળા મનથી ખર્ચ કરીને આત્મસાધના કરી આવ્યા.

× × ×

આ દોઢ દાયકામાં રાજતંત્રમાં પણ અનેક પલટા આવી ગયા હતા. રાજવી બડામીયાં તેમ જ તેમના અમા બેહસ્તનશીન થવાથી અને તેમના પાટવી કુમાર બાર વર્ષના બાળક હોવાથી રાજમાતાએ શેખ કુટુંબમાંથી સલામબુ સાહેબને રાજવહીવટ સોંપેલો.

દેશની દૃષ્ટિએ આ અરસામાં કુંપની સરકારે કાઠિયાવાડમાં પગપેસારો કરી દીધો હતો. તલવારનું રાજ ઓસરતું જતું હતું. દાયકા પહેલાં કાંડાબળે જેણે જેટલું જીતેલું તેને તેટલું રહ્યું હતું. પ્રજા સાથે રહી ખાંડાના ખેલ ખેલવાના વખત વહી ગયા હતા. ને વોકર સરવે સેટલમેન્ટથી રાજ્યોની હદ મર્યાદા બંધાઇ ગઇ હતી. કાંડાબળનું સ્થાન કલમે લીધું હતું. આ ક્રાંતિ યુગ હોવાથી માંગરોળમાં એકાદ કલમબાજ હોય તો ઠીક તેમ રાજમાતાને વિચાર થતાં જુનાગઢથી ખરખરે આવેલ મહેમાનોને કોઇ રાજકાજનો જાણકાર મુનશી ત્યાં હોય તો કામદારું કરવા જોઇએ છીએ તેમ વાત કરેલી.

તે વખતે જુનાગઢ રાજકુટુંબમાં આંતરક્લેશ જેવું હોવાથી રાજતંત્રની લગામ જેનું જોર હોય તેના પાસવાનના હાથમાં રહેતી, ને તે વજીર કે દીવાનના નામે રાજકારભાર ચલાવતા. માંગરોળનાં રાજમાતાએ અનુભવી માણસની માગણી કરેલી તે સંદેશો રણછોડજી દીવાનને મળ્યો. તેમણે પોતાને ત્યાં થેલો ઠક્કર નોકરી માટે આવી પડયો હતો તેને માંગરોળ મોકલી દીધો.

માંગરોળમાં આવીને તેમણે જોયું કે રાજમાતા ઓજલમાં

રહે છે. રાજકુમાર બાર વર્ષના બાળક અને રાજવહીવટ ચલાવનાર સલામણુ સાહેબ સરલ સ્વભાવી છે. આ રીતે આકડે મધ અને તે પણુ માખીઓ વિનાનું જોઇ મુનશી ઠક્કરને પણુ રણુછોડજી દીવાનની પેઠે માંગરોળની શેખાઇ ભોગવવાનો કોડ થયો.

કામદારું કરવા આવેલ ઠક્કર વજીરાતને છાજતા દબદબાથી રહેતા અને પોતાના હોદ્દાને ' વજીર 'ના સંબોધનથી ઓળખાવવા લાગ્યા હતા. રાજા અને પ્રજા વચ્ચે મેળ ન હોય, એકબીજાનો પરિચય ઓછો થાય તો જ નોકરશાહી જામી શકે તે મુદ્દો ધ્યાનમાં રાખીને રાજની લગામ પોતાના હાથમાં લઇ લીધી હતી. સલામણુ સાહેબમાં અમીરાત હતી તેથી રાજતંત્રનો ભાર મુનશી ઉપાડતો હોય તો તેટલી ઉપાધિ ઓછી તેમ સમજતા. મુનશી-ઠક્કરને એકહથ્થુ સત્તાના કોડ પૂરા કરવાને આવી તક મળી જવાથી રાજના નામે તે મનસ્વી હુકમો કાઢવા અને નિરંકુશ રાજશાહી ભોગવવા ટેવાઇ ગયો ને કોઈ વખત તેના ગેરવ્યાજબી હુકમોની સલામણુ સાહેબને કે રાજમાતાને ખબર પડી જાય ને પૂછપરછ કરે તો જવાબમાં ' આ રાજના કામ છે, રાજનો ભાર મને નવાબ સાહેબે સોંપેલ છે તેથી તેમને ખબર પડે તો ઠપકો મને આપે ' વગેરે શબ્દપ્રયોગથી તેમને ભડકાવી મૂકતો.

અધિકારની આંધી એવી હોય છે કે તે પોતે જ ગઇકાલ કોઇ રાજની રૈયત હતો ને આવતી કાલે રૈયત તરીકે જીવવાનું છે તે તદ્દન ભૂલી જાય છે અને પોતાને મળેલી સત્તાનો રાજશાહી લાભ લેવાના તુચ્છ ઇરાદાથી રાજા અને પ્રજા વચ્ચે આંતર-ભેદ વધારવાની રમત રમે છે.

મુનશીજીએ જોયું કે માંગરોલમાં રાજા–રૈયત વચ્ચે કુટુંબ સંબંધ છે અને તેનું કેન્દ્રસ્થાન નગરશેઠ છે. જેમ રાજકુટુંબમાં અત્યારે બાળરાજ હતું તેમ નગરશેઠના કુટુંબમાં પણ કપુરચંદ શેઠ ગુજરી જવાથી અમલ ચલાવવો ઠીક પડશે તેમ માની લીધું. તે માંગરોલ આવ્યો ત્યારે જુનાગઢથી તો કોરોધાકોર આવેલો. અહીં તેને દબદબાથી રહેવાનું હતું તેથી કપુરચંદ શેઠ પાસેથી પચાસ હજાર કોરી વ્યાજે ઉપાડેલી ને તે પૈસા ઉપર ઠાઠમાઠ આરંભેલો. તે પછી કપુરચંદ શેઠ સ્વર્ગે સીધાવ્યા તેને બે વર્ષ થવા છતાં કોઈએ ઉઘરાણી કરી નહોતી તેથી આ વાત કોઈ જાણનાર નથી તેમ માન્યું.

નગરશેઠને ઘરે ધરમશી શેઠના વખતથી 'લીલમ' ઘોડી હતી. તેના દેવતાઈ ચિહ્ન અને તેના પગલે બરકત હતી તેમ એક વખત કપુરચંદ શેઠ પાસેથી વાત વાતમાં તેણે જાણેલું. એટલે તે ઘોડી મગાવીને સલામબુ સાહેબને દેવાથી ખુશી થશે, ને નહિ આપે તો શેખબાપુ તથા રાજમાતાના કાન ભંભેરી તેના ઘરે મોસલ મોકલી ઘોડી ઉપાડી લાવશું એટલે રૈયત અને રાજ વચ્ચેનો પ્રેમ–પૂલ તૂટી જશે ને નગરશેઠની વ્યાજુ લીધેલ રકમ પચી જશે તે હાંસલમાં માની લઈને તેના કારકુનને 'લીલમ' લેવા મોકલ્યો હતો.

× × ×

કારકુને થરથરતે પગે મુનશીને ઘરે જઈ અમૃત શેઠાણીનો નકારનો સ્પષ્ટ જવાબ ટૂંકમાં કહી સંભળાવ્યો.

ઘેલા ઠક્કરના મગજમાં રાજસત્તાનું જોમ હતું. વળી પડખામાં જ દીવાન રણછોડજીની હુંફ છે તેમ માનતો. કચ્છમાં પણ રાજતંત્ર લુહાણાના હાથમાં હતું. આવા પડખાંના પોરસથી અભિમાનમાં

અંધ બનેલા મુનશીને આ જવાબ અસહ્ય લાગ્યો. આવેશથી તપી જતાં તેણે કારકુનને હુકમ કર્યો કે " આવો નાદાન જવાબ લઇને આવતાં તને શરમ નથી આવતી. આમ વિધવાબાઇથી ડરી જઇએ તો રાજ સંભાળી શકાય નહી. તારું શરીર કેમ ધ્રૂજે છે તાવની ટાઢ તો નથી ચડી ને ? જા હમણા જ સેનાપતિ પાસે જઇને કહે કે–"વજીર સાહેબનો હુકમ છે કે અત્યારે જ રસાલાની હથિયાર-બંધ ટુકડીને લઇને કપુરચંદ શેઠને ઘરે જવું ને તેને આંગણે 'ઘોડી' છે તે છોડી લાવી મારી પાસે રજૂ કરવી."

" પણ...વજીર સાહેબ, શેઠાણીએ તેના આરબ જમાદારને બોલાવ્યો છે. તેમ હું કાનોકાન સાંભળીને આવ્યો છું. ત્યાંથી 'લીલમ' લાવવી ને સિંહની બોડમાં—"

" ચૂપ કર નાદાન, હજૂર કચેરીમાં તારા જેવો નિર્માલ્ય માણુસ ન જોઇએ. બસ, બહાર નીકળ...અરે એ ! ડેલી ઉપર કોણ છે ?"

વજીર સાહેબનો પ્યાલો ફાટી ગયો છે તેમ જોઇને કારકુન વધારે ડહાપણ ન ડોળતાં બહાર નીકળ્યો ને ડેલીએ બેઠેલ ચોકીદાર કુરનસ બજાવી વજીર સાહેબ સામે ઊભો રહ્યો.

" જાવ સેનાપતિને હમણાં જ રાજગઢમાં મોકલો. હું ત્યાં જ હોઇશ. ખોટી ન થતા."

વાણિયાબાઇ પાસેથી અને તે પણ એક વિધવા પાસેથી 'ટાયડું' ઉપાડી લાવવું તે તેને મન રમત જેવું લાગવાથી તેણે સલામણ સાહેબને કે રાજમાતાને વાત જ કરી નહોતી. એટલે તેના કાને વાત નાખવા ઘેલો ઠક્કર રાજગઢે જવા ઉપડ્યો.

ગઢમાં રાજવી સલામણ સાહેબ ઝુલે બેસી આરામ લેતા હતા ત્યાં જઇને મુનશી ઠક્કરે વાત શરૂ કરતાં કહ્યું: " આપને

સ્વારીનો શોખ છે ને સારામાં સારાં નામી ઘોડાં વસાવવાને આપે જણાવેલું તેથી તપાસ કરતાં અહીં માંગરોળમાં જ કપુરચંદ શેઠને ઘરે એક ઘોડી રાજદરબારે શોભે તેવી છે એવી ખબર મળવાથી પુછાવી જોયું ત્યાં તો શેઠાણી તપી જઇને ન બોલવાનું બોલવા લાગ્યાં હતાં તેમ માણસે ખબર આપ્યા છે. મને તો રાજવહીવટ સંભાળતાં ઘોડા ખેલવાને કયાં નવરાશ છે ? પણ આપના શોખને પૂરો પાડવો તે મારી ફરજ સમજી તેને પૂછાવ્યું ને ઘોડીની મોંમાગી કીમત આપવાને પણ જણાવેલું, છતાં ઉધ્ધત જવાબ આપ્યો તે મારા રાજવીનું અપમાન માનું છું. "મુનશી શેખબાપુને તપાવવાને વાતને ચમકાવતો હતો તેટલામાં સેનાપતિ આવી પહોંચ્યો.

રાજવી સલામબુને આ વાતમાં કંઇ સમજણ ન પડી. તેને ઘોડાનો એવો શોખ નહોતો કે રૈયતને લૂંટીને રવેડી ખેલવાના કોડ થાય. વળી આ વાતથી માજી( રાજમાતા )ને પણ વાકેફ કર્યાં નહોતાં તે પહેલાં સેનાપતિને આવેલ જોઇને આ બધું શું રંધાય છે તેના વિચારમાં પડી ગયા.

મુનશીજીને તો હવે પોતાનો નાક ગળે વળગ્યો હતો તેમાં શેખ સાહેબને મૌન જોઇ તેમના તરફથી સંમતિ મળી ગઈ છે તેમ માની લીધું, ને સેનાપતિ સામે જોઈ "અત્યારે આપણી સીબંધી મુલ્કીફોજ કેટલી છે ? ' તેમ પુછયું.

" ગઢ, જેલ, રસાલો ને ગામના ચોકીયાતો મળી સો સવાસો માણસ થઈ જાય ખરું. કેમ કંઇ ફરમાન છે ?"

" હં. જો કપુરચંદ શેઠને ત્યાં એક ઘોડું છે તે બાપુ માટે લઇ આવવાનું છે. તમે પોતે જ જજો ને જરૂર જણાય તો સીબંધી રસાલો સાથે લઇ જજો." મુનશીએ સેનાપતિને સૂચના કરી.

સલામણુ સાહેબ વિચારમાં ગરકાવ થઇ ગયા હતા ત્યાં મુનશીના છેલ્લા શબ્દો સાંભળીને ચમકી જતાં બોલ્યાઃ "પણ હેં મુનશીજી, એવડી શી ઉતાવળ છે? આપણી વસ્તી કંઈ પથારો મૂકીને રાતોરાત ભાગી જવાની નથી. ચાલો આપણે માજીને વાત કરીએ."

"ભલે બાપુ, તે લોકો ઘર છોડીને ભાગી ન જાય એ હું પણ સમજું છું, પરંતુ વાણિયા ભાઇને જાનવર ભગાડી મૂકતાં કેટલી વાર લાગે? ભલે ઘોડી લઇ આવવાનું પછી રાખશું પણ તે ઉપડી ન જાય તે માટે ચોકી પહેરાની ખબરદારી રાખવી જોઇએ. આમ જો તદ્દન ઢીલું મૂકી દઇએ તો રાજ થઇ શકે નહિ. આપ માજી પાસે પધારો ત્યાં હું સેનાપતિને જરૂરી વરધી આપીને ત્યાં આવું છું."

× × ×

અમૃત શેઠાણીએ આરબ બેરખના જમાદારને તેડવા મોકલ્યા. પછી પોતાના બન્ને પુત્રોને પાસે બેસારીને તેના ભણતરના ખબર પૂછવા માંડયાં.

"પણ માજી હમણા એક ભાયડો શું કામ આવ્યો હતો? ને તમે આપણી 'લીલમ' દેવીનું નામ લઇને શું કહેતાં હતાં?" મોટા પુત્ર ચત્રભુજે પૂછયું.

"ભાઇ, એ તો અમસ્થી 'લીલમ' ની વાત કરતી હતી." શેઠાણીએ બાળકોને હૈયાળી દેતાં વાત સંકેલવા માટે ટૂંકમાં જવાબ દીધો.

"હકં-મને ખબર છે, આપણી 'લીલમ'ને તે શેખ બાપુ માટે લઇ જવાનું કહેતો હતો. મને 'લીલમ' બહુ ગમે છે, ને બાપુ ને તમે તેની પૂજા કરો છો તેને લઇ જવાનું કહે તેને હું

તો એક ધોલ મારીને કાઢી મૂકું. તમે તેને ના પાડી દીધી તે ઠીક કર્યું મા." નાના પ્રેમજીએ પોતાનો વિચાર વ્યક્ત કર્યો.

મા–દીકરાની વાતો ચાલતી હતી ત્યાં પેઢીમાંથી મુનીમ દેવકરણ અમૃત મા પાસે આવી પહોંચ્યો. મુનશીનું માણસ ઘરે ગયું હતું ને ત્યાં શેઠાણી સાથે કંઇ વડચડ થઇ હતી તેવી અધકચરી હવા પેઢીએ પહોંચતાં ખરી હકીકત જાણવા તે ઘરે દોડી આવ્યો હતો.

દેવકરણ કંપાણી ધરમશી શેઠના વખતનો જૂનો મુનીમ હતો. તેની પ્રમાણિકતા, ખંતીલો સ્વભાવ ને વ્યાપારી કુશળતાથી શેઠાણીએ માંગરોળની પેઢીનો વહીવટ તેને સોંપેલો.

બંને બાળકોને અમૃત માએ તેના માટે અલાહેદા રાખેલ રમવા–ભણવાના ઓરડે મોકલી મુનીમ દેવકરણને બેસાર્યો ને મુનશીનો કારકુન 'લીલમ' લેવા આવ્યો હતો તે વાત કરી. તેટલામાં બેરખેથી આરબ જમાદાર સાલેબીન હમદ પણ આવી ગયો. જમાદારને આવકાર આપતાં શેઠાણીએ પૂછ્યું કે: "સાલેભાઇ, બંદરની બેરખે અત્યારે કેટલા માણુસ છે?"

"કમમેં કમ અઢાઇસો હોગા. કયા કુચ્છ હુકમ હૈ?" જમાદારે ખુલાસો કરતાં વરધી માટે પૂછ્યું.

"એવું ખાસ કંઇ નથી, પણ કદાચ રાજના લશ્કર સાથે આપણે મુકાબલો કરવો પડે તો કામ લાગે. માણસો પાસે પુરતાં હથિયાર–દારૂગોળો છે કે?"

"હાં માજી! જમૈયા બંદૂક વિના આરબ બચ્ચો ન હોઇ શકે. આપ કે હુકમ પર ઉસી વખ્ત સબ ખડે હો જાયગા. દારૂ ગોલીયાં ભી હૈ, મગર ઉસી મામલે લંબે હોને પર ગોલીયા જ્યાદે મંગવા લેની ઠીક હૈ."

"દેવકરણ ભાઇ! એરખે ગોળીયો કમી હોય તો જમાદારને ભંડારમાંથી કોરીઓના થેલા સોંપી દ્યો. આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન બેસાય. ગોળીઓ માટે જુનાગઢ માણસ દોડાવીએ ને તેના ખાતર મોં ફાડી બેસી રહીએ તો પછી કોરી શું કામની ?"

"સાલેભાઇ, તમે તાકીદે તૈયારી કરો, ગોલીયું ખુટે તો કોરીયું વાપરજો. દારૂ કે જે કંઇ જોઇએ તે દેવડીએથી ઉપડાવતા જજો. દેવકરણભાઇ હમણાં જ બેરખે આવે છે, તે તમને વરધી આપતા રહે તેમ તમારે કરવાનું છે."

"માજી કા હુકમ. અન્નદાતા કે લીયે હમારા જાન ભી કુરબાન હૈ–" આરબની નેકીનું ભાન કરાવતો જમાદાર કુરનસ બજાવી બંદરની બેરખે તૈયારી કરવા ચાલ્યો ગયો.

દેવકરણ કંપાણી જેમ કુશાગ્ર વ્યાપારી હતો તેમ લશ્કરી તાલીમ લીધેલો યોદ્ધો હતો. જમાદારના જવા પછી શેઠાણીનો ઉપકાર માનતાં તેણે જણાવ્યું કે "માજી, લડતનું સુકાન તમે મને સોંપવાને કૃપા કરી છે તેમ જમાદારની સાથે વાત ઉપરથી જાણ્યું, તે માટે આપનો આભારી છું. આવી સત્તાશાહીને જો આપના જેવા નિભાવી લ્યે તો ગરીબ–ગુરબાંનો શો આશરો ? અત્યારે વાતોનો વખત નથી તેથી આપ આશીર્વાદ આપો કે હું બેરખે પહોંચી જઉં."

"ભાઇ કંપાણી, દાદા( ધરમશી શેઠ )ના હાથે તમે ઘડાયેલ છો, અને ભલભલા રાજ્યો સાથેની અથડામણમાં તમે ખાંડાના ખેલ ખેલ્યા છે. તેવા પ્રૌઢ અને સબળ સુકાની માંગરોળમાં હાજર હોય તેથી મને તો નિરાંત છે. તમને સલાહ–સૂચનાની જરૂર નથી. આપણે રાજ સાથે મીઠો સંબંધ છે, તેમાં રાજમાતા કે શેખ બાપુની જાણ બહાર મુનશીએ દંડાબાજી ચલાવવાનો આ પેંતરો રચ્યો હોય

તેમ મને વહેમ જાય છે, તો નકામું લોહી ન રેડાય ને ઠક્કરની સાન ઠેકાણે આવી જાય તેમ કાળજીથી કામ લેશો. આપણી બેરખનું સુકાન તમારે જ સંભાળવાનું છે."

શેઠાણીની ભલામણ વધુ લંબાય તે પહેલાં દેવકરણ માજીના આશીર્વાદ લઇ ડેલીએ પહોંચ્યો ને પોતાને જોઇતાં હથિયાર સજી ત્યાં મંગાવી રાખેલ ઘોડીએ ચડીને બંદર તરફ ઉપડી ગયો.

× × ×

નગરશેઠને ત્યાંથી મુનશીએ 'શેઠની નવરત્ન લીલમ' મંગાવેલી અને શેઠાણીએ તેને ચોખ્ખી ના સંભળાવી દીધી છે તેવી વાત જોતજોતામાં ગામમાં ફેલાઇ જવાથી આ શું તોફાન છે તે જાણુવા જનતા કાન માંડી બેઠી હતી, એટલામાં આરબની બેરખેથી જમાદારને શેઠને ઘરે ને રાજના સેનાપતિને રાજગઢ તરફ જતો જોઈ અનેક તર્કવિતર્ક થવા લાગ્યા. મુનશીના માથાભારે વર્તનથી રૈયત ત્રાસી ગઇ હતી. તેમાં આજ તે નગરશેઠના ઘર ઉપર ધા કરવા નીકળ્યો હોય તો પછી ગરીબ વસ્તીનું શું ગજું ? તેમ માંહોમાંહે વાતો થવા લાગી. પ્રજા પ્રત્યેની શેઠાણીની રખાવટે જનતાને જગાડી મૂકી હતી. જોતજોતામાં બજાર બંધ થઇ ગઇ ને ટોળે મળીને પ્રજાએ શું કરવું તેનો વિચાર કરવા લાગ્યા.

બનાવ એક પછી એક વીજળીના વેગે બન્યે જતા હતા. રાજનો સેનાપતિ રાજગઢેથી નીકળી લશ્કરી કેમ્પ તરફ જતો જોવાયો ને શેઠને ઘરેથી આરબનો જમાદાર બંદર તરફ ચાલ્યો. તેની પાછળ મુનીમ દેવકરણ હથિયાર સજીને મારતી ઘોડીએ બંદર તરફ જતો જોવાયો. આમ એક પછી એક બનતા બનાવનું તારણ વિચારાય તેટલામાં તો રસાલાના વીસેક હથિયારબંધ માણસો શેઠના ઘરની ફરતા ગોઠવાઇ ગયેલા જોવાયા.

સિધ્ધરાજ જયસિંહનાં લશ્કરે જુનાગઢને ઘેરો ઘાલ્યાની વાત સાંભળેલી તેની પ્રતિકૃતિ જેવો દેખાવ જોઇ ગામનું અઢારે વર્ણ ઉશ્કેરાઈ ગયું હતું. ગામની દૃષ્ટિમાં નગરશેઠની આબરૂ ઉપર ધાડ પડે તે પોતાના ઉપરની આપત્તિ જેવું લાગતું હતું. મહાજનના આગેવાનોએ મળી રાજમાતા પાસે જવાનું નક્કી કર્યું ત્યાં તો બંદર તરફ બંદૂકોના તાસીરા થતા સાંભળ્યા.

અણધાર્યા બંદૂકોના બહાર સાંભળીને વળી આ નવી ધાડ શું આવી ? તેના વિચારમાં સૌ પડ્યા. માણસોનું એક ટોળું તે તરફ જોવા–જાણવા તૈયાર થયું તેટલામાં પચીસેક આરબોની એક હથિયારબંધ ટુકડી શેઠના ઘર તરફ આવતી જોઇને સૌ થંભી ગયા.

દેવકરણ કંપાણી બંદર–બેરખે પહોંચ્યા. તે પહેલા જમાદારે આરબોની પચીશ પચીશ માણસોની આઠ ટુકડી અને ઘોડેસ્વારોની બે ટુકડી તેના ચાઉસ સાથે દારૂગોળા બંદૂકો લઇને દેવકરણ શેઠની રાહ જોતી તૈયાર રાખેલી. દેવકરણે આરબ જમાદારને પાસે રાખી વરધી દેવી શરૂ કરી. પહેલી એક ટુકડીને શેઠના મકાનના રક્ષણ માટે જવાને સૂચવતાં તેઓ બંદૂકના બહાર કરી રવાના થયા. બીજી પચીશ ઘોડેચડ ટુકડી ગામ ફરતી ગોઠવાઇ જવા ચાલી.

દેવકરણ શાહે ગામમાં ને રાજગઢ તરફ બાતમીદારો મોકલી દીધા હતા. તેમાંથી એક સ્વાર શેઠના ઘર તરફ રસાલો જવાના ખબર લાવ્યો કે તુરત જ બે ટુકડીને ઘરે ગયેલા રસાલા સાથે મુકાબલો કરવાને રવાના કરી. દરેક ટુકડી બંદૂકના બહાર કરીને એક પછી એક પસાર થતી. ઉપરાઉપરી થતા ધડાકા–ભડાકાથી ધરતી ધણધણી ઊઠી.

શેઠના ઘર તરફ પહેલી ટુકડી આવીને ડેલીએ ગોઠવાઇ ગઇ.

શેઠાણીની આવી તૈયારી જોઇને જનતાને હિંમત આવી. રસાલાના માણસો તો ખાલી મોસલીની મોજ માણવા જવું છે તેમ સમજતા હતા ત્યારે અહીં તો લોઢાના ચણા ચાવવા જેવી લશ્કરી તૈયારી જોઇને મુંઝાયા. શેઠના ઘરની ફરતાં છૂટા છૂટા માણસો ગોઠવાઇ ઊભા હતા તેઓને ત્યાં જ ઊભા મૂકીને સેનાપતિ રાજગઢ તરફ ખબર આપવા દોડ્યો.

સેનાપતિ રાજગઢ તરફ જતો હતો ત્યાં પચીસ આરબની એક ટુકડીને મુનશીના ઘરને ઘેરો ઘાલીને ઉભેલી જોઇ ને આગળ જતાં તેવી ચાર ટુકડીઓ તેના ચાઉસની આગેવાની નીચે રાજગઢને ચોતરફ ભીડવવા ચાલી આવતી હતી. બાકીના આરબોની ઘોડેસ્વાર ટુકડી લઇને દેવકરણને રાજગઢ તરફ ધસી આવતો જોયો.

× × ×

મુનશી સેનાપતિને હુકમ આપી રાજમાતાને ઓરડે પહોંચ્યો. રાજવી સલામબુ સાહેબ મા પાસે મૌન બેઠા હતા. મુનશીએ જઇ આડી-તીડી વાતોથી શરૂઆત કરી, ને રાજમાતા પાસે રાજવી માટે શેઠને ત્યાંથી 'લીલમ' ઘોડી મગાવવાની વાત કાઢી ત્યાં તો ઉપરાછાપરી બંદૂ-કોના બહારો થતા સાંભળીને રાજમાતાને આશ્ચર્ય થયું ને મુનશીને તેની તપાસ કરવા ફરમાવ્યું.

"માજી એ તો કપુરચંદ શેઠના ઘરેથી શેખબાપુ માટે ઘોડી લેવા માણસો ગયાં છે ને શેઠાણી જરા આકરા સ્વભાવનાં રહ્યાં તેથી દાબ બેસારવા રસાલાએ કદાચ ખોટા ભડાકા કર્યા હશે, તેમાં ચિંતા કરવા જેવું નથી."

"શું શેઠને ઘરેથી ઘોડી લેવા માણસો મોકલ્યાં છે ? કોણે ? કોને પૂછીને મોકલ્યાં ? ભાઇ અબુ, આ બધું શું છે ? આપણે રસાલે ઘોડીનો કયાં કાળ છે ? તું રાજ કરવા બેઠો છે કે રમત ? બોલ, જે હોય તે કહી દે. મૂંગો કેમ થઇ ગયો છે ? કહે મુનશી, આ

બધું શું છે ? રૈયત એ તો અમારે મન બેટા–બેટી છે. તેને ઘરે ધાડું પાડનાર અને અમારાં બાળકો ઉપર બંદૂકોના કુંદે હાબ બેસારનાર કોણ છે ? એવો હુકમ કરનારે રૈયતના ઘર ઉપર હાથ નથી નાખ્યો પણ રાજ્યની આબરૂ ઉપર ઘા કર્યો છે. આ માટે તને રાખેલ છે એમ કે ? કોણ છે બહાર ?” આ અણધાર્યા ઉત્પાતથી રાજમાતાના અંતરમાં ક્રોધાગ્નિ પ્રજ્વલી રહ્યો હતો ને બીજી તરફથી બંદૂકોના બહાર ઉપર બહાર શરૂ થયા હતા. બડામીયાંની હૈયાતીમાં તેમના સાસુજી અમાએ પુત્રવત્ પ્રજાના કરેલાં મનામણાનો પ્રસંગ રાજમાતાના મગજ ઉપર તાજો થઇ ગયો. પોતાની રૈયત જેમ રાજભક્ત છે તેમ ઓજસશાળી પણ છે તે તેઓના ધ્યાનમાં હતું. અમૃત શેઠાણી અને રાજમાતા વચ્ચે એટલો ગાઢ સંબંધ જામેલો કે પાંચ–દશ દિવસે શેઠાણી ન મળ્યાં હોય તો રાજમાતા તેમને તેડવા સીગરામ મોકલે. આવો ગાઢ સંબંધ એક ભાડુત નોકરના હાથે ધૂળમાં મળતો જોઇ રાજમાતાને અસહ્ય દુઃખ થવા લાગ્યું. રાજવી તો ચૂપચાપ આ તોફાની મામલો જોઇને હેબતાઇ ગયા હતા. તેને નહોતી ખબર ‘લીલમ’ ની કે નહોતી ખબર મુનશીની દાદાગીરીની. મુંઝાઈ ગયેલા બાબુને જોઇ રાજમાતાએ તેના સરલ સ્વભાવનું પરિણામ પારખી લીધું. આ બધામાં તેને મુનશીની મદાંધતા જ દેખાઇ.

રાજમાતાના તાપમાં શેકાઇ જતો મુનશી બેઠો હતો ત્યાં જ થંભી ગયો. ડેલીનો ચોકીયાત રાજમાતાના અવાજથી દ્વાર ઉપર આવી ઊભો હતો. રાજમાતાએ જાણે ભાવી કાર્યક્રમ નક્કી કરી લીધો હોય તેમ હુકમ છોડવા માંડયા.

“ પહેરેગીર, જા હમણાં જ મારા માટે સીગરામ જોડાવી

લાવ."–"મુનશી તારું કાળુ મોં મારે નથી જોવું. રાજના કાનૂન મુજબ રાજદ્રોહીને જીવતો જવા દેવો ન જોઇએ, પણ તારા જેવા મરેલાને શું મારવો ? જા, ગઢમાંથી નીકળી જા. સાંજ સુધીમાં માંગરોળની હદ છોડી દેજે." "અને ભાઇ અબુ, આ કાળમુખા ઠક્કરને હદપાર કર્યો છે તેમ ઢંઢેરો પીટાવી દે ને આ બધું શું તોફાન છે તેની તપાસ કરાવ."

× × ×

બંદરની બેરખેથી પચાસ માણસની આરબ ટુકડી શેઠના ઘર તરફ આવતી જોઇ રસાલાના માણસો ગભરાયા. તેનો ઉપરી સેનાપ્રતિ ક્યારનો રાજગઢ તરફ ચાલ્યો ગયો હતો. આ સ્થિતિમાં અહીં ઊભા રહેવું તે માથા સાટે માલ ખાવા જેવું વિકટ લાગ્યું. આ જોખમમાંથી નાસી છૂટવાને સૌને એક સાથે વિચાર થયો હોય તેમ એક બાજુ બધા એકઠા થઇ ગયા ને નાસી છૂટવાનો લાગ શોધવા લાગ્યા.

આરબ ટુકડીના ચાઉસે દૂરથી આ સંતાકુકડી રમાતી જોઇને "હે...રો" નો અવાજ કર્યો ને બીજી જ પળે રસાલાને ઘેરી લઇ તેના નાયકને બોલાવી કહ્યું : "જો તમારે મેદાને આવવું હોય તો હુશિયારીથી સામે આવો. અગર તો હથિયાર છોડી દ્યો."

જોતજોતામાં રસાલાના માણસો આરબ ટુકડીના ચાઉસ પાસે હથિયારો મૂકી દઇને એક બાજુ ઊભા રહ્યા.

× × ×

મુનીમ દેવકરણે સો માણસની ટુકડી અગાઉ રાજગઢ તરફ રવાના કરી હતી ને તેની પાછળ પોતે પચાસ માણસો સાથે ધસ્યો આવતો હતો. તે આરબી સૈન્ય ગઢને દરવાજે આવી પહોંચે

તેટલામાં ગઢમાંથી મુનશીને મુડીયો વાળીને નાસી છૂટતો જોયો. દેવકરણે તેના તરફ દષ્ટિ જતાં જ ' ખબરદાર, એક ડગલું આગળ ચાલ્યો તો જાનથી જઇશ ' નો અવાજ કર્યો ને જોતજોતામાં આખું સૈન્ય તેના ફરતું બંદૂકોની નાળ તાકીને ગોઠવાઇ ગયું. ઘેલો ઠક્કર કંગાલ વદને દેવકરણના પગમાં પડ્યો.

વીજળીની ઝડપે એક પછી એક બનાવ બન્યે જતા હતા. મુનશીને બાંધીને રાજગઢમાં લઇ જવો કે શેઠાણીને સુપ્રત કરવો તેનો દેવકરણ વિચાર કરતો હતો ત્યાં ગઢમાંથી રાજમાતાનો સીગરામ બહાર આવ્યો. રાજમાતાએ આ દ્રશ્ય જોઇને સીગરામ થોભાવ્યો. દેવકરણ તેમના પાસે ગયો ને નમન કરી રાજમાતા શું કહે છે તે સાંભળવા ઊભો.

ગામમાંથી મહાજન રાજગઢ તરફ આવતું હતું તે પણ ત્યાં આવી પહોંચ્યું. પ્રજાની જાગૃતિ જોઇ રાજમાતાની આંખમાં હર્ષાશ્રુ ભરાઇ આવ્યાં. ' રાજદ્રોહી ઠક્કરને લઇને નગરશેઠને ઘરે આવજો' તેમ ગળગળા અવાજે કહીને રાજમાતાએ સીગરામ નગરશેઠના ઘર તરફ હંકારાવ્યો.

× × ×

અમૃત શેઠાણી પરસાળમાં હમેશની બેઠકે બેસીને બહાર બનતા બનાવોની બાતમી મેળવી રહ્યાં હતાં, તેટલામાં ડેલીએથી એક આરબ ત્યાં દોડી આવ્યો ને નમન કરી ' રાજમાતા પધારે છે 'ના ખબર આપ્યા.

શેઠાણી ઊભા થઇને સામા ચાલ્યાં ને રાજમાતાને માનભર્યો આવકાર આપતાં ભેટી પડ્યાં. બન્નેની આંખમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં. એકાદ ક્ષણ આ કરુણ દ્રશ્યમાં પસાર થઇ ગઇ. અમૃત શેઠાણીએ

હિમ્મત લાવીને વાતની શરૂઆત કરતાં કહ્યું : "માજી, આપે જાતે તસરીફ લઇને અમારા આંગણે પધારવાની કૃપા કરી તે માટે આભારી છું. મને જણાવ્યું હોત તો હું આપની પાસે આવી જાત. પરસાળે પધારો ને જરા વિશ્રાંતિ લ્યો."

"બ્હેન અમૃત, તમે તો અમારાં ભાંડરુ છો. અહીં આવવામાં મને શરમ કે મોટાઇ ન હોય. ને આજે તો હું અમારા રાજદ્રોહીનો ન્યાય કરાવવા તમારી પાસે આવી છું. એ નિમકહરામ ઠક્કર બહાર ઊભો છે. તેને શું સજા કરવી તે તમારા ઉપર છોડું છું."

"માજી, ન્યાય તો રાજસત્તા જ કરી શકે. અમે તો તમારાં છોરુ છીએ. તમારી પુત્રીને વધુ પડતી મોટાઇ આપીને ન શરમાવો."

"નહિ બહેન, હું ખોટો વિવેક નથી કરતી. ધરમશી શેઠ તો રાજના થંભ જેવા હતા. તેની પુત્રવધુ તરફનો અઢારે વરણનો પ્રેમભાવ હું અહીં આવતાં જોઇ શકી છું. મારી સહચરીનું પુણ્યતેજ જોઇ મારું હૈયું હર્ષથી ઉભરાય છે. અમારી ગફલતનો લાભ લઇને ઠક્કરે પ્રજામાં ભારે ત્રાસ વર્તાવ્યો છે તે બધું અત્યારે હું જાણી–જોઇ શકી છું. એટલે આ અમારા પ્રમાદનું પરિણામ હોવાથી તટસ્થ તરીકે તમે જ ન્યાય કરો તેમ ઇચ્છું છું."

"બસ, માફ કરો માતા. ઘેલા ઠક્કરનો ન્યાય કુદરત કરશે. તે નિમકહરામીને સજા કરનાર આપણે કોણ ? મને પૂછતાં હો તો તેને માફ કરી છોડી મૂકવો ઠીક છે. ને હું પણ તેના પાસેનું લેણું છોડી દઇને તેના પાપી પગલાંથી અભડાતી આપણી પુણ્ય ભૂમિને બચાવી લેવાય તેમ ઇચ્છું છું."

# મહાસાગરનો મહારથી

“ **મો**તીચંદ શેઠ ! તમારી ભક્તિથી હું પ્રસન્ન થયો છું. તમારે જે જોઇએ તે માગી લ્યો. અમારા વૈષ્ણવ ભક્તોની સેવાને ભુલાવી દે તેવી તમારા જેવા ધર્મનિષ્ઠ શ્રાવકની ગુરુભક્તિ જોઇને મને બહુ આનંદ થયો છે.” મુંબઈમાં બિરાજતા ગોસ્વામીશ્રી ગોકુળનાથજી મહારાજે મોતીશા શેઠની સરભરાથી સંતોષ વ્યક્ત કરતાં કહ્યું.

“આપ જેવા ગોકળેશના પગલાં મારે આંગણે થયાં તેથી વધારે મારે શું માગવાનું હોય ? હું તો આપ જેવાના આશીર્વાદનો ભૂખ્યો છું.” મોતીશા શેઠે પોતાની નિઃસ્પૃહ ભાવના વ્યક્ત કરી.

“તમે મને પગલાં કરાવીને જે માન આપ્યું છે તેની યાદગીરી રહેવી જ જોઇએઃ માટે આનાકાની ન કરતાં જે જોઇએ તે માગી લ્યો.”

“આપનાં પગલાં કંઇ લોભ–લાલચથી મેં નથી કરાવ્યાં કે જે અમુક દ્રવ્યના બદલામાં વેચી દઉં. આપ ગૌ–પ્રતિપાલ છો તેથી જ આપ ગોસ્વામીનું પૂજ્ય બિરુદ ધરાવો છો. પ્રાણીદયા એ માનવ ધર્મ છે. મુંબઇમાં આથડતા નિઃસહાય ગૌમાતા વગેરે અવાચ્ય પશુધનના પાલન માટે આપના મંદિરની બાજુમાં પાંજરાપોળ ખોલી છે તેની આપ સંભાળ રાખો તેમાં જ આજના આપના પગલાંની સાચી યાદગીરી માનું છું.”

"ભુલેશ્વરને નાકે પટેલના તળાવના મેદાનમાં હમણા-હમણા ઢોરોના ધણુ બેસતાં જોવાય છે તેની વાત કરો છો ને? એ તમે ઠીક સંભાર્યું. અમે માનેલું કે ગામના ઢોર-ઢાંખર ગોંદરે ચરવા આવતાં હશે. કહો એ ગૌધણુ કોનું છે?"

"એ આપનું જ છે મહારાજ! મુંબઇમાં ધણીયાતાં ઢોરોને રાખવાને તો પરામાં તબેલા છે. જ્યારે નધણીયાતાં જાનવરોને સાચવવા-સંરક્ષણ કરવા આપની છાયામાં એ પાંજરાપોળની સગવડ કરી છે."

"અને તેના ખર્ચને માટે શું ગોઠવણુ કરી છે?" શ્રી ગોકુનાથજી મહારાજે વાતમાં રસ લેતાં જાણુવા માગ્યું.

"ખર્ચ માટે તો આપના જેવા મહાપુરુષની ઓથે બેઠેલાં પ્રાણીઓને શેની કમીના હોય?"

"મોતીચંદ શેઠ! પશુરક્ષા માટે મુંબઇમાં પાંજરાપોળ ચાલુ કરવાના ખબર જાણી અમને બહુ આનંદ થયો છે. અમારા તરફથી તેમાં તમે કહો તે રકમ મોકલાવી આપું."

"આપના જેવા ગોકળેશ ગમે તેટલી રકમ આપીને છૂટી શકતા નથી. ગૌમાતાને આપ તો સંભાળતા આવ્યા છો. મુંબઈમાં આપની પધરામણી થવાથી બાર વર્ષ અગાઉ (સં. ૧૮૭૮) વૈશ્નવ મહાજને શ્રી ગોવરધનનાથજીનું મંદિર બંધાવ્યું તે જ વખતે હાલાઇ ભાટીયા મહાજને ઉઘરાણું કરીને ઢોરોને ઘાસ-ચારો નાંખવાને ગોઠવણુ કરી હતી. પ્રાણીરક્ષા માટે આપની એ ભાવના આ ખાતાથી હમેશાં જળવાઈ રહે તેમ છે. એક વખત આપની જેના ઉપર અમીદૃષ્ટિ થાય તેને પછી ભીડ ભોગવવાની

ન જ રહેવી જોઇએ." મોતીશાએ પાંજરાપોળની ઉપયોગિતા માટે ગોસ્વામીને ખ્યાલ આપ્યો.

"મોતીચંદ શેઠ, આવા ધર્મના કામમાં તમારું ઘર પહેલ કરતું આવ્યું છે. મુંબઇના ટાપુમાં પચીસ વર્ષ અગાઉ (સં. ૧૮૬૫) તમારા ભાઇ નેમચંદે આગેવાન થઇ કોટ–પારસી બજારમાં તમારા ધર્મનું મંદિર (શાંતિનાથનું દેરાસર) બંધાવ્યું. તે જોઇને અમારો ભક્ત પરિવાર અમને મુંબઇ તેડી લાવ્યો. હજી તો અમે મુંબઈમાં આવ્યા ત્યાં તો પટેલના તળાવ ને કુંભારવાડાને છેડે તમારા ભાઇ હસ્તક તમારું બીજું મંદિર (ચિંતામણીનું દેરાસર) બંધાતું હતું. એ જોઇને અમારા ભક્તિ પરિવારે ભુલેશ્વરમાં હવેલીના પાયા નાખવા તૈયારી કરી ત્યાં તો તમે (૧૮૭૬) ભીંડી બજારને નાકે ત્રીજું દેવમંદિર (શાંતિનાથનું દેરાસર) તૈયાર કરાવ્યું, ને અમારા સાથે ગુલાલવાડીને નાકે તમારા ભાઇઓએ ચોથું દેવાલય બંધાવ્યું. આ વાતને બાર વર્ષ થયાં ત્યાં તો તમે એક પછી એક દેવમંદિર બંધાવીને લાખો રૂપિઆ પ્રભુભક્તિમાં અર્પણ કર્યે જાવ છે. પાયધુનીનું મોટું મંદિર (ગોડીજીનું) બંધાવવામાં તમારા ગુરુ દીપવિજયજીની ખંત હતી. તેઓ આવા ધર્મના કામોમાં તમારી કાળજી માટે મારી પાસે વખાણ કરતા. તમારા ભાઈઓમાં ધર્મ માટે ઊંચી ભાવના અને મોટું મન છે. તમારા મુનીમ દમણી ને ભાયાત ભાઇદાસ શેઠ તથા મારવાડી ભાઇઓ પણ ધર્મના કામમાં એક રૂપ રહો છો તેવી ઘણી વાતો મેં તેમના પાસેથી સાંભળી હતી. અને આજે તમે અહીં (ભાયખાલાની વાડીએ) મારા પગલાં કરાવ્યાં છે ત્યાં પણ સામે તમારું તાજું જ (સં. ૧૮૮૫) બંધાવેલું ભવ્ય દેવમંદિર તથા આજની બેઠકવાળી ધર્મશાળા જોઇને તમારી આગેવાની નીચે

પ્રાણીરક્ષાનું ઉપાડેલ કામ સફલ થાય તેમ આશીર્વાદ આપું છું. મોતીચંદ શેઠ, હવે કહો. આ કામમાં અમે તમને કેવી રીતે અનુકૂળ થઇ શકીએ ? ”

“ મહારાજશ્રી, હું તો એક સામાન્ય માણસ છું. આમાં મેં તો ફરજથી વધારે કંઇ કર્યું નથી. આપ મોટા પુરુષ હોવા છતાં આટલી ઝીણી હકીકત જાણવાની કાળજી રાખો છો એ આપની ઊંચી ભાવના ને વિશાળ દિલનું પરિણામ છે. બાકી સારાં કામો તો સમુદાયના સહકારથી જ બની શકે છે.

આપનો ભક્તપરિવાર બહોળો છે. મુંબઇનું કાપડ બજાર ભાટીયા મહાજનના હાથમાં છે, વૈશ્નવ મહાજનનો દેશ–પરદેશના વેપાર ઉપર સારો કાબૂ છે. તેઓ ધારે તો ઘણું કરી શકે. સેંકડો ને હજારોના ફાળા ભરવા કરતાં પોતાના વેપાર–ધંધામાં પાંજરાપોળની પાઇ કાઢે તોયે લાખની પાણુ થઇ જાય, ને મૂંગા પ્રાણીના આશીર્વાદથી બરકત વધે. આ કામમાં શેઠ જમશેદજી જીજીભાઇ બેરોનેટ, વાડીયા બમનજી હોરમસજી વગેરે પારસી ભાઇઓ પણ લાગણી ધરાવે છે, ને કોમ કે ધર્મના ભેદભાવ વિના આ કામમાં કપાસ, અફીણ, ખાંડ–સાકર, મોતી, હુંડી વગેરે ઘણા વેપાર ઉપર લાગો નક્કી કર્યો છે તેમાં વૈશ્નવ મહાજનનો સહકાર મળે તે આપના હાથમાં છે.”

“ થઇ રહેશે ” ના લાગણીભર્યા શબ્દો સાથે શ્રી ગોકુલનાથજી મહારાજે વિદાય લીધી.

× × ×

મુંબઇનો વેપાર–વણજ ઓગણીસમી સદીની અધવચથી જામ્યે જતો હતો. દેશી અને પરદેશી પેઢીઓ એક પછી એક નખાતી જતી

હતી. વેપારી કે નોકરીયાત સૌને અહીં ગજા મુજબ મળી રહેતું, છતાં વતન તરીકે મુંબઇ હજુ કોઈને ગળે વળગ્યું નહોતું કે મહાજન મંડળની સંકલના નહોતી.

સંવત ૧૮૮૦ માં મુંબઇમાં કુતરાંનું પ્રમાણ વધી પડયું. કુતરાંની નીમકહલાલી-વફાદારી અજબ છે. બટકું રોટલો ખાઇને રાત-દિવસ ઘરની ચોકી કરનાર આ પ્રાણીને ન જોઇએ માન કે મરતબો-કંઇ પગાર કે પૈસો. ગંધ ઉપરથી સગડ શોધી ચોરને પકડાવી દેવામાં આ પ્રાણીની કુશાગ્રતા જાણીતી છે. અંગ્રેજ અને પારસી ભાઇઓ આ વગર-પગારના ચોકીદારને પાળે છે, જ્યારે ઇતર કોમ તેને વધ્યું-ઘટયું ખાવાનું નાખીને કૃતકૃત્ય થાય છે. જો કે આર્ય સંસ્કૃતિમાં ગાય-કૂતરાની રોટલી કાઢવાનો રિવાજ છે, અને એવા પેટવરામાં પુણ્યવરાનું ધોરણ જળવાઇ રહ્યું છે પરંતુ તેને આંગણે બાંધવામાં સંકોચ રહે છે; તેથી જ તેને નધણીયાતાં ભટકવુ પડે છે.

આ સ્થિતિમાં નધણીયાતાં કુતરાંની રંજાડ મુંબઇમાં વધી પડવાથી સત્તાધારીઓની નિદ્રામાં ખલેલ પડવા લાગી. આ ઉપદ્રવ ઓછો કરવાનો કંઇ માર્ગ ન સુઝવાથી તેને જાનથી મારી નાખવાને સત્તાવાળાઓએ પોલિસને સોંપ્યું.

આ ક્રૂર ઘટનાથી લોકલાગણી ઉશ્કેરાઇ ગઇ. આવા પ્રસંગે લોક અવાજને પદ્ધતિસર ઉપલી સત્તા પાસે પહોંચાડવાની સંકલના નહોતી, કંઈ બંધારણ કે નિયમન નહોતું. પ્રસંગ દિલદ્રાવક હતો. પોલિસ જેમ જેમ દંડાબાજી ચલાવતી ગઇ તેમ તેમ જનતા ઉશ્કેરાવા લાગી. હુલ્લડનું છમકલું થયું. કઇક પકડાયા. કોર્ટે કેસ ચાલ્યા ને સજાઓ પ ણથઇ. આ તોફાનમાં હિંદુ જ નહિ પણ

ગાય, સૂર્ય અને અગ્નિમાં પવિત્રતા માનનારા પારસી બિરાદરો પણ હતા.

આ બનાવથી મુંબઈમાં મહાજન મંડળની જરૂર જણાઇ. કોણે કોને કહેવું તે ન સુઝવાથી સૌ સમસમી રહ્યા હતા. તે વાત તરફ મોતીચંદ શેઠનું ધ્યાન ખેંચાયું.

× × ×

મોતીચંદ શેઠના વડવા શેઠ અમીચંદ સાકરચંદમૂળ ખંભાતના વતની હતા. તેરમી સદીમાં જ્યારે ગુજરાતનું પાયતખ્ત પાટણ હતું, ત્યારે ખંભાત ગુજરાતનું ધીકતું બંદર હતું. માળવાના નાકાની રખવાળી માટે અને દરિયા રસ્તે અરબી સમુદ્રમાંથી કાઠિયાવાડ ઉપરની હકુમત સંભાળવાને પાટણનો દંડનાયક અહીં રહેતો. અહીંથી દૂર દેશાવરના વહાણવટાની સારી સગવડ હતી. મોટા વેપારીઓ ને શરાફોની પેઢી ચાલતી. અકીકના પથ્થર અહીંથી નીકળતા. રૂઉની પેદાશ અને આમદાનીનું તે મોટું મથક હતું. અહીંની કાપડની વણાટ વખણાતી ને વહાણ રસ્તે દેશ–પરદેશ માલની અવરજવર થતી. મુંબઇનું બારૂં જામવા છતાં ગુજરાત–કાઠિયાવાડનો માલ અહીં ધસડાઇને એકઠો થતો ને ખંભાતથી મુંબઇ દરિયા રસ્તે જતો. કાઠિયાવાડનાં મુખ્ય મથકો સાથે ડાક બોટની સગવડ હતી અને રક્ષણ માટે પાટણનો ફોઝી કેમ્પ પણ અહીં રહેતો.

ખંભાતની જાહોજલાલીમાં આબાદી ભોગવતા અમીચંદ શેઠના કુટુંબને બંદર તૂટવાની અસર થઇ ને નજીવી નોકરીમાં ઘરતંત્ર ચલાવવાનો વખત આવ્યો, તેથી કંટાળીને અમીચંદે મુંબઇ જવાની પોતાના પિતા પાસે વાત મૂકી.

મુંબઇ તે વખતે પરદેશ મનાતું. લાભે-લોભે પણ સાકરચંદ શેઠને પોતાનો પુત્ર પરદેશ જાય તે ગમ્યું નહિ, પરંતુ અમીચંદની હુશિયારી અને હોંસ જોઇને અંતે તેને જવા દેવાને હા પાડી. ત્યાંથી રૂની ગાંસડીઓ ભરીને જતાં સંબંધી વેપારીના વહાણમાં નખુદાને ભલામણ કરીને સં. ૧૮૧૪ માં તેર વર્ષના એ બાલ-યુવાનને આશીર્વાદ આપી મુંબઇ જવા દીધો.

મુંબઇ તે વખતે હજી તો ત્રીશેક હજારની વસ્તીનું ઊભું થતું શહેર હતું. અમીચંદ મુંબઇ આવ્યો ત્યારે બજાર મંદીમાંથી પસાર થતો હતો એટલે વેપારીઓને નવો નોકરખર્ચ વધારવાને તક નહોતી, તેથી આશા–નિરાશા વચ્ચેની અથડામણીમાંથી પસાર થતાં ચોથે દિવસે ઝવેરી બજારમાં એક જયપુરના ઝવેરીની પેઢીએ જઇ ચડયો. ઝવેરી મારવાડી વણિક–શ્રાવક હતો. પોતાનો જાતભાઇ ને વાણીમાં મીઠાશવાળો છોકરો જોઇ આવો હાથવાટકો પેટવડીયે મળી જવાથી તેને રાખી લેવાનું મારવાડીને મન થયું. અમીચંદને પણ સૂવા–ખાવાનું આશ્રયસ્થાન જોઇતું હતું એટલે ત્યાં નોકરીનો મેળ મળી ગયો.

અમીચંદે ખંભાતમાં નોકરી કરેલી તેથી તેને પેઢીની સંભાળ અને સફાઇ રાખવાની આવડત હતી. ઝવેરીને સંતતી નહોતી. અમીચંદ કહ્યાગરો ને ઉત્સાહી હતો. ઝવેરીના ઘરના માણસને પણ આ છોકરા તરફ રાગ વધવા લાગ્યો. ઝવેરીએ પેઢી ઉપર છૂટું-છવાયું જોખમ ભૂલી જઇને તેની પરીક્ષા કરી જોઇ. તેમાં તે પસાર થવાથી પ્રમાણિકતા માટે અમીચંદની સુંદર છાપ પડી.

ઝવેરીની પેઢી પરદેશથી હીરા, માણેક, મોતી, પોખરાજ વગેરે મગાવી વેચવાનું કામ કરતી. પારસીઓની ઘરાકીનો તેને ત્યાં આગ હતો. ધીમે ધીમે અમીચંદને તેણે ઝવેરાતની જાત ઓળખતાં શીખ-

વવા માંડયું. ચિકિત્સકબુદ્ધિ અને ખંતથી અમીચંદ ધંધામાં પાવરધો થવા લાગ્યો. આ રીતે વર્ષ દિવસના અનુભવથી ખુશી થઇને શેઠે તેને આઠ રૂપીઆ આપ્યા. ખાવા-સુવાનું ત્યાં જ હતું. તેમ તેને કોઇ જાતનું વ્યસન કે નાટક-ચેટકનો નાદ ન હોવાથી આ રકમ શેઠને કહીને તેના પિતાને ખંભાત મોકલી દીધી. છોકરો લાઇને ચડી ગયો છે ને રળતો થયો છે તે જોઇને માતાપિતાને નીરાંત થઇ.

હવે ઘરાકોને સમજાવવા અને બપોર પછી તૈયાર દાગીના લઇ બંગલાઓમાં ફરી આવવાનું કામ અમીચંદે ઉપાડી લીધું. પારસી અને યુરોપીયન કુટુંબોમાં આ છોકરો સૌને ભાવી જવાથી વકરો વધવા લાગ્યો. પાંચ વર્ષમાં શેઠે તેનો પચાસ રૂપિયાનો માસિક પગાર કરી દીધો.

અમીચંદ હવે પાંચ માણસમાં પુછાવા લાગ્યો હતો. શેઠના તેના ઉપર ચારે હાથ હતા. દીપતો ચહેરો, હસમુખો સ્વભાવ અને સંબંધીઓમાં મળતાવડું વર્તન જોઇને તેના તરફ નાતીલાનું ધ્યાન ખેંચાવા લાગ્યું. ખાનદાન કુટુંબ ને પુણ્ય પ્રકૃતિના ઉદયવાળો છોકરો જોઇ તેની સગાઇ માટે તેના પિતા સાકરચંદ પાસે શ્રીફળ આવવા લાગ્યાં. સાકરચંદે તેના શેઠને આ ખબર કહેવરાવ્યા ને અમીચંદને એક આંટો મળવા તેડાવ્યો.

અમીચંદ તરફ શેઠ-શેઠાણીનો પુત્રવત્ પ્રેમ જામ્યો હતો. તેના પિતાના પત્રથી આશીર્વાદ અને બોણી-ઇનામ આપી તેને વતન જવાને રજા આપી.

દેશમાં પહોંચતાં તેના પિતાએ નક્કી કરી રાખ્યા મુજબ ખંભાતમાં જ લગ્ન થયાં અને બે મહિના બાદ અમીચંદ કુટુંબ સહિત મુંબઇ આવી ગયો.

બે વર્ષ વધારે વીત્યાં તે દરમિયાન અમીચંદે પેઢીનો વહીવટ ઉપાડી લીધો હતો ને ધંધાની ખીલવણીથી પેઢીએ કમાણી પણ સારી કરી હતી.

તેના શેઠની ઉમ્મર પાકી જવાથી અને સંતતિ ન હોવાથી પેઢી અમીચંદને સુપ્રત કરીને પોતે ઉત્તરાવસ્થા ગાળવાને જયપુર જવાની ઇચ્છા જણાવી. અમીચંદે પેઢીમાં જમે રહેતી મુડીની જવાબદારી માથે લઇને શેઠ અમીચંદ સાકરચંદના નામથી પેઢીનો વહીવટ સંભાળી લીધો.

અમીચંદ ઝવેરીની પેઢીએ પારસી તથા યુરોપીયનોનો આગ સારો બંધાઇ ગયો હતો. તેમને ત્યાંથી વાડીયા કુટુંબે રૂા. દશ હજારની કિમતનો હીરાનો હાર ખરીદ્યો. પેઢીના મુનીમે તેનું બિલ બાર હજારનું કર્યું ને તે રકમ વસુલ થઇ ગઇ.

અમીચંદ શેઠનું તે તરફ ધ્યાન ખેંચાયું. એક વાત થવા પછી તેમાં હેરફેર થાય તે તેને ઠીક ન લાગ્યું. વધારાના બે હજાર રૂા. તેમને પરત કર્યાં. અમીચંદ શેઠની આ પ્રમાણિક નીતિથી ઘરાકોમાં સારી છાપ પડી. વેપાર વધવા લાગ્યો ને વાડીયા કુટુંબ સાથે તેમનો કુટુંબ જેવો સંબંધ બંધાયો.

અમીચંદ શેઠની ગણના હવે લક્ષાધિપતિમાં થવા લાગી હતી. તેમણે વેપાર ખીલવવા ઉપરાંત સ્થાવર મિલ્કત વસાવવા અને ધીર-ધારમાં નાણાં રોકવાનું કામ વધાર્યું.

કમનસીબે તે સમયે મુંબઇમાં રૂના સટ્ટાના પગરણ થયા. લક્ષ્મીનો લોભ એવો છે કે ગમે તેટલી સંપત્તિ પ્રાપ્ત થાય છતાં લોભ-ને થોભ નથી રહેતો. ભાવીએ કૃપા અને કઝાની ચાવી પોતાના હાથમાં રાખી છે. ઘડીમાં માણસને ફકીરમાંથી અમીર ને અમીર-

માંથી ફકીર બનાવી દે છે. અને ખાસ કરીને સટ્ટાનો ચેપ ક્યારે ફટકો મારશે તે ભલભલા પણ જાણી શકતા નથી.

સટ્ટાને નાદે ચડેલા અમીચંદ શેઠનું ચાલુ ધંધામાં ધ્યાન રહ્યું નહિ. જોતજોતામાં મેળવેલ સંપત્તિ ખારે કૂવે ખુતી ગઇ.

લક્ષ્મીનું તેજ હરાઇ ગયું. ને બગડી બાજી સુધારી લેવા તક મળે તે પહેલાં નેમચંદ, મોતીચંદ અને દેવચંદ એ ત્રણ પુત્રો અને વિધવા રૂપબાઇને રડતાં મૂકી તે દેહમુક્ત થયા.

જગતમાં ભાંગ્યાના ભેરુ કોઇક જ નીકળે છે. આવી પડેલી આપત્તિમાંથી માર્ગ શોધવામાં રૂપબાઇની પ્રૌઢતા માર્ગદર્શક થઇ પડી. તેમને વાડીયા કુટુંબ સાથેનો સંબંધ યાદ આવ્યો. તેમના દુઃખના દહાડાની હકીકત અને અમીચંદ શેઠના ભવિષ્યના ખબર તેમના મોટા પુત્ર નેમચંદ સાથે કહેવરાવ્યા. વાડીયા કુટુંબના વડેરા શેઠ હોરમસજીને આ ખબર મળતાં તેને લાગી આવ્યું ને રૂપબાઇને આશ્વાસન આપી નેમચંદને પોતાની પેઢીની દલાલીનું કામ સોંપ્યું.

દલાલીમાં તેમને ઠીક લાભ મળવાથી ખુતેલ ગાડું પાછું સરેડે ચડી ગયું. ધીમે ધીમે તેઓ પાછા શ્રીમંતની ગણનામાં આવી ગયા. પોતાના બજારગેટના મકાન નજીક પારસી બજારમાં જિનાલય બંધાવવાના કામની નેમચંદે આગેવાની લીધી, પરંતુ કમનસીબે ક્રૂર કાળે નેમચંદને ઝડપી લીધો ને તેટલી આફત ઓછી હોય તેમ એક જ વર્ષમાં નાનો ભાઇ દેવચંદ તથા નેમચંદનો પુત્ર ગુલાબચંદ પણ ગુજરી ગયા. આ અસહ્ય આપત્તિના આઘાતમાં રૂપબાઇ પણ સ્વર્ગવાસી થતાં તેમનો વચેટ પુત્ર મોતીચંદ એકલવાયો થઇ ગયો. મોતીચંદની ઉમર અત્યારે ૩૧ વર્ષની હતી. અત્યાર સુધી તે માતા-પિતાની છાંયામાં અને મોટા ભાઇની હૂંફમાં નિશ્ચિંત હતો.

તેણે ધૈર્ય રાખીને વાડીયા પેઢીની દલાલી શરૂ કરી દીધી.

× × ×

'મોતીશા'ના સાદા નામથી ઓળખાતા મોતીચંદ શેઠનું ભણતર ગામઠી નિશાળનું હતું પરંતુ તેમની કુશાગ્ર બુદ્ધિ, વેપારી સાહસ અને ગણત્રીબાજ દીર્ઘદષ્ટિથી તેઓ દલાલ ઉપરાંત બાહોશ વેપારી તરીકે ટૂંક વખતમાં ઝળકી નીકળ્યા.

વાડીયા પેઢીની દલાલીનું કામ સંભાળવા ઉપરાંતનો વખત તેમણે મુંબઇમાં ખીલતા ધંધાનો અનુભવ મેળવવામાં રોકવા માંડયો. એ વખતે યુરોપમાં રૂ અને ચીનમાં અફીણના નીકાસનો વેપાર પગભર થતો જતો હતો.

માણસને જેમ તડકા—છાયાના પરિવર્તનમાંથી પસાર થવું પડે છે તેમ એક વખતના કળાપ્રધાન ચીન દેશમાં અફીણે પગપેસારો કર્યો હતો. ત્યાંના ચંડોલખાનામાં શ્રીમંતો અફીણના ધુમ્રપાનની લહેજત ઉઠાવવા લાગ્યા હતા. સમજદાર રાજદ્વારીઓએ આ પાપને આવતું અટકાવવાને અંગ્રેજ સત્તાને આજીજી કરી જોઇ, પણ તેમાં દાદ ન મળવાથી શેંગાહીમાં ઉતરેલ અફીણને સમુદ્રમાં હોમી દીધું. પ્રજાના આ પગલાને બળવાખોરી ગણીને 'કાયદો ને વ્યવસ્થા' ના શસ્ત્રથી દાબી દઇને ચીન માટે અફીણના વપરાસને નિર્ભય બનાવી મૂકયો હતો.

અફીણની પેદાશ હિંદમાં થતી હોવાથી ચીનમાં જેમ વ્યસની વધ્યા તેમ માંગ વધવાથી જોતજોતામાં હજારો બલ્કે લાખના લેખાથી અફીણની પેટીઓ ચીન ઉપડવા માંડી હતી.

સર જમસેદજી જીજીભાઇ( બેરોનેટ )ના ભાગમાં મોતીશાએ ચીનમાં અફીણ ચડાવવું શરૂ કર્યું, ને ધીમે ધીમે ચીન સાથેના

વેપારનો અનુભવ મેળવ્યો તથા તે માટે પ્રમાણિક આડતીયાની ગોઠવણ કરી.

ધંધાની ખેલવણીનો આધાર તેની કેળવણી ઉપર છે. મોતીશાએ ચીનમાં અફીણ ઉપરાંત સુતર–કાપડ મોકલવા અને રેશમ તથા ચીની સાકર મગાવવાનું શરૂ કર્યું. આ ક્રય–વિક્રયની પદ્ધતિથી તેમને ગીલ્ડર અને કલદાર વચ્ચેના હુંડીયામણની બચત થવા લાગી. ઉપરાંત બન્ને સ્થળેથી માલના ક્રય–વિક્રયનો લાભ મળવા લાગ્યો. આ ખુલ્લા ફાયદા ઉપરાંત ચીન જતા માલના બદલામાં ત્યાંથી માલ ચડાવવાનો હોય તેથી ત્યાંના આડતીયાને બેવડી આડત મળવાથી મોતીશાનો માલ પહેલી તકે ઉપડી જવા લાગ્યો.

માલની માંગ જેમ જેમ વધવા લાગી તેમ તેમ તેઓ જોઇ શક્યા કે માલ ધાર્યો પહોંચાડવા–મંગાવવાનો આધાર વહાણની સગવડ ઉપર રહે છે.

કલાપ્રધાન હિંદ સૈકા પહેલાં પોતાનું વહાણવટું ધરાવતો. કચ્છ-કાઠિયાવાડ ને ગુજરાતમાં તેમજ કોચીન–કલકત્તામાં મોટાં સફરી વહાણો બંધાતાં. તેઓ હિંદનો સારોય સાગર કિનારો ખેડતા એટલું જ નહિ પણ જાવા ( ઇસ્ટ ઇન્ડીઝ ), બર્મા, મકા–મસ્કતની ખેપો કરતાં. યુરોપીયન વહાણવટીઓનો તે પછી પગસંચાર થતાં હિંદી વહાણવટું હરીફાઇને કારણે તેમજ રાજકીય અનુમોદનાના અભાવે ઘસતું ચાલ્યું. તેનું સ્થાન યુરોપીયન વહાણવટીઓએ હસ્તગત કરી લીધું. તેઓ વહાણવટી ઉપરાંત વેપારી હોવાથી પહેલી તકે પોતાના માલની સગવડતા સાચવવા પછી જ મો–માંગ્યા નોરથી બીજાનો માલ લઇ જતા. ધંધાના વિકાસમાં રહેલી આ પરવશતા મોતીશાને ખટકવા લાગી.

મોતીશાની માનસિક ડીકસનેરીમાં 'અશક્ય' શબ્દને સ્થાન નહોતું. તેઓ પાંચ વર્ષમાં લખપતિની ગણનામાં આવ્યા એટલે પહેલી તકે તેમણે દરીઆઇ સફરના સાધનની પરવશતા નીવારવા લગભગ પાંચસો છસો ટનનાં ત્રણ વહાણો ખરીદી લીધાં.

હામ, દામ ને ઠામનો ત્રિવેણી સંગમ થવાથી મોતીશાનો વેપાર એકધારો વધવા લાગ્યો. હવે તેમણે ચીન ઉપરાંત યુરોપ સાથેનો વેપાર વધાર્યો અને જોઇતા માલની ખરીદી માટે તે તે માલની પેદાશના મુખ્ય મથકોમાં પેઢીઓ ખોલવા માંડી. રૂ માટે તે વખતના કાઠિયાવાડના ધીકતાં બંદરો—ધોલેરા તથા ઘોઘામાં મોતીશાએ ઓફિસો ખોલી. અફીણ માટે માળવામાં ખરીદીયા રોકયા. તેમના મૂળ વતન ખંભાત અને ગુજરાતના ભરૂચ—સુરતના મથકોમાં પણ પગદંડો જમાવ્યો.

આ રીતે વેપાર વધવાથી તેમને ત્રણ વહાણથી પહોંચી વળવું મુશ્કેલ થઇ પડયું. આ વખતે ગણ્યાગાંઠ્યા પારસી વેપારીઓએ પોતા પુરતાં એક—બે વહાણો રાખેલા તેમ મોતીશાએ પણ ત્રણ વહાણો ખરીદ્યાં છે તેવી ગણત્રીથી યુરોપીયન વહાણવટીઓએ તેમાં મહત્ત્વ ન માન્યું. તેમને ખબર નહોતી કે મોતીશા જે કામ હાથમાં લ્યે છે તેમાં ઓતપ્રોત થઈ શકે છે. મોતીશાને તો મૂંગે મોઢે અક્કમતાથી આગળ વધવાને તાલાવેલી લાગી હતી. ટૂંક વખતમાં તેમને વહાણવટાનો સારો અનુભવ થતાં તે જોઇ શકયા કે તૈયાર વહાણ કરતાં પોતાની જાતિદેખરેખ નીચે વહાણ બાંધવાથી તેમાં ભંડક, કેબીનની મનમાનતી સગવડ કરી શકાય છે અને વહાણની મજબૂતી વધે છે. મોતીશાને આ વિચાર સુઝતાં તુર્ત આઠસો-હજાર ટનનાં મોટાં સફરી વહાણો મુંબઇ તેમજ દમણને કાંઠે

ખાનગી ગોદી રાખી ત્યાં બંધાવવા શરૂ કર્યાં. પોતાની અંગત સફર માટે સગવડવાળી નાજુક ફતેહમારી પણ બંધાવી. વહાણુ માટે જોઈતાં દળદાર અને પહોળાં લાકડાં ગીરમાં મળતાં હોવાથી એક વખત પોતે જાતે મહુવા બંદર ઉતરી ગીરમાં ફરી આવ્યા ને કાચો માલ લાવવા-લઇ જવાનો ખર્ચ બચે માટે કાઠિયાવાડના કિનારે કારીગરો રોકીને ફતેહમારીઓ અને ગંજાઓ બંધાવવાને ગોઠવણ કરી. તેમના વહાણોને 'મોતીચંદ અમીચંદ' વગેરે નામો આપીને વડીલોના નામસ્મરણ તાજાં કર્યાં. એક દાયકામાં તો તેમણે ચાલીશ વહાણોનો મોટો કાફલો મહાસાગરમાં વહેતો મૂકી દીધો. અને જોતજોતામાં તેઓ હિંદના દરીયામાં સુવાંગ સફર કરતા અંગ્રેજ વહાણવટીઓની હરોલમાં પહેલા જ હિંદી **'મહાસાગરના મહારથી'** તરીકે બહાર આવ્યા.

મોતીશાની ખાનદાની—કહો કે વિશિષ્ટતા એ હતી કે તેમની મુંબઇની પેઢીએ સેંકડો મૂહેતા, મુત્સદ્દી અને અનેક શાખા—પ્રશાખાઓ દેશ—પરદેશમાં પથરાવા છતાં અને કોટ્યાધિપતિની ગણનામાં મુકાવા છતાં એક વખતના ઉપકારક વાડીયા કુટુંબના દલાલ તરીકે ઓળખાવામાં તેઓ માન સમજતા. વાડીયા હોરમસજી શેઠનું બહોળું શ્રીમંત કુટુંબ છતાં તેમના પરલોકગમન પ્રસંગે (સં. ૧૮૮૨) તેમની કરોડોની મીલ્કત-વહીવટના શેઠ મોતીશાને એકલા જ ટ્રસ્ટી નીમેલા. તે વાડીયા કુટુંબમાં "મોતી કાકા" ના નામથી પૂજાતા અને બમનજી શેઠ ઉમરલાયક થતાં તેની મીલ્કત વધારીને સુપ્રત કર્યા પછી પણ ખસી ન જતાં જિંદગીના છેડા સુધી 'મોતી કાકા' વાડીયા કુટુંબના વડીલ તરીકે ધ્યાન રાખતા હતા.

સર જમશેદજી જીજીભાઇ સાથે તેમણે ભાગીદારી કરેલી. તે પછી બન્નેની એકદિલીથી ધંધામાં છૂટા પડવા છતાં અને ચીનના

ધંધામાં એક જ લાઇન હોવા છતાં તેમના વચ્ચે કદી પણ હરિફાઈ કે અથડામણીનો પ્રસંગ આવ્યો નહોતો, બલ્કે તેમનો સ્નેહ-સંબંધ એકધારો વધતો રહ્યો હતો.

મોતીશાના આ વિશિષ્ટ ગુણો અને ધંધાની ખીલવણીથી જેમ જેમ તેમની આવક-સંપત્તિ વધવા લાગી, તેમ તેમ લક્ષ્મીના મદમાં અંધ ન થઇ જતાં તેમણે સખાવતનો પ્રવાહ વહેવરાવવા માંડયો.

ગરીબો તરફ તેમની હમેશાં દિલસોજી રહેતી. છુપા દાન અને જાહેર સખાવતોમાં તેઓ કદી પાછી પાની કરતા નહિ. અગ્રગણ્ય વેપારી તરીકે તેમનું યુરોપીયન પેઢીમાં પણ સારું માન હતું. તે વખતે મુંબઇમાં નહોતું મહાજનનું બંધારણ કે નહોતી નગરશેઠ-શેરીફની ચુંટણી, છતાં મુંબઇમાં વસતા હિંદુ-મુસ્લીમ કે પારસીમાં મોતીશાનું મુખ્ય સ્થાન હતું.

કુતરા પ્રકરણને અંગે રાજસત્તા પાસે પ્રજાનો અવાજ પહોંચાડવાને બંધારણપૂર્વક કંઇક થવું જોઇએ તેવો વિચાર મોતીશાને આવવાથી તેમણે વાડીયા હોરમસજી શેઠ તથા સર જમશેદજી જીજીભાઇને વાત કરી. અમદાવાદના નગરશેઠ વખતચંદ ખુશાલચંદની પેઢી તે વખતે મુંબઇમાં ખુલ્લી ગઇ હતી. તેના પ્રતિનિધિ અને બીજા પ્રતિષ્ઠિત શહેરીઓનું ડેપ્યુટેશન કુતરાની થતી ક્રૂર હિંસા અટકાવવાની અરજ કરવા મુંબઇના ગવર્નર પાસે ગયું. તેમની સાથેની વાતચીતને પરિણામે વસ્તીની ધાર્મિક લાગણી ન દુભાય અને અગવડ ટળે તે માટે કુતરાંને રેલ્વેના ડબામાં ભરી બહાર મોકલી દેવાનો નિર્ણય થવાથી હિંસા અટકાવવાને ગવર્નરે હુકમ કાઢયો.

આ રીતે તાત્કાલિક હિંસા બંધ થઇ શકી, પરંતુ તેમાં વહેવારુ પરિણામ ન લાગવાથી મુંબઇમાં ભમતાં નધણીયાતાં-અપંગ ઢોર-

ઢાંખરને સંભાળવાને પાંજરાપોળ ખોલવાની તેમને જરૂર લાગી.

મોતીશા શેઠ જેમ મહાજનમાં મોવડી હતા તેમ સંઘમાં સર્વમાન્ય હતા. અમદાવાદ, સુરત અને મારવાડના જૈન શ્રીમાનોની પેઢીઓ ધીમે ધીમે મુંબઇમાં ખુલ્યે જતી હતી. તેમનું સંગઠન અને સંઘ બંધારણની સંકલનામાં પણ તેમનો અગ્રભાગ હતો. મુંબઇમાં પાંજરાપોળ ખોલવા માટે વિચાર કરવા તેમણે સંઘને એકઠો કર્યો. પ્રાણીરક્ષા માટે પાંજરાપોળની અગત્ય એકમતે સ્વીકારવામાં આવી, એટલુંજ નહિ પણ સંઘે જ પાંજરાપોળનો પાયો નાખીને મહાજનને સુપ્રત કરવાનો નિર્ણય થયો. સંઘપતિ મોતીશાએ તેમના પિતાના નામથી ફાળામાં અને મકાન બંધાવવા માટેની ટીપમાં લગભગ એકસઠ હજાર ભર્યા ને તે બેઠકમાં હાજર રહેલ ૩૩ ભાઇઓમાંથી રૂા. ૧૪૧૭૫૦ નું બીલ્ડીંગ ફંડ થઇ ગયું.

વિશાળ જમીન માટે તપાસ કરતાં કાવસજી પટેલના તળાવના નામે ઓળખાતું હજારો વારનું મેદાન ભુલેશ્વર નજીક ખાલી પડ્યું હતું. કાવસજી પટેલના પુત્ર રૂસ્તમજી પટેલે કુતરાના રક્ષણ માટે જાતિભોગ આપેલો. તેમને મોતીશા મળ્યા અને પાંજરાપોળ માટે તે મેદાન ચાલીશ હજારમાં અઘાટ વેચાણ લઇ લીધું, ને ત્યાં (સં. ૧૮૯૧) પાંજરાપોળના મકાનોનું ખાતમુહૂર્ત થઇ ગયું.

હવે સવાલ હતો તેના કાયમી નિભાવનો. પાંજરાપોળની અગત્ય માટે તેમને સર જમશેદજી જીજીભાઇ સાથે પહેલેથીજ વાત થયેલી. જમશેદજી શેઠનું દિલાવર દિલ પ્રાણીદયા માટે દ્રવતું હતું. કુતરા પ્રકરણમાં પણ તેમની લાગવગ ને વગવસીલો યશભાગી હતાં. પાંજરાપોળની પ્રાથમિક તૈયારીની વાત જમશેદજી શેઠને કરતાં તે બહુ ખુશી થયા. વાડીયા કુટુંબમાં તો 'મોતી કાકા'નું

સૂચન પ્રમાણભૂત મનાતું. સર જમશેદજી શેઠના પ્રમુખપણા નીચે મહાજનની મીટીંગ મળી. કપાસ, અફીણ, ખાંડ, ચીની સાકર, મોરસ, ચા, હુંડી વગેરે ધીકતા ધંધા ઉપર પાંજરાપોળનો લાગો નક્કી કરવામાં આવ્યો, ને તે લાગો દેવાને ચારસોથી વધારે હિંદુ પેઢી, પચાસેક પારસી ઓફીસો ને એક વ્હોરા વેપારીએ કબુલાત આપી.

પાંજરાપોળના વહીવટ માટે સર જમશેદજી જીજીભાઇના પ્રમુખપણા નીચે કમીટી નીમવામાં આવી, જેમાં વાડીયા બમનજી શેઠ, મોતીશા શેઠ, વખતચંદ શેઠ તેમજ કોમ–ધર્મના ભેદ વિના દરેક ધંધાદારીઓમાંથી કાર્યવાહક મંડળ ચુંટી કાઢવામાં આવ્યું.

આ પુણ્યકાર્યમાં મુંબઈના બાકી રહેલા બીજા બજારોનો સાથ મેળવવા મોતીશા શેઠે નજર ફેરવી જોઇ. તે વખતે કાપડ બજારનું સુકાન ભાટીયા ભાઇઓના હાથમાં હતું. હાલાઇ ભાટીયા મહાજને મળીને આવા ઢોરોને ઘાસચારો નીરવાને બારેક વર્ષ અગાઉ યોજના કરી હતી. તેનો વહીવટ કાનજી ઠક્કરે સંભાળેલ. અત્યાર અગાઉ તેઓ તથા તેમના પુત્ર ગુજરી ગયા હતા, એટલે ભાટીયા મહાજને પ્રાણીરક્ષા અર્થે ચાલુ કરેલ નીક પાછી વહેતી થાય તે માટે તે વખતે મુંબઇમાં બિરાજતા વૈષ્ણવ આચાર્યશ્રી ગોકુલનાથજી મહારાજના પોતાને ઘરે પગલાં કરાવીને પ્રાણીરક્ષાના આ કામમાં સહાનુભૂતિ આપવા વિનંતિ કરી તે અગાઉ જોઇ ગયા છીએ.

× × ×

ભુલેશ્વર–ભોયવાડામાં શ્રી ગોવરધનનાથજીની હવેલી પાસે સવારના માણસોની ઠઠ જામી હતી. શ્રી કૃષ્ણ ભગવાન કે શ્રીનાથજીના ભકતો, શ્રીરણછોડરાયજી કે વીઠલનાથજીના ઉપાસકો પણ તેમાં હતા. જાણે

મુંબઈના સારાયે વૈશ્નવ સમુદાયનો મેળો હોય. તેઓ હવેલીએ દર્શન અને ગોસ્વામી મહારાજનો ચરણસ્પર્શ કરીને પછી જ કામ-ધંધે ચડતા. નોકરીયાતવર્ગને પેઢીએ જવાને મોડું થતું હતું, પરંતુ ગોસ્વામી મહારાજનાં દર્શન કર્યા પહેલાં કેમ જઈ શકે ? ગોસ્વામીની બેઠકના દ્વાર હમેશાં ખુલ્લાં જ રહેતાં. સવારના ગોસ્વામી મહારાજ ત્યાં બિરાજેલા હોય. આજે શ્રી ગોસ્વામીની બેઠકના બારણે ડેરો ખેંચાયેલ છે ને શ્રી ગોકુલનાથજી મહારાજે દર્શન બંધ કરાવ્યાં છે તેવો મુખીયાજીનો ખુલાસો સાંભળી સૌ આશ્ચર્યસ્તબ્ધ બની ગયા હતા. ગોસ્વામી મહારાજની ઇતરાજીનું કારણ જાણવા સૌ આતુરતાથી કાન માંડી રહ્યા. કચ્છી ભાટીયા ભાઈઓ મહારાજના પરમભક્ત વીસનજી જીવરાજ બાબુને તેડવા દોડ્યા. શેઠ ખટાઉ મકનજી, શેઠ લક્ષ્મીદાસ વગેરે આગેવાનો ઘરની મહાપૂજામાંથી નિવૃત્ત થઇ આવવા લાગ્યા. મુખ્યાજી મારફત ગોસ્વામી મહારાજને નાખુશીનું કારણ પુછાવવું શરૂ થયું. જવાબ મળ્યો કે તમે ગોકુલનાથજીના ભક્ત છો ને ગૌકુળના ધણની રક્ષા નથી થતી તે મહારાજશ્રીના કચવાટનું કારણ છે. ગૌરક્ષા માટે મહારાજશ્રી કહે તેમ કરવા સૌએ ખાત્રી આપી. ડેરો ખુલી ગયો. મોતીશા શેઠને મળી વેપારમાં પાંજરાપોળનો લાગો આપવાનું કબૂલ કર્યું. ભક્તપરિવાર ગોસ્વામીના દર્શન કરીને તેમની ગો-સેવાની કાળજી માટે સ્તુતિ કરતા પોતપોતાને ધંધે વળગ્યા.

પાંજરાપોળના નીયત થયેલા લાગાની એકંદર વાર્ષિક આવક રૂા. પંચાવન હજાર ઉપર શરૂ થઇ. જ્યારે મોકળા મનથી અપંગ જાનવરોને આશ્રય આપતાં વાર્ષિક ખર્ચ રૂપિયા અઠાવીશથી ઓગણત્રીશ હજારનો આવ્યો. આ રીતે પંદર વર્ષમાં પાંજરાપોળ પાસે ખર્ચ કાઢતાં રૂા. ૪૧૫૭૪૪ ની મુડી વધી. આ રકમ ચાર-પાંચ

ટકાની પ્રોમીસરી લોનમાં રોકી કાયદાસર સલામતી માટે પ્રમુખ સર જમશેદજી જીજીભાઈ બેરોનેટે ટ્રસ્ટડીડ કરી ધર્મ કે કોમના ભેદ વિના અગ્યાર ટ્રસ્ટીને પાંજરાપોળનો વહીવટ સુપ્રત કર્યો ને બીલ્ડીંગનું ટ્રસ્ટ શ્રાવકોએ સંભાળ્યું.

પાંજરાપોળને હવે પૈસાનો તોટો ન રહ્યા, પરંતુ એકઠા થતા ઢોરના સમૂહને રાખવાને પાંજરાપોળની જગા સાંકડી પડી. આ હકીકત તરફ મોતીશાનું ધ્યાન ખેંચાતાં તેમણે મુંબઈને લગતી ચીંચપોકલી ભાગની સીમોડ ગામમાં આવેલી પોતાની બહોળી જમીનનું મોટું મેદાન કે જ્યાં અત્યારે પાંચ હજાર ઢોરો રહે છે તે પાંજરાપોળને અર્પણ કર્યું.

( ૨ )

ચીન સાથેનો વેપાર અને ઘરના વહાણવટાની શરૂઆત એ મોતીશાના ઉદય કાળનું મંગળાચરણ હતું. તેમની જીભ ટૂંકી અને હાથ લાંબા જોવાતા. તેઓ બોલવામાં સંયમી અને કાર્ય કરવામાં ઉદાર-ચરિત હતા. સવારમાં ઊઠીને પાંચ ફરા અનાજ પોતાના હાથથી ગરીબોમાં વહેંચી દીધા પછી દાતણ કરવા બેસતા. તેમની સખા-વતમાં કોમ કે ધર્મનો ભેદ નહોતો. માતુશ્રી રૂપબાઈએ તેમનામાં ધાર્મિક સંસ્કાર રેડેલા. વ્રત-નિયમ, દેવ-દર્શન, યાત્રા-ભક્તિ અને ગરીબો પ્રત્યે દયા-વાત્સલ્યના સંસ્કાર તેમનામાં ઓતપ્રોત વણાઈ ગયા હતા. તેમના પત્ની દીવાળીબાઈનું જીવન પણ ધર્મપરાયણ હતું.

તેઓ ફતેહમારી બંધાવવાનું લાકડું લેવા ગીરમાં ગયેલા ત્યારે મહુવામાં જીવિતસ્વામીના દેરાસરનું કામ ચાલતું હતું. તે તકનો લાભ લઈ (સં. ૧૮૭૯) સંભારણમાં તેનો ધ્વજાદંડ કરાવી આપેલ. તે વખતે તેઓ સિદ્ધાચળની યાત્રાનો લાભ પણ લઈ આવેલા.

ધંધાની બરકત જામી ગઈ હતી. મોતીશાની ગણત્રી લખ-

પતિમાંથી કોટ્યાધિપતિમાં થવા લાગી હતી. તેઓ એક હાથે અઢળક રળતા થયા તેમ બીજા હાથે છૂટથી પુણ્ય માર્ગે વાપરતા જતા હતા. તેમની છુપી સખાવત વધારે થતી ને પ્રાયઃ તે તેમના પિતાના નામથી આપતા.

એક વખત તેમને પોતાનું બાળજીવન યાદ આવ્યું. પિતાની ઝવેરાતની પેઢીની જાહોજલાલી, માતાની હુંફ અને પોતાનો નિશ્ચિંત બાળવૈભવ યાદ આવ્યો. પછી તો પૂર્વ જીવનની પરંપરાના રમણે ચઢ્યા. સટ્ટાના છંદમાં અમીચંદ ઝવેરીને લાગેલ ધક્કાના આછાં સ્મરણ માત્રથી તેમનું હૃદય દ્રવવા લાગ્યું. એક વખતના લક્ષાધિપતિ અમીચંદ ઝવેરી નિરુપાયે દેવું મુકી ગયેલા તેનો ખ્યાલ આવ્યો. આ વાતને વીશ વર્ષ વીતી ગયાં હતાં. બે દાયકામાં તો અનેક આસમાની સુલ્તાની અને કાળ પલટાના થર બાઝી ગયા હતા. આ બધું છતાં મોતીચંદ શેઠને એ દેવાની ડાંગ ખટકવા લાગી. જૂના માણસોને બોલાવીને અને બારીક તપાસથી લેણદારોને શોધી કાઢ્યા ને તેમને ઘરે જઇ આના પાઇ ચુકાવી પાવન થયા ત્યારે જ તેમને શાંતિ થઇ.

મોતીશાના કુટુંબનો મૂળ વસવાટ કોટ-બજારગેટના મકાનમાં હતો, ઉપરાંત વ્યવસાયથી નિવૃતિ મેળવવાને ભાયખાલામાં પોતાના વસવાટ માટે હજારો ગજ જમીન ( ગુજરાતનાં વીશેક ખેતરો જેટલો વિસ્તાર ) લઇ આગળના ભાગમાં બંગલો અને આસપાસ બગીચો કરાવેલો, પરંતુ દેવદર્શનની સગવડને અભાવે ત્યાં કાયમી વસાવટ કરેલો નહોતો.

દરેક કામમાં મોતીશા શેઠની મનોભાવના અને લાંબી ગણત્રી રહેતી. તેઓ શત્રુંજયની યાત્રા કરવા ગયેલા ત્યારે તેમને

મુંબઇમાં શત્રુંજય તીર્થની પ્રતિકૃતિ કરવાના કોડ થયા હતા. તેથી તક મળતાં ભાયખાલાની પોતાની જમીનમાં વિશાળ જિનાલય બંધાવવું શરૂ કર્યું. આગળ પુંડરીક ગણધર, પાછળ સુરજકુંડ, રાયણવૃક્ષ, ચરણપાદુકા વગેરે સિદ્ધાચળની ટુંકની પવિત્ર ભૂમિકાઓ સાથે આ ભવ્ય ટુંક તૈયાર થતાં ધામધુમથી સં. ૧૮૮૫ માં પ્રભુપ્રતિષ્ઠા કરી. દર્શને આવનારના આરામ–વિશ્રામ માટે બાજુમાં ધર્મશાળા પણ બંધાવી. મહોત્સવ–સમારંભ ને સંઘજમણમાં છૂટા હાથે ખર્ચ કરી મુંબઇને દર સોમવાર અને પર્વતિથિએ તીર્થયાત્રાનો લાભ લેવાને ભાયખાલામાં યાદગાર તીર્થ વસાવી દીધું.

× × ×

મુંબઇ શહેર જેમ જેમ વેપાર–વણજમાં ખીલતું હતું તેમ તેમ દેશ–પરદેશની પેઢીઓનો જામો થવા લાગ્યો હતો. અમદાવાદના સંઘપતિ શેઠ વખતચંદ ખુશાલચંદ, શેઠ હઠીસંગ કેસરીસીંગ, શેઠ સુરજમલ વખતચંદ, મારવાડી અમરચંદ બદરીચંદ, કચ્છી કેશવજી નાયક, નરશી નાથા, વેલજી માલુ, સુરતી ઉદયચંદ ઝવેરી એવી એવી જૈન પેઢીઓની એક પછી એક જમાવટ થઇ રહી હતી. આ સમકાલીન શ્રીમંતો સાથે ધંધાને અંગે તેમજ સંઘ કાર્યમાં મોતીશાનો સંબંધ–સહકાર રહેતો.

વખતચંદ શેઠે મુંબઇમાં પેઢી ખોલવા છતાં તેઓ જાતે ત્યાં આવ્યા ન હતા. તેમના પુત્ર હેમાભાઈ અમદાવાદના નગરશેઠ અને સંઘપતિની ગાદીએ આવ્યા હતા. તેમના કુટુંબની મુગલસત્તાના સમયથી રાજદરબારમાં લાગવગ હતી. પેશ્વાઇમાં પણ તેમનો પગ હતો ને બ્રીટીશ અમલમાં પણ તેમનો મરતબો જેવો ને તેવો

જળવાઇ રહેલો. તેમણે દેશી રજવાડામાં ધીરધાર શરૂ કરી હતી. નાણાની સલામતી માટે તેઓ ગામ–ગરાસ મંડાવી લેતા ને જરૂર લાગે ત્યાં પોલીટીકલ ખાતાનો સાક્ષી–સીક્કો પણ કરાવતા.

હેમાભાઇ મુંબઇની પેઢી સંભાળવા આવ્યા ત્યારે મોતીશા શેઠે તેમનું સ્વાગત–સન્માન કર્યું. ભાયખાલાને બંગલે જમવા આવતાં મોતીશાએ બંધાવેલ જિનાલયના દર્શન કરીને મોતીશા શેઠની ધર્મભાવના અને શત્રુંજય તીર્થના સ્મરણ સ્થળો જોઇ સંતોષ બતાવ્યો.

પાલીતાણાનો રાજવહીવટ તે વખતે હેમાભાઇના કબજામાં હતો. મોતીશાને તેમણે શત્રુંજયની યાત્રાએ આવવાને આગ્રહ કર્યો.

× × ×

મોતીશા શેઠ સહકુટુંબ (સં. ૧૮૮૭) શ્રી સિદ્ધાચળજીની યાત્રાએ આવવા નીકળ્યા ત્યારે મુંબઇની પેઢીના મુનીમ–દીવાન અમરચંદ દમણી, ચીનની પેઢીના મુનીમ બાલાભાઇ, સહગામી શેઠ ફુલચંદ કસ્તુરચંદ વગેરે બહોળા આપ્ત–પરિવાર સાથે પોતાના વહાણોમાં મુસાફરી શરૂ કરી. ઘોઘા બંદરે શેઠ ફીકાભાઇ ફુલચંદે સ્વાગત કર્યું. મોતીશા શેઠનો સંઘ આવે છે તે ખબર ભાવનગરના દરબારશ્રી વખતસિંહજીને મળતાં તેમણે રાજના મહેમાન તરીકે માન આપ્યું. અમદાવાદથી શેઠ હેમાભાઇ મોતીશાની મહેમાની સાચવવા પાલીતાણે આવી ગયા હતા. ગામમાં દેરાસર પાસે એક તરફ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ને બીજી તરફ હેમાભાઇની હવેલી પથરાએલી હતી. રાજવહીવટ સંભાળવા મેતા–મુસદ્દી, કોરટ–કચેરી ને તહોમતદારોને પુરવાને હેડ–જેલ પણ ત્યાં જ રાખેલી. મોતીશા શેઠના સંઘને હેમાભાઇએ બહુમાનપૂર્વક હવેલીએ ઉતારો આપ્યો.

સવારના સૌ યાત્રા કરવા ચાલ્યા. ચોમુખજી અને હેમાભાઇની ટુંકમાં થઇને દાદાના દર્શને જવાનું હતું. ચોમુખજીની ટેકરી અને દાદાના દેવાલયની ટેકરી વચ્ચે ઊંડી ખાઇ હતી, જે કુંતાસરના ગાળાને નામે ઓળખાતી. આ રસ્તે દાદાની ટુંકમાં જવાને ખાઇની કદણુ ઉપર એક પગદંડી–કેડી હતી. કુંતાસરના ગાળાની ઉંડાઈ એટલી હતી કે તેમાં નજર નાખતાં તમ્મર આવી જાય, ને પગ–દંડીએ ચાલતાં ચૂકે તો પાવળું પાણી પણ ન માગે.

હઠીભાઇની ટુંકમાં દર્શન કરી કુંતાસરની ખાઇને કાંઠે આવતાં મોતીશા શેઠ અને હઠીભાઇ વચ્ચે નીચેની વાતચીત શરૂ થઇ.

× × ×

"**હેમાભાઇ**, તમે તો રજવાડું રહ્યા. તમે બંધાવેલ ટુંક–ગઢ–કુંડ ને કારીગરીમાં કહેવાનું શું હોય?"

"**મોતીશા**, અમે રજવાડું કહેવાઇએ તો તમે સરકાર ખરા ને? મુંબઇ ગવર્નરના તમે કાઉન્સીલર છો, મુંબઇમાં તમે સુંદર ટુંક બંધાવી છે તેમ અહીં નામલેણું રાખો તો તીર્થભક્તિ પણ થશે."

"શેઠ સાહેબ, તમારી સોના જેવી સલાહ માટે ઉપકાર થયો, પણ તમે તો મોટું મેદાન વાળીને અમારા જેવા ગરીબને ઊભા રહેવાને જગા પણ ક્યાં રાખી છે?"

"અરે મોતીચંદ શેઠ, તમારા જેવા ભાગ્યશાળીનાં પગલાં થતાં હોય તો જગાનો ક્યાં કાળ છે? એમ ગરીબ થઇને તમારાથી છૂટી નહિ જવાય, સમજ્યા કે?"

"હા, હેમાભાઈ હા. હું છૂટી જવાનું ક્યાં કહું છું? રાજ

તમારું, પેઢી તમારી ને ગિરિરાજનો વહીવટ તમારા હાથમાં રહ્યો. પાલીતાણામાં તમારી હકુમત છતાં અમને ઊભા રહેવાને-ગામમાં આશરો બાંધવા દેવાનું ઠેકાણું નથી ને આભમાં ઇમારત બાંધવાની વાતો કરો છો. મોટા માણસ ગમે તેમ બોલે, તેના મોઢા આડો કંઇ થોડો હાથ દેવાય છે?"

"મોતીશા, હું તમારી મશ્કરી કરું તેમ કેમ માનો છો! તમારા જેવા પુણ્યશાળી અમારા પાડોશી થાય તેમાં તો હું અહોભાગ્ય સમજું છું. અમારા મકાન સામેનો મોટો ચોક છે તે જમીનનો નીચે જતાં વેંત જ તમારા નામ ઉપર અઘાટ લેખ થઇ જશે. આજે જ ત્યાં મોતીશાની મેડીના પાયા નાખ્યે છૂટકો છે, ને ઉપર પણ જુઓને, આ ઉજમફઇની ટુંક બંધાય છે તેમાંથી કહો તો તમને ખાલી ભાગ અપાવી દઉં."

"ઉપકાર. શેઠ સાહેબ, ફઈબાની સાથે મને પણ ઠીક ખાડો બતાવ્યો. તમારા જેવાં રજવાડાનો હુકમ અમારે તો માથે ચડાવવો રહ્યો."

× × ×

વાતવાતમાં મનદુઃખ ન થઇ જાય માટે હેમાભાઇએ આટલેથી વાત સંકેલી લીધી ને તીર્થમહિમાની વાતો કરતાં સૌ આગળ ચાલ્યા. મોતીશા પણ મૌન ચાલ્યા જતા હતા, છતાં કાર્યસિદ્ધિ માટે કુંતાસરની ખાળી પસાર કરતાં મનમાં જ "ભાગ્યશાળીને પગલે" એ શબ્દ ઉપર સૃષ્ટિ ખડી કરવાનો સંકલ્પ કરી લીધો. દાદાના દર્શન-પૂજન કરીને સૌ ઉતારે આવ્યા. થઇ વાત હસી ટાળવાને હેમાભાઇ શેઠે પોતાના કારભારી મલુકચંદ ધરમચંદને સૂચના કરવાથી સામેના મેદાનની જમીનની માપણી કરાવી.

શેઠનો હક, રાજનો ચોથ ને બાવાની કોરી ચુકાવી દીધી ને 'મોતીશાની મેડી'ના પાયા નંખાયા.

મોતીશાને તો કુંતાસરનો ગાળો પુરવાની લગની લાગી હતી. મુંબઈનું જિનાલય બાંધી ગયેલા સોમપુરા સલાટોને ઉતારે બોલાવ્યા ને ઘડીયાં લગન જોવરાવ્યાં. મુહૂર્તની ચોખાઈ કે સાધન સામગ્રીની જોગવાઈની તેમને દરકાર નહોતી. **શુભસ્ય શીઘ્રમ્**ના હિસાબે બીજી સવારે કુંતાસરનો ગાળો પુરવાને પંચરત્નથી ખાત મુહૂર્ત કર્યું. પાતાળમાં બેઠેલ પાંડવમાતા—કુંતાની મૂર્તિને બહાર પધરાવીને કમાનોની બાંધણીથી ભોં નીપજાવવાનું કામ શરૂ થઈ ગયું.

ગામમાં તાકીદે મોતીશાની મેડી તૈયાર થઈ ગઈ તેને 'અમીચંદ સાકરચંદની ધર્મશાળા' ના નામથી ખુલ્લી મૂકી ને કાયમી રસોડું ઉઘાડયું.

પાતાળમાંથી પહાડ નીપજાવવાનું અસાધ્ય કામ મોતીશાના દૃઢ મનોબળથી હેલ્લે ચડી ગયું. એક પછી એક સ્થંભ અને તીરકસની કાટખુણે લંગાર લાગી ગઈ ને આંતરે ભોંબંધ થવા લાગ્યા. એ પહાડોની વચ્ચે પાતાળમાંથી જાણે હજારો ગજનો લાંબો પહોળો નવો જ પહાડ ઉપરચે જતો હોય.

મોતીશાનો એક પગ મુંબઈ ને એક પગ પાલીતાણે રહેતો. ગમે તે ભોગે ને ગમે તે ખર્ચે આદરેલ કામ તાકીદે પૂરું કરવાની તેમને તાલાવેલી હતી.—'**કર્યું તે કામ ને ખરચ્યાં તે દામ**' એ તેમનો મુદ્રાલેખ હતો. શેત્રુંજી નદીમાંથી ચાર આને હાંડો પાણી મગાવીને અને મુંબઈથી સેંકડો ઘાટી મોકલીને કામ તડામાર ઉપાડયું. બીજી તરફથી મકરાણુથી આરસ મંગાવી પોતાની જાતિ—દેખરેખ નીચે કુશળ કારીગરોના હાથથી નવાં બિંબો ભરા-

વવાનું શરૂ કર્યું. ત્રણ વર્ષમાં તો પાતાલપાયા પુરાઇને વિશાળ મેદાન તૈયાર થઈ ગયું, ને મૂળ નાયકની ટુંક બંધાવવી શરૂ કરી. તેના મુનીમો ને મિત્રોને પણ આ પુણ્યક્ષેત્રમાં ફૂલ-પાંખડીનો લાભ લેવાની ભાવના થતાં, શેઠની સંમતિથી નભોમંડળના ગ્રહ-ઉપગ્રહની જેમ આ નવસર્જિત મેદાન ઉપર પ્રાસાદો રચાવા માંડયા.

મોતીશાની તબીઅત હવે ધસાવા લાગી હતી. શત્રુંજય ઉપર ટુંકનું શરૂ થયેલ કામ પોતાના હાથથી જ પૂરું થાય તે તેમના જીવનનું મુખ્ય ધ્યેય હતું. તેમણે સં. ૧૮૯૨ ના મહામાસમાં પાલીતાણે આવીને જ્યોતિષીઓને એકઠા કરી અંજનશલાકા અને પ્રતિષ્ઠાના :વહેલામાં વહેલાં આવતાં મુહૂર્તો જોવરાવ્યાં. ૧૮૯૩ ના મહા માસનાં આવેલાં મુહૂર્ત પોતેજ નક્કી કર્યાં. કારીગરોને બોલાવીને તે પહેલાં કામ પૂરું કરી લેવા તાકીદ કરી. મૂળનાયકના મંદિરની પાછળ કોઠો બાંધવાનો રવૈયો ચાલતો હતો તે બંધ રાખીને વખત બચાવી લેવાનો માર્ગ કાઢયો. ટુંકને કીલ્લો, દેરીઓ, ટાંકા અને બાજુમાં તળાવ વગેરેની સજાવટ કરવાની ભલામણ કરી ગયા.

મોતીશાની તબીયત દિવસાનુદિવસ નરમ થવા લાગી હતી. અનેક ઉપચારો કરવા છતાં સ્ફુરણા ને જોમ નહોતાં જામતાં. પોતાના હાથથી પ્રતિષ્ઠા કરવાની ઉમેદ હતી. મુહૂર્ત પણ નજીકનું લીધું, છતાં ક્ષણભંગુર દેહનો ભરોસો ન રાખતાં એકેક કામ પોતાના હાથથી જ આટોપવું શરૂ કર્યું. પોતાના બહોળા વેપાર-વહીવટના ચોપડા મગાવી નબળા પડી ગયેલ ઘરાકો-સંબંધીઓ પાસે ખેંચાતું લાખેક રૂપીયાનું લેણું માંડી વળાવ્યું. શ્રી સિદ્ધાચળજીની ટુંક બંધાવવામાં હજી અઢી લાખનો ખર્ચ કરવાનો બાકી છે તે દૈવયોગે પોતાના શરીરની કજા-રજાએ વારસદારોએ કરવો તેમ વીલમાં જણાવ્યું.

જન્મ મરણુની અદૃશ્ય ઘટનાને કોઇ મિથ્યા કરી શકતું નથી. પૂરતી સારવાર ને શુશ્રૂષા છતાં હજારોના પાલનહાર, સખાવતે મશહુર મોતીશાનો જીવન દીપક હોલાઇ ગયો. પુણ્ય ક્ષેત્રોમાં કીર્તિ-સ્થંભો રોપીને તથા યાદગાર કાર્યોથી અમર નામના મૂકીને ૫૪ વર્ષની ઉમ્મરે તેઓ ભાદરવા શુ. ૧ દેહમુક્ત થયા.

મોતીશાનો એકનો એક પુત્ર ખીમચંદ લાખોનો માલેક થયો. મોતીશાને અંતિમ કાળ સુધી પ્રતિષ્ઠાની તાલાવેલી હતી. તેમણે નિશ્ચય કરેલ મુહૂર્તે જ પ્રતિષ્ઠા થઇ જાય અને મરનારની વિશાળ ભાવના સફળ થાય તે માટે તેમના પત્ની દીવાળીબાઇ, તેમના મિત્રો અને મુનીમોએ ખીમચંદ શેઠને પ્રેરણા કરી, ને સારા કામમાં શોકને આડો ન લાવતાં સદ્‌ગતની ભાવના સફળ કરીને તેમના આત્માને શાંતિ અર્પવાની ફરજ સમજાવી.

ત્રણ મહિના પસાર થવા દઇ પ્રતિષ્ઠા માટે સંઘ સહ વર્તમાન પોષ માસમાં પ્રયાણ કરવાનું ઠર્યું. કંકોત્રીઓ લખાણી. મહારાષ્ટ્ર અને ઘાટમાંથી સંઘ-સંબંધીઓને તેડાવ્યા. સુરત, ભરૂચ, અમદાવાદ અને ગુજરાત, માળવા, મારવાડ સુધી મોતીશાનો સંબંધ-વહેવાર જામેલો હતો. કચ્છી ભાઈઓમાં પણ તેમનો નેગ-નાતો હતો ને કાઠિયાવાડમાં આડત-ઓફિસોનો પથારો બહોળો હતો. મોતીશા દ્રવ્યથી દેહમુક્ત થવા છતાં ભાવથી હૈયાત હતા. તેમની યશ-કીર્તિ ઉજ્જવળ હતી. મોતીશાનો સંઘ એટલે તેમના સંબંધી-સ્નેહીઓનો જ સંઘ હોય તેમ ગામોગામથી સંઘ પ્રયાણ થયાં. અમદાવાદથી હઠીભાઇએ સંઘ કાઢ્યો. ખીમચંદ શેઠે પોતાના વતન-ખંભાતથી સંઘ સહ પ્રયાણ કર્યું. જેમ મહાનદમાં ખળભળાટ કરતી ત્રિવેણી ગંગાના નીર ભળતાં જાય તેમ ચોતરફનો સંઘ-સમુદાય ભળતો ગયો. પાટણ ને ઔરંગા-

બાદના સંઘ પણ આવી પહોંચ્યા. જામનગર–કચ્છ ને માંગરોળ તરફના સંઘો બે દિવસ અગાઉ આવી ગયા હતા. પાલીતાણામાં તળેટીના મેદાનમાં તંબુ ને કનાતોથી સંઘનગર વસી ગયું. દોઢ લાખ જેટલી માનવમેદની, ગચ્છના ભેદભાવ વિનાના આચાર્યો ને સાધુ–સાધ્વીના સમુદાયની હાજરીમાં અઢાર દિવસનો મહોત્સવ શરૂ થયો. કહે છે કે ધુમાડાબંધ ભોજન સમારંભનો હંમેશનો ચાલીશ હજારનો ખર્ચ થતો હતો. મોટી ધામધુમથી લાખોનો ખર્ચ કરીને ખીમચંદ શેઠે પોતાના પિતાએ નિશ્ચિત કરેલા મુહૂર્તે અંજનશલાકા ને પ્રભુપ્રતિષ્ઠા કરીને સંઘ સાથે ગિરનારજી થઇ ખંભાત ગયા.

શેઠાણી દીવાળીબાઇ જાણે પોતાના પતિની ભાવના પૂરી થયેલ જોવા ખોટી થયાં હોય તેમ પ્રતિષ્ઠા પછી તેમણે સ્વર્ગગમન કર્યું.

ખીમચંદ શેઠનું ભોળપણ ને બુદ્ધિ–સંસ્કારની ઊણપથી મોતીશાનો રજવાડી પથારો સંભાળાવો અશકય થઇ પડ્યો. ખુશામતખોરોની સ્વાર્થજાળમાં ફસાઇ ગયા. પુત્રના અભાવે તેમનો વારસો ભાણેજે ઉતર્યો, છતાં મોતીશાના પુણ્યકાર્યોની કીર્તિકથા આજે સૈકા વીતવા પછી પણ ગવાઇ રહી છે કે—

મોતી શેઠ મુંબઇવાળો, બંધાવ્યો કુંતાસરનો ગાળો.

સમાપ્ત